
2013-01-15 -Samaj Bhaktini Tsunami (315)



2013-01-15 -Samaj Bhaktini Tsunami (315)



સમાજભક્તિની ત્સુનામી

રિબાતી દીકરીઓના રુદન, સામાજીક કરૂણતા. એક કડવું સત્ય

લેખક : હંસરાજભાઈ સાંખલા
મો. : ૯૮૨૫૦૭૦૪૧૦
E-mail : samajbhakti@yahoo.com

મૂલ્ય : ૫૦-૦૦

પ્રથમ આવૃત્તિ
ઉત્તરાયણ ૨૦૧૩

ISBN : 978-93-82173-18-2

પ્રકાશક :
અરાવલી પ્રકાશન
હિન્દુ પીઠમ્
પો.બો.નં. - ૧૧
હિંમતનગર, સાબરકાંઠા

Price : ₹ 50/-

શબ્દ સંયોજક
નિમ્બાર્ક મીડિયા પબ્લીકેશન - હિંમતનગર

તા. ક. : વાચકમિત્રો, આ પુસ્તકમાં રજૂ કરેલા મારા વિચારો વિષે આપના અભિપ્રાય અને સૂચનો અમો આવકારીશું. મોકલશો આ સરનામે.
હંસરાજભાઈ સાંખલા, પટેલ સોમીલ, મહેતાપુરા, હિંમતનગર-૩૮૩૦૦૧. (ગુજરાત)

અનુક્રમણિકા

અર્પણ

અમારા પરમ પૂજ્ય બા-બાપુજી તથા દાદીમા-દાદાબાપા જેણે પોતાનાં અંગત જીવનના ભોગે પોતાનું આખું આયખું (જીવન) નિચોવીનેઅમારી પરવરીશ કરી, અમોને સમાજમાં ગર્વભેર જીવી શકીએ તેવાં સુસંસ્કારી અને સક્ષમ બનાવ્યા, અમારા સંયુક્ત પરિવારના તમામ સભ્યો કે જેણે રામાયણના પાત્રોના જેવી ત્યાગની ભાવનાની હરિફાઈથી જીવી, સર્વજનો, સર્વને પરસ્પર ભરપૂર પ્રેમ અને હુંફ આપે છે. તે તમામ વ્હાલાં પરિવાર જનોને

તથા

પરમ પૂજ્ય ઓધવરામજી મહારાજ, પરમ પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રીજી અઠવલે, પરમ પૂજ્ય નારાયણજી બાપા લિંબાણી અને જેની સાથે મારે સાંખલા પરિવારના નાતે એક લોહીનો સંબંધ છે તેવા પરમ પૂજ્ય કેશરા પરમેશ્વરા બાપા કે જે ચારેય મહાપુરુષોએ એક પ્રકારના ધર્મરુપી અફિણના ઘેનમાં જીવતી આપણી નિર્દોષ અને ભોળી સમાજને ઢંઢોળીને જાગૃત કરી. અને જેમ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું હતું

શ્રેયાન્સ્વધર્મો વિગુણઃ પરધર્મા ત્સ્વનુષ્ઠિતાત ।
સ્વધર્મે નિધનં શ્રેયઃ પરધર્મો ભયાવહઃ ॥

નો ઉપદેશ જેણે પોતાના જીવનમાં ઉતાર્યો, અને સમાજને સાચો રાહ બતાવ્યો, તેવા આપણી સમાજ માટે દિવાદાંડીરૂપ અને દિર્ધદ્રષ્ટા એવા એ ચારેય દધિચિ ઋષી રૂપ પૂજ્ય આત્માઓને મારું આ પુસ્તક સાદર વંદન સાથે અર્પણ કરૂં છું.

ચખાણી (આશિર્વચન અને અપીલ)

हो गई है पीर पर्वत-सी पिघलनी चाहिए ।
ईस हिमालय से कोई गंगा निकलनी चाहिए ।।

"સમાજભક્તિની ત્સુનામી" ના લેખક કોઈ સિદ્ધ હસ્ત લેખક નથી, પણ પોતાના સમાજને બે ભાગમાં વહેંચાઈ જતો જોઈને એક જાગૃત 'સંત્રી' ને જે પીડા થાય તે પીડાએ જ તેને આ લખવા પ્રેર્યા છે. હિન્દીના પ્રસિદ્ધ કવિ કહે છે તેમ જ્યારે પીડા પર્વત સમાન બની જાય ત્યારે એક ગંગાનું પ્રાગટ્ય થવું જોઈએ. મને વિશ્વાસ નહિ શ્રદ્ધા છે કે યદી કચ્છ કડવા પાટીદાર સમાજના આગેવાનો હૃદયપૂર્વક આ પુસ્તકને વાંચશે તો આ પુસ્તક ગંગા સમાન સમાજને નિર્મળ બનાવશે.

કચ્છ કડવા પાટીદાર સમાજ એટલે મહેનતુ, ઈમાનદાર અને બીજાને સુખ-દુઃખમાં સહાય કરતો સમાજ. હિન્દુ સમાજને હિન્દુ સંગઠનોને તેમજ ધર્મકાર્યોને સૌથી વધુ તન, મન અને ધનથી સહાય કરતો આ સમાજ ભારતીયતાનું ઉમદા સ્વરૂપ છે. આ સમાજને બહુ નજીકથી જોવાનો મને અવસર મળ્યો છે. સંયુક્ત કુટુંબભાવના, વડિલો પ્રત્યે આદર, દિકરીઓ પ્રત્યે સ્નેહ, સંઘભાવના આ બધુ જોઈ કોઈપણને ગદ્‌ગદિત કરી દે. મારે મન આ સમાજ ભારતીય સંસ્કારોમય જીવતો સમાજ છે.

આ પુસ્તકના લેખક હંસરાજભાઈ સાંખલા વિશે કંઈ પણ લખીશ તો તેમને નહી ગમે તેની મને ખબર છે. તેઓ પોતાના ડાબા હાથને પણ ખબર ન પડે તે રીતે જમણા હાથેથી કોઈપણ નાત-જાતના ભેદભાવ વગર સેવા કાર્યો કરતાં રહે છે. હું તેની રગેરગ જાણું છું. તે ઉપરાંત પાટીદાર સેવાસંઘ પણ તેઓની મનોકલ્પનાનું પરિણામ છે. તેઓ સમાજ પ્રત્યે વર્ષોથી હૃદયપૂર્વકની ઉંચા પ્રકારની લાગણી ધરાવે છે. પ્રસ્તુત પુસ્તક "સમાજભક્તિની ત્સુનામી" સાત ખંડોમાં છે. જે કચ્છ કડવા પાટીદાર સમાજમાં બંધુત્વભાવનાનો પર્યાય છે. તેવા કચ્છ કડવા પાટીદાર સમાજમાં કેટલાક સમયથી કોઈને કોઈ કારણે ભાગલા પડી ગયા છે અને તેની વચ્ચેનું અંતર વધવા લાગ્યુ છે. સમાજમાં આવા ભાગલાનું કારણ બની ગયો છે - ધર્મ. ધર્મની વ્યાખ્યા કરતાં શાસ્ત્રો કહે છે, 'જોડે તે ધર્મ' જ્યારે સમાજમાં આજે ધર્મએ તોડવાનું સ્વરૂપ ધારણ કરી લીધું છે. જે પિતાએ પોતાના પુત્રોને સંઘભાવનાનાં સંસ્કારો આપ્યા હોય, તેવા પિતાની સામે તેના પુત્રો લડે તો સૌથી વધુ દુઃખી તેનો પિતા જ થતો હોય છે. આજે અખંડ કચ્છ કડવા પાટીદર સમાજ બે ભાગમાં વહેંચાઈ ગયો છે. એક ભાગ પોતાને સનાતની કહે છે, જ્યારે બીજો ભાગ

સતપંથી. વર્ષોથી સનાતનીઓ અને સતપંથીઓ પોત-પોતાની ઉપાસના પદ્ધતિ સાથે પ્રેમથી હળીમળીને રહેતા આવ્યા છે. અને રહેતા હતા. પરંતુ બન્ને પક્ષે વધારે પડતી સમજણ ધરાવનારા કહેવાતા આગેવાનોએ એક પ્રકારની જીદ પકડી અને સમાજ ભાગલાનો ભોગ બની ગયો. જે ભાઈઓ સાથે બેસીને જમતા, એકબીજાના સુખ-દુઃખના સાથી હતા તે દુશ્મનો જેવો વહેવાર કરવા લાગ્યા. સૌથી વધારે કોઈને આ પીડા સહન કરવાનો વારો આવ્યો તો તે છે દીકરીઓને. આ બન્ને પ્રકારની પીડામાંથી 'સમાજભક્તિની ત્સુનામી' પુસ્તકનું નિર્માણ થયું છે.

ભગવાન વેદ વ્યાસે અનેક મતોમાં વિભક્ત સમાજને જોઈ એક જાગૃત ઋષિએ પીડા મહેસુસ કરી અને સમાજને પ્રેમ અને ભક્તિનો મહાગ્રંથ શ્રીમદ્ ભાગવત પુરાણ પ્રાપ્ત થયો. ક્રૌંચની પીડા જોઈ સંવેદનશીલ વાલ્મિકીની કલમથી જગતને પાવન કરનારી રામકથા મળી. પોતાના જ પરિવારને લડાઈના મેદાનમાં સામસામા જોઈને અર્જુનને પીડા થઈ અને શ્રીમદ્ ભગવદ્ ગીતા પ્રાપ્ત થઈ. 'સમાજભક્તિની ત્સુનામી'ના લેખક પણ અત્યંત સંવેદનશીલ વ્યક્તિત્વ ધરાવે છે અને તેથી તેમણે પોતાના સમાજને વિભક્ત થતો જોઈ 'સમાજભક્તિની ત્સુનામી' પુસ્તક આપ્યું છે.

મારે કહેવું જોઈએ હંસરાજભાઈએ એક પ્રકારે હિંમતભર્યું કદમ ઉઠાવ્યું છે. સમાજમાં અનેક લોકો હંસરાજભાઈ જેવી લાગણી ધરાવતા હશે અને તે બંને પક્ષે હશે. કેટલાય સનાતની ભાઈઓ પોતાના સતપંથી ભાઈઓ માટે રડતા હશે અને કેટલાય સતપંથી ભાઈઓ પોતાના સનાતની ભાઈઓ માટે રડતા હશે. પીડા બન્ને પક્ષે છે અને હોય જ કેમકે આખરે તો ભાઈઓ જ છે ને ! આવી જ પીડા સહેનારા અને જાહેરમાં વ્યક્ત કરવાની હિંમત કરનારા હંસરાજભાઈને સલામ કરવાની ઈચ્છા થાય છે. મારે આ ક્ષણે તમામ કચ્છ કડવા પાટીદાર સમાજને વિનંતી કરવી છે ભાઈઓ, આવોને ! હંસરાજભાઈ જેવી લાગણી તમે પણ ધરાવો છો તો ખુલ્લેઆમ વ્યક્ત કરો અને સમાજને ફરીથી એક કરવાની પ્રતિજ્ઞા લો. તમે કલ્પના કરો ''અખંડ કચ્છ કડવા પાટીદીર સમાજ'' બનશે તો આપણી શક્તિ કેટલી વિશાળ બનશે !

આ પુસ્તક દ્વારા હંસરાજભાઈની વાતને કદાચ કવિ દુષ્યંતકુમાર આ રીતે પ્રગટ કરે છે.
:

सिर्फ हंगामा खड़ा करना मेरा मकसद नहीं ,
मेरी कोशीश है कि ये सूरत बदलनी जाहिए ।
मेरे सिने में नहीं तो तेरे सिने में सही
हो कही भी आग लेकिन आग जलनी चाहिए ।।

મને લાગે છે આજના સમયે પણ કચ્છ કડવા પાટીદીર સમાજ સૌથી સંવેદનશીલ

સમાજ છે અને તેથી પ્રસ્તુત પુસ્તકમાં વ્યક્ત થયેલી ભાવનાને સમાજ સમજશે. સમાજની ચિંતા કરનારા આગેવાનો આગળ આવશે અને સમાજ એક થાય તેવા હૃદયપૂર્વક પ્રયત્નો કરશે. પુસ્તકમાં ઉભય પક્ષની વાતો થઈ છે તેથી ઉત્તમ આગેવાન અને ઉત્તમ હિતચિંતકની ભૂમિકામાં હંસરાજભાઈ સો ટકા પૂરવાર થયા છે.

હંસરાજભાઈ "નિમિત, કર્તવ્યધર્મ, જ્યોતિનો પત્ર, સમાજભક્તિ, મામેરૂ, સ્વર્ગનું દ્વાર જેવા પ્રસંગો આલેખી સમાજ સામે લાલ લાઈટ ધરે છે મને સ્વયંને હંસરાજભાઈએ આલેખેલા પ્રસંગોએ હલબલાવી મૂક્યો છે. હું સાધુ છું તો પણ મારી સામે બે દિકરીઓની આત્મહત્યા, મામેરૂ, જ્યોતિનો પત્રએ મને રાતભર ઉંઘવા ન દીધો. તો વાસ્તવમાં જેની દિકરીઓ આવી પીડા મહેસુસ કરતી હશે તેનો પિતા કેવી રીતે ઊંઘી શકતો હશે ?

સમસ્ત કચ્છ કડવા પાટીદાર સમાજને મારી હૃદયપૂર્વકની પ્રાર્થના ભાઈઓ, જીદ છોડો, સમય પહેલા જાગી જાઓ !

हर उभरी नस मलने का अभ्यास, रुक रुककर चलने का अभ्यास
छाया में थमने की आदत, यह क्यो ?
जब देखो दिल में एक जलन, उल्टे उल्टे से चाल-चलन
सिरे से पाँवो तक क्षत-विक्षत, यह क्यो ?
जीवन के दर्शन पर दिन-रात, पंडित विद्वानो जैसी बात
लेकिन मुर्खो जैसी हरकत, यह क्यो ?

છેલ્લે એટલું જ કહીશ, ઉભય પક્ષે રહેલા હંસરાજભાઈઓ જાગી જશે તો મારા કચ્છ કડવા પાટીદાર સમાજનું ભવિષ્ય ઉજ્જવલ છે. પરમાત્મા સૌને કલ્યાણકારી વિચારો આપે તેવી પ્રાર્થના.

તમારો પોતાનો
ડૉ. ગૌરાંગશરણદેવાચાર્ય
ના જય શ્રી રામ
નિમ્બાર્ક શોધ સંસ્થાન
કાર્યાલય :હિન્દુ પીઠમ્,
શ્રી પંચમુખી હનુમંતધામ,
પો.બો. -૧૧, હિંમતનગર

વહાલપના વેણ

આપણે સૌ માઁ ઉમિયાના સંતાનો છીએ. એક વાત યાદ રાખો કે આપણું મૂળ એક જ છે. ભલે સમયાંતરે લોકના પંથ, સંપ્રદાય બદલાયા હશે પણ મૂળે લોહી એક જ છે. એની અસલ ઓળખ, અસ્મિતા, રીતભાત એ ગમે ત્યાં જાય છતી થયા વિના રહે જ નહીં. કચ્છીનો પંથ, દેશ, ગામ કે વ્યવસાય ગમે તે હોય પણ એની બોલીની મીઠાશ, માધુર્ય, પ્રેમ, નિર્દોષતા, એકતા, સેવા ભાવના, વડીલોનો આદર, પરિશ્રમ, ધીરજ, મર્યાદા વગેરે અદ્વિતિય જ છે.

આવા ઉમદા અને અદ્વિતિય સમાજ દેખીતી માન્યતા મુખ્ય બે ધારામાં વહેંચાયેલો છે. એક સનાતન ધારા અને બીજી સતપંથ ધારા. ભાઈઓ આપણને ભવિષ્યમાં વધુ સારા પરિણામની અને ફળની અપેક્ષા હોય તો સુધારા માટે ધીરજ જરૂરી છે. કહેવત છે કે "ધીરજના ફળ મીઠાં"

જો આપણા જ ભાઈ બીજા પંથમાં માનતા હોય તો એ ધાર્મિક માન્યતાનું પરિવર્તન પણ ધીરે ધીરે થાય. એમાં પૂરેપુરી ધીરજ જોઈશે. જો આટલા વર્ષોથી ધીરજરૂપી તપસ્યાનું સારૂ એવું પરિણામ મળ્યું છે તો બાકીનું હવે પછી મળશે. પરંતુ ધાર્મિક માન્યતાના પરિવર્તન માટે લશ્કરી શાશન કે ફતવા ન ચાલે. તલવારના જોરે રાજ્ય, ધનસંપત્તિ, જમીન વગેરે મેળવી શકાય પણ તલવારના જોરે ધાર્મિક શ્રદ્ધા બદલી શકાય નહિં. એ વાતને ગીતાજી પૂરેપુરી સંમતિ આપે છે.

ન બુદ્ધિ ભેદં જનયેદજ્ઞાનાં કર્મસંગિનામ્ ।
જોશયેત્સર્વકર્માણિ વિદ્વાન્યુક્તઃ સમાચરન ।। ૩-૨૬

જ્ઞાની પુરુષે કર્મમાં આશક્તિવાળા અજ્ઞાનીઓના મનને ડગમગાવવું નહિં કે તેમને કર્મથી દૂર રહેવા ઉત્તેજન આપવું નહિં, પણ પોતે સર્વ કર્મો સારી રીતે કરી દાખલો બેસાડી તેમની પાસે સર્વ કર્મો ભક્તિભાવે કરાવવાં.

ભગવાન શ્રીકૃષ્ણે એ જ રીત અપનાવી હતી. નંદ સહિત બધાજ ગોવાળો એવું માનતા હતા કે ઈન્દ્ર વરસાદ વરસાવે છે. એટલે અન્નકૂટ ઈન્દ્ર ને જ ધરાવાય. તો શ્રી કૃષ્ણે ધીમે રહીને સમજાવ્યું કે ઈન્દ્ર તો ભગવાનનો સેવક માત્ર છે. તે ભગવાનની આજ્ઞાથી વરસાદ વરસાવે છે. તો અન્નકૂટ ઈન્દ્રના બદલે ગોવર્ધન પર્વતને જ ધરવામાં આવે. ગોવાળીયાઓ માની ગયા. એ રીતે ગોવર્ધન પર્વતને અન્નકૂટ ધરાવતાં એ અન્નકૂટ આજે શ્રીકૃષ્ણને ધરાવવામાં આવે છે. પરંતુ શ્રી કૃષ્ણે સીધો જ આદેશ કર્યો હોત કે અન્નકૂટ મને જ ધરાવવો તો વાત વણસી જાત. હજારો વર્ષની ધીરજ પછી એ અન્નકૂટ આજે મંદિરોમાં ભગવાનને જ અર્પણ કરાય છે.જોયું, ધાર્મિક શ્રદ્ધા અને સત્યની માન્યતાના બદલાવ માટે કેટલા વર્ષો સુધી રાહ જોવી પડે છે !

સંઘે શક્તિ કલિયુગે મુજબ આપણે આપણા સમાજ સાથે, પરિવાર સાથે રહેવું જોઈએ, સાથે રહેવામાં જે કંઈ નડતર હોય, અવરોધ હોય તેને દૂર કરવો. કારણ કે વિદુરનિતી શાસ્ત્ર કહે છે કે જે સમાજ, કૂળ કે પરિવાર સાથે રહેતો નથી તેને ખરા સમયે છત્ર કે [illegible] નથી.

સનાતન કે સતપંથી બંને લોકો પોતે હિન્દુ છે અને હિન્દુ તરીકે જ ઓળખાવે છે કે નહિં ? હા, તો સાંભળો, જો આપણે પોતાની જાતને હિન્દુ માનતા હોઈએ તો આપણા જન્મથી મરણ અને મરણોત્તર તમામ સંસ્કારો હિન્દુ શાસ્ત્ર મુજબ થવા જોઈએ. એ રીતે આપણા પૂર્વજ આર્યોએ સોળ સંસ્કારની ભવ્ય યોજના બનાવી છે. જેમાં ગર્ભાધાન સંસ્કારથી લઈને અગ્નિસંસ્કાર સુધીની મંજીલ છે. એ સંસ્કારમાં સૌથી છેલ્લે આવે છે અગ્નિસંસ્કાર. હવે તમને અગ્નિસંસ્કારનું મહત્વ ખબર છે ?

ઈ.સ. ૧૯૦૨ માં ઈંગ્લન્ડમાં સૌ પ્રથમ શબ અગ્નિદાહ વિધેયક પસાર થયું. શરૂમાં ગણત્રીના લોકો ત્યાં જતા. એ પછી ૨૦મી સદીના ઉત્તરાર્ધમાં અગ્નિસંસ્કાર કરાવનારાઓની સંખ્યા ૩ લાખના હિસાબે દર વર્ષે વધવા લાગી. ૨૦મી સદીમાં અગ્નિસંસ્કારનો પ્રચાર વધવા માંડ્યો. એકલા અમેરીકામાં ખ્રિસ્તી દેશ હોવા છતાં ૨૩૦ અગ્નિ સંસ્કાર કેન્દ્રો બની ચૂક્યા હતા.

હિન્દુઓની અગ્નિસંસ્કાર વિધી ધાર્મિક અને વૈજ્ઞાનિક છે.

ધાર્મિક તર્ક : શરીરમાં જીવનભર નિવાસ કરવાના કારણે જીવને શરીર સાથે ખૂબ આત્મિયતા બંધાઈ જાય છે. દફન કરવાથી એ જીવ પોતાના શરીરની આસપાસ ભટક્યા કરે છે. એટલે જ હિન્દુઓમાં મૃત શરીરનો વિધીપૂર્વક અગ્નિસંસ્કાર થાય છે. અગ્નિદાહ દેવાથી જીવ જ્યાં ત્યાં ભટકવાને બદલે બીજા લોકમાં જવાનો પોતાનો માર્ગ નક્કી કરી લે છે.

વૈજ્ઞાનિક તર્ક : અગ્નિસંસ્કારથી તે શરીરમાં રહેલા રોગના જીવાણુંનો સદંતર નાશ થાય છે. જ્યારે દફન કરવાથી તે જીવાણું અન્યત્ર ફેલાવાની શક્યતા રહે છે. આવી સાચી ધાર્મિક અને વૈજ્ઞાનિક પદ્ધતિઓનો અમલ સતપંથ સમાજ પણ કરે એવી વિનંતી કરૂ છું. જેથી સમાજ તૂટતો બચે. એમ કરવામાં કચ્છ કડવા પાટીદાર સમાજનું કલ્યાણ છે.

હવે વાત કટ્ટરવાદની છે. કટ્ટરવાદ આખા વિશ્વનો પ્રશ્ન છે. કટ્ટરવાદ અપનાવવાથી પાકિસ્તાનની શું હાલત થઈ છે તે આખુ જગત જાણે છે. કટ્ટરવાદથી દેશ કે સમાજ પ્રગતિ કરી શકતો નથી. અને લાંબા ગાળે તેનાં માઠાં પરિણામ પ્રજાને જ ભોગવવા પડે છે. વળી સનાતન સંસ્કૃતિ સહિષ્ણુતાની સંસ્કૃતિ છે. કટ્ટરવાદની થીયરી સનાતન સંસ્કારની થીયરીથી વિરૂદ્ધની થીયરી છે. આગળ જણાવ્યા મુજબ ધીરજ રાખો, સમય જવા દો, બિલકુલ નુકશાન થયા વગર જ ઘીના ઠામમાં ઘી ઢળી જશે. આખરે સનાતન કે સતપંથી બન્નેના અનુયાયીનું લોહી એક જ છે. બધાજ માઁ ઉમિયાના સંતાન છે. વિશ્વમાં એવો કોઈ નિષ્ઠુર માણસ ન હોય કે જે પ્રેમ અને સમાધાનની ભાષા ન સમજે. બંને પક્ષના પાંચ-પાંચ વયોવૃદ્ધ અને અનુભવવૃદ્ધ માણસો ભેળા બેસો. ચર્ચા વિચારણા કરો. સ્વસ્થ ચર્ચા કરો. સંવાદ કરો વિવાદ નહિં. ચર્ચા એટલે બંને પોતપોતાના ઈષ્ટદેવને પ્રાર્થના કરીને જ આવો કે આમાંથી આપણને સારૂ પરિણામ મળે. પછી ચર્ચાના નામે હથીયાર સજીને જ આવે તો એવી ચર્ચાઓ માંથી શું નિષ્પન્ન થાય ? વિશ્વના મોટા મોટા દેશના ડખાઓ, પ્રોબ્લેમો, ચર્ચા-વિચારણાથી જ ઉકેલી શકાયા છે. યુદ્ધથી નહિં. હા, સમજપૂર્વકનાં સમયસર એન્કાઉન્ટરની ઈતિહાસ હિમાયત કરે છે. (શિવાજીએ કરેલ અફઝલખાનનું એન્કાઉન્ટર) સાથે બેસવાથી, વાતો કરવાથી, સંબંધ રાખવાથી, સંવાદ કરવાથી કોઈપણ પ્રશ્નનું સમાધાન થાય છે. આના માટે તમારી એટીટ્યુડ

(વલણ) પોઝેટીવ અને સમાધાનકારી હોવું જોઈએ.

કચ્છ કડવા પાટીદાર સમાજના સંત તરીકે મારો જીવ ઘણો દુભાય છે. હાથે કરીને આપણી બંધ મુઠ્ઠી ખુલી ન જાય, આપણા ઘરના પ્રશ્નો જગતના ચોરે-ચૌટે ચર્ચાસ્પદ ન થાય એટલું હું કહું છું. કે એકવાર આગેવાનો ભેગા થઈને આનો રસ્તો કાઢો. અમારા માટે કોઈ એવું ન વિચારે કે આ સંત દૂધમાં અને દહીંમાં પગ રાખે છે. અમે તો પેઢીઓથી સનાતન ધારામાં છીએ. અમને દુઃખ એ વાતનું છે કે હવે પાઘડીના છેલ્લે આંટે આપણો સમાજ તૂટી ન જાય. વેરવિખેર ન થાય તેનું ધ્યાન રાખજો. હવે બહોત ગઈ.. થોડી રહી..એ ન્યાયે થોભો... રાહ જુઓ...માઁ ઉમિયા બધાં જ સારા વાનાં કરશે. માનવ તરીકે હું સૌનું કલ્યાણ ચાહુ છું. સર્વે ન્ન સુખિનઃ સન્તુ, સર્વે સન્તુ નિરામયાઃ । બંને પક્ષે સુખાકારી, હિતકારી, કલ્યાણકારી સમાધાન-સુલેહ થાય તેવી માઁ ઉમિયા તથા ઈષ્ટદેવોના ચરણોમાં પ્રાર્થના.

સમાજભક્તિની ત્સુનામીના લેખક શ્રી પટેલ હંસરાજભાઈ વિશ્રામભાઈ સાંખલા ખૂબ સારા, પ્રતિષ્ઠિત, ઠરેલ અને સેવાભાવી કાર્યકર છે. તેઓએ પોતાના જીવનમાં શ્રીમદ્ ભગવદ્ ગીતાનો ''સમત્વ ભાવ'' સાંગોપાંગ ઉતાર્યો છે. તેઓ માને છે પરિવારના અને સમાજના આગેવાને પોતાનો પરિવાર અને સમાજ સુખ, શાંતિ અને સંપથી ચલાવવો હોય અને તેને વિકાસના પંથે લઈ જવો હોય તો તેના આગેવાને મહારાજા ધૃતરાષ્ટ્રની ''મામકા પાંડવાશ્ચૈવ'' ની ભાવના છોડી મહાત્મા વિદુરજીએ બતાવેલી ''સમત્વ સમદ્રષ્ટિ'' ની ભાવના જીવનમાં અપનાવી પડશે. હું હંસરાજભાઈ અને તેમના આદર્શ અને સંયુક્ત પરિવારના તમામ સભ્યોને ખૂબ નજીકથી જાણું છું.

હંસરાજભાઈ કોઈપણ સિદ્ધાંત બીજાને ત્યારે જ કહે છે જ્યારે તે સિદ્ધાંત તેણે પોતાના જીવનમાં ઉતાર્યા હોય છે. તેઓએ વિદુરનીતિનો ખૂબ અભ્યાસ કર્યો છે અને તે જીવનમાં ઉતારવા ખૂબ પ્રયત્નશીલ છે. તેઓએ સમાજ પ્રત્યેની સાચી ભાવનાથી જીવ રેડીને આ ''સમાજભક્તિની ત્સુનામી'' પુસ્તક લખ્યું છે. તો તેમના પુરૂષાર્થને સફળ બનાવી સમાજને તૂટતો બચાવી લેવા મારા કચ્છ કડવા પાટીદાર સમાજના સનાતની અને સતપંથી તમામ ભાઈઓને વિનંતી કરૂં છું. અત્યારે ચલાવાતી ભાગલાવાદી ઝુંબેશથી આપણા સુધારક પૂર્વજોના આત્માને ખૂબ દુઃખ થતું હશે. પરંતુ સમાજ તૂટતી બચશે અને ધીમે ધીમે પણ પરિવર્તન આવશે તો જ આપણા પૂર્વજ પૂજ્ય કેશરા પરમેશ્વરા, પૂજ્ય નારણજી બાપા અને પૂજ્ય ગુરૂવર્ય ઓધવરામજી મહારાજને સાચી શ્રદ્ધાંજલિ હશે અને તો જ તેના આત્માને સાચી શાંતિ મળશે.

આપનો સંત
શાસ્ત્રી હરિજીવનદાસ
મહંત શ્રી , સ્વામિનારાયણ મંદિર
(હિંમતનગર)
મો. : ૯૯૨૫૭૦૨૮૧૧

આપણી સાચી ઓળખ

કડવા કહેવાઈએ પણ મીઠા મધ જેવા અમે,
સમંદર ભર્યા હૈયે સ્નેહના,
પાટીદાર જાત મારી, ઉમિયા છે માઁ અમારી,
બિરાજે ઊંઝા ગુજરાતમાં.

હાં રે અમે સંતાન ઉમિયા પરિવારનાં,
હાં રે અમે સંતાન કડવા પાટીદારના,

મહેનત મજૂરી ને નીતિરીતિની છે, નામના સારા સંસારમાં,
પરકાજુ, વિશ્વાસુ, શ્રદ્ધાળુ, સાહસિક, રામ સદા અમારા વહેવારમાં..
હાં રે અમે સંતાન ઉમિયા પરિવારનાં,

મોહક વાણીને વિવેક ભરપુર ભર્યાં, અમારા આદર્શ વહેવારમાં,
પારકાને પોતાના પ્રેમથી બનાવી અમે, જાદુ કર્યો માનવ પરિવારમાં...
હાં રે અમે સંતાન ઉમિયા પરિવારનાં

ગીતાનો કર્મયોગ જીવનમાં ઉતારી અમે,ગર્વથી ઘુમતા પરદેશમાં,
વિશ્વકુટુમ્બના વિચારોની ગળથૂથી, શીખ્યા હાલરડાંના ગાનમાં...
હાં રે અમે સંતાન ઉમિયા પરિવારનાં

ઋષિના સંતાન છીએ, જગમાં મહાન છીએ, દિશા સૂચક અંધકારમાં,
માનવનો ધર્મ શું છે? માનવનું કર્મ શું છે ? જુઓ અમારા પરિવારમાં...
હાં રે અમે સંતાન ઉમિયા પરિવારનાં,
હાં રે અમે સંતાન કડવા પાટીદારના.

હંસરાજભાઈ સાંખલા

પ્રેરણા

આપણે કે કોઈએ પણ રાક્ષસોને ક્યારેય જોયા ન હોવા છતાં, આપણી કથાઓ અને દંતકથાઓમાં રાક્ષસોનાં માથાં ઉપર સીંગડાંની કલ્પના કરી તેને બિહામણા ચિતર્યા છે. પરંતુ વાસ્તવિકતા તો એ હતી કે જેના દિલમાં લાગણી કે લાગણીની સરવાણી સુકાઈ ગઈ હોય, તે જ રાક્ષસ. નિર્દોષ જીવજંતુ કે કોઈપણ પ્રાણી રીબાતું કે તરફડતું જુએ અને તેના પ્રત્યે જેના દિલમાં અનુકંપ્મા ન પ્રગટે તે આજના યુગનો જીવતો જાગતો આધુનિક રાક્ષસ.

લાગણીશીલતા અને દુરંદેશીપણાંનો એક વ્યક્તિના જીવનમાં સંગમ થાય ત્યારે તે એક રીતે વરદાન છે અને બીજી રીતે તે અભિશાપ પણ છે! લાગણી અને દુરંદેશીપણાંને લઈને દિલમાં ઝીણું ઝીણું ચરચર્યા કરે અને દિલની સ્થિતી ન કહેવાય ન સહેવાય એવી સર્જાય છે અને આની વેદના ઝીણી પણ કેટલી તીવ્ર હોય છે, તે માત્ર સહદેવે જ અનુભવી હતી.

સમાજમાં બનેલા કેટલાક બનાવો અને તેના લાંબા ગાળાનાં પરિણામોથી સંભવિત સર્જાનાર સ્થિતિને લઈને સહદેવજીની મનોસ્થિતીના જેવી સ્થિતી કંઈક અંશે મારી થતી જતી હતી. આવી સ્થિતીને લીધે, રાત્રે એક બે વાગે આંખ ખુલી જતી અને વિચારોના વમળ અને વેદના વચ્ચે રીતસરના રિબાવાય. આ સ્થિતિથી છુટકારો મેળવવા માટે ઉંઘવું હોય તો પણ ઉંઘ ન આવે અને વિચારોને ડાયવર્ઝન આપવું હોય તો પણ તમામ પ્રયાસ નિષ્ફળ. ત્યારે સમજણ ન પડે શું કરવું?

તર્કમય જીવનને લઈને કાનજી લાલજી મહેતા (ઓહ માય ગોડ)ની જેમ કોઈ સિધ્ધ પુરુષનાં હૃદયપુર્વકના શ્રધ્ધામય જોડાણના અભાવને લઈને આધ્યાત્મિક કે સાચા માર્ગદર્શકની ખોટને લઈને "શું કરવું?" ની દિલમાં દ્વિધા ઉત્પન્ન થાય. દિલમાં આવી અંધાધુંધી પછી ચારેય બાજુ અંધારૂ દેખાય. નાનપણમાં દાદીમા ઘણી વખત કહેતાં, " ચારે બાજુ ઘનઘોર અંધારૂ હોયને

કોઈ દિશા ન સુઝે તો ગભરાવું નહીં, પરમ તત્વને શરણે જવું અને રડવું આવે તો માઁ ના ખોળે માથું મુકી રડી લેવું.''

આ ગળથુંથીની શીખને લઈને કાયમ માઁ ઉમિયા, પૂ. જલારામબાપા અને કૃષ્ણં વંદે જગત્ગુરૂ એવા યોગેશ્વર ભગવાનના શરણે જાઉ છું અને એ જે પ્રેરણા આપે તેમ જ કરૂં છું.

એ પરમ તત્વની પ્રેરણા મળી, ''તું તારૂં કર્તવ્ય કર'' ભગવાન શ્રી કૃષ્ણે ગીતામાં અર્જુનને કહ્યું ''તું નિરપેક્ષ ભાવથી કર્મ કર એ જ તારો ધર્મ છે, એ જ તારૂં કર્તવ્ય છે'' અને તે રીતે અત્યારનાં મારાં સામાજીક કર્તવ્યમાં બહાનાબાજી કાઢી પલાયનવૃત્તિ રાખીશ ને પછી હું ધર્મના નામે બીજી ગમે તેટલી ચોવીસ કેરેટ એક્ટીવીટી કરું તેનો કોઈ મતલબ નથી. દુનિયામાં ''નિરપેક્ષ કર્તવ્યથી'' મોટો કોઈ ધર્મ નથી. માનવધર્મ પણ આ કર્તવ્ય ધર્મના પરીઘમાં આવી જાય છે.

સવાર સાંજ ભગવાનને પ્રાર્થના કરતી વખતે પણ આવોજ આભાસ થવા માંડ્યો આને કુદરતનો સંકેત ગણી શરૂઆત કરી તો હળવો ફુલ જેવો થવા લાગ્યો. થયું, મારા માટે ભગવાનનો આ આદેશ છે અને આજ મારૂં કર્તવ્ય છે. સમાજની વર્તમાન સ્થિતીમાં મારી નિષ્ઠાપૂર્વકની સાચી ફરજ આ જ છે.

ભગવાને આપણને જ્યારે કંઈક વિશેષ વિચારતું અને વિશેષ દેખતું મગજ આપ્યું છે. તો આપણે આપણા કર્તવ્યના ભાગ રૂપે આપણા જ ભાઈઓના હિતમાં મારી દ્રષ્ટિએ દેખાતાં કેટલાંક પરોક્ષ જોખમો અને ભવિષ્યની અસર અને આડઅસરથી વાકેફ કરવા અંગુલી નિર્દેશ કરવો એ જ સમાજ પ્રત્યેની મારી સંનિષ્ઠ ફરજ અને સાચો ધર્મ છે, સમજી રજૂ કરેલા આ માત્ર મારા વિચારો છે. સમાજમાં થતી ચર્ચાઓ સાંભળી તેનું લેબ એનાલીસીસ કરી, તેનો માત્ર રીપોર્ટ રજુ કરવા આ પ્રયત્ન છે.

કેટલાક સુઝાવ અને મતો આપણી સમાજ પ્રત્યે લાગણીથી જોડાયેલી વ્યક્તિના પણ છે. જે આપણા જેવી જ ઈજ્જતદાર સમાજના આગેવાનો છે.

પ્રસ્તાવના

ધરતીકંપ થાય ત્યારે ભુંગાને કંઈ થતું નથી. આર્કીટેકના પ્લાન મુજબ બનેલ બિલ્ડીંગોને પણ કંઈ થતું નથી. પરંતુ મધ્યમ વર્ગનાં માણસોનાં મધ્યમ થીયરીથી બનાવેલ મકાનોને જ ખાસ અસર થતી હોય છે. આપણો સમાજ આવી જ મધ્યમ થીયરીથી બનેલો સમાજ છે.

સ્વર્ણિમ જયંતિના ઉત્સવ વખતે આપણી સમાજમાં એક ખતરનાક સાંપ્રદાયિક ધરતીકંપ આવ્યો. આ ધરતીકંપની અસરને લઈને આપણા કેટલાક યુવાન દિકરાઓના દિલમાં એક વિશિષ્ટ પ્રકારની સમાજભક્તિનું ત્સુનામી જેવું પુર આવ્યું. !! આ સાંપ્રદાયિક ધરતીકંપના આંચકા અને સમાજભક્તિની ત્સુનામીનાં મોજાંની થપાટો થકી પ્રથમ તબક્કે સમાજમાં, આ ધરતીકંપના એ.પી.સેન્ટરના નજીકના વિસ્તારમાં કેટલીક તિરાડો નરી આંખે જોવા મળતી હતી. પરંતુ મુખ્ય આંચકા પછી પણ એ.પી.સેન્ટરના થોડા દૂરના વિસ્તારમાં કેટલીક જીણી તિરાડો શરૂઆતમાં નરી આંખે જોઈ શકાતી ન હતી. પરંતુ પછીથી આવેલ કેટલાક આફ્ટર શૉક (ધરતીકંપ પછીના નાના કંપનો) અને ત્સુનામીનાં મોજાંની થપાટો થકી, સમાજમાં કેટલીક ન દેખાતી ઝીણી તિરાડો ધીમે ધીમે મોટી થઈને નરી આંખે દેખાતી થઈ છે.

આ સમાજ ભક્તિની ત્સુનામી થકી, સમાજના એ અસરકર્તા કિનારા ઉપર જીવતા સમૂદાયને,એ ત્સુનામીનાં પ્રચંડ મોજાંની અવર્ણનીય અસર થઈ છે !!

આ આફ્ટર શૉકના આંચકા અને ત્સુનામીનાં પ્રબળ, પ્રચંડ અને પહાડ જેવા રાક્ષસી મોજાંએ સમાજમાં કેવો છૂપો વિનાશ સર્જ્યો છે અને હજી કેવો વિનાશ સર્જશે, તે કલ્પના બહારનું છે !! એ આંચકા અને ત્સુનામીનાં મોજાં થકી સમાજમાં કેવા માણસોને કેવી અસર થઈ છે અને થશે, તે મુદ્દે સમાજમાં કેટલીક બનેલી અને કેટલીક કાલ્પનિક પણ સંભવીત અને શક્ય ઘટનાઓ

અહીં વર્ણવી છે, જે સમાજ સમક્ષ મુકવાનો પ્રયત્ન કર્યો છે.

સમાજના ખૂબ વ્યસ્ત આગેવાનો અને આપણી કામાઢી સમાજ આ બનાવો વાંચે, વિચારે અને આ અસરકર્તા એવા છેવાડાના માણસની સ્થિતિ અંગે પોતાના આત્મા સાથે સંવાદ કરે. એ અસરકર્તા પરિવાર પોતાની દિકરીનો, બહેનનો કે ફઈનો પરિવાર હોય તો ? ત્યાં પોતાની જાતને ગોઠવી, પોતાની ભૂમિકા અને કર્તવ્ય વિષે પ્રથમ પોતાના પરિવારની મહિલાઓ સાથે ચર્ચા કરે અને પછી પોતાના આત્માને એકાંતમાં પૂંછે. પોતાના આત્માના જવાબ પછી, સમાજના નવા નિયમોના અમલ માટે નિકળેલ આપણા સમાજ સુધારક અને સમાજભક્ત એવા (આપણા) યુવાન દિકરાઓને નવેસર ગાઈડ લાઈન આપે. અને પછી જ, શ્રી ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણએ અર્જુનને કહ્યું **"નિયત કુરુ કર્મ"** તું તારું નિયત - સ્વભાવિક કર્તવ્ય કર'' એમ કહે. અને આમ થશે તો જ મેં સમાજ પ્રત્યેના મારા માત્ર કર્તવ્યના ભાગરૂપે કરેલ ઉજાગરા લેખે લાગશે.

કોઈપણ પરિવારમાં, સમાજમાં કે રાષ્ટ્રમાં દરેક વ્યક્તિને પોતાનો મત રજૂ કરવાનો જન્મસિદ્ધ અધિકાર હોય છે. પરંતુ હમણાં હમણાં આપણી સમાજમાં ક્યાંક નાના-મોટા દરેકને પોતાનો મત નિર્ભિકપણે રજૂ કરવાની તક નથી આપવામાં આવતી અને તેનો અવાજ સમાજોપયોગી હોવા છતાં પણ બળજબરી પૂર્વક, યુક્તિ-પ્રયુક્તિ દ્વારા દબાવી દેવામાં આવે છે અને તે બાબતે મિડીયા પણ મૌન સેવે છે.

કોઈપણ સંસ્થામાં જ્યારે આવું બને ત્યારે સમજવું, તે સંસ્થામાં લોકશાહી વિકલાંગ બની ગઈ છે. જ્યારે લોકશાહી વિકલાંગ બને ત્યારે શાસક હંમેશા સરમુખત્યાર બને છે. કોઈપણ સરમુખત્યાર એવા શાસકના મોટાભાગના નિર્ણયો હંમેશા અતદુંરસ્ત રહ્યા છે, એનો ઈતિહાસ સાક્ષી છે.

આપણે આપણા સમાજમાં લોકશાહીની પરંપરાનું જતન અને જાળવણી કરવી હશે તો કોઈના પણ પ્રત્યે પૂર્વગ્રહ છોડી, તેની વાત સાંભળવી પડશે, સમજવી પડશે. અને વાસ્તવિકતા પણ સ્વિકારવી પડશે. બીજું પણ એક કડવું સત્ય સ્વિકારવું પડશે કે ''ટુંકા માણસના પડછાયા જ્યારે લાંબા દેખાય ત્યારે

સમજવું કે સૂર્યાસ્તનો સમય આવી ગયો છે.'' આ કહેવત નજર સમક્ષ રાખી, ચાણક્યજી એ ચિંધેલ દિશા મૂજબ કેટલાક કડક નિર્ણયો લેવા પડશે !!

એક પરિવારના બે દિકરાઓ વચ્ચે કોઈ મુદ્દે પરસ્પર મનદુઃખ થાય એ સંભવ છે. આવું થાય ત્યારે પરિવારના મોભી અને સગાસંબંધીની ફરજ છે, એ બે દિકરાને પાસે બેસાડી, તેમની વાત લાગણીથી સાંભળી અને જેને પણ કંઈ કહેવા જેવું હોય તેને કહી, કહેવડાવી, સમજફેર પર પ્રકાશ પાડી, પરસ્પર થયેલ મનદુઃખ મિટાવી, તેમને સમજાવવું પડે કે ''લાકડી મારવાથી પાણી ક્યારેય જૂદાં નહીં પડે''. અહીં સવાલ માત્ર પરિવારનો મોભી ધૃતરાષ્ટ્રની ''મામકા પાંડવાશ્ચૈવ''ની ભેદભાવભરી ભૂમિકા ભજવે છે કે ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણે કહ્યું છે તેમ ''સમત્વં યોગ ઉચ્ચતે'' મુજબ ''સમત્વ'' ને ''ધર્મ'' સમજી પોતાની દ્રષ્ટિમાં અને વર્તનમાં ''સમત્વ'' જાળવી મતભેદ અને મનદુઃખ મિટાવી, આપણો ''વસધૈવ કુટુમ્બકમ્'' ની ભાવનાનો વારસો પરિવારમાં ફરી પ્રસ્થાપિત કરે છે કે કેમ ? તે છે.

સમાજના આગેવાન વડીલો, યુવાવર્ગ અને મારા આ વિચારો વાંચનારા તમામ ભાઈ-બહેનોને મારી નમ્ર વિનંતી છે, મારા આ પ્રસંગના રૂપે રજૂ કરેલા વિચારોને પોઝેટીવ એંગલ (હકારાત્મક વલણ)થી જોજો. અનૂભવી વડિલો અને ભણેલો યુવાવર્ગ પોઝેટીવ થિંકીંગ અને નેગેટીવ થિંકીંગની આપણા જીવનમાં કેટલી મોટી નિર્ણાયક અસરો થાય છે, તે સૌ જાણે છે. તે રીતે આ પોઝેટીવ-નેગેટીવ થિંકીંગની અસરથી સમાજનું ભવિષ્ય પણ બકાત ન રહી શકે, તે સમજી શકાય તેવી બાબત છે. આવી સમજી શકાતી બાબતોનો, સમાજના નાના માણસોના હિતમાં કોઈના પણ પ્રત્યે પૂર્વગ્રહ છોડી, હકારાત્મક ભાવથી વાંચવા અને વિચારવા સૌને વિનંતી છે.

મારા વિચારોની રજૂઆતમાં આવતાં દ્રષ્ટાંતો, પ્રસંગો, લાગણી કે ભાવના માટે બંધ બેસતી પાઘડી ન પહેરવા સમાજના દરેક ભાઈ-બહેનને બે હાથ જોડી વિનંતી કરૂં છું. સાથે સાથે મારી પાસેની અપૂરતી અને કદાચ મળેલ અસ્પષ્ટ માહિતીને લઈને મારી રજૂઆત થકી, કોઈની ધાર્મિક, સામાજીક, જુના અને નવા નિયમો બાબતે, દરેક પ્રસંગને મેં મારા એંગલથી, મારા

વ્યક્તિગત ચશ્માથી જોવા થકી, ક્યાંક સાચું ન પણ જોવાયું હોય, અને તેની રજૂઆત થકી કોઈની, કોઈપણ મુદ્દે લાગણી દુભાય કે મનદુઃખ થાય તો હું તેવા દરેક ભાઈ-બહેનની ફરીથી હૃદયપૂર્વક બે હાથ જોડી માફી માંગુ છું. આને મારી લાગણીનો ઉભરો સમજી (ગણી) ક્ષમ્ય ગણવા વિનંતી છે.

મારો પવિત્ર આશય નિરપેક્ષ ભાવ માત્ર, આપણા પૂર્વજ પૂજ્ય વડીલોની દુરંદેશી ભરી અને સંસ્કારી જે ભાવના હતી, એ જ મારી ભાવના છે. મારો સમાજ ''અખંડ કચ્છ કડવા પાટીદાર સમાજ'' રૂપે હોવો જોઈએ. અને સયુંક્ત પરિવાર જેવી ઉચ્ચ ભાવના પર ચાલવો જોઈએ. કારણ આપણે સૌ વસુધૈવ કુટુમ્બકમ્ ની ઋષી સંસ્કૃતિના વારસદાર છીએ.

આ વસુધૈવ કુટુમ્બકમ્ ની ભાવનાના પૂનઃસ્થાપન માટે આપણી સમાજમાં સપં, સંગઠન, શાંતિ અને પરસ્પર સંતોષ પાયાની જરૂરીયાત છે. અને આના વગર સમાજનો સર્વાંગી વિકાસ પણ અટકેલો રહેશે. તો એના માટે આપણા સૌના દિલમાં રામ, લક્ષ્મણ,ભરત અને શત્રુઘ્નના દિલમાં જે ત્યાગની ભાવના હતી તે પ્રગટાવવી પડશે.અને તેની શરૂઆત સ્વ થી કરવી પડશે.

બંને સંપ્રદાયના આગેવાનોને હું ફરીથી વિનંતી કરૂં છું કે આપણા માટે નહિ પણ સમાજના છેવાડાનાં ગરીબ પરિવારો માટે, ઝીણી નજરે જોઈએ તો જેને સાંપ્રદાયિક ધ્રુવિકરણની સીધી અસર અને આડઅસર થઈ છે, તેવા પરિવારો પ્રત્યે આપણી ફરજના એક ભાગ રૂપે સમાજમાં સંપ, સંગઠન અને શાંતિ સ્થાપવા માટે જે કંઈ પણ કરવું પડે તે કરી પોતાનો સમાજધર્મ બજાવે એવી નમ્ર પ્રાર્થના.

વિનંતી

આપણી સમાજનાં નાનાં-મોટાં તમામ ભાઈ-બહેનોને વિનંતી કે આ મારા વિચારો સમાજનાં નાનાં-મોટાં ઘણાં બધાં માણસો પાસેથી સાંભળેલી વાતો ઉપરનાં મારાં અવલોકનો અને અનૂભવો ને આધારિત છે.

મારા આ વિચારો વાંચ્યા પછી આપને એમ લાગે કે આ વિચારોમાં કંઈક તથ્ય છે, તો તમામ ભાઈઓ અને બહેનોને વિનંતી, તમારા વિચારો તમારા પરિવારના વડીલો પાસે જીવંત લોકશાહી પદ્ધતિથી નિર્ભિક રીતે રજૂ કરજો. અને એ વડિલોને વિનંતી કે તે વિચારો (તમારા પરિવારના સભ્યોના વિચારો) આપણી સમાજના વડિલો (આગેવાનો) સુધી વિનય પૂર્વક પહોંચાડી સૌ પોતાનો ''સમાજધર્મ'' અદા કરે અને સમાજનાં આગેવાનોને વિંનતી કરે કે આ ઊધઈ જેવા સામાન્ય દેખાતા પણ અંદરથી કોરી ખાઈ સમાજને ખોખલો કરી નાખનાર આ કુસંપ અને અશાંતિથી સમાજને બચાવી લે.

મારા અને તમારા વિચારો ઉપર સમાજના આગેવાન વડિલો કંઈક ચિંતન તથા સંવાદ કરે અને સમાજનું સાચું હિત ક્યાં છે? એ શોધે. સામે પક્ષે (સતપંથ સમાજના આગેવાનો) પણ ભવિષ્ય તરફ નજર રાખી, વિષયની ગંભીરતાને જોઈ, વાસ્તવિકતાનો સ્વિકાર કરી, આ ગુંચવાયેલા પ્રશ્ને સમાજનાં વિશાળ હિતમાં, તમામ પ્રકારના પૂર્વગ્રહો, માન્યતાઓ અને વ્યક્તિગત અહમ છોડી ''કોઈપણ ભોગે આ પ્રશ્ન ઉકેલવો છે'' એવા નિર્ધાર સાથે પરસ્પર ખુલ્લા દિલથી ચર્ચા કરવા નવેસર બેસે.

સફળતા માટે નો એક મંત્ર ''આપણી નિષ્ફળતા માટે આપણે કરેલા પ્રયત્નોમાં ક્યાંક ખામી, કચાશ, કે તે કામ પાર પાડવાની આપણી ધૂનમાં રહી ગયેલી ઉણપ જવાબદાર છે.'' તેમ સમજી આ ગુંચવાયેલા પ્રશ્નનાં ઉકેલ માટે બંને પક્ષો નવા દ્રષ્ટિકોણથી મળે. આ રીતે સમાજના તથા ઉમિયા માતાજી સંસ્થાન, વાંઢાય એમ બંને સંસ્થાના વર્તમાન તથા પૂર્વ હોદ્દેદારો, વર્તમાન

તથા પૂર્વ ટ્રસ્ટીઓ, વર્તમાન તથા પૂર્વ સલાહકારો, વર્તમાન તથા પૂર્વ કારોબારીના તમામ હયાત એવા સિનિયર સભ્યો મળે. તમામની ઉપસ્થિતીમાં તમામ પ્રશ્નોનાં મૂળ સુધી જઈ, તેના ઉકેલ માટે નવેસરથી પ્રયત્ન કરે તો આ કામ બિલકુલ અઘરું નથી.

તો વડિલો અને સૌને ફરી ફરી વિનંતી, સમાજહિતના અતિ સંવેદનશીલ એવા આ મુદ્દાને અહમનો મુદ્દો ન બનાવી, તેને જલ્દીથી જલ્દી ઉકેલવા કૃતનિશ્ચયી બની નિષ્ઠાપૂર્વક પોતાનો સમાજધર્મ બજાવે એવી બે હાથ જોડી સૌને નમ્ર પ્રાર્થના.

નિમિત્ત

તે દિવસે મનસુખને રાત્રે દશ વાગે રાવલ સાહેબનો ફોન આવ્યો. તમારા મિત્ર રાજુ લીંબાણીની દિકરીઓ સીતા અને ગીતાએ ગઈ રાત્રે આપઘાત કર્યો. આજે એની બધી વિધિ અને અંતિમક્રિયા પુરી કરી હમણાં જ અમો ઘેર આવ્યા. તમે જલ્દી આવજો. રાજુ અને લીલાબેનની માનસિક સ્થિતી બહુ ખરાબ છે.

મનસુખ ઉપર જાણે વિજળી પડી હોય એવો ઘાત થયો. તે કંઈ બોલી ના શક્યો હું કાલે સાંજ સુધી આવી જઈશ. ત્યાં સુધી તમે ધ્યાન રાખજો. ટૂંકી ટચ સુચના આપી.

આમ તો રાવલ સાહેબને આવી બાબતમાં કહેવું જ ના પડે. ગામમાં શિક્ષકની નોકરી કરતા હતા પણ ગામના ગરીબ તવંગર દરેક સાથે જાણે કુટુંબના સભ્ય હોય તે રીતે દરેકના સારા માઠા પ્રસંગોએ પડખે ઉભા રહેતા, આવી તેની પ્રકૃતિ હતી.

વાત ટૂંકમાં થઈ, છતાં મનસુખને શું બન્યું હશે ? તેની કલ્પના અને અંદાજ કરવાનો હતો. હકીકત ત્યાં પહોચ્યા પછી જ ખબર પડે. રાત્રે મનસુખને ઉંઘ ન આવી. તેને ગામમાં બનેલા બનાવને લઈને તેના મગજમાં વિચારો ઘુમરાવા લાગ્યા.

મનસુખ અને રાજુ હાઈસ્કુલમાં સાથે ભણતા, પૂર્વ જન્મના ઋણાનુબંધને લઈને લાગણીઓ હૃદયપૂર્વક જોડાઈ હતી. રાજુ મનસુખની જેમ જ ભણવામાં હોશીયાર અને લાગણીશીલ પણ હતો. પરંતુ સ્થળકાળની સ્થિતિ અને સંજોગોને લઈને રાજુ આગળ ભણી શક્યો નહીં.

રાજુ કામે લાગ્યો અને તેના ૨૧ વર્ષની ઉંમરે લગ્ન લેવાઈ ગયાં. પત્ની લીલા સાદી છતાં સંસ્કારી હતી. તે સતપંથી એવા ધાર્મિક પરિવારમાંથી આવી હતી. આમ તો રાજૂનો સંબંધ નાની ઉંમરે જ થયો હતો. રાજૂને શરૂઆતથી જ

તેની પત્ની સાથે મિત્રતા જેવો જ મેળ આવી ગયો હતો. બંને સમજદાર અને સુખી હતાં. સંતાનમાં એક પુત્ર અને બે પુત્રીઓ થઈ.

રાજુની ૨૮ વર્ષની ઉંમરે તેના પિતા નાનજીભાઈને હાર્ટએટેક આવ્યો અને પેરાલિસિસ થઈ ગયો. રાજૂએ પોતાની આર્થિક કેપેસીટીથી પણ વધારે ખર્ચ કરી સારી ટ્રીટમેન્ટ કરાવી. પણ બે વર્ષની પથારીવસતા પછી; તેના પિતા નાનજીભાઈ દેવલોક પામ્યા.

રાજુના શિરે નાની ઉંમરે મોટી જવાબદારી આવી પડી. સમાજના રીત રિવાજ મુજબ ચાર ફઈ અને ત્રણ બહેનોના આછા પાતળા વહેવાર કરતો રહ્યો. રાજુ અને લીલા એવું કહેતાં આપણી નબળી સ્થિતિમાં આપણી બહેન દિકરીયુંને ઓછું વધુ દેવાય તે ચાલે પણ પ્રસંગે હાજરી તો આપવી જ પડે. નહીં તો બાપુજી નથી, તેથી તેના મનને દુઃખ થાય.

પરદેશપાટીના ધકા નો'તા પોષાતા, છતાં રાજુ લીલાના હૃદયપુર્વકના સહયોગથી પોતાનો ભાઈ ભત્રીજાનો ધર્મ પરફેકટ બજાવતો હતો. અને તેથી રાજુ લીલાનું કુટુંબમાં અને સગાં વહાલાંમાં તથા ફ્રેન્ડ સર્કલમાં બહુ માન હતું.

રાજુને તેના સસરા પક્ષનો સપોટ બહુ સારો હતો. છતાં "શ્વરસુર પરિવાર પાસેથી વારંવાર મદદ માગી પોતાનું માન ન ઘટાડવું" ના સિધ્ધાંતમાં રાજુ અને લીલા માનતાં હતાં. પોતાની ખેતી હતી નહીં, છતાં પિતાની બિમારી વખતે જીવરાજ ફુવાની ફેકટરીની, પોતાના ઉજળા ભવિષ્યની નોકરી છોડી, બાપુજીની સેવા ચાકરી કરવા કચ્છમાં આવી ગયો. તેના બાપુજી માવજી મુખી ની વાડી થાળે વાવતા હતા. માવજી મુખી સજ્જન અને સાચા સતપંથી હતા. રાજુના બાપુજી અને માવજી મુખી પરિવારને સારા સંબંધો હતા. તેથી માવજી મુખીએ પોતાની વાડી રાજૂના બાપુજીને થાળે વાવવા આપી હતી. થાળું નામનું જ હતું, એમ કહેવાય કે વાડી સાચવવા આપી હતી.

રાજુના બાપૂજી નાનજીભાઈના મૃત્યુ પછી પણ માવજી બાપાની વાડી રાજુ જ વાવતો હતો. માવજી બાપાની વાડીના સહારે રાજુએ નાનું સરખું મકાન પણ બનાવી લીધું. વહેવાર સચવાતા હતા. અને બાળકો મોટા થતા

હતા. રાજુના ત્રણે સંતાન ભણવામાં હોશિયાર હતાં, વળી રાજુને મનમાં એવી ઈચ્છા હતી કે હું ન ભણી શક્યો પણ મારે ત્રણે સંતાનોને યોગ્ય રીતે ભણાવવાં છે. રાજુ અને લીલા માનતાં કે સુખ અને સમૃધ્ધિનો પાયો શિક્ષણ છે.

ત્રણેય બાળકો ખૂબ જ હોશિયાર, સંસ્કારી અને વિનય વિવેકવાળાં હોઈ, હાઈસ્કુલમાં ઉપરાંત સમાજમાં પણ તેના પ્રત્યે દરેકને માન હતું.

ગામડાંની સ્કૂલમાં ભણીને વગર ટયુશને ક્રમશ સુમિત, સીતા અને ગીતાએ બોર્ડની એકઝામ સારા ટકા સાથે પાસ કરી, સુમીતને સિવિલ એન્જીનીયરીંગમાં અમદાવાદ એડમીશન મળ્યું અને સીતા અને ગીતા ભૂજ કોલેજ જતી.

રાજુને દોઢ વર્ષ પહેલાં સમાજમાં ઉભા થયેલા સંપ્રદાયના વિવાદ પછી, ગામની સનાતન સમાજના બહાર વસતા ભાઈઓએ દબાણ કર્યું ''રાજુ માવજી મુખીની વાડી વાવે છે.'' તો સમાજના નિયમ મુજબ હવે વાડી મુકી દેવી પડે. રાજુને નવાઈ લાગી, સાથે ખુબ દુ:ખ થયું. સંપ્રદાયને અને વાડી વાવવાને શું લેવા દેવા ? છતાં સમાજ માઈબાપ જે નિયમો કરે તે દરેક વ્યક્તિઓએ પાળવા પડે, અને ન પાળે તો અસહકાર થશે. તેને નાત બહારની ધમકી આપવામાં આવી. તે વખતે પણ મનસુખને ફોન આવેલો, મનસુખે ત્યાં જઈ હાલ પુરતો વચલો રસ્તો કાઢ્યો. ''પાંચ વર્ષના કરારથી વાડી રાખી છે. બે અઢી વર્ષ બાકી છે, બે વર્ષ વાવવા દો. નવો કરાર નહિં કરીએ'' કહી મનસુખે તે સમય પુરતો પ્રશ્ન હલ કરી આપ્યો હતો.

આ બાજુ બંને દીકરીઓના સંબંધ કર્યા. સીતાનો સંબંધ સનાતન વાળા પટેલ પરિવારમાં સુનીલ સાથે ગોઠવાયો. સુનીલ ૧૨ સુધી જ ભણેલ હતો. છતાં પરિવાર, છોકરો અને તેના ધંધા પણ ખુબ સારા હતા. જયારે ગીતાના સાસરાંવાળાં સતપંથી હતાં. તે વખતે અત્યારે ચગ્યા છે. તેવા સંપ્રદાયના વિવાદ ચગ્યા ન હતા. વળી ગીતા અને અનીલ હાઈસ્કુલમાં અભ્યાસ કરતાં હતાં, ત્યારથી તેનાં દિલ અને લાગણીઓ જોડાઈ ગઈ હતી. અનીલ ભણવામાં ખૂબ જ હોશિયાર હતો. તે ભવિષ્યનો ડોકટર, એન્જી, કે સી.એ. હતો. પરિવાર સારો અને સુખી હતો. આ બધું મનસુખ અને સગાં વ્હાલાંની સલાહ સુચનથી

ગોઠવાયું હતું. બાળકો અને બધાંને સંતોષ હતો.

જોત જોતામાં માવજી મુખીની વાડીની બે અઢી વર્ષની મુદત પુરી થવા આવી. ઈચ્છા નહતી, છતાં રાજુને મુખીબાપાની વાડી મુકી દેવી પડી. સારૂં પાણી અને સારી જમીનવાળી સનાતનીની બીજી વાડી મળતી ન હતી.

ના છુટકે રાજુએ માલામેઘવાળનું બીન પીયત દશ એકરનું ખેતર થાળે રાખ્યું. બાજુમાંથી પુંજા મેઘવાળના બોરમાંથી પાણી વેચાતું લઈ ખેતી કરવાનું ચાલું કર્યું.

કયાં વર્ષોથી જાતે ચાકરી કરેલ (ખેડ-ખાતરવાળી) જમીન અને કયાં ચાકરી વગરની કાચી જમીન ને વળી પાણી વેચાતું લેવું. ધારી પેદાશ થતી ન હતી. છતાં રસ્તો પણ શું હતો ? રાજુ ઘણી વખત આવા નિયમો કરનાર સમાજના આગેવાનો પ્રત્યે રોષ પણ વ્યક્ત કરતો. માવજીમુખીની વાડી મુકાવી, તો જીવરાજ બાથાણી (સનાતની) બેંગ્લોર વાળાની વાડી મુસલમાન પાસેથી લઈને અમારા જેવાને અપાવવી જોઈએ ને? સનાતનનો ઝંડો લઈ ફરનારની સાથે સાથે શું આ પણ ફરજ નથી. ? પણ તેનું નાના માણસનું સાંભળે કોણ? નાનો માણસ માત્ર રોષ વ્યકત કરી શકે, બીજુ કરી પણ શું શકે ? રાજુ ઘણીવાર મનમાં બોલતો આવા નિયમો બનાવનારને ભગવાન વહેલી સનમતિ આપે તો સારું, નહી તો મારા જેવા કેટલાય નાના માણસો બેહાલ થઈ જશે. રાજુ મનસુખને ઘણીવાર કહેતો ''તમને મોટા માણસોને તમારા સંતાનો જેટલાં વ્હાલાં હોય છે. તેમ અમને નાના માણસોને પણ અમારા સંતાનો તેટલાં જ વ્હાલાં હોય છે. અને મોટા માણસની જેમ નાના માણસને પણ પોતાના દીકરા દીકરીઓના કોડ પુરા કરવાનાં અરમાન હોય છે. આ વાત તમે મોટા માણસો કેમ વિચારતા કે સમજતા નથી ?''

રાજુ પોતાની જાતને નાનો માણસ કહેતો (તે પોતાની જાતને) ગરીબ નહોતો માનતો, પોતાની જાતને ગરીબ કહી, પોતાનાં સંતાનો અને નીજ જાતની ખુમારી-સ્વાભિમાન તોડવા નો'તો માગતો. તે ખુમારીથી જીવવા માગતો હતો.

માવજી મુખીની વાડી છોડી રાજુ માનસિક રીતે થોડો ઢીલો થઈ ગયો હતો. મનસુખ અને તેના મિત્રોએ રાજુને આશ્વાસન અને પીઠબળ આપેલું.

પરંતુ તેને અંતરનું દુઃખ એ હતું કે સમાજના કેટલાક ભાઈઓનું દબાણ હતું કે સતપંથી ભાઈઓ સાથે કોઈ વહેવાર ન કરવો અને સંબંધ ન રાખવો.

તેણે એકવાર મનસુખને કીધેલું, સતપંથીઓ અને તેમાંય માવજી મુખી પરિવાર સાથે મારે કયા કારણસર સંબંધો કાપી નાખવા ? આ લોકો કેમ સમજતા નથી કે સંબંધો ગયા જન્મની લેણા દેણીથી જોડાય છે ઔપચારીકતાથી નથી જોડાતા. સંબંધો દિલથી જોડાતા હોય છે. વળી માવજી બાપાને હું મારા દાદા સમાન માનું છું.

રાજુએ એકવાર મનસુખને કિધેલું કે જયારે મારા બાપુજીને પેરાલીસીસ થયલો, ત્યારે મારી પાસે બાપુજીની ટ્રીટમેન્ટ માટે પૈસા ન હતા. જયારે માવજી બાપા, મારા બાપુજીને મળવા અને ખબર પુછવા કચ્છમાં આવેલા, ત્યારે પૈસા માટે, મેં અમારો વાડો વેચવાની વાત કરી. ''બાપા, અમારો વાડો તમે વેચાતો લઈ લો, ને મને પૈસા આપો. મારે બાપુજીની વ્યવસ્થિત દવા કરાવવી છે. ત્યારે રાજુને માવજી મુખી વઢયા અને કહ્યું ''બેટા, બાપદાદાની આવી મિલ્કત આમ ન વેચાય એ વડીલોનું સંભારણું કહેવાય. તારા માટે એ વાડો વડીલોના આશીર્વાદ છે.'' તે વખતે રાજુની આંખમાં આંસુ જોઈ માવજી મુખીએ કીધેલું, રાજુ બેટા, સાંજે ઘરે આવજે થોડું કામ છે.

સાંજે રાજુ મુખીબાપાના ઘેર ગયો, ત્યારે મુખીબાપાએ કોઈ ના દેખે તેમ રાજુને પચ્ચાસ હજાર રૂપીયા આપ્યા અને કીધું ''રાજુ આ મારી અંગત બચતમાંથી આપું છું હું ક્યાંય લખતો નથી. અને તું પણ કયાંય લખતો નહીં. આ મારે પાછા નથીલેવા. આ માત્ર હું, તું અને ભગવાન જાણે. તું આ વાત કોઈને કહેતો નહિં,'' આવું કહેતાં રાજુના ગળે ડુમો આવી ગયો. તે મનસુખ પાસે આગળ બોલી શકયો ન હોતો.

મનસુખને થયું જેમ કોઈ સુંઠના ગાંગડે ગાંધી થવા નીકળે, તેમ આપણા સમાજના કેટલાક તરવરીયા યુવાનોને કોઈકે કેટલાક મુદ્દાઓ પકડાવી દીધા. તેણે પોતાની માનસિક અપરીપકવતાને લઈને કે પોતાના મગજની નિજી ઉપજ અને સમજને લઈને, તેણે સમાજના સંગઠનોના લેબલ હેઠળ, ''સમાજ સુધારકના માન-મરતબા અને દરજ્જા મળશે, સન્માન અને ફુલહાર થશે.''

ના ખ્વાબમાં સમાજ જાગૃતિના નામે કાર્યક્રમોનો દોર વિભાગવાર ચલાવ્યો. મનસુખને થયું સમાજમાં કેટલાક મુદ્દે જાગૃતિની જરૂર તો છે જ. તે પૈકી સતપંથ અને તેના અંતિમ વિધિના રિવાજવાળો મુદ્દો પણ ખાસ ધ્યાને લેવા જેવો ખરો. આપણે જન્મે હિન્દુ હોઈએ તો જન્મથી મરણ અને મરણોત્તર તમામ રિવાજો અને વિધિઓ હિન્દુ શાસ્ત્રો મુજબ જ થવાં જોઈએ.પરંતુ આ બાબતે જરૂર કરતાં ઓછું ધ્યાન અપાયું હોય એવું પણ હોઈ શકે. આમ તો આવાં ધાર્મિક જાગૃતિનાં કામ સંતોએ કરવાના હોય છે. જો કે શરૂઆતમાં આપણા સંતશ્રી પૂ. ઓધવરામ મહારાજ વગેરે આ ધાર્મિક જાગૃતિ બાબતે ખૂબ સક્રિય હતા. પરંતુ પછીના સમયમાં આપણા અન્ય કેટલાક સંતો આ ધાર્મિક જાગૃતિ બાબતે ગમે તે કારણસર આ પ્રયત્નોમાં જરૂર કરતાં કદાચ ઓછા ગંભિર રહ્યા હોય અને આ બાબતે ઓછું ધ્યાન અપાયું હોય એવું બની શકે. !!!

આ રીતે આપણા જનરલ પ્રયત્નો કદાચ તે મુદ્દાની ગંભિરતાનાં પ્રમાણમાં ઓછા ગંભિર હોઈ શકે. આપણા હાથે કાન ન વિંધાય. એ કહેવાત છે છતાં આપણે જાતે પ્રયત્ન કર્યા છે, તેથી થોડી તકલીફો થઈ છે, છતાં હજી મોટા ગજાંના સંત દ્વારા સામેવાળાનું સ્વમાન સચવાય અને આ કામ થાય, તો જ સમાજમાં સંપ સંગઠન અને ભાઈચારો જળવાય અને ધાર્યું પરિવર્તન લાવી શકાય. જો કે વર્તમાન પ્રયત્નોથી કેટલુંક પરિવર્તન તો આવ્યું જ છે.

કોઈપણ સમાજમાં પરિસ્થિતી અને પરિવર્તનની, અસર અને આડઅસર સૌથી પહેલી નાના-છેવાડાના માણસોને સ્પર્શતી હોય છે. તેમ સંપ્રદાયના નામે ચાલેલા ધ્રુવિકરણને લઈને તેની આડ અસર રાજુની દિકરી ગીતાના સંબંધને પહેલી સ્પર્શી.

ગ્રામ્ય સમાજના બહાર વસતા ભાઈઓએ દબાણ કર્યું. તેને લઈને પરિવારે દબાણ કર્યું, રાજુને ત્યાં પ્રેમજી (સતપંથી) જાન લઈ આવશે, તો અમે અટકાવીશું. “હવે શું કરવું ?” તે વખતે મનસુખે સલાહ આપેલી, જે થવાનું હોય તે થાય, તું ઉંઝા આવી, ગીતાને ફેરા ફરાવી દે, તારા વેવાઈને હું સમજાવીશ. પણ રાજુ તૈયાર ન હતો, રાજુને ખુદને ભવિષ્યમાં કદાચ તકલીફ પડશે, એવી

બીક લાગી (કારણ) તેને પરિવારનું પણ પીઠબળ ન હતું, બલ્કે પરિવારનું આડકતરું દબાણ હતું.

અને એ પરિવારના દબાણ આગળ રાજુને ઝુકી જવું પડયું. રાજુ અને લીલાએ એકાંતમાં ગીતાને તેના સંબંધ બાબતે સમાજના દબાણ અને વર્તમાન પરિસ્થિતી અંગે બધી વાત કરી અને કહ્યું, ''બેટા શું કરશું? '' વાત કરતાં રાજુ અને લીલાની આંખમાં આંસુ આવી ગયાં, ત્યારે ગીતા કંઈ ના બોલી શકી. બિચારી ગીતા શૂન્યમન્સ્ક થઈ બેઠી રહીં. તેની આંખમાં ગંગા જમના વહી રહયાં. કોઈ કંઈ બોલી શકયું નહીં. થોડીવારે ગીતા આંસુ લૂછી ઉભી થઈ રૂમમાં ચાલી ગઈ. તે દવિસે ગીતા એકાંતમા કેટલું રોઈ હશે, એ માત્ર કલ્પના કરી શકે એજ કલ્પના કરી શકે. અથવા જેણે આવું અનુભવ્યું હોય તે જ આની કલ્પના કરી શકે.

તે દિવસોમાં ગીતાના ચહેરા પર જોઈ શકાતું હતું કે તેના દિલે અકલ્પનીય વેદના અનુભવી હશે. કારણ સંબંધ ગીતા અને અનિલની લાગણીને લઈને ગોઠવાયો હતો. લગભગ ત્રણેક વર્ષ ચાલેલા સંબંધમાં છોકરાં સંપૂર્ણપણે દિલ દઈ ચૂક્યાં હતાં. ને આવું કરવું પડયું.

રાજુએ તે વખતે મનસુખને કહ્યું હતું. મનસુખ, અમને મગજમાં એક વાત સતત ખૂંચ્યા કરે છે કે અમે ગીતાનો એટલો મોટો ગુનો કર્યો છે કે ગીતા તો આ જન્મમાં અમને માફ નહિં જ કરે, પણ સાથે સાથે ભગવાન પણ અમને માફ નહિં કરે. ગીતા અમારી વિવેકી, સમજદાર અને લાડકી દિકરી હોવા છતાં અમો તેના પ્રત્યે માબાપ તરીકેની ફરજ અને કર્તવ્ય બંને ચૂકી ગયાં છીએ. તેની કૂમળી લાગણીની હિફાઝત નથી કરી શકયાં એવું અમને સતત અનુભવાય છે, હવે અમે બંને ગીતા સાથે આંખ મીલાવી કંઈ વાત પણ નથી કરી શકતાં.

ગીતાની માનસિક પરિસ્થિતિ જોઈને મનસુખે કાકા તરીકે ગીતાને સલાહ આપી હતી ''બેટા તારી તૈયારી હોય તો ખાનગીમાં તારાં લગ્ન હું કરાવી આપું. હું સાથે રહીને તને કોર્ટ મેરેજ કરાવી આપીશ'' ત્યારે મનસુખને એ દિકરીએ કહ્યું ''કાકા, તમે મને હું એવી સ્વાર્થી હોઈશ એવી માની લીધી?

આ પગલું ભરવાથી હું ચોક્કસ સુખ સંતોષથી જીવી શકીશ. પણ મારા આ ગરીબડાં મમ્મી-પપ્પા ઉપર મારાં આ પગલાંથી કેટ કેટલું વિતશે?.....કહેવાતો પરિવાર અને સમાજ તેને માનસિક રીતે સુખે જીવવા નહીં દે.

કાકા, જેની આંખમાં પીળીઓ છે. તેઓ એવું જ કહેશે. આ બધું ગીતાનાં મમ્મી પપ્પાની સંમતિથી જ થયું છે. છોકરાંનું ભાગીને લગ્ન કરવાં એ તો માત્ર નાટક છે.

કાકા, હું આ મારા મમ્મી-પપ્પા કે જે પોતાના હલકા દિવસો અને નબળી પરિસ્થિતિ હોવા છતાં તેણે અમારા માટે શું નથી કર્યું ? એવાં મા-બાપનું કર્જ ચૂકવવાના બદલે. તમે કહો છો તે પગલું ભરી જીંદગીભર તેની ગુનેગાર બનીને કેમ જીવીશ ? તેના કરતાં આ પ્રસંગ મારા ભાગ્ય ઉપર છોડી દો. હું મન મનાવી લઈશ કે અમારો સંબંધ કુદરતને મંજુર નહિ હોય. ''એમ કહી ગીતા આંખમાં આવેલ આંસુ અને વેદના છુપાવવા મનસુખ પાસેથી ઉભી થઈ ચાલી ગઈ હતી.''

તે વખતે એ દિકરી પર મનસુખને ગર્વ થયો. આવાં સમજુ ડાહ્યાં અને સંસ્કારી સંતાનો પામીને રાજુ ધન્ય થયો છે. મનસુખને થયું. આ રીતે આપણાં નિર્દોષ બાળકોના દિલ તોડીને સમાજ કેટલું મોટું પાપ કરે છે ? સમાજ અને પરિવારે સંબંધ વખતે માત્ર રિતરિવાજ અને વિચારોની સામ્યતા માટે સંપ્રદાયનો મુદ્દો જરૂરથી મેરિટમાં લેવાનો આગ્રહ રાખવો જોઈએ પણ ફરજીયાત રીતે લાદવું એ તો સરમુખ્યતારશાહી જેવું કહેવાય.

મા-બાપથી ઉપરવટ જઈ લગ્ન કરી લેતી અને પાછી ન આવવા માગતી દિકરી કે તેનાં મા-બાપ સામે સમાજે શું પગલાં ભર્યાં ? મનસુખને થયું આ કેવું ? આપણી જ સમાજના સતપંથી પરિવારની દિકરી લેવાય પણ નહિ ને દેવાય પણ નહીં, જયારે ઈતર કોમમાંથી જેનું ગોત્ર કે જ્ઞાતિ કઈ છે, તે પણ આપણને ખબર નથી, તેમાંથી કન્યાઓ લઈ આવવાની છુટ (સંબંધો કરવાની છુટ) દેતી સમાજના આગેવાનો અને તેના સલાહકારોની માનસિકતા કેવી કહેવાય !! આવા આવા કેટ કેટલાય વિચારોના વંટોળ વચ્ચે મનસુખે આખી રાત પડખાં ફેરવ્યા કર્યાં. છે ક સવારે ત્રણ ચાર વાગે આંખ મળી હશે.

સાત વાગે મનસુખ અને નયના નીકળ્યાં. રસ્તામાં આખી વાટ મનસુખના મગજમાંથી આ જ વિચારો ખસતા ન હતા કે એવું શું બન્યુ હશે, કે બંને દીકરીઓને આ પગલું ભરવું પડયું હશે ? મનસુખના મગજમાં કેટલાક એવા પણ વિચારોએ ઘુસવા પ્રયત્નો કર્યો કે સમય ખરાબ છે. કયાંક બંને દિકરીઓ સંજોગોને આધિન નાદાનિયતથી ભુલ કરી બેઠી હોય અને બધું બહાર પડવાની બીકે કદાચ આ પગલું ભર્યું હશે. પણ થયું. ના સીતા અને ગીતા આ પરિઘમાં આવે એવી નાદાન અને ભોળી ન હતી, એ તો સમજુ સંસ્કારી અને ઉંમરથી પણ વધુ ડહાપણ ધરાવતી ઠરેલ મગજની દિકરીઓ હતી.

મનસુખને ખબર હતી, કયારેક તેનાં મા બાપને પણ આશ્વાસન, સલાહ અને માર્ગદર્શન આપતી. ઘણીવાર રાજુ અને લીલાને તે દિકરીઓ કહેતી "લાગણીમાં ખેંચાઈને ખોટા ખર્ચા નથી કરાવવા, અમને અમારાં મમ્મી-પપ્પાને ગર્વથી જીવતાં જોવાં છે. અમારા મમ્મી-પપ્પાની લાગણીનો અમો ખ્યાલ નહીં રાખીએ તો કોણ રાખશે ? અમારે અમારા ભાઈને (સુમિતને) એન્જીનીયર બનાવવો છે. એમાં બહેનો યોગદાન કાં ન આપે ?"

નયનાના મગજમાં શું વિચારો હશે એ પુછવાની હિંમત પણ મનસુખમાં ન હતી. અડધો રસ્તો મૌનાવસ્થામાં પણ આ બનેલ બનાવોના વિચારોની ગડમથલ સાથે પસાર કર્યો, ને અર્ધો રસ્તો સમાજ અને તેના આગેવાનો પ્રત્યે મનમાં રોષ પ્રગટતો રહ્યો.

મનસુખને મનમાં થયું સમાજના બૌધિકો-ચિંતકો અને હૃદયપૂર્વકના હિત ચિંતકો અત્યારે સમાજમાં ચાલતું સાંપ્રદાયિક ધ્રુવીકરણ જૂએ છે. છતાં મૌન કેમ છે ? તે મને કેમ સમજાતું નથી ? અને વર્તમાન આગેવાનો આ રીતે બંને સંપ્રદાયની ગાડીઓને સમાંતર પાટા ઉપર ગોઠવીને કયા ગણિતથી અને કયા એંગલથી સમાજની સેવા કે સુધારણા કરવા માગે છે ? મનસુખને થયું વર્તમાન લીડર ટીમનું એ ગણિત મારા મગજમાં કાં બેસતું નથી ? એને થયું, મારા અનુભવ અને સમજ કદાચ આ બાબતે અપરિપકવ પણ હોઈ શકે !! કદાચ હું જ ખોટો હોઈશ. તે લોકો કદાચ કોઈ જુદા એંગલથી સાચા હશે ! અને કદાચ સાચા હોઈ પણ શકે. એ લીડર એવા મોટા માણસોની સમજ

અને નિર્ણય ખરા અને સાચા હોય તો બહુમતિ વર્ગ એવા મારા જેવા અસંખ્ય લોકોના મગજમાં આ વાત કાં બેસતી નથી ? આવા વિચારોમાં ઘેરાયેલા મનસુખની ગાડીમાં ક્યારે આંખ મળી ગઈને ગામ આવી ગયું, ખબર જ ન પડી.

રાજુના આંગણાંમાં જતાં, ટિપોઈ ઉપર ગોઠવેલી બે બહેનોની હસતા ચહેરાવાળી એક જ તસ્વીર જોઈને મનસુખ અને નયના બંનેના હૈયાં હાથમાં ન રહ્યાં. તેઓ બંને ભાંગી પડયાં. બધાંને મલ્યાં, રાજુને મલતાં મનસુખ અને રાજુ બંને પોકે પોકે રડયા.

મનસુખ આમ તો રાજુને આશ્વાસન આપી, તેનું દુઃખ હળવું કરવા આવ્યો હતો, ત્યાં એ ખુદ લાગણીશીલ અને નર્વસ બની આશ્વાસનને લાયક બની ગયો. આશ્વાસન આપવાનું ભુલી ગયો. તેણે રસ્તામાં વિચારેલું, ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને કહેલા શ્લોકો ધ્વારા આશ્વાસન આપીશ. પણ અહીં અકલ્પનીય કરૂણતા વચ્ચે એ એવું કંઈ પણ ન બોલી શકયો. અરે કોઈપણ કંઈ ન બોલી શકે એવું કરૂણ વાતાવરણ સર્જાયું. કેમ બન્યું ? શું બન્યું ? એ પુછવાની પણ મનસુખની હિંમત ન ચાલી. એ હાજર પૈકી કોઈને પણ પુછી ન શકયો અને કોઈએ એને કહેવાની હિંમત પણ ન ચાલી. માણસની આછી પાતળી આવનજાવન અને અત્યંત ભારેખમ વાતાવરણ વચ્ચે સાંજ પડી.

રાજુને જમવાનો મુડ ન હતો. મનસુખને લાગ્યું રાજુ બપોરે પણ જમ્યો નહિં હોય, તેથી આગ્રહ કરી થોડું જમાડ્યું. રાત્રે ચાર છ પુરુષો અને ચાર છ જણ મહિલાઓ આડોસ પડોસ અને પરિવારમાંથી આવ્યાં. નાનાં ગામડાંમાં બીજાં કોણ કેટલાં હોય ? સમાજની બીકથી સતપંથીઓને કહેવડાવ્યું ન હતું. પોતાના જવાથી રાજુને તકલીફ થશે, એવું વિચારી એ લોકો અંતરની લાગણી હોવા છતાં આવતાં ન હતાં એવું મનસુખને જાણવા મળ્યું.

મનસુખને થયું નાનાં નાનાં ગામમાં એક બીજાને સારા માઠા પ્રસંગોએ અને આર્થીક ભીડે-અભીડે ભાઈ ભાઈ થઈને રહેતા અને પરસ્પર હુંફથી જીવતા આપણા છેવાડાના અને નાના (ગરીબ) ભાઈઓની બહાર રહેતા સમાજના સુખી અને સમૃધ્ધ આગેવાન ભાઈઓએ કેવી દયનીય હાલત કરી મુકી છે ?

એનો નજર સમક્ષનો આ દાખલો છે. સ્થાનિક સ્તરે બંને પક્ષે પરસ્પર સહકારની ઈચ્છા ભાવના છે. પણ સમાજ માઈ-બાપની બીકથી પરસ્પર સહકાર નથી આપી શકતા, તેનું બંને પક્ષે દિલમાં ઉંડું ઉંડું દુઃખ પણ છે.

લગભગ મૌન બેઠક પછી દસ વાગે બધાં પોતપોતાના ઘેર ગયાં. મનસુખ અને રાજુ પણ આડા પડયા. થોડી વાતો કરી, દરમ્યાન વારંવાર રડ્યા. પછી રાજુએ એક વાત કરી. મને તો મગજમાં નથી પણ તારી ભાભીને એવો વહેમ છે કે એક દિવસ બે બહેનો મંદિરે ગઈ હતી ત્યારે અમે બંને અમારી વર્તમાન સ્થિતિનો વિચાર, ચિંતા અને ચર્ચા કરતાં હતાં કે ખેતીમાંથી ઝાઝું બચતું નથી. સુમિતનો ભણવાનો ખર્ચ ચાલુ, સીતાના લગ્નના ખર્ચનું ટેન્શન, ગીતાના નવા સંબંધનું ટેન્શન, વળી લગ્ન વખતે મામેરું લઈ આવનાર નાના બાપા સતપંથી છે. એ મુદ્દે સમાજ કદાચ મામેરૂ અટકાવશે. તે વખતે (રાજુને) મને લીલાની વાત સાચી લાગી. એક વખત મનુભાઈ કયાંકથી સાંભળેલું કહેતા હતા ખરા કે સતપંથી મામા પાસેથી મામેરૂં લેવું પણ સતપંથી મામાને જમાડવા નહીં.

અમે ચર્ચા કરી, આ રીતે ન જમાડીને અપમાન કરવું. તેના કરતાં મામાની માફી માંગી લેશું અને મામેરૂં નહી લઈએ. સમાજ મામેરું આવવા દે, તો તો લગ્નના ખર્ચની બહુ ચિંતા નહી. પણ સંપ્રદાયવાદે ભૂરાંટી થયેલી ધર્માંધ સમાજ તથા બિકણ પરિવારનો હવે શું ભરાસો ? ગીતાના સંબંધ તોડવા વખતે (બાબતે) પરિવારે ભેઠ બાંધી હોત તો ...? આવી ચર્ચા અમે કરતાં હતાં ત્યારે અમને ખબર નહિ ને આ બધી ચર્ચા બંને બહેનો સાંભળતી હશે, એ અમને ખબર નહીં.

પછી બીજા ત્રીજા દિવસ પછીથી બંને બહેનો સતત ગંભીરતાથી કંઈક વિચારતી રહેતી. મે અને લીલાએ જાણવા ખુબ પ્રયત્ન કર્યો પણ અમે કંઈ જાણી ન શકયાં. આ બનાવ પછી થોડા દિવસે આ બન્યું" કહેતાં રાજુ રડી પડયો.

મનસુખે પુછયું "સીતા અને ગીતાએ આ પગલું ભરતાં પહેલા કંઈક તેના હાથે લખેલું, મેસેજ, ચીઠ્ઠી કે કંઈક મલ્યું ?" રાજુએ કહ્યું, મલ્યું છે, પણ

પોલીસે અમને એ ચીઠ્ઠી આપી નથી. એમની પાસે હશે.

પોલીસ સાથે પી.એમ. માં રાવલ સાહેબ, બીજાં એક શિક્ષક જયાબેન, આપણા ધનસુખભાઈ અને ગામના બે ત્રણ જણ સાથે હતાં. રમેશભાઈ લીંબાણી સમાજની રજતજયંતિના આયોજનની મિટિંગમાં નીકળી ગયા હતા ને ખીમજીભાઈ તાલુકા પંચાયતની અતિ અગત્યની મિટીંગ છે. તેમ કહી, ત્યાં ગયા હતા. પણ બંને વડીલો અંતિમ ક્રિયામાં આવી ગયા હતા.

રાવલ સાહેબ કહેતા હતા કાનજીભાઈ વગેરે સતપંથવાળા પાંચ છ જણ પી.એમ. વખતે દવાખાને આવેલા. એમણે ખર્ચના પૈસાની પણ વાત કરી. એમને એમ હશે કે રાજુ તાંણમાં છે તેથી કામ લાગશે. રાવલ સાહેબે ના પાડી છતાં દશ હજાર રૂપિયા એની સાથે મોકલી દીધા.''

કાલે સવારમાં આઠથી અગીયાર બેસણાં અંગેની ગોઠવણી અને આયોજનની વાત કરી. બંને સુતા (આડા પડયાં), મનસુખને ઉંઘ નહોતી આવતી ને રાજુએ પણ ઘણીવાર પડખાં બદલ્યા કર્યાં.

સવારે આઠ વાગ્યા. બેસણામાં સગાં વહાલાં અને ગામના હેતું સંતોષી ઈત્તર કોમ અને સતપંથીઓ સહિત ગણા બધા માણસો આવ્યાં. ઘરનાં અને સગાં વહાલાંના રોકકળને લઈને વાતાવરણ ખુબ ગંભીર બની ગયું હતું. કોઈ કંઈ પુછી ન શકે તેવું બોઝીલ ભારેખમ વાતાવરણ હતું.

જમાદાર પણ બેસણામાં આવ્યા હતા. નાનું ગામ અને દુઃખદ પ્રસંગને લઈને કદાચ આવ્યા હશે. થોડીવાર પછી જમાદારે રાવલ સાહેબને એક ઝેરોક્ષ કરેલ ચિઠ્ઠી આપી. કહ્યું સીતા અને ગીતા આત્મહત્યા કરતાં પહેલા આ ચીઠ્ઠી લખી હતી.

રાવલ સાહેબે ચીઠ્ઠી મનમાં વાંચ્યા પછી એમને લાગ્યું હશે, જાહેરમાં વાંચું, તેથી તેણે ઉભા થઈ પ્રસંગને અનુરૂપ થોડું કહ્યું (શ્રધ્ધાંજલી આપી) પછી કહ્યું આપણી સીતા અને ગીતા એ આ કમનસીબ પગલું ભરતાં પહેલાં આ ચઠ્ઠી દ્વારા પોતાનાં હૈયાંનો ઉભરો ઠાલવ્યો છે. તો જરા સાંભળો. કહી રાવલ સાહેબે બધાં સાંભળી શકે એવા અવાજથી ચીઠ્ઠી વાંચી ''પરમ પૂજય મમ્મી અને પપ્પા તથા પૂજય બા,

વાસાંસિ જીર્ણાની યથા વિહાય, નવાનિ ગ્રહણાતિ નરોપરાણી !
તથા શરિરાણી વિહાય જિર્ણાન્ય ન્યાનિ સંયાતિ નવાનિ દેહી !!
નૈનં છિદંન્તિ શસ્ત્રાણિ નૈનં દહતી પાવકઃ ।
ન ચૈનં કલેદયન્ત્યાપો ન શોષયતિ મારુત : ॥

પ્રથમ અમો બંને બહેનો તમારી માફી માંગીએ છીએ કે અમારી બંને બહેનોની લાગણીની તમોએ ખુબ જ કાળજી લીધી, છતાં અમો, તમારી લાગણી દુભાવીએ છીએ : તો શક્ય હોય તો માફ કરજો. પપ્પા માફી આપશોને ? પપ્પા, અમે આટલાં વર્ષોમાં કયારેય બાળ સહજ હઠથી પણ અમારા માટે કંઈ માંગ્યું નથી. તમે વારે તહેવારે તમારી વ્હાલી દિકરીઓના અરમાન પુરાં કરવા આ લઈ આપું તે લઈ આપું. કહેતા. અમે સામેથી ના પાડતી. જયારે આજે એ હક્કથી અમે તમારી પાસે માત્ર માફી માંગીએ છીએ.

પપ્પા, એક ગુરૂવારે સાંજે અમે બંને બહેનોએ તમારી અને મમ્મીની વાતો સાંભળી. તમારી મુંઝવણ અને મુશ્કેલી સાંભળી. આ પરિસ્થિતમાં અમો દિકરીઓ તમને બીજી મદદ શું કરી શકીએ ?

આર્થિક સંકડામણ વચ્ચે આવતો દિકરીનો ત્રણ વર્ષ ચાલ્યા પછી તૂટેલો સંબંધ જોડવો અને તેના લગ્નના ખર્ચાળ પ્રસંગો, સુમિતના ભણતરનો ખર્ચ આ બધું કઈ રીતે હલ થશે ? આ જ મુશ્કેલી હતીને ? અમો બંને બહેનો રાજી ખુશીથી અને પુરા સંતોષથી નિર્ણય લઈ, તમોને ટેન્શન મુક્ત કરવા આ પગલું ભરીએ છીએ.

પપ્પા, અમો આ પગલું ભરી, અમારા સંબંધ અને લગ્ન અંગેના તમામ પ્રશ્નો હલ કરી દઈએ છીએ. ભાઈને ભણાવજો અને અમને જલ્દી ભુલી જજો? અને હા, ભવિષ્યમાં કયારેક તમને દિકરીઓને કન્યાદાન દેવાનાં અધુરાં અરમાન પુરાં કરવાં હોય, અમારા કન્યાદાનનું ઋણ ચૂકવવું હોય અને તમારી આર્થિક સ્થિતિ સારી હોય તો ગામમાં કોઈ ગરીબને આવો પ્રશ્ન સતાવતો હોય, ટૂંકમાં આપણા જેવી પરિસ્થિતિ ઉભી થઈ હોય અને તમને ધ્યાનમાં આવે તો ત્યારે તેને ખાનગીમાં મદદ કરી, તમારી દિકરીઓનાં કન્યાદાનના ઋણમાંથી મુક્ત થજો. આ જ અમારું સાચું શ્રાધ્ધ હશે- સાચું તર્પણ હશે. !!!

પપ્પા, અમારી બંને બહેનોની હૃદયપુર્વકની લાગણી છે. અને ભગવાન પાસે માંગણી પણ છે કે અમને જન્મોજન્મ મા-બાપના રૂપમાં તમે જ મલો. અમારી બહેનપણીઓ કાયમ કહેતી, "તમારો પરિવાર અને સમાજ ખુબ ઉંચા આદર્શ ધરાવે છે. તમે બંને બહેનો ખુબ જ નસીબદાર છો. આવા ઉંચા વિચારો ધરાવતા પરિવાર અને સમાજમાં તમને અવતાર મલ્યો છે. તમારા મમ્મી-પપ્પાના સ્વભાવ પણ કેટલા સરસ અને લાગણીશીલ છે. અમને પણ બીજો જન્મ તમારા જેવા પરિવાર અને સમાજમાં મલે એવી અમો ભગવાન પાસે પ્રાર્થના કરીએ છીએ.

પપ્પા, ગયા સોમવારે અમે શંકરબાપાની ખૂબ પુજા કરી. છેલ્લીવાર હૃદયપૂર્વક માંગણી કરી કે અમને આ મા-બાપના કુખે જ ફરી ફરી જન્મ આપજોઃ પણ જે સમાજના આગેવાનો નાના ગામડાંના અને છેવાડાના નાના (ગરીબ) માણસોની આર્થિક , સામાજિક અને માનસિક સ્થિતિનો જરા પણ વિચાર ન કરે, તેવી ટુંકી બુધ્ધિના હોય એવી સમાજમાં ફરી કયારેક જન્મ ન આપજો.

જે આગેવાનોને છેવાડાના નાના (ગરીબ) માણસોની આર્થિક અને મનોસ્થિતીનો ખ્યાલ, વિચાર અને દરકાર ન હોય તેને સમાજના આગેવાન કેમ કહેવાય ?

પપ્પા, અમે એમ માનતી'તી કે સમાજના પ્રમુખ એટલે સમાજના પિતા. જે આગેવાન સમાજ માટે દધિચી ન બની શકે અને સમાજ માટે સર્વજન સુખાય સર્વજન હિતાય નિર્ણય ન લઈ શકે, તે સમાજના સાચા પિતા ન કહેવાય. જેના ટૂંકા, નકારાત્મક અને અવિચારી નિર્ણયોથી અમારા જેવી કુમળી કળી જેવી નિર્દોષ દિકરીઓનાં અરમાન તુટી જતાં હોય, તેવા આગેવાનોની આગેવાનીમાં સમાજ સુસંગઠિત બની સર્વાંગી પ્રગતિ કરશે એવી આશા રાખવી વધુ પડતી છે. આવા આગેવાનોની આગેવાનીમાં સમાજનો સર્વાંગી વિકાસ રૂંધાશે અને યુવા વર્ગની એનર્જી (શક્તિ) અને સમય નિરર્થક બિન ઉપજાઉ વિવાદોમાં વ્યર્થ વેડફાઈ જશે.

પપ્પા, કાવાદાવા કરીને કોઈ વ્યક્તિ કે લશ્કરી શાસક રાષ્ટ્રના

સરમુખત્યાર બની શકે છે પણ પપ્પા, આ રીતે એ શાસક કયારેય રાષ્ટ્રના પિતા (રાષ્ટ્રપિતા) નથી બની શકતા. કોઈ પણ વ્યક્તિ માત્ર સત્તાધીશ થવાથી તમામ પ્રજાજનોના હૃદયમાં સ્થાન નથી મેળવી શકતો, તેના માટે તેને રાષ્ટ્રપિતા બનવું પડે.

વ્હાલા પપ્પા, માત્ર બાળકના જન્મથી જન્મદાતા માતા પિતા સમાજિક અને કાયદાકીય રીતે તે સંતાનનાં માતા પિતા બની જતાં હોય છે. પણ સાચાં માતા પિતા બનવાનો માપદંડ માત્ર લાગણી છે. બાળકોના હૃદયમાં અને દિલમાં તેનું સ્થાન કેવું છે, તેમાં છે. તે રીતે સમાજમાં માત્ર આગેવાન બની જવાથી બધાના હૃદયમાં સ્થાન નથી મળતું. !!

પપ્પા, તમે જ એક વખત કીધેલું કે સમાજના પ્રમુખ માટે સમાજનાં તમામ લોકો તેનાં સંતાનો બની જાય છે, અને આ તમામ લોકો પ્રત્યેની તેની જવાબદારી ખૂબ વધી જતી હોય છે. પપ્પા, તમારી વાત સાચી છે, છતાં આપણે કયાંક જોતા હોઈએ છીએ કે દારૂડીઓ પિતા દારૂના નશામાં આદર્શ અને સાચા પિતાની ભૂમિકા નથી ભજવી શકતો. આદર્શ પિતા તરીકેની જવાબદારી અદા નથી કરી શકતો, તો પણ તેના સંતાનો પિતા પ્રત્યેની ઓછી વધુ લાગણી છતાં તેને પિતા જ કહે છે. (જેમ આપણે આપણી સમાજના વર્તમાન પ્રમુખને પ્રમુખ તરીકે સ્વિકારી માન આપીએ છીએ.)

પપ્પા, સમાજના વડીલોને અમારી વિનંતીથી આ સંદેશો પહોંચાડજો કે આ બધું બન્યું તેના પાયામાં સમાજના નવા નિયમો છે. એવું અમો બંને બહેનો માનીએ છીએ.

આપણને મુખી બાપાની વાડી મૂકવી પડી, તેને લઈને આપણી આર્થિક સ્થિતિ નબળી પડી. સમાજના નવા નિયમોને લઈને ગીતાનો સંબંધ તુટયો, અમારા લગ્ન વખતે સતપંથી મામા મામેરૂં લઈ આવે તો સમાજના નવા નિયમોને લઈને કયાંક તેનું અપમાન થવાની બીક અને આ બધી પરિસ્થિતી માંથી તમને મૂકત કરવા અમને આ પગલું ભરવું પડે છે. આ બધાંમાં મોટી સમાજના શ્વેતપત્રના લેબલ હેઠળ નાની સમાજોએ બનાવેલ નવા નિયમો જવાબદાર છે !!!

પપ્પા, લાગે છે થોડું વધારે લખાયું છે. મોટા માણસોને કયાંક ખોટું લાગશે. પણ પપ્પા, અમને હવે બીજીવાર કયાં કંઈ કહેવું છે ? એને કહેજો થોડું મોટું મન કરીને વાસ્તવિકતા સહન કરી લે. અમારા હૃદયની લાગણીનો આ છેલ્લો ઉભરો છે.

પપ્પા, અમારી છેલ્લી ઈચ્છા છે કે આ ટપાલ તમો સમાજના આગેવનો પાસે જાહેર કરજો. એમ કરતાં કદાચ તેઓને પોતે કરેલા નિયમોના પરિણામની ભયાનકતા સમજાય. પપ્પા, તમને જયારે આ ટપાલ મળશે ત્યારે અમે કયાંની કયાં પોચી ગઈ હોઈશું. બા અને બધાને છેલ્લી વારના પ્રણામ. ફરીફરી માફી માગી આ જન્મે આપણા પરિવારથી છુટી પડતી તમારી આભાગી દિકરીઓ.

સીતા અને ગીતાના જય યોગેશ્વર

ટપાલ વાંચતાં રાવલ સાહેબ તથા સાંભળનાર હાજર સૌ મોટાભાગના બધાં રડી પડયાં. થોડીવાર કોઈ કંઈ બોલી શકયું નહીં. મનસુખ અને સાંભળનાર હાજર બધાંને એમ થયું. આપણે બધાં સીતા અને ગીતાના ગુનેગાર છીએ. કારણ આ પરિસ્થિતિના સર્જન માટે ઈન્ડાયરેકટ આપણે બધાં જવાબદાર છીએ. મનસુખને થયું, કોઈપણ ખોટી વાતનો વ્યાજબી વિરોધ કરવો જોઈએ, પણ આપણે સૌ કોઈ ખારા થવાની બીકથી મૌન રહીએ છીએ. ત્યારે ખોટી વાતને બળ મળે છે. પ્રોત્સાહન મળે છે. અને ખોટી વાત સાચી ગણાઈ ચાલી પડે છે. પછી મોડેથી આપણને વિરોધ ન કર્યાની ભૂલ સમજાય છે, ને પસ્તાવો થાય છે, પણ ત્યાં સુધી ઘણું મોડું થઈ ચુકયું હોય છે, અને એવા માણસોનું ધાર્યું પાર પડી ચુકયું હોય છે, જનરલ આવું જ થતું હોય છે.

થોડી વારે રાવલ સાહેબ આંખો લુછી બોલ્યા, "રમેશભાઈ અને ખીમજીભાઈ અને સૌ વડીલો તથા માતાઓ, આ નિર્દોષ પતંગીયા જેવી કુમળી કળીઓના હૃદયની વાત સાંભળી ? એના દિલની લાગણીઓને શું લેવા દેવા હતા તમારા ધર્મ સાથે, તમારા સંપ્રદાય સાથે કે તમારા સમાજ સાથે ? આ તમારા સમાજમાં ચાલતી લડાઈ કંઈ ધર્મની કે સમાજ સુધારણાની નથી. એ તો મોટાઓના અહમની લડાઈ છે. આ રીતે ચાલતી તમારા અહમની લડાઈમાં કેટલીએ કોડ ભરી દિકરીઓના જીવન ઝેર થયાં હશે અને હજી થશે તેનો

વિચાર કર્યો છે ?

આટલાં વર્ષો હું તમારા ગામમાં તમારી સાથે રહ્યો છું. ખીમજીભાઈ, હું તમારી સમાજનો ઈતિહાસ જાણું છું. ભૂતકાળમાં નિરક્ષરતા અને અજ્ઞાનથી તમારા વડવાઓ ગેરમાર્ગે દોરવાયા હતા, એ સાચું છે અને એ પણ સાચું છે કે તેને હવે મુખ્ય પ્રવાહ એવા સનાતનના પ્રવાહમાં આવી જવું જોઈએ.

પૂ. કેશરાબાપા અને પૂ. નારણજીબાપાએ સમાજના ભાઈઓને જાગૃત કરી સનાતનમાં પાછા લાવવાની અંતરની ઈચ્છા અને કલ્પના કરી હતી, અને તેના પ્રયત્નોથી જાગૃતિ પણ આવી છે. પરંતુ હવે આટલું મોટું કામ થયા પછી છેલ્લે થોડાં માટે આ રીતે નફરત અને તિરસ્કારની થિયરીથી સતપંથીઓને અલગ કરી બિનસનાતની રાખવાની કે કાયમ માટે બિનસનાતની રહી જાય, એવી તમારી થિયરીથી એ મહાન આત્માઓને ખૂબ દુઃખ થતું હશે. એના પ્રયત્નો અને કલ્પના એ હતી કે મારે મારો સમાજ ''અખંડ કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ'' બનાવવો છે ને જોવો છે. પરંતુ હાલના આ બનાવોથી તેના આત્માને ખૂબ દુઃખ થયું હશે. અત્યાર સુધી હું એમ માનતો હતો કે પાટીદાર સમાજ જેવો બીજો કોઈ આદર્શ સમાજ નથી. આજે મારો ભ્રમ ભાંગી રહ્યો છે, આજે મને થાય છે, સીતા અને ગીતાએ તેની સ્યુસાઈડ નોટમાં જે લખ્યું છે તે અક્ષરસહ સાચું છે.

એ નિર્દોષ દિકરીઓએ જરાપણ બળવો કર્યા વગર, તમારી સમાજના નવા કુનિયમોની વેદી પર પોતાનું બલિદાન આપી દીધું. ભગવાન બંને દિકરીઓના આત્માને ચિર શાંતિ આપે અને સમાજના આગેવાનો અને તેના સલાહકારોને સન્મતી આપે, એ ફરી ફરી પ્રાર્થના.''

થોડીવાર કોઈ કંઈ બોલ્યું નહિં. પછી ખીમજીભાઈ બોલ્યા ''રાવલ સાહેબ, તમારી લાગણી હું સમજી શકું છું. હું એમાં બિલકુલ સંમત છું. સીતા અને ગીતાને હું ખુબ નજીકથી જાણું છું. મારા આત્માને પણ થાય છે.બહુ ખોટું થયું છે. દિકરીઓને તેનાં મા બાપ પ્રત્યે અંતરની લાગણી હોય તે પણ સ્વાભાવિક છે. પણ દિકરીઓની વધુ પડતી લાગણીનું આ પરિણામ છે. કોઈની પણ પ્રત્યે વધુ પડતી લાગણીથી આવું થવું શક્ય છે.

ગીતા અને સીતાને તેની નાની ઉંમરને લઈને ખ્યાલ નથી કે જીવનમાં આર્થિક ચડતી પડતી આવ્યા જ કરે છે અને તે કર્મના સિધ્ધાંત મુજબ પ્રારબ્ધ ફળનું પરિણામ છે. દિકરીઓએ માત્ર લાગણીથી વિચાર્યું છે. પણ થોડું બુધ્ધિથી વિચારવું જોઈતું હતું. એની બુધ્ધિનો પણ વાંક નથી. એની નાની ઉંમર અને અપરિપકવ માનસિકતાનું આ પરિણામ છે. ખેર હવે એ વાતનો કંઈ અર્થ નથી.'' ખીમજીભાઈએ આગળ કહ્યું

''રાવલ સાહેબ, જીવન-મરણ એ ભગવાનના હાથમાં છે. ભગવાન દરેકને ગણીને શ્વાસ આપે છે. અને તે પ્રમાણે જ અમલ થાય છે. ભગવાનનું કામ ભગવાન કરે છે, એમાં આપણું કંઈ ચાલતું નથી. આ બંને દિકરીઓના આત્મા સાથે રાજુના પરિવારને આટલો જ સંબંધ હતો. તેથી જ સીતા અને ગીતાએ આ પગલું ભરવું પડ્યું. આમાં સંજોગો માત્ર નિમિત્ત હોય છે. એમાં કોઈને દોષ દેવો વ્યાજબી નથી. મુખ્ય દોષ ભાગ્યનો છે. બલિર્યસિ કેવલમ ઈશ્વરેચ્છા. હવે આપણે બે મિનિટ મૌન પાળી, બંને દિકરીઓના આત્માને પરમકૃપાળુ પરમાત્મા શાંતિ આપે તેવી પ્રાર્થના કરીશું.''

બધાંએ ખીમજીભાઈની સૂચના મુજબ મૌન પાળી બંને દીકરીઓને શ્રધ્ધાંજલી આપી, બધાં એક પછી એક રાજુનાં આંગણાં માંથી બહાર નીકળી ગયાં.

રાજુ અને મનસુખ આંખો બંધ કરી, ખીમજીભાઈની વાત મુજબ બનાવના ''નિમિત્ત'' વિષે તથા ''બલિર્યસી કેવલમ્ ઈશ્વરેચ્છા'' વિષે વિચારતા રહ્યા.

કર્તવ્યધર્મ

નવ વાગતાંમાં સમાજવાડીના મેદાનમાં આખા ગામના તમામ સ્ત્રી-પુરૂષો એકઠાં થઈ ગયાં. દરેકના ચહેરા પર જીજ્ઞાસા હતી. મુખીબાપાએ આજે અરજન્ટ સભા શા માટે બોલાવી છે ? પરસ્પર દરેક પુછતાં હતાં પણ કોઈને કાંઈ જાણકારી ન હતી. બધાંની જીજ્ઞાસા ઉત્તરોત્તર વધતી જતી હતી.

માવજીમુખી સતપંથ સમાજના અગ્રણી હતા. ગામનાં નાનાં-મોટાં સૌ મુખીબાપાને ખૂબ આદરથી જોતા. એનું મુખીપણું ખરેખર આદરને લાયક હતું. તેઓ એમના જમાનામાં ભણેલા ગણાતા. તેના ઉપર ભગવાનની પણ મહેરબાની હતી. તેઓ ખરેખર સજ્જન અને ખૂબ ઉદાર દિલના હતા. તેઓ નાનાં-મોટાં સૌના પ્રશ્નો અને પ્રસંગો હૃદયથી સમજતા. ગામના નાનાં-મોટાં સર્વેને પ્રેમથી બોલાવતા. દરેકના સારા માઠા પ્રસંગોએ ભાઈ થઈને ઉભા રહેતા. માત્ર સતપંથી સમાજના ભાઈઓ જ તેમને માન આપતા તેવું નોતું, સનાતની ભાઈઓ ઉપરાંત ઈતર જ્ઞાતિના લોકો પણ તેમને ખૂબ જ માનથી જોતા.

મુખીબાપા પહેલેથી જ ચીલાચાલુ ધર્મના વિરોધમાં હતા. તેઓ સતપંથી હતા સાથે સાથે સ્વાધ્યાયી પણ હતા. ગામમાં ચાલતા સ્વાધ્યાય કેન્દ્રમાં તેમનો પરિવાર નિયમિત જતો અને તેણે પૂ. દાદાનાં ઘણાં બધાં પુસ્તકો માત્ર વાંચ્યાં જ ન હતાં, તેણે તેનો હૃદયપૂર્વક અભ્યાસ પણ કર્યો હતો. પૂ. દાદાનાં પુસ્તકોની મુખીબાપાના જીવન ઉપર ઘણી મોટી અસર હતી.

સવાનવ વાગે મુખીબાપા, તેમનો પુત્ર દેવેન્દ્ર અને તેમના નાનાભાઈ તથા પરિવારનાં બધાં આવ્યાં. હાજર સૌ શાંત થઈ ગયાં. બધાંને મુખીબાપાએ નમસ્કાર કર્યા અને સ્થાન ગ્રહણ કર્યું. સતપંથ સમાજના ભાવિ મુખી એવા મનસુખભાઈએ ઉભા થઈને બધાંને આવકાર્યા, સમૂહ પ્રાર્થના બોલાવી. પ્રાર્થના બાદ મનસુખભાઈએ કહ્યું "આજે આપણા વડીલ મુખીબાપાએ અરજન્ટ સભા બોલાવવાનો આગ્રહ કર્યો. કારણ હું પણ જાણતો નથી. મને

પણ નવાઈ લાગી. આપણે સૌ જાણીએ છીએ, બાપાનું કહેણ હંમેશાં ફળદાયી જ હોય છે. આપણામાંથી કોઈનેય મુખીબાપાને "આ શા માટે" એવું ક્યારેય પુછવું નથી પડ્યું. આજ સુધી મુખીબાપાનું દરેક વાક્ય, આપણા સૌના માટે આદેશ હોય છે. અને ખરેખર આને જ અનુશાસન કહેવાય !!! હવે વધુ સમય ન લેતાં મુખીબાપાને વિનંતી કરૂં કે તેઓ આપણા સૌની જિજ્ઞાસા સંતોષે."

મુખીબાપાએ બેઠા બેઠા જ માનસ પ્રાર્થના પછી વાત શરૂ કરી. સમાજના વડિલો, માતાઓ, ભાઈઓ, બહેનો અને બાલગોપાલ સર્વેને જય ગુરુદેવ. ભાઈઓ અને બહેનો, દરેકના જીવનમાં એક વખત એવી ક્ષણ આવે છે, જે તેને દિલથી હચમચાવી નાખે છે. અર્જુનના જીવનમાં મહાભારતના યુદ્ધ વખતે યુદ્ધ મેદાનમાં એ ક્ષણ આવી હતી. કર્ણના જીવનમાં માતા કુંતાએ તેને પોતાની ઓળખાણ આપી ત્યારે કર્ણને એક નિર્ણય લેવાનો હતો તે ક્ષણ એવી જ હતી. એકલવ્યના જીવનમાં જ્યારે ગુરુ દ્રોણાચાર્યએ ગુરૂદક્ષિણા માંગી હતી, ત્યારે આ ક્ષણ આવી હતી. અને નરસિંહ મહેતાની દિકરી કુવરબાઈના જીવનમાં તેનાં દાદીજીએ જ્યારે મામેરાંનું લિસ્ટ લખાવ્યું, ત્યારે આ ક્ષણ આવી હતી.

એવી જ નાજૂક ક્ષણ મારા જીવનમાં આવી છે. તેથી તમને સૌને બોલાવ્યા છે. બેંગ્લોર રહેતી મારી દિકરી મનિષાએ મને એક પત્ર લખ્યો છે. એ પત્ર દ્વારા તેણે મારી પાસેથી એક વધુ કન્યાદાન માગ્યું છે. એ પત્ર વાંચીને હું નથી ઉંઘી શકતો કે નથી મને ખાવા-પીવાનું ભાવતું. અને એ પત્રના અનુસંધાને મેં એક નિર્ણય કર્યો છે. તેની તમને જાણ કરવા અહીં એકઠા કર્યા છે. મનસુખ સર્વ પ્રથમ આ મનિષાનો પત્ર સૌને સંભળાવ. મનસુખભાઈએ માવજી મુખી પાસેથી એ પત્ર લઈને સૌને સંભળાય તેવી રીતે વાંચવા માંડ્યો.

પૂ. પિતાજી, વ્હાલાં મમ્મી, દેવેન્દ્રભાઈ, તથા મમતાભાભી અને વ્હાલાં આદિત્ય અને ધ્રુવિ.

જોગ બેંગ્લોરથી લી. તમારી દિકરી મનિષા, બા-બાપુજી, તમારા જમાઈ અને ઋષિ, ખુશી અને સર્વે મજામાં છીએ.

બાપુજી તથા વ્હાલા ભાઈ, આજે તમને ફોન ઉપર વાત ન કરતાં પત્ર દ્વારા મારા મનની વેદના તમારી આગળ ઠાલવું છું., દિકરી છું ને ! તમારા

સિવાય મારા મનની વેદના કોને કહું ? બાપુજી હમણાંથી આપણા સમાજની સ્વર્ણિમ જયંતિ પછીની સ્થિતી તો તમો જાણો છો, આ સ્થિતીમાં તમો ગામડાંમાં તમારી પાછલી જીંદગી ગમે તેમ જીવી જશો. પરંતુ તમે સમાજની વર્તમાન સિચ્યુશનમાં તમારા બાળકોની મનોસ્થિતીનો ક્યારેય વિચાર કર્યો છે ખરો ?

બાપુજી, હું તો તમને બહુ વ્હાલી હતીને ? જેટલા દિવસ હું ત્યાં હતી તેટલા દિવસ તમે મારી અને મારી લાગણીની એટલી બધી કાળજી રાખી હતી કે મને ક્યાંય લાગી ન આવે, ક્યાંય મારી લાગણી ન દુભાય. લગ્ન પહેલાં મને ત્યાં અને લગ્ન પછી મારી સાસરીમાં પણ મને કોઈ કંઈ કહી ન જાય, તે પ્રકારે તમે મારો ઉછેર કર્યો અને એવા સંસ્કાર આપ્યા. ટુંકમાં મારું તમામ પ્રકારનું ઘડતર આદર્શ દિકરી જેવું થાય તેની તમે અને મારા મમ્મીએ રાત-દિવસ કાળજી રાખી હતી. તમે મને વિદાય વખતે લખીને આપેલ કન્યાદાન રૂપ શિખામણના શબ્દે શબ્દ મેં મારા જીવનમાં સાંગોપાંગ ઉતાર્યા છે. તમને આ બાજુનું કોઈ મળે તો પુછજો..કે તમારી દિકરીએ તમે આપેલ સંસ્કારો ઉજાગર કર્યા છે કે નહીં ? સમાજમાં માણસો તમારી દિકરીના દાખલા આપે એવું જીવન જીવવા માટે હું સતત જાગૃત રહું છું., બાપુજી, હું મારા મોઢે મારા વખાણ નહીં કરૂં, બાકી તમારી કલ્પના મુજબની દિકરી બની, તમારી કલ્પના મુજબની આદર્શ વહુ બનીને જીવી રહી છું. બાપુજી, તમે મને કાયમ કહેતા કે માણસ ફક્ત પોતાની ફરજ અને કર્તવ્ય ધર્મ સમજે અને પાળે તો તેને દુનિયામાં ધર્મના નામે કઈ કરવાનું રહેતું નથી.તેને દરેક જગ્યાએ સુખ, શાંતિ અને સંતોષ જ મળે છે. તેથી હું માત્ર ત્રિકાળ સંધ્યા કરૂં છું, માળા ફેરવવામાં મન લાગતું નથી. હું મારી દરેક જીવ પ્રત્યેની ફરજને ધર્મ માનું છું. બાપુજી, મેં પણ તમારી જેમ દરેક જીવમાત્ર પ્રત્યે મારી ફરજને મારો સાચો ધર્મ માન્યો છે.

બાપુજી, અહીં મારો પરિવાર પણ પૂર્ણ સંસ્કારી પરિવાર છે. તેના તરફથી મને કોઈ ફરિયાદ નથી. આખો પરિવાર મને ઘરની લક્ષ્મી તરીકે દિકરીના જેવા માન મરતબા અને ઈજ્જત આપે છે.

બાપુજી આવા બધા મારા તમારા સંસ્કારો, મારૂં આદર્શ સંસ્કારી જીવન અને એવું જ અહીં મારૂં માન હોવા છતાં હમણાં હમણાં મને કેટલીક બાબતે સમાજમાંથી આપણને (તમને અને મને)ન શોભતાં અને સહન ન થાય તેવા મેણાં ટોણાં અને કટાક્ષભર્યાં વાક્યો સાંભળવાં પડે છે. બાપુજી હું સમજું છું, એ લોકો તેના મા-બાપના છીછરા અને હલકા સંસ્કારો પ્રગટ કરી તેની સાથે તેના માબાપના પણ સંસ્કારો બિલકુલ હલકા છે એનું સમાજમાં વગર માગ્યે પ્રમાણપત્ર અને સાબિતી પુરી પાડે છે.

આ તો એ એનો પ્રશ્ન છે, પરંતુ એના એ પ્રશ્નો અને પ્રમાણપત્રની સાથે મારી તમારી લાગણીને અને ઈજ્જતને આઘાત પહોંચે છે. એ પ્રસંગ રાત્રે યાદ આવે છે તો બાપુજી હું આખી રાત ઉંઘી શકતી નથી. એ પ્રસંગ વિષે તમને જરા વિગતે સમજાવું.

સમાજમાં કેટલાક છીછરા સંસ્કારવાળા યુવાનોને સમાજ સુધારકના રૂપમાં હીરો બની હાઈલાઈટ થવાના ખ્વાબ જાગ્યા છે. એવા એ મારા ભાઈઓ મારા વિષે એમ કહેતા ફરે છે મનિષાભાભી મુમનની દિકરી છે. એના બાપુજી પાકા મુમન છે. અને નિયમીત નમાજ પણ પઢે છે.

બાપુજી, હું મારા માટે કદાચ બધું સહન કરી શકીશ પણ તમારા માટે આવા અભદ્ર શબ્દો મારાથી સહન નથી થતા. હું જાણું છું , તમે જે સિદ્ધાંત સાથે જીવો છો તેવા સિદ્ધાંત સાથે આ યુગમાં બહુ ઓછા માણસો જીવી શકે છે. હું એ પણ જાણું છું. બાપુજી, મારા તમારા માટે આવું બોલનારની લાયકાત તમારી લાયકાતનો એક ટકો પણ નથી, છતાં આવું અભદ્ર બોલે છે. તમારા માટે આવું સાંભળી મારા ઉપર શું નહી વિતતું હોય ? મને મારી બહેનપણીએ આ વાત કરી અને વાત કરતાં એ પણ બિચારી રોઈ પડી, આ સાંભળ્યા પછી મને ખાવાનું ભાવતું નથી અને બાપુજી, ઉંઘ પણ નથી આવતી.

બાપુજી હું સમજી શકું છું. ત્યાં ભાઈ-ભાભીની પણ મારા જેવી જ સ્થિતી હશે. મેં બે દિવસ પહેલાં જ્યારે ભાભી સાથે વાત કરી ત્યારે ભાભીને પુછતાં તેણે પણ કહ્યું કે થોડી તકલીફ થાય જ છે પણ બાપુજીને આપણે કેમ સમજાવી શકીએ ? એ કહેતાં હતાં ભાઈએ તમારી સાથે, આ બાબતે થોડી ચર્ચા પણ

કરી હતી. ભાભીને પુછતાં ભાભીએ પણ કહ્યું , કોઈ હલકટ છોકરા ક્યાંક અમારા જેવી માટે બીબીના સંબોધન સાથે ઈન્ડારેક્ટ વાતો કરે છે. પરંતુ એની સામે આપણે શું કરી શકીએ?

બાપુજી, મેં અનુભવેલી બાબત છે, મેં નાનપણમાં સતપંથના સંસ્કાર જીવનમાં ઉતાર્યા છે. અને લગ્ન પછી સનાતનના સંસ્કાર પણ જીવનમાં ઉતાર્યા છે. બાપુજી, તમે નરસીંહ મહેતાને તમારા ધાર્મિક માનસગુરૂ માનો છો ને ? તેણે તો કહ્યુ છે ,"ઘાટ ઘડીયા પછી નામરૂપ જુજવાં, અંતે તો હેમ નું હેમ હોય" આ વાત સનાતન સત્ય છે, તો તમને વિનંતી કરૂં છું. આગળનો ઈતિહાસ શું હતો એ ભાંજગડમાં ન પડીએ. આપણને ભગવાનની ભક્તિ અને સાધના જ કરવી છેને ? ઘણી વખત તમારા સતસંગમાં કહો છો, તમામ ધર્મની મઝિલ એક છે. માત્ર તેના રસ્તા જુદા જુદા છે. સાધ્ય વસ્તુ એક છે. જ્યારે દરેકની સાધનાની પધ્ધતિ જુદી છે. તો તમને હું પુછું છું, માત્ર સાધનાની પદ્ધતિ માટે આવડી મોટી જીદ શા માટે ? આપણે વાયા વિરમગામ જઈએ કે વાયા રાધનપુર જઈએ, આખરે સરવાળે કચ્છમાં પહોંચવાની વાત છે ને? તો રસ્તાની પસંદગી માટે આટલી મોટી જીદ અને વિવાદ કાં?

બાપુજી, તમે ક્યારેય એવો વિચાર કર્યો છે ? તમારી આ જીદને લઈને તમારા સતપંથના સંતાનોની ક્યાંક ક્યાંક શું સ્થિતી છે ? હમણાં છેલ્લે છેલ્લે તો આપણે સૌએ સાથે મળી આપણા સમાજના કપડાં ઉંચા કરી દુનિયા આગળ બધું ખુલ્લું કરી દીધું . પરિણામે લોકલ સમાજ પણ આપણા વિષે કંઈક વિચિત્ર વિચારતો થઈ ગયો છ !!!

એ તો તમે પણ કબુલ કરતા હશો જ કે સતપંથના સ્થાપક સદગુરૂ ઈમામશાહ મહારાજ છે. સદર સંપ્રદાયના કેટલાક બાહ્ય દેખાવ તેમજ મૃત્યુ પછીની અંતિમ વિધિના કેટલાક રીવાજ જોઈને આપણી સમાજના સનાતનીઓ, કેટલાક તર્કવાદી અને સુધારાવાદી સંતપંથીઓ અને બાહ્ય સમાજના તમામ ભાઈઓને શંકા છે કે આ ફિરકો કદાચ ઈસ્લામનો હોઈ શકે ? સાથે સાથે હું એ પણ કબુલ કરૂં છું. ઈમામ શાહ મહારાજ એક પ્રખર અને ઉંચી કક્ષાના સુફી સંત હતા. સદગુરૂ ઈમામ શાહ મહારાજના જેવા

કેટલાય સુફી સંત ઈસ્લામમાં થઈ ગયા, જેને ધર્મ ભેદ હતો જ નહી , તેમ ઈમામ શાહ મહારાજને પણ ધર્મભેદ નહી હોય એમ આપણે માની લઈએ (કારણ) તેણે કોઈપણ પાટીદારને ઈસ્લામ અંગીકાર (સ્વિકારવાની) કરવાની ફરજ નહોતી પાડી. નહિ તો આટલા બધાં વર્ષો દરમ્યાન એને આ કરવું હોત તો એ ખુબ સહેલાઈથી કરી શક્યા હોત. આપણા ભોળા અને નિર્દોષ પૂર્વજો ઈમામ શાહ મહારાજના નામથી ખૂબ પ્રભાવિત હતા. આવા સંજોગોમાં આ કરવું હોત તો તેના માટે આ બહુ સહેલું હતું. પરંતુ આવું કંઈ પણ તેણે નથી કર્યું, નથી કરાવ્યુ !!

હું જાણું છું બાપુજી, ઈમામ શાહ મહારાજે આપણા હિંદુધર્મનો ગૌમાતાનાં ઘી નો દિવો પણ બુઝાવ્યો નથી. વળી, તેણે વિશેષ સંજોગોમાં ઉતરાવેલી જનોઈઓ નો નાશ તો નથી કર્યો પરંતુ આજ પણ તેની ધૂપ-દીપથી પુજા કરાય છે.

બાપુજી, હું એ જાણું છું. અને કબુલ પણ કરૂં છું. વચ્ચેના સમયમાં ઈમામ શાહ મહારાજના કોઈ વારસદારોએ સતપંથની દિશા બદલી નાખી હોય એવું ચોક્કસ દેખાય છે. તેનું જુનું (વચ્ચેનું) વલીમિયાં સૈયદના વખતનું સાહિત્ય વાંચતાં આ હકીકત દેખાય છે. એટલે આપણે આ બધી વાસ્તવિકતા નકારી શકાય નહી. બાપુજી, વાસ્તવિકતા સ્વિકારવી જ પડે.

બાપુજી તમને અમે બે ભાઈ બહેન કેટલાં બધાં વ્હાલાં હતાં. હવે તમે જ કહો, મને કોઈ મુમનની દિકરી કહે કે મમતા ભાભીને મુમતાઝબીબી કહે એ ભાઈથી, ભાભીથી કે મારાથી કેમ સહન થતું હશે ? અને તમે પણ આ બધું કઈ રીતે સહન કરી શકશો ?

બાપુજી હુ નાની છું તેથી મારાથી તમને સલાહ ન અપાય પણ તમને વિનંતી કરૂં છું. જેમ દધિચિ ઋષિએ તત્કાલીન સમયમાં જન સમાજ અને સંસ્કૃતિનાં રક્ષણ માટે પોતાની ફરજ સમજીને પોતાના શરીરનું (જીવનનું) સમર્પણ કર્યું હતું, તો તમે તમારાં બાળકો માટે માત્ર સમાજના શ્વેતપત્રની કલમ-૧૮ નો અમલ ન કરી શકો ? અહી તો માત્ર મનુષ્યના મૃત્યુ પછીના નિશ્ચેતન શરીરની વિધિની પદ્ધતિનો સવાલ છે.

બાપુજી, તમે અને ભાઈ સ્વાધ્યાયમાં તો જાઓ છોને ? તો ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે આપણા શરીર વિષે શું કહ્યુ છે ? શરીર આત્માનાં કપડાં છે અને જો આપણું શરીર આત્માનું માત્ર કપડું જ હોય, તો એ જર્જરીત એવાં જુનાં તુટવાના કિનારે, સડવાના કિનારે આવી ગયેલાં એ કપડાંના નિકાલની પધ્ધતિ માટે આટલી મોટી જીદ શા માટે ? અને તમારી નાના મુદાની મોટી જીદ માટે આપણો સંપિલો અને આદર્શ સમાજ તુટવાના કિનારે જઈ ઉભો છે, અને તેના નિમિત પૈકીના એક મારા બાપુજી બને છે એનું મને હૃદયથી દુઃખ છે.

બાપુજી, આ સંજોગોમાં તમારે દધિચિ ઋષિની જેમ શરીરનું સમર્પણ નથી કરવું, તમારે માત્ર તમારી ધાર્મિક ભાવનાની માન્યતાનું સમર્પણ કરવાનું છે. બાપુજી, હું તમને બે-હાથ જોડી વિનંતી કરૂં છું. આ સમાજ એકતાની વેદીમાં તમે તમારી આ ધાર્મિક ભાવનાની માન્યતાનો હોમ કરી તમારો સમાજધર્મ બજાવો અને આપણી સમાજને તૂટતી બચાવી લો.

બાપુજી, તમે તો મુખી બાપા છોને ? તો મને કહેશો, મૃત્યુ પછી શું છે ? અને છે તો તેના શું પૂરાવા છે ? પૂરાવા રૂપે તમે કદાચ દંત કથાઓ રજૂ કરશો. બાપુજી, દંતકથાઓ તો માત્ર દંતકથાઓ જ હોય છે. બાપુજી, દરેક ધર્મ અને સંપ્રદાયવાળાઓએ પોત પોતાની દુકાનની ઘરાકી ટકાવવા, સ્વિકારેલી અને તેના એશોસીએશનની માન્ય માર્કેટીંગ પોલીસી છે. એમની પાસે શાસ્ત્રોક્ત કે વૈજ્ઞાનિક પુરાવા નથી.

બાપુજી, વર્તમાનમાં તમે મુખી છો. અને એ સમયે દધિચિ ઋષિ પણ ઋષિ સમાજના આગેવાન મુખી હતા. જયારે સમાજ સંવેદન સમય અને કટોકટીકાળમાંથી પસાર થતો હોય ત્યારે મુખ્ય જવાબદારી આગેવાનોની હોય છે. જેમ તે સમયે ઋષિ સમાજના દધિચિ આગેવાન હતા. તેમ આજે સતપંથ સમાજના તમે દધિચિ છો. તમે તમારા આત્માને પુછજો, તમારી જવાબદારી શું હોય ? તમારી દિકરી એક માત્ર મનિષા નથી. બાપુજી સતપંથ સમાજની બધી દિકરીઓ તમારી જ દિકરીઓ છે. અને સતપંથ સમાજની તમામ વહુઓ તમારી જ વહુઓ છે. તેનું અપમાન એ તમારૂં અપમાન છે.

બાપુજી, આપણી તમામ વહુ દિકરીઓને તમે આપણા સંસ્કાર અને વિધિઓ બાબતે તેના દિલની વાત એકાંતમાં પુછજો, એ એમજ કહેશે, આપણે જન્મે હિંદુ છીએ તો આપણા જન્મથી મરણ સુધીના અને મરણોત્તર તમામ સંસ્કારો હિંદુ શાસ્ત્રોક્ત વિધી મુજબ જ કરવા જોઈએ. પછી ભલે મનમાં તમને જેના પણ જાપ જપવા હોય તેના જાપ જપજો. ''સર્વ દેવ નમસ્કારં કેશવં પ્રતિ ગચ્છતિ'' બાકી શ્વેતપત્રને માન આપવું જ પડે.

બાપુજી, હજી બીજી એક અતિ ગંભિર વાત કરૂં હમણાં અહીં એક સનાતની પરિવારમાં દિકરીના લગ્ન હતાં. એ લગ્નમાં સતપંથી મામા મામેરૂં લઈ આવવાના હતા. તેથી સમાજે તે પરિવારમાં સતપંથી મામા પાસેથી મામેરૂં લેતાં રોક્યા. એટલે કે ત્યાં મામેરૂં આવવા ન દીધું, હું અને મોટાભાગનો સનાતની સમાજ કબુલે પણ છે, આ પધ્ધતિ ખોટી છે. અસામાજીક છે, અવ્યવહારિક છે, અને અમાનવીય પણ છે. પરંતુ કેટલીક (અમુક) બાબતોમાં વિરોધ ન કરવાની પધ્ધતિને અનુશાસન માનતો નિર્દોષ સમાજ આ બધુ નિભાવી લે છે. બીજું પણ એક કારણ જે કડવું સત્ય છે. આ અનુશાસનના અંચળા નીચે આપણી સમાજમાં લોકશાહી વિકલાંગ બની ગઈ છે. લોકશાહી નષ્ટ થવાના કિનારે છે. અને સરમુત્યારશાહી જેવું ચાલે છે. જ્યાં સરમુખત્યારશાહી ચાલતી હોય ત્યાં ફરિયાદને અવકાશ નથી હોતો. અહી ફરીયાદ માત્ર ઉપરવાળાને જ કરી શકાય.!!!

બાપુજી, તમને નથી લાગતું ? સુવર્ણ જયંતિના પ્રસંગ વખતે સતપંથીઓ એ શ્વેતપત્રને માન ન આપી, શ્વેતપત્રના અમલ માટે અસહકાર કરવા જે વિરોધ નોંધાવ્યો તે મોટા માં મોટી ભુલ હતી. મારૂં માનવું છે બાપુજી, સતપંથ સમાજે આત્મમંથન કરી, પરિવર્તન કરવું જરૂરી હતું ને હજી છે. અને તમને પણ એક દિવસ કબુલવું જ પડશે કે પરિવર્તન જરૂરી છે. પરંતુ હા, હું અને મોટા ભાગનો મધ્યમમાર્ગી સનાતની સમાજ એ પણ કબુલે છે આ પરિવર્તન જરૂરી હતું. પણ પરિવર્તન સ્વિકાર કરાવવાની જે પધ્ધતિ છે તે અસ્વિકાર્ય પધ્ધતિ છે.

બાપુજી આ અસ્વિકાર્ય એવી પધ્ધતિ સામે હું કે તમે કંઈ નહી કરી શકીએ.

આપણે માત્ર મુક શાક્ષી બનવું પડશે. પરંતુ અમીટ સત્ય તમને જણાવું. આનાથી મારા જેવી નિર્દોષ દિકરીઓની હાય અને કર્મનો સિધ્ધાંત, આ થિયરીના સમર્થક એવા પરિવર્તનવાદીઓને ક્યારેય નહીં છોડે. દરેકને પોતાના કર્મનું ફળ ભોગવવું પડે છે. ભગવદ્ ગીતા કહે છે.

બાપુજી, પહેલાં મામેરાં ની વાત અધુરી રહી, બાપુજી એ કલ્પનાથી હું આજ પણ ફફડી ઉઠું છું. મારે ત્યાં બે જ વર્ષમાં તમને મામેરૂં આપવા આવવું પડશે. ત્યારે શું થશે? હું આ કલ્પનાથી ડરી ગઈ છું. મને થાય છે આવા સંજોગો ઉભા થશે તો તો બાપુજી, મને એટેક આવી જશે. અને ભગવાનને હું પ્રાર્થના પણ કરૂં છું. આવું બને તે પહેલાં મને મરણતોલ એટેક આવે અને હું આ ધર્મસંકટમાંથી છુટું તો એને હું મારૂં સદભાગ્ય ગણીશ. બાપુજી, હું આ સંજોગો સહન નહીં કરી શકું અને કદાચ મને એટેક નહીં આવે તો મને બીક છે, મારાથી આત્મહત્યા થઈ જશે.

બાપુજી, હમણાં મારા સનાતની ભાઈઓ ભલે આ રીતનાં મામેરાં રોકે પરંતુ મારે એનું ખાસ ધ્યાન દોરવું છે. આવતા સમયમાં દરેકને એવી માનસીકતા બનાવવી જ પડશે કે એ વિરોધ કરનાર ખુદના અને મારા તમારા જેવાના વંશજોને ઘેર પણ ભવિષ્યમાં કદાચ બીજી જ્ઞાતિવાળાને મામેરાં લઈ આવવા દેવા પડશે અને આપણા વંશજોને બીજી જ્ઞાતિવાળાઓને ત્યાં મામેરાં લઈ જવાની માનસિકતા કેળવવી પડશે. અત્યારે પણ સમાજના કેટલાક આગેવાનો એવા છે જેનાં સમાજ માન્ય કેટલાંક સગાં જ્ઞાતિ બહારનાં છે. તે સગાં આપણી જ્ઞાતિમાં મામેરાં પણ લઈ આવ્યા છે છતાં તેને કોઈ કંઈ કહેતું નથી. ન્યાય નીતિ સૌ ગરીબને, મોટાને સૌ માફ.

બાપુજી, વધુ શું લખું? ઘણું બધું લખાઈ ગયું છે. ફરી તમને વિનંતી કરૂં છું. તમો પીરાણા જજો અને મારા હૃદયની વાત ગુરૂ મહારાજ સુધી પહોંચાડજો. એ એમ કહેશે જ "આ સંપ્રદાયમાં માત્ર કચ્છી પટેલ નથી, અન્ય ઘણાં બધાં છે. તો મારે ગુરૂ મહારાજને વિનંતી કરવી છે. બીજા જે છે તેની સાથે તમને લોહીનો સંબંધ નથી જ્યારે અમારો અને તમારો નાતો એક લોહીનો છે. તો તે રૂએ તમને ફરીફરી વિનવું છું, તમો કચ્છ કડવા પાટીદાર

સતપંથ સમાજના ભાઈઓ જોગ એક નિવેદન બહાર પાડો સમાજના નીતિ નિયમોનો અમલ કરવો એ સમાજનાં નાનાં મોટાં તમામનો પવિત્ર ધર્મ છે. તેથી તમામ સતપંથીઓએ સમાજનાં શ્વેતપત્રને માન આપી, અમલ કરવાની છુટ આપું છું. સાથે સાથે અપીલ અને આદેશ આપું છું.'' બાપુજી, આવું કરવુ એ ગુરૂ મહારાજની પવિત્ર ફરજ ગણાશે. અને એમ નહી થાય તો તે પણ પોતાનો અનુયાયી પ્રત્યેનો પવિત્ર ધર્મ ચુક્યા કહેવાશે.

બાપુજી, થોડા દિવસ પહેલાં મેં શાસ્ત્રી હરિકેશવદાસ મહારાજ લિખીત એક બુક વિદુરનિતી વિવેચન વાંચી. તેમાં પરિવાર, સમાજ અને રાષ્ટ્રોપયોગી ઘણું લખ્યું છે, તેમાંથી એક મુદ્દો હૃદયમાં કોતરાઈ ગયો. ''દુનિયામાં જે વિગ્રહો અને યુદ્ધો લડાયાં છે, તે પૈકી ૯૦% વિગ્રહો અને યુદ્ધોનું કારણ માત્ર બે-ચાર વ્યક્તિઓ હોય છે. દરેક યુદ્ધો બે-ત્રણ વ્યક્તિઓની જીદ્દ અને અહમને લઈને લડાયાં છે, એવું ઈતિહાસ કહે છે. અને તેમાં વધુને વધુ સ્ત્રીઓ અને બાળકોને સહન કરવું પડ્યું છે.'' આ એક હકિકત છે.

બાપુજી એ દરેક યુદ્ધ વખતે એ બે-ચાર વ્યક્તિઓએ પોતાની જીદ્દ અને અહમ છોડ્યાં હોત તો એ યુદ્ધો ન લડાયાં હોત. બાપુજી, અત્યારે આપણી સમાજમાં ચાલતા વિગ્રહમાં એ બે-ચાર વ્યક્તિઓમાં તમારી કોઈ ગણના ન કરે એ જોવાની જવાબદારી તમારી છે. બાપુજી તમારા જમાઈ કહેતા હતા પીરાણા સંસ્થા વખતો વખત સંત સંમેલનના યજમાન બની, બહુ મોટી રકમોનું હોમ કરી દે છે. વળી, તે પ્રોગ્રામમાં ભાગ લેવા આપણી જ્ઞાતિના ભાઈઓ દેશ દેશાવરથી આવી અઢળક ખર્ચ કરે છે. અને તેના વળતરમાં માત્ર આ સંસ્થા હિંદુ સંસ્થા છે. એવી છાપ ઉભી કરાય છે. આવી છાપ ઉભી કરવાની શું જરૂર છે ? આપણો રસ્તો સાચો જ હોય તો કોઈને જે કહેવું હોય તે કહેવા દેવું જોઈએ કદાચ ૨૪ કેરેટ સોનાને ૨૦ કેરેટ કહી કોઈ ખોટું મુલવે, તેનાથી સોનાનું કેરેટ અને મુલ્ય ઘટતું નથી. ઉલ્ટાનું ખોટું મુલવનારનું મુલ્ય ઘટે છે.

બાપુજી, આપણી બધી સમાજોમાં આવાં સમેલનો અને ઉત્સવોમાં થતો ખર્ચ બચાવી, આ રકમ સમાજનાં ગરીબ અને મધ્યમવર્ગનાં બાળકોના શિક્ષણ માટે અને જન કલ્યાણના હેતુસર એટલે કે વવાય તો કેટલું મોટું કામ થાય

અને એ વાવેલા રૂપિયાનાં મીઠાં ફળ જતે દિવસે સમાજને અવશ્ય ખાવા મળે.

બાપુજી ઘણું બધું લખાઈ ગયું છે. કદાચ દુઃખતા દિલે અને બળતા જીવે, લાગણીના ઉભરામાં કંઈ વધારે લખાયું હોય તો માફ કરજો. આ મારી અને મારા જેવાં તમારાં અસંખ્ય સંતાનોની વેદના સમજવા પ્રયત્ન કરજો. શક્ય હોય તો દધિચિ બની સમાજને તુટતી બચાવજો તમારા પ્રયત્નથી સમાજ તુટતી બચશે તો આવતી પેઢી તમારો જયજયકાર કરશે. અને સદીઓ સુધી તમારી ઋણી રહેશે.

બાપુજી રાતના ત્રણ વાગે છે હવે પત્ર બંધ કરૂં. જો કે ઉંઘ તો નહી જ આવે છતાં પણ .... !!

એ જ લી. આપની લાડલી દિકરી મનિષાના જય યોગેશ્વર.

મનસુખભાઈએ પત્ર પુરો કર્યો થોડી વાર કોઈ કંઈ બોલતું નથી ટાંકણી પડે તોય સંભળાય એવી સભામાં સ્તબ્ધતા અને શાંતિ થઈ ગઈ. પછી થોડી વારે મુખી બાપા ઉભા થયા અને બે-હાથ જોડી બોલ્યા.

"વ્હાલાં ભાઈઓ અને બહેનો મનિષાનો આ પત્ર વાંચ્યા પછી મને ખાવાનું નથી ભાવતું, મને ઉંઘ પણ નથી આવતી. તેથી આ સભા બોલાવી છે. મને તમારી મદદની જરૂર છે, મને તમારા માર્ગદર્શનની જરૂર છે.

ભાઈઓ અને બહેનો, મારી મનિષાની જે વેદના છે તેવી જ વેદના ઘણી બધી દિકરીઓની હશે અને જે તકલીફ મારી વહુ મમતાની છે તેવી તકલીફ ઘણી બધી વહુઓને પણ હશે. તેથી હું આપણાં સંતાનોની તકલીફોને લઈને તુટી ગયો છું જો હું વડીલ તરીકે તેની વેદના ન સમજું, ને તેનો ઉપાય ન શોધું તો હું ભગવાનનો ગુનેગાર કહેવાઉ.અને હું મારો કર્તવ્યધર્મ ચુક્યો કહેવાઉં. હું હૃદયપૂર્વક માનું છું દુનિયામાં કર્તવ્ય ધર્મ-ફરજધર્મથી મોટો કોઈ ધર્મ નથી. માનવ ધર્મ પણ કર્તવ્યધર્મના પરીઘમાં આવી જાય છે. આટલું કહી, હું તમોને વિનંતી કરૂં છું હવે આજથી આપણી સતપંથ સમાજના મુખી તરીકેની મારી જવાબદારીમાંથી મુક્ત થાઉં છું." કહી મુખીબાપા બે હાથ જોડી બેસી ગયા.

બીજા ઘણાં બધાંએ પોતાના મત રજુ કર્યા , બધાનો સુર એ જ હતો "મુખી બાપા તમારી વાત અને વેદના સાચી જ છે. સાથે સાથે અમો તમોને

વિનંતી કરીએ છીએ, આનો રસ્તો તમે જ કાઢો. તમે જેમ કહેશો તેમ અમો કરશું''

મુખી બાપાએ થોડો વિચાર કરીને રજુઆત કરી ''મનિષાનો પત્ર વાંચ્યા પછી આઠ દિવસના વિચાર વલોણાં અને મનોમંથન પછી તમો જ્યારે મને એમ કહો છો ત્યારે સાભળો. હું તમોને આદેશ નથી કરતો હું માત્ર મારો મત અને મારો વ્યક્તિગત નિર્ણય રજુ કરૂં છું. તેના ઉપર શું કરવું એ તમારે નિર્ણય લેવાનો છે.

મેં વિચાર કર્યો શ્રીમદ્ ભગવદ્ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે શરીરને આત્માનું વસ્ત્ર કહ્યું છે. આ વાત મારે ગળે પણ ઉતરી છે. આ મારા જીર્ણશીર્ણ થઈ ગયેલ વસ્ત્રોના નિકાલની વિધીથી જો મારાં સંતાનોને સહન કરવું પડતું હોય, મારા પરિવારને સહન કરવું પડતું હોય અને જો આપણી આટલી નાની સમાજના બે ટુકડા થાય તો આ બંન્ને ટુકડાનાં સંતાનોને પણ સહન કરવું પડે. જે પ્રશ્ન અત્યારે મનિષાને સતાવે છે. એ તો સામાન્ય છે પણ તેનાથી મોટો યક્ષ પ્રશ્ન તો ભવિષ્યમાં ખાસ પ્રકારનું ભણેલાં બાળકોના સંબંધનો હશે.

ભાઈઓ અને બહેનો, વિચારોની સામ્યતા માટે સંપ્રદાયનો મુદ્દો મેરીટમાં લેવાય ત્યાં સુધી વાંધો નહીં. આપણી પસંદગીમાં આમ પણ સ્થાનિક એરીયા, મુળ વતનનો એરીયા, આર્થિક સમોવડીયાપણું, સામાજિક સમોવડીયા પણું વગેરે મેરીટમાં લેવાય જ છે. એમાં એક મુદ્દો સંપ્રદાયનો વધે તો વાંધો નહી પણ આપણી મોટી સમાજનાં શ્વેતપત્રનાં ઓઠાં હેઠળ સ્થાનિક સમાજોએ બનાવેલ નવા નિયમમાં આવા સંબંધો કોઈપણ સંજોગોમાં કરી શકાશે નહીં. ત્યારે એ પ્રશ્ન આપણાં બાળકોની લાગણીને અસર કરશે. એની સમાજ પ્રત્યેની લાગણીને અસર કરશે અને સમાધાન ન મલતાં સમાજ બહાર સંબંધ કરશે. ત્યારે એ અસરકર્તા બાળકોને સમાજ પ્રત્યે માન ઘટી જશે સાથે સાથે નફરત થતી જશે.

સ્થાનિક સમાજોના કેટલાક નિર્ણયો અવ્યવહારીક છે, છતાં એ સમાજનો નિર્ણય છે. તેથી શક્ય હોય ત્યાં સુધી આપણે તેને માન આપવું જ જોઈએ છતાં એ એમ કહે બહેન, દિકરી ફઈને ત્યાં પ્રસંગે જવું પણ જમવું નહી, આ નિયમ

અવ્યવહારિક છે, અસામાજિક છે, અને અમાનવીય પણ છે. જ્યાં અમાનવીય શબ્દ લાગુ પડે ત્યાં ધર્મની ગેર હાજરી હોય છે. તેથી આપણે ભગવાનને પ્રાર્થના કરીએ આપણી સમાજના આગેવાનોને આ અંગે ફેર વિચારવાની ભગવાન પ્રેરણા અને સદબુધ્ધિ આપે.

અત્યારે આ સુનામીનાં મોજાં જેવી લહેરો છે. તેનો પ્રતિકાર સહેલો નથી ત્યારે આપણે માત્ર રક્ષણાત્મક વ્યૂહથી જગ્યા શોધી આપણું અસ્તિત્વ ટકાવવાની વાત છે. આનો વિરોધ આપણે સતપંથી કરશું તો આ વિરોધ આપણા બચાવમાં ખપી જશે. પરંતુ કોઈ સનાતનીઓના દિલમાં આ અંગે સંવેદના પ્રગટેને તેવાઓની રજુઆત પર સમાજના બૌધિકો કંઈક ચિંતન કરે તો જ આનું રીઝલ્ટ મળે. પરંતુ અફસોસ એ વાતનો થાય છે, એ દિશામાં કોઈ પીઢ સનાતની ચિંતિત નથી અને આપણે એ દિશામાં જવું નથી. આપણે માત્ર આજનો પ્રશ્ન ઉકેલવો છે અને ભવિષ્ય સામે નજર રાખવાની છે.

આજના આ તબક્કે મારા આત્માનો અને દિલનો એવો મત છે. અને મારો વ્યક્તિગત નિર્ણય પણ છે. મારે મારા સંતાનોનાં મહેણાં ભાંગવાં છે, ભલે હું મુખી રહ્યો. મેં નિર્ણય લઈ લીધો છે, જે તમારી સમક્ષ જાહેર કહું છું. મને મારા પિતાજીએ વહીવટ માટે સોંપેલ તમામ ભૌતિક મિલ્કતોના વહિવટ માટે, મારા પુત્ર દેવેન્દ્રની નિમણુંક કરી, તમામ સત્તાઓ તેને સોંપી દીધી છે. અને સૂચના પણ આપી છે કે તારે એ મિલ્કતના માલિક તરીકે નહિં પરંતુ તેના વહિવટદાર બની, મારી બનાવેલ અને બતાવેલ માર્ગદર્શિકા મુજબ તેનો વહીવટ કરવાનો છે. બાકી વધેલી મારી પર્સનલ કહો કે ભાગીદારીવાળી સ્થાવર કે જંગમ પ્રોપર્ટી જે ગણો તે આ મારૂં શરીર છે.

તેની અંતિમ વિધીના અનુસંધાનમાં જાહેર કરું છું, મારો દેહાંત જે પણ સંજોગોમાં થાય, તે સંજોગોમાં મારા શરીરનાં જેટલાં પણ અવયવો કોઈ અન્યને ઉપયોગી થતાં હોય તેટલાં અવયવો હું દાન કરવા માગું છું. આમ તો ઈચ્છા એવી હતી કે જેમ દધિચિ ઋષિએ માનવ સમાજના રક્ષણ એવં કલ્યાણ માટે પોતાનું આખું શરીર સમર્પણ કર્યું હતું તેમ મારે પણ મારૂં આખું શરીર મેડીકલ કોલેજમાં દાન કરી આવતી પેઢીને દર્દ અને રોગ નામની [illegible]

રાક્ષસી જમાતથી બચાવવા ઉપાયરૂપ નવા બનતા ડૉક્ટરોને અભ્યાસથી સજ્જ કરવા દાન કરવા ઈચ્છું છું. પરંતુ મારા આ શરીર ઉપર મારા સીવાય મારી પત્નિ અને મારા પરિવારનો પણ હક્ક છે. તેથી મને એનું થોડું દુઃખ છે કે હું મારૂં આખું શરીર દાન કરી, આપી શકતો નથી. પરંતુ અન્યને ઉપયોગી થાય તેટલાં મારાં અવયવો (અંગો) નું દાન કરી, બાકી વધેલું શરીર હિંદુ વિધી મુજબ અગ્નિસંસ્કારથી પંચમહાભૂતને અર્પણ કરવું એવું જાહેર કરૂં છું.''

મુખી બાપાની આ વાત સાંભળતાં સમાજના હાજર તમામ માણસોને આંખમાં આંસુ સાથે મુખી બાપાના આ નિર્ણયને તાળિઓથી વધાવી લીધો !! તાલીઓના ગડગડાટને સૌની સંમતિ સમજી બાપાએ આગળ કહ્યું ''આપણા ગામમાં હજી અગ્નિ સંસ્કાર માટે સ્મશાન નથી તો એ આધુનિક સ્મશાન માટે સગડી અને શેડનો જે પણ ખર્ચ થાય તે અમારા પરિવાર તરફથી હશે'' ફરી બધાંએ તાલીઓ પાડી. થોડી વાર કોઈ કંઈ બોલ્યું નહી.

મનસુખભાઈએ ઉભા થઈ કહ્યું ''મુખી બાપાએ ખરેખર મુખી તરીકેની દધિચિ તરીકેની ફરજ બજાવી છે. કોઈ પણ સંપ્રદાય કે સમાજમાં આગેવાનો જ્યારે જડ ધર્મ કરતાં પ્રેક્ટીકલ ધર્મને અને પોતાના વ્યક્તિગત અહમ કરતાં સમાજ કલ્યાણને મહત્વ આપે ત્યારે તે સમાજમાં સ્વર્ગ જોવા મળે છે. આપણા મુખી બાપાએ આપણી સમાજનાં વાવાઝોડામાં ભટકી ગયેલા અને દિશા ભુલેલા વહાણને દિવાદાંડી બની માર્ગદર્શન આપ્યુ છે. આપણા વારસદારો પેઢીઓ સુધી મુખી બાપાના ઋણી રહેશે. હું મુખી બાપાને હજુ વિનંતી કરૂં છું આપણને કેટલુંક વધુ માર્ગદર્શન અને ભાવિ ગાઈડ લાઈન આપે.

મુખી બાપાએ ઉભા થઈ જણાવ્યું ''મારામાં ગાઈડ લાઈન આપવાની યોગ્યતા તો નથી પણ અનુભવના આધારે મારો મત આપું છું. આપણે દર વર્ષે જે આપણા ધંધામાંથી ભગવાનનો ભાગ કાઢીએ છીએ. તે કાઢવાનું કોઈ ચુકતા નહિં. એ આપણા ધંધારૂપી ડેમની ઓગન છે, અને તમે જોયું હશે, મેં તો ઘણી જગ્યાએ જોયું છે, જે ડેમ કે તળાવમાં ઓગનની વ્યવસ્થા નથી હોતી તે ડેમ તળાવ સલામત નથી હોતાં. એટલે મારી સૌને વિનંતી છે, ઓગન બંધ ન કરતાં, અને ગીતાના સત્તરમા અધ્યાયમાં શ્લોક નંબર ૨૦-૨૧-૨૨ માં

સાત્વિક રાજસ, અને તામસ દાન વિષે સરસ સમજાવ્યું છે, તો શક્ય હોય ત્યાં સુધી આપણું દાન સાત્વિકદાનની પરિભાષા મુજબ થવું જોઈએ. આ રીતથી ધર્માદાધન વાપરતાં રહેશો તો તમારૂં ધંધારૂપી તળાવ સદા ચોખ્ખુ ચણક, ભરેલું અને સલામત રહેશે.

આપણી જનરલ સમાજમાં હાલમાં સમયને અનુરૂપ ઘણાં બધાં કામ કરવા જેવાં છે. તેમાં પાયાના કામને પ્રાથમિકતા આપવી જોઈએ.આપણી સમાજને મુકેશ અંબાણી કે અદાણીની જેટલી જરૂર છે, તેના કરતાં રાજા રામમોહનરાય, દયાનંદ સરસ્વતી, સહજાનંદ સ્વામી, સ્વામી વિવેકાનંદ, જ્યોતિબા દૂબે, વિર નર્મદ, કેશવલાલ શેઠ, ઓધવજી બાપા, જુનાગઢના મોલા પટેલ, કડી-કલોલના છગનભા (પટેલ) જેવા આદ્ય સુધારકોની વધુ જરૂર છે જે સમાજને ચીલા ચાલુ ધર્મ રૂપ અફીણના ઘેનમાંથી સમાજને બહાર કાઢે. આજે આપણી સમાજને ધાર્મિક આગેવાનની જે જરૂર છે. તેના કરતાં સમાજને વધુ જરૂર છે પૂ. દાદા જેવાની કે જેણે આપણી સમાજમાં એકપણ વ્યક્તિની ધાર્મિક લાગણી દુભાવ્યા વગર ઘેર ઘેર ત્રિકાળ સંધ્યા ગુંજતી કરી પૂ. દાદાએ વગર ઝુંબેશે ઋષિસંસ્કૃતિના વિચારોનું પુનઃ સ્થાપન કર્યું.

પૂ. દાદાએ સ્વામી વિવેકાનંદની જેમ એવા સતત પ્રયત્ન કર્યા છે કે આપણે એક વીર પ્રજા છીએ, આપણા પૂર્વજ એવા ઋષિઓનો સાંસ્કૃતિક વારસો નજર સમક્ષ રાખી, આપણી પેઢીમાં ખુમારી અને અસ્મિતા નિર્માણ થાય. પ્રજામાં (માણસોમાં-સમાજમાં) પરસ્પર દેવો ભવનો ભાવ નિર્માણ થાય, માતાપિતા પ્રત્યે કૃતજ્ઞતા ભાવ જળવાઈ રહે, ભાઈઓમાં રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન જેવો ભાવ પ્રગટે. એવા સંસ્કારમાં પણ ધ્યાન આપવા પર ભાર મુક્યો.

આપણી સમાજને બીજી જરૂર છે કડી વાળા છગનભા જેવા દિર્ધદ્રષ્ટા આગેવાનની જેણે એની સમાજ અને આખા પંથકને શિક્ષણના તેજથી પ્રકાશિત અને પલ્લવિત કર્યો . આપણી સમાજે પણ શિક્ષણમાં ફોકસ કરવું પડશે. શિક્ષણ એ સમૃધ્ધિનો પાયો છે. શિક્ષણ એ કલ્પવૃક્ષ છે. જે સમાજમાં શિક્ષણ વધે છે, તે સમાજમાં વહેમ, અંધશ્રધ્ધા, અતિધર્મ, વ્યક્તિપુજા વગેરે

ઓટોમેટીક અદ્રશ્ય થઈ જાય છે. માટે સમાજના આગેવાનોએ અન્ય કાર્યક્રમોમાં ધ્યાન ઓછું કરી, માત્રને માત્ર શિક્ષણમાં ફોકસ કરશે તો પછી બીજું કંઈ કરવું નહીં પડે.

ભાઈઓ બહેનો અને બાળકો હું આજથી તમામ ક્ષેત્રે નિવૃત થાઉં છું, ત્યારે નવા આગેવાનની પસંદગી વખતે ધ્યાન રાખજો સમાજને જમાનાને અનુરૂપ કેવા આગેવાન જોઈશે ! આજે સમાજને "મામકા પાડવાશ્ચૈવ" ની ભાવનાવાળા ધૃતરાષ્ટ્ર જેવા સ્વાર્થી વડીલ રાહબરની જરૂર નથી. એમ થશે તો મહાભારત સર્જાશે. આજે જરૂર છે વિદુર જેવા વિદ્વાન અને સમજણ પચાવેલ વડીલ માર્ગદર્શકની, જેની રાહબરી નીચે સમાજની એક પણ વ્યક્તિ પોતાની એનર્જી બિન ઉપજાઉ મુદ્દે ન બગાડે અને માત્રને માત્ર સર્વાંગી વિકાસમાં વાપરશે તો જ સમાજ પ્રત્યે દરેકનો હૃદય પૂર્વકનો લગાવ જીવંત રહેશે અને સમાજમાં પરિવાર ભાવના પ્રગટશે. ટૂંકમાં સમાજને સાચા રૂપમાં સંયુક્ત પરિવાર જેવો આદર્શ સમાજ બનાવવાની જેનામાં ધૂન હોય એવાને સમાજનો આગેવાન બનાવશો તો સમાજમાં જરૂરથી રામરાજ્ય આવી જશે.

બસ, વધુ ન કહેતાં મારા સમય દરમ્યાન જાણે અજાણ્યે મારાથી કોઈનું કંઈ અહિત થયું હોય, કોઈની કંઈ લાગણી દુભાઈ હોય તો સૌને હાથ જોડી માફી માગી વિરમું છું.

જ્યોતિનો પત્ર

માનનીય પ્રમુખબાપાશ્રી,

જોગ, તમે માવિત્રોની પસંદગી અને મરજીથી સતપંથમાં પરણાવેલી દિકરી, જેને સમાજના આદેશથી અસ્પૃશ્ય જેવી ગણી, જેના ઘરનું સનાતનીઓથી અન્નગ્રહણ ન કરાય એવી માનસિક રીતે તિરસ્કૃત, ગરીબ ઘરની દિકરી જયોતિના ઘણા જ હેતથી જય યોગેશ્વર

બાપા, હાલમાં તમે સમાજના પ્રમુખ છો, તેથી મને તમારી પાસે એક સનાતની ગરીબ ઘરની દિકરી કે જે આવી સ્થિતીમાં હું એકલી નથી પણ મારા જેવી આપણા સમાજમાં અસંખ્ય બહેનો છે. આવી બહેનોના અને દિકરીઓના ઝખ્મી દિલની સૌના વતી હું હૈયા વરાળ કાઢું છું.

પ્રમુખ બાપા, હું નાની છું કયાંક સંજોગોમાં ઘેરાયેલી, માનસિક પરિતાપના આક્રોશ થકી, નાના મોઢે મોટી વાત થાય ને મર્યાદા ભંગ થાય તો દિકરી સમજી માફ કરજો.

બાપા, આપણી મોટી સમાજે શ્વેત પત્રમાં ૧૮ મી કલમના અમલની વાત કરી છે. આ શ્વેત પત્રની વાત સો ટકા સાચી વાત છે. અને તેના અમલ માટે હું સાદર ટેકો જાહેર કરૂં છું. અને હાં બાપા, હું સનાતની બાપની દિકરી છું. એટલે આવું માનું છું, એવું રખે માની લેતા. બલ્કે મારા સાસરાં પરિવાર અને માટાભાગનાં સતપંથ પરિવારોમાં ઘરડા વડીલો સિવાય બધાં એમ જ માને છે કે આપણે જન્મે હિન્દુ છીએ, તેથી જન્મથી મરણ સુધીના તથા મરણોત્તર તમામ સંસ્કારો અને વિધિઓ હિન્દુ સંસ્કૃતિ અને શાસ્ત્રો અનુસાર જ થવાં જોઈએ. એવું ચુસ્તપણે માનીએ છીએ. અને તેનો અમલ પણ થાય છે. કરીએ છીએ.

બાપા, તમને એમ થશે, તો પ્રશ્ન કયાં છે ? હું પણ તમને એજ પ્રશ્ન પુછું છું કે તો પ્રશ્ન કયાં છે. ? અને એ પ્રશ્નનું મૂળ કયાં છે ? બાપા, આ પ્રશ્નનું મૂળ

છે, મુત્સદી માણસોના વ્યક્તિગત અહમમાં, વ્યક્તિગત ઝગડાઓમાં અને વ્યક્તિગત ધંધાકીય હરીફાઈમાં તથા સંસ્થાકીય અને રાજકીય આગવાનોની મેલી હરિફાઈમાં !! બાપા તમે વડીલ છો, મારા બાપુજી એમ કહેતા પ્રમુખશ્રી એટલે સમાજની તમામ વ્યક્તિઓના પિતા. પિતાએ તેનાં તમામ બાળકોને સરખાં રાખવાં જોઈએ. કદાચ કોઈ દિકરો જીદ્દી, કજીયાળો અને વાત રખો હોય અને વડીલોની માન મર્યાદા ઓછી જાળવતો હોય કે કહ્યું ઓછું કરતો હોય, તો પણ પોતાના વારસામાંથી પિતા તેને ભાગ સરખો જ આપે છે. તે દિકરાના નામની પાછળ તેનું પોતાનું નામ જોડાયલું છે. તેથી તેને સરખો ભાગ દેવાની બધી જવાબદારી પિતાની થાય છે.

પ્રમુખબાપા, મને એમ લાગે છે મોટી સમાજના શ્વેતપત્રના ઓઠાં હેઠળ સ્થાનિક સમાજોમાં જે રંધાય છે (બને છે),. તે કદાચ તમને ખબર નહી હોય !! તેમાં વ્યકિતગત મતભેદ, વ્યક્તિગત અહમ, સમાજિક, રાજકીય અને કયાંક ધંધાકીય હરિફાઈ અને પ્રતિસ્પર્ધીને પછાડવાના મેલા કાવાદાવા કારણભૂત હોય તેવું મને દેખાય છે. ઠીક છે, પરિવાર હોય ત્યાં બધાનાં સ્વભાવ અને વાણીવર્તન સરખાં ન પણ હોય, છતાં બાહોશ બાપની ફરજ છે કે તેના દિકરા, તેના બાપની જાણમાં કે છુપાઈને જે કંઈ કરી રહ્યા હોય તે બાપાની નજરમાં હોવું જોઈએ. અને જે બાપ આવી કેટલીક બાબતે આંખ આડા કાન કરે છે, તેને લાંબાં ગાળે પસ્તાવાનું આવે છે. આવું આપણે ઘણા સમાજોમાં જોઈએ છીએ.

બાપા, અમારા પડોશીનો દાખલો આપું, એ બાપના દિકરા ખૂબ હોશિયાર અને મોટી કંપનીઓ સાથે કામ કરે. તેથી તેને કંપનીના સાહેબો જોડે કંપની આપવા પાર્ટીમાં બેસવું પડે. અને તેમ કરતાં એના દિકરાઓ આપણી સમાજને ન શોભતું બધું શીખી ગયા. બાપને કયાંકથી જાણ પણ થઈ, છતાં કેટલાક પ્રકારના ફાયદાના લોભમાં-મતલબમાં તેણે તે સમયે આંખ આડા કાન કર્યા, પછી એ રોગ ખૂબ આગળ વધી ગયો. ને એક દિવસ આ બધું કંન્ટ્રોલ બહાર જતું રહ્યું. આખરે પસ્તાવાનો વારો આવ્યો અને ધ્યાન આપ્યું ત્યારે મોડું થઈ ગયું હતું.

ત્યારે બાપાને થયું કેટલાક ફાયદાના લોભમાં ન પડયા હોત, તો તે સમયે

દર્દને ઉગતું ડામવા સાવધાન થયા હોત તો આજે પસ્તાવું ન પડત, પણ હવે આમ પાણી વહી ગયા પછી પાળ બાંધવાનો કોઈ અર્થ નથી. બાપા સમાજમાં હમણાં ચાલતાં આ પગલાંથી આવું ન થાય એ જો જો. !!!

બાપા, આપણી એક નાની (સ્થાનિક) સમાજે એક એવો ઠરાવ કરેલો છે, જે મને અને મારા જીવનને લાગું પડે છે, તેથી રડીરડીને મજબૂર થઈ, આ પત્ર લખવા પ્રેરિત થઈ છું. એમાં એ સમાજે એવું ઠરાવ્યું છે કે જુના સંબંધોમાં આવતા સામાજીક વ્યવહારો જેવા કે લગ્ન, મામેરું તથા બોલામણું (જિયારું) વગેરે પ્રસંગોમાં જઈ આવી શકાશે, પરંતુ તેવા પ્રસંગોના જમણવારમાં ભાગ લેવો નહીં "ટુંકમાં ઘેર પ્રસંગે જવું પણ જમવું નહિં, તો આ તમારો કયાંનો ન્યાય છે.? હું એમ પુછું છું બાપા, અમોએ અમારી ઈચ્છા મુજબ સતપંથી પરિવારમાં લગ્ન કર્યા છે કે પરિવારે પરિવારની મરજી મુજબ અમને પરણાવી છે? જો પરિવારની સંમતિથી પરણાવી છે, તો આજે એ જ દિકરીના ઘરનું અન્નત્યાગ કરો છો અને કરાવો છો. ત્યારે એ દિકરીના દિલને કેટલું દુઃખ થતું હશે. તેનો વિચાર કર્યો છે ? !!!!

પ્રમુખબાપા, અમને દુઃખ એ વાતનું છે કે આપણો સમાજ શુભ પ્રસંગાએ નિયાંણીયુંને પહેલાં યાદ કરે, પહેલું તેનુ શીયાતર (ભાગ-થાળ) કાઢે, નિયાણીયુંને પ્રથમ જમાડે, પછી પરિવાર જમે, એ આપણા બાપદાદાના સંસ્કાર અને સંસ્કૃતિ હતી. તે પરિવાર આવા નિયમો કરે તે માનવામાં નથી આવતું ! વળી આ નિયમો જાણી કેટલાક વડીલો અને અનુભવી માણસો કહે છે. આ નિશાની સમાજની પડતીની નિશાની છે.!!!

અમારી, આવી દિકરીઓની કકળતી આંતરડી તમને આ પગલાં બાબતે કયારેય માફ નહીં કરે અને ભગવાન પણ માફ નહિં કરે. તમને આ નિયમો બનાવનારને......

બાપા, આગળ મારાથી નહિં લખાય, કારણ હું તમારી દિકરી છું, બહેન છું. બાપા, હું નાની છું એટલે તમને વિનંતી કરું છું. દિકરીઓની, નિયાણીયુંની આંતરડી ન કકળાવો તો સારુ!!!

બાપા, મારો પરિવાર સતપંથ સંપ્રદાયમાં છે, અમારા સતપંથી પરિવારના સંસ્કાર, રીત-રિવાજ, વાણી-વર્તન, વિનય-વિવેક, માન-મર્યાદા,

ધર્મ ભાવના અને પરિવાર ભાવના વગેરે સનાતન પરિવારથી જરાપણ ઉતરતાં નથી, બાકી તો એક પરિવારમાં પણ બધાંના સ્વભાવ, બુધ્ધિ કે સંસ્કાર કયાં સરખા હોય છે ? કે આવડી મોટી સમાજમાં હોય !! કોઈએવું હોય પણ ખરૂં!! છતાં બધાંએ મોટાં મન કરીને સહહ્દયતાથી જીવવું, એ સમજદારી અને સંસ્કાર કહેવાય.

બાપા, તમે આમ સતપંથી પરિવારોથી છેડો ફાડી નાંખશો તો શું થશે ? વિચાર કર્યો છે ખરો ? આ રીતે જુદો પડતો સમાજનો આ ટુકડો સમાજથી છુટો પડશે તો ભવિષ્યમાં આ સમાજ સાથે કયારેક જોઈન્ટ નહિં થઈ શકે. આ રીતે છુટા પડેલા સમાજના આવા આ ટુકડાને ફરી કયારેય સમાજ સાથે એક સુત્રમાં બાંધી નહીં શકાય. આપણા અભણ પણ સંપ અને સંગઠનનું મહત્વ સમજતા સુસંસ્કારી અને દૂરંદેશી પૂર્વજો અને વડીલાની અખંડ સમાજની સફળ કલ્પના, સફળ ગોઠવણીની મહેનત, ઝુંબેશ અને સફળતા પર પાણી ફરી જશે.!!!

વળી આ રીતે ભાઈથી બહેનને, ભાઈથી ભાઈને, કાકા થી ભત્રીજાને અને દાદાથી પૌત્રાને જુદા પાડવાનું પાપ તમે કાં વહોરો છો ? એના કરતાં પહેલાં જેમ ચાલતું હતું તેમ ચાલત તો શું ખોટું હતું ? જુઓ છેલ્લા ૪૦-૫૦ વર્ષમાં શું થયું છે. એ તમે જોયું જ હશે ને, હજી જેમ જેમ સમય જાય, શિક્ષણ વધે અને પેઢી બદલે તેમ તેમ ક્રમશઃ પરિવર્તન આવતું જશે. આ વાત પાટીદાર સંદેશ ૧૦-૪-૨૦૧૨ ના અંક મુજબ તમો પણ કબૂલો છો. વળી સનાતન સાચી અને સારી વસ્તુ છે, તો માણસોને જરૂર આકર્ષિત કરશે. આ બાબતે આપણામાં ધીરજ અને આત્મવિશ્વાસ હોવો જોઈએ.

બાપા, સમાજ સુધારકે ધિરજ રાખવી પડે. આજને આજ પરિણામની અપેક્ષા રાખનારને સમાજ સુધારક ન કહેવાય. અધિરાઈથી "આજ નહીં તો કયારેક નહીં" એ વાત મને મગજમાં બેસતી નથી. આ વાત અને થીયરી આજથી ૪૦-૫૦ વર્ષ પહેલાંના મોવડીઓ અને સુધારકોએ કરી હોત, ને અમલ કરાવ્યો હોત, તો સનાતન સંપ્રદાયનો જે આજે વિસ્તાર થયો છે, તે આટલો વિસ્તાર થયો હોત ખરો ? અત્યારની ઘણી બધી સમાજોના આગેવાનો સતપંથમાં જ હોત.

તે વખતે વર્તમાન થીયરી મુજબ સમાજના દરવાજા બંધ ન કરીને. જે તે સમયના પોઝીટીવ માનસ ધરાવતા એ આશાવાદી વડીલોએ દુરંદેશી વાપરી હતી. અને એનું પોઝીટીવ પરિણામ પણ મલ્યું છે. એવું તમો ખુદ કબુલો પણ છો ? ત્યારે એ વડીલોની થિયરીનું અનુકરણ હજી ચાલુ રાખવામાં શું નૂકશાન હતું ? હમણાં હમણાં આ રીતે સનાતન સમાજના દરવાજા બંધ કરવાના થતા પ્રયત્નોને તમારી વર્તમાન ટીમના પ્રયત્નોથી રોકી શકશો તો આપણા સમાજની આવનાર પેઢીઓ, તમારી અને તમારી ટીમની સદીઓ સુધી ઋણી રહેશે. અને તમારો જયજયકાર થશે.

તે વખતે પણ કેટલાક યુવાનોને આવા વિચારો આવ્યા હતા. પણ તે સમયના ડાહ્યા અને ઠરેલા વડીલોએ ડહાપણ વાપરીને, તે યુવાનોને સમજાવી, તેની શક્તિને શિક્ષણ અને બિઝનેસ મેનેજમેન્ટમાં વપરાય એ રીતે ડાયવર્ટ કરાવી શકયા હતા. તો જુઓ આજે પરિણામ નથી દેખાતું ?

સંયુક્ત પ્રયત્ન થકી શિક્ષણ ક્ષેત્રે ઘણું સારું કામ થયું છે. છતાં હજીપણ ઘણું બધું કરવાનું બાકી છે. આજે સનાતનની ઝુંબેશ ચલાવતા મારા યુવાન ભાઈઓને આવા કામે લગાડો અને તેની એનર્જીનો પોઝીટીવ સદ્ઉપયોગ કરવા આવા કામે જોંતરો.

જેના હૈયે સમાજનું હિત હોય તેવા મારા ભાઈઓને વહેમ, અંધશ્રધ્ધા, અતિશ્રધ્ધા, અતિધર્મ, વ્યક્તિપુજા, ખોટી દેખા દેખી, ખોટાં વ્યસનો સામે જાગૃતિ તથા સમાજમાં શિક્ષણ અને સંસ્કાર વધે, મહિલા જાગૃતિ વધે, કન્યાભ્રુણ હત્યા બંધ થાય એવાં કામે લગાડો. આવું કરાવી શકશો તો સમાજમાં ખરેખર તમારો અને એ યુવા શક્તિનો જયજયકાર અને સમાજનું રીયલ કલ્યાણ થશે. અત્યારે ચાલતી પ્રવૃત્તિથી સમાજમાં ગણ્યા ગાંઠયા માણસો સિવાય કોઈ તમારા ગુણગાન નથી ગાતું. બલ્કે મધ્યમ માર્ગી બહૂમતી વર્ગ તમારા નામ ઉપર ફિટકાર વરસાવે છે. આ કડવું પણ સત્ય છે. પણ ખારા લાગવાની બીકે તમને મો ઉપર સાચી હકિકત કોઈ કહેતું નથી.

પ્રમુખબાપા, તમારા બે દિકરા હોય અને એમાં કોઈ એક દિકરો કોઈ કારણસર રસ્તો ભુલ્યો હોય, તેની લાઈન સારી ન હોય અને તમારા પરિવારને ન શોભતાં કામ કરતો હોય તો તમો તેનાથી કંટાળી એકદમ છેડો ફાડી નાંખી

ઘર બહાર કાઢી મુકશો કે જાતે અથવા કોઈ સારા માણસ કે તમારા કુળગુરૂ કે સંતના માધ્યમ દ્વારા તેને સુધારવા, લાઈન પર લાવવા પ્રયત્ન કરશો ?

તમને એ દિકરા પ્રત્યે એક વખત ગુસ્સો અને પુર્વગ્રહ હોય, તો પણ તમને તમારા પૌત્ર અને વહુનો વિચાર આવશે જ. આવું બન્યું હોવા છતાં તેમાં એનો શું વાંક છે? તેના ભવિષ્યના સુખનો વિચાર કરવો તમારી પવિત્ર ફરજ થાય છે. માર્ગ ભુલેલા એ દિકરાને લાઈન પર લાવવા આશાવાદી થઈ હૃદયપૂર્વક પ્રયત્નો કરશો તો એ દિકરો એક દી ચોક્કસ સુધરી જશે. આવા દાખલા આપણા આ સમાજમાં તમે જોયા હશે અને મેં પણ જોયા છે.

વળી અહીં તો માત્ર સંપ્રદાય અને રિવાજની વાત છે. કોઈ હલકી અને અશોભતી લાઈન અને કુસંસ્કારની વાત નથી. તો આવું આપણી સમાજ માટે ન વિચારી શકાય?

બાપા, મારી તમને છેલ્લી વિનંતી છે, જે આજે થાય છે, તેને તાત્કાલિક રોકો. નહિ તો તેના દૂરોગામી પરિણામો બહુ જ દુ:ખદ અને ભયંકર આવશે.જયાં તમામ કડવા પાટીદારો ગોળ પૃથા ભૂંસીને એક થવાનું વિચારતા હોય અને તેનાથીયે આગળ વધીને કડવા તથા લેવા પાટીદારો એક થવાના સંમેલનો યોજતા હોય, તેમાં આપણે સૌ હાજરી આપીએ, દરમ્યાન ''પાટીદારો એક થશે, તો પાટીદારોનું સામાજીક અને રાજકીય તથા તમામ ક્ષેત્રે ભવિષ્ય ઉજળું હશે. અને પાટીદારો વિશ્વ વિજેતા હશે.'' આવી વાત કરનારને આપણે જ તાળીઓથી વધાવીએ છીએ ને વળી આપણે એજ, આપણા ખોબા જેટલા સમાજમાં માત્રને માત્ર ગણ્યાગાંઠયા ભાઈઓની વ્યક્તિગત પ્રતિશોધ જેવી લાગતી વાતમાં સાર અસારનો અને લાંબો વિચાર કર્યા વગર હા માં હા મેળવી આપણી સુખી, સંસ્કારી અને સંપીને રહેતી આદર્શ સમાજના બે ટુકડા કરવાનું તમારા હાથે, તમારી છત્ર છાયા અને તમારી સિક્યુરીટી નીચે બહુ મોટું ખોટું અને ખરાબ કામ થઈ રહ્યું હોય એવું મને અને બહુમતી મધ્યમવર્ગી સમાજજનને લાગે છે. આ મારી વાત કયારેક પરમ નિરાંતના સમયે તમારા આત્માને પૂછી જોજો, મારી આ વાતમાં કેટલી સચ્ચાઈ છે ? એનો સાચો જવાબ તમારો આત્મા જરૂર આપશે. આપણા શાસ્ત્રો અને સંતો એટલે જ આત્માને પરમાત્મા કહે છે.

બાપા, આ સાથે તમને એક પુસ્તક વિદુરનીતિ વિવેચન મોકલું છું એમાં પરિવારના, સમાજના, ગામના અને રાષ્ટ્રના વડાની ફરજો અને ફરજચુકથી ઉભી થતી પરિસ્થિતિ અને પરિણામ વિષે મહાત્મા વિદુરજીએ પાંચ હજાર વર્ષ પહેલાં મહારાજા ધૃતરાષ્ટ્રને જે સલાહ આપી હતી તેની વાત છે.

વિદુરજીની લાલબતી છતાં મહારાજા ધૃતરાષ્ટ્રે પુત્ર મોહમાં વિદુરજીની સલાહની અવગણના કરી હતી,. તેથી જ મહાભારતનું યુધ્ધ અનિવાર્ય બન્યું હતું, અને મહાભારતનું યુદ્ધ થયું.

દુનિયાના ઈતિહાસમાં થયેલાં મોટા ભાગનાં યુદ્ધો રાજા કે આગેવાનોની જીદ અને અહમના કારણે લડાયાં છે. પણ તેનાં પરિણામ સામાન્ય પ્રજાને અને તેમાં પણ નિર્દોષ સ્ત્રીઓ અને બાળકોને વધુ સહન કરવું પડયું છે એમ ઈતિહાસ કહે છે. બાપા, આનો જરા ખ્યાલ રાખજો.

પ્રમુખબાપા, મારા દાદા કાયમ કહેતા, ગમે તેવા કુર સ્વભાવનો બાપ હોય તો પણ જો તેની દીકરી દુઃખી હોય તો તેની રડતી દીકરીનાં ડુસકાં ભલે તે હજારો કિલોમીટર દુર હોય છતાં રાતની શાંતિમાં તેને સંભળાતા હોય છે અને જે બાપને દુઃખી દીકરીના ડુસકાં નથી સંભળાતા તે બાપ બાપ નથી.

તમને તો ભગવાને અને સમાજે અસંખ્ય દીકરીઓના બાપ બનાવ્યાં છે. તો તમને એમાંથી મારા જેવી એકાદ દીકરીના ડુસકાં પણ ન સંભળાતા હોય તો મારે તમને કયા પ્રકારના બાપ કહેવા.

બાપા, બળતા જીવે અને દુઃખી લાગણીથી કદાચ વધુ લખાયું હોય તો માફ કરજો અને વિનંતીથી ફરી ફરી કહું છું. જયારે જયારે તમને નિરાંત હોય ત્યારે મારા લખેલા તમામ મુદ્દા ઉપર નિરાંતે તટસ્થ ભાવે વિચારજો. મારી વાતમાં કેટલી સત્યતા છે ? તમારો આત્મા તેનો જરૂર જવાબ આપશે.

એજ લી. તમારી સનાતનીની દિકરી
પણ હાલમાં સતપંથી જ્યોતિના જય યોગેશ્વર.

સમાજ ભક્તિ

મોબાઈલની રીંગ વાગતાં અનિલે નંબર જોઈને કોલિંગ કર્યું-

''હેલ્લો - જય લક્ષ્મીનારાયણ''

''જય લક્ષ્મીનરાયણ''

''બોલ કિરણ શું ચાલે છે ?''- અનિલ

''શાંતિ છે દોસ્ત ! કેમ છો ? '' ઘરે બધાં મજામાં ને ? -કિરણ

''બિલકુલ મજામાં, ત્યાં બધાં મજામાં છે ને ?'' - અનિલ

''બિલકુલ, બિલકુલ,એકટીવીટીમા શું ચાલે છે ?'' કિરણ

''ખાસ છે નહિં, તું જણાવ''- અનિલ

''બસ કંઈક જણાવવા માટે જ ફોન કર્યો. વાત કરી શકું છું ?'' - કિરણ

''બોલ, બોલ નવરો જ છું, કામકાજ તો બધું સુમિતે સંભાળી લીધું છે ?''

- અનિલ

''અનિલ, આપણા ગામમાં જન્માષ્ટી ઉપર અમારી સાથે જે બન્યુ તે જાણ્યું ને ? તું કાયમ અમને કહેતો એટલે અમે તારું કહ્યું માન્યા પણ તે જોયું ને શું થયું ? સામેવાળાનું સ્વમાન ઘવાય એવું શા માટે કરો છો ? અનિલ સમાજનાં કામ આ રીતે ન કરાય. આપણા ગામની સમાજે અમારી સાથે સારું વર્તન નથી કર્યું . અનિલ, તને કેમ લાગે છે ?''

''કિરણ, થોડું ખોટું તો થયું છે ! પણ આતો સમુહનું કામ હતું ને ! આમાં મારો અવાજ કેટલો સંભળાય? હું તો માત્ર મારો મત રજૂ કરી શકું !- અનિલ

''હું કયાં તારો વાંક કાઢું છું ?'' પણ એટલું તો તમને સનાતનીઓને પુછું છું. તમારી આ રીત સમાજ સુધારવાની છે કે એ બહાને કોઈને હેરાન કરવાની છે? કોઈનું અપમાન કરવાનું છે કે કોઈનું અંગત વેર વાળવાનું છે?''

''અરે છોડને કિરણ, એમાં ફરી આપણે મગજ અને સમય નથી

બગાડવો. એ ભેજાંમારી પછીથીએ હવે કંઈ વળવાનું નથી.''

અનિલ, એ ભેજાંમારીથી હવે કંઈ વળવાનું નથી, પણ અમે તો કંઈક વળે એવું શોધ્યું છે. એનાથી તમારી સમાજના સિધ્ધાંત, ઝુંબેશ અને લક્ષ્યનો પોલ ખુલી જશે, કે સમાજ સુધારણા અને પરિવર્તનના નામેઅહીં તો માત્ર અંગત રાગદ્વેશ અને અંગત વેર વાળવાની વૃત્તિ કામ કરે છે. સાંભળ તને....

અને અનિલને કિરણનો અવાજ સંભળાતો બંધ થઈ ગયો અનિલે હેલ્લો હેલ્લો ચાલુ રાખ્યું અને જોયું તો પોતાના મોબાઈલની બેટરી ડાઉન હતી, સાથે ઓફિસમાં ચાર્જર પણ ન હતું.મનમાં બોલ્યો, ચાલો પછી વાત કરીશું.

અનિલના મગજમાં ગામની સ્થાનિક સમાજમાં કિરણને એન્ટ્રી દેવા બાબતે પડેલ મડાગાંઠ બાબતે વિચોરાનાં વમળ ચાલું થયાં. એને લગભગ બાર પંદર મહિના પહેલાંના બનેલા બનાવો યાદ આવ્યા.

કેન્દ્રિય સમાજના સ્વર્ણિમ મહોત્સવ પછી આવેલાં સાંપ્રદાયિક વાવાઝોડાં પછી કિરણ અને તેની બેઠકના કેટલાક સતપંથી મિત્રોએ તેના વડિલોને સમજાવ્યા અને એ સમજુ વડિલો સમય ઓળખીને સમજી પણ ગયા. જો કે કોઈ પણ માણસને ગળગુંથીમાંથી મળેલા કોઈ પણ સંસ્કાર તે જલ્દી ભૂલી શકતો નથી. વળી આ તો ધાર્મિક સંસ્કારો, આ સંસ્કારો તો માણસથી જીવવનના છેલ્લા શ્વાસ સુધી પોતે ભુલવા ચાહે તો પણ ભૂલી શકાતા નથી.!!! એ મનોવિજ્ઞાનનો નિયમ છે. મનમાં જે પણ ભાવ હોય, તે છતાં બધા વડિલોએ હસ્તે મુખે હા વાળી. અને ગામની સનાતન સમાજમાં દાખલ થવા બધા ભાઈઓએ સમુહમાં અરજીઓ કરી.

આ પગલાંથી કિરણની બેઠકના ઘણા સનાતની મિત્રો ખુશ થયા. જો કિરણ અને એમનું આ ગ્રુપ આમ ન કરત તો તેમના સનાતની એવા લંગોટીયા મિત્રોને સમાજ કયાંક કયાંક એવું પણ કહેતી થઈ હતી કે એ સતપંથીઓ સાથે સંબંધો ઓછા કરી નાખવા પડશે, આ બધી આવતી આફતથી કિરણ અને તેના ગ્રુપે કરેલી અરજીઓએ બધાંને ચિંતા મુક્ત કરી દીધા.

અનિલની આ ચિંતા મુક્ત સ્થિતિ લાંબો સમય ન ટકી. જન્માષ્ટમી ઉપર આવતી ગામની સનાતન સમાજની જનરલ મિટીંગમાં કિરણ અને તેના

ગ્રુપનાં બધાં પરિવારોની અરજીઓ રિજેકટ કરવામાં આવી. તેને એમ કહેવામાં આવ્યું, "તમે એકલા આવશો તો તમને એન્ટ્રી નહિં મળે. તમે તમારી સાથે તમારા કાકા બાપાને લઈ આવો."

"તમે કહો છો એ વાત સાચી છે, પણ અમારા કાકા બાપા બધા વર્ષોથી ઘરમાંઅને ધંધામાં જુદા છે. એને અમારાથી સમજાવાય પણ દબાણ તો ન કરાય, છતાં અમો બધા આવીએ છીએ તો ધીમેધીમે એ પણ વિચારશે"- કિરણના ગ્રુપના બધા ભાઈઓએ ખૂબ નમ્રતાથી આ પ્રમાણે વાત કરી, પણ ગામના કેટલાક યુવાનોએ આ વાતનો વિરોધ કર્યો.

"ધીમે ધીમે અને વિચારશે તે નહિં ચાલે. તમને આવવું હોય તો તેને પણ અત્યારે જ તમારી સાથે લઈ આવો. ને એ ન આવે તો તમને એન્ટ્રી નહિં મલે. એ તમારો અંગત પરિવાર છે, તેથી પાછળથી ખોટાં મનદુઃખ ઉભા થશે."

આ વાક્યો સામે કિરણ અને તેના ગ્રુપે ખૂબ નમ્રતાથી ફરી ફરી વિનંતીઓ કરી, પણ સનાતની યુગાવર્ગ ન પીગળ્યો તે ન જ પીગળ્યો. અને ઉપરથી કયાંક કયાંક એવું પણ સાંભળવા મલ્યું કે "આ તો સગપણ સાંતરાંમાં અટક્યા છે એટલે આવ્યા છે. આમ ખરેખર એન્ટ્રી ન મલે. અને એન્ટ્રી દેતાં પહેલાં તેની બે વર્ષ સુધી વફાદારીની ચકાસણી કરશું. પછી જ એન્ટ્રી આપશું" અને આ રીતે તે બધી જ અરજીઓ રિજેકટ કરવામાં આવી.

અનિલને તે વખતે થયું પણ ખરું કે આનું અંગત કારણ હોય કે જે પણ હોય તે પરંતુ આમાં આપણાવાળાની આડોડાઈ જ કહેવાય, એ તો સાચું જ. અને આ રીતે ના કહીને સરવાળે તો તે સનાતનને થતો સંખ્યાનો ફાયદો જતો થયો કે નહિં ? ખરેખર ડહાપણ તો એ છે કે ગમે તેરીતે સનાતનમાં આવે તેને આવકારવા જોઈએ. તેઓ આવ્યા પછી તેના ભાઈઓ પણ વિચારશે જ.

આથી પહેલાં કોઈ સમુહમાં નથી આવ્યું. સ્વયંભુ રીતે અને અલગ અલગ જ આ રીતે આવ્યાં છે. છતાં ૫૦ વર્ષ પહેલાં અલ્પ સંખ્યક સનાતનીઓ આજે કોઈ પણ ઝુંબેશ વગર બહુ સંખ્યક બની ગયા છે. અનિલે કેટલાક લોકોને પોતાના દિલની અને આ ગણિતની વાત પણ કરી. પરંતુ કોઈએ તેની વાતને ટેકો ન આપ્યો. ઉલ્ટાનું તેને સતપંથીઓનો પક્ષ લેનાર, તેની વકિલાત કરનાર

એજન્ટ, દહી-દુધવાળો મવાલ કહેવા લાગ્યા. અનિલે બળતા જીવે આ ચર્ચાઓ છોડી દીધી.

કેટલોક સમય ગયો. અનિલ અને તેના જેવું વિચારવાળા કેટલાક ભાઈઓએ થોડી ચર્ચાઓ કરી. આમ તો એની વાત આ જુવાળમાં કોઈ સાંભળે પણ નહિં, છતાં કલકત્તા વાળા ખીમજીભાઈ વગેરેએ રજૂઆત કરી. તેથી કોઈ વિરોધ ન કરી શક્યું. ગઈ સાલવાળાં પરિવારો એ રીતે આવતાં હોય તો આપણામાં લઈ જ લેવાં. આ બધાં પરિવારોને ફરીથી અરજી કરવાં જણાવ્યું.

કિરણ અને બધાં પરિવારોએ ફરીથી અરજી કરી. કારોબારી મીટીંગમાં ખીમજીભાઈની વાત અને રજૂઆત સામે ખાસ કોઈ બોલ્યું નહિં અને જન્માષ્ટમીની જનરલ મીટીંગ વખતે મંજુરી મેળવી લઈ સનાતન સમાજના સભ્ય બનાવી સનાતની બનાવી દેવા. આ રીતે કારોબારીમાં નક્કી થતાં તેઓને જણાવવામાં આવ્યું કે જન્માષ્ટમીની જનરલ મિટીંગના દિવસે બપોર સુધી ગામમાં આવી જજો. બપોર પછીની જનરલ મિટીંગમાં બહાલી મળી જશે.

કારોબારી મિટીંગ અને જનરલ મિટીંગ વચ્ચેના બે મહિના બધાંને બહુ લાંબા લાગ્યા. આ પ્રમાણે મંજુર થતી અરજીથી ઘણાં બધાંને આનંદ હતો અને તેથી જ વચ્ચેનો સમય લાંબો લાગ્યો હશે. એ સમાધાન જેવી ક્ષણની ઘણાં બધાંને ઈન્તેજારી હતી અને તે જન્માષ્ટમીના દિવસો આવી ગયા.

આ બધાં પરિવારો સાથે કિરણ પણ ત્યાં પહોંચી ગયો. ગામમાં આ સમાચાર મલતાં ઘણાંને આનંદ થયો પહેલાં વખતનો અરજી રિજેકશનનો નિર્ણય બહુમતિવર્ગને ગમ્યો ન હતો, છતાં મોટાને વળાંણી ન દઈ પોતાની લાગણી દબાવી રાખી હતી.

દરમ્યાન કેટલાક ખણખોદિયા અને નવરા ભાઈઓને આ સમાધાન અને આ રીતથી અરજીનો સ્વિકાર પસંદ ન હતો. કોઈને એ ગ્રુપના કેટલાક ભાઈઓ પ્રતિસ્પર્ધિ દેખાતા હતા. કેટલાકને જુના દુશ્મન દેખાતા હતા ને કેટલાક ચુસ્ત સનાતનીઓને આ લોકો મુમના દેખાતા હતા. ''સમય આવવા દો, જોઈ લેશું'' કહી, તેણે પણ પ્રતિકાર માટે ટીમ બનાવી અને મિટીંગ વખતે ટીમવર્કથી કામ કરવાનું નક્કી કરી પોતાના હ્રદયમાં રહેલી સનાતન ભક્તિ

અને સમાજ ભક્તિની સાબિતી સમાજ સમક્ષ મૂકવા કમર કસવાનું નક્કી થયું.

અને એવું જ થયું. જનરલ મિટીંગમાં ફરી મડાગાંઠ પડી. કારોબારી કમિટીએ બિન શરતી મંજુર કરેલી અરજીઓ કેટલીક નવી શરતો સાથે મંજુર કરવી. એ લોકો આપણા જ ભાઈઓ છે તો લઈ લેવા પડશે પરંતુ તેની સામે કેટલીક શરતો હશે કે જો તેઓને એકલાને આવવું હશે તો "તેઓ કાકા બાપા કે સતપંથી સગાં સાથે સંબંધો રાખી શકશે નહિં. અમુક તમુક નીતિ નિયમો અને શરતો પાળવી પડશે."

ફરી આ લોકો કરગર્યા પણ કોઈ અર્થ ન થયો. તેમના જ સંબંધી એવા ખીમજીભાઈએ કહ્યું કિરણ બેટા, ઉતાવળ ન કરતો. આ રીતે કાકા બાપા કે સગાં વ્હાલાં સાથે તારે સંબંધ કાપવાની કોઈ જરૂર નથી. અને ખીમજીભાઈ ને થયું , આ લોકો ખરેખર ખોટા છે. ભલે તેમને આજે કોઈની વાત નથી સમજાતી પણ જે થાય છે તે ખરેખર ખોટું જ થાય છે. આ રીતનું વર્તન કરી, સમાજ અને તેનાં બંધારણના મુળ ઢાંચાને આ લોકો નુકશાન પહોંચાડે છે. આપણા અભણ પણ સંસ્કારી અને દીર્ઘદ્રષ્ટા પૂર્વજોની અખંડ કચ્છ કડવા પાટીદાર સમાજની કલ્પના અને ભાવનાને મુળીયાં સહિત ઉખેડીને ફેંકી દેવાની નાદાન સાજીસ છે - ગાંડપણ છે. આ રીતના વર્તનથી અસરકર્તા વ્યકિતને સમાજ પ્રત્યે લાગણી અને ભાવ ઘટી જશે. આવું સૌ માને છે અને કહે પણ છે. છતાં આ લોકો કયાં કોઈનું સાભળે છે ?!!!

અને એ બધાં પરિવારોના પ્રતિનીધિ પાછા વળ્યા. તેઓ બધાંને સ્થાનિક સનાતન સમાજ પ્રત્યે નફરત થઈ ગઈ. અને કંઈક કરી બતાવી દેવાનો સૌએ મનમાં સંકલ્પ કર્યો. અને ઘણાં બધાંની સલાહો લીધી. કિરણ થોડા દિવસ પહેલાં કહેતો હતો "અનિલ , જો જે હું તમારા સનાતની કરતાં વધુ કેરેટવાળો સનાતની ન બનું તો મને ફટ કહેજે."

આ કહેતી વખતે કિરણના ટોનમાં કટાક્ષ અને સંકલ્પનો રણકો હતો. દરેકને સ્વમાન તો હાય જ ને ! એની જગ્યાએ આપણે હોઈએ તો આ પ્રકારના વર્તનથી આપણને પણ માઠું લાગે. ખરેખર કોઈની મજબૂરીને લઈને તેમની

લાગણી ઉપર આ રીતે પ્રહાર કરવાનું કોઈ ધર્મ નથી કહેતો. !!!

અનિલને આવો જ એક દક્ષિણ ગુજરાતનો સાંભળેલો કિસ્સો યાદ આવ્યો. ત્યાં એક ભાઈએ કચ્છની સ્થાનિક સમાજમાં અરજી કરી તો ત્યાંથી કહેવામાં આવ્યું. સગપણમાં અટકયા છો તેથી આવ્યા છો, એમ એટલા દિવસમાં મંજુરી નહિં મળે. પહેલાં બે વર્ષ તમારી વફાદારી જોશું અને વફાદારી બરાબર હશે તો જ સભ્યપદ મલશે. છતાં દક્ષિણ ગુજરાતની સ્થાનિક સનાતન સમાજે પોઝીટીવ એટીટ્યુડ અપનાવી તેને સભ્યપદ આપ્યું.

અનિલને થયું કયાંક કયાંક સતપંથીઓ પણ ખોટી જીદ પકડે છે. પવનબાજુ પીઠના એક ભાગ રૂપે કિરણના મગજમાં જેમ આ વાત બેઠી, તેમ તેના કાકા બાપા અને તેના દિકરાઓના મગજમાં આ વાત કેમ નથી બેસતી ? આમાં તેને બીજું શું કરવાનું છે ? શ્વેત્તપત્રમાં ૧૮ મી કલમના પાલનની વાત છે. અંતિમ સંસ્કાર અગ્નિ દાહથી કરવા, આ ૧૮ મી કલમનો મુદ્દો છે. અને એમાં સતપંથીઓ જીદ પકડે તે ખરેખર વ્યાજબી ન કહેવાય. આવા મુદ્દે સમાજ તૂટતી હોય તો માનવ સમાજ માટે જેમ દધિચિ ઋષિએ પોતાના શરીરનું સમર્પણ કર્યું હતું, તેમ અહીં સમાજ ભાવના અને કર્તવ્ય ભાવના માટે માત્ર ધાર્મિક માન્યતાની ભાવનાનું સમર્પણ કરવાની વાત છે.

આમ તો શહેરોમાં તેનું સ્વૈચ્છિક પાલન થાય જ છે. એ હકિકત છે, અને એ મોટી વાત છે અને એ વાતનો આપણે પણ સ્વિકાર કરવો પડે. અને તેની નોંધ પણ લેવી પડે. બાકી કોના દિલમાં કઈ શ્રધ્ધા છે એ આપણે કયાં જાણીએ છીએ ?

ટીલાં ટબકાં કાઢનાર, ગળામાં રૂદ્રાક્ષની માળા અને જનોઈ પહેરનાર, છુપાઈને દારૂ પીએ, જુગાર રમે કે આપણી ભદ્ર સમાજને અશોભતાં આચરણ કરે, વળી એ બધું આપણે જાણતા હોવા છતાં તેને સનાતનીનું પ્રમાણ પત્ર આપીએ છીએ અને સનાતની હોવાનો તે ગર્વ અનુભવે છે. આપણે તેને કયારેય સમાજનું કલંક છે કે કચ્છ કડવા પાટીદાર સમાજનો દિકરો કહેતાં શરમ આવશે. એવો ગણી તેનો કયારેય તિરસ્કાર કે અસહકાર નથી કરતા. તેના પરિવારને શો કોઝ નોટીસ પણ નથી આપતા કે આ ભાઈને આ બધું કરતાં

બંધ કરાવો. અને એ બંધ નહિં કરે તો તેમને સમાજમાંથી બહાર કાઢશું. તેમની સનાતની તરીકેની માન્યતા રદ કરી તેમને નાત બહાર કરશું. આવું બધું નથી કરતા.

જયારે અહીં તો તેના કાકા બાપા માત્ર સતપંથને વળગી રહ્યા છે. એ મુદ્દે તેની અરજી ના મંજુર કરીએ, એ કેવું વિચિત્ર કહેવાય ? આવું થશે તો એવા લોકોને ગામની અને સ્થાનિક સમાજ જેવી સંસ્થામાંથી શ્રધ્ધા ઘટતી જશે ને નફરત વધતી જશે.

આપણા જિનેટીક સંસ્કારોને લઈને ખુબ ઉંચા પ્રકારની ધાર્મિક ભાવના સાથે આપણે સૌ જીવીએ છીએ. અને આપણી કમાણીમાંથી કંઈક ધર્માદા રૂપે સારા માર્ગે વાપરવુંની ઉંચી ભાવના પણ આપણને જિનેટીક મળેલી છે. ત્યારે જ તો આપણી સમાજના ધર્માદા ધનના આંકડા બીજી સમાજો કરતાં બહુ મોટા હોય છે. આ રીતે આપણે આ લોકોને સ્થાનિક સનાતન સમાજના સભ્ય નહિં બનાવીએ ત્યારે શું થશે? આ રીતે તેઓ સનાતનીઓનાં પ્રમાણપત્ર માટે સમાજ બહારની અન્ય ગુરૂગાદી સાથે જોડાઈ જશે, ને સમાજનું શ્રધ્ધા સાથે જોડાયેલું ધન સમાજ બહાર જતું થશે અને જતું રહેશે. જો કે હાલમાં પણ આપણા સનાતની ભાઈઓની શ્રધ્ધા જેની સાથે જોડાયેલી છે, તેવી ઘણી બધી ગુરૂગાદીઓ એવી છે, જેના વહિવટમાં આપણા ભાઈઓનું પ્રભુત્વ બિલકુલ નથી. પરિણામે આપણો શ્રધ્ધા સાથે જોડાયેલા ધર્માદા સ્વરૂપે આપેલા રૂપિયા આપણી, સમાજ કલ્યાણના કામમાં એક ટકો પણ વપરાતો નથી.

આવાં બધાંથી સમાજને થતા ઈન્ડાયરેકટ લાભ-નુકશાન અને દૂરોગામી અસરોના લાંબા વિચારો કરવાનો આપણી સમાજના આગેવાનોને કયાં ટાઈમ છે. ? આપણે તો બસ, લોલેલોલમાં ને વળી પાછા જુસ્સાથી જ આવાં કામ કરવાં છે. અને વગર વિચાર્યે જયઘોષ જ કરવા છે. આપણને નથી જોવી કોઈના દિલની લાગણી, આપણને નથી કરવી કોઈની લાંબી વિચાર સરણીની કદર કે નથી જોવી કોઈ પગલાંથી લાંબા ગાળાની અસર અને આડ અસર, નથી જોવાં આપણને શક્તિ વિભાજનથી થતાં સમાજના સર્વાંગી વિકાસની ગતિનાં નબળા પરિણામો, નથી જોવી આપણને સમાજના છેવાડાના

નાનાં માણસોની હાલત. દૂરના પરદેશમાં નાના સેન્ટરમાં એક બીજાની ઢાલ અને છત્રી થઈને જીવતાં બે ચાર પરિવારોને અંદરો અંદર મનદુખ અને અબોલા કરાવી, અસહાય અને બિચારા બનાવી દઈ, તેની સ્થિતિ અને મનોસ્થિતિ પણ નથી જોવી.

આ સ્થિતીમાં કોઈ બાહ્ય આક્રમણ વખતે નાના માણસને પીઠ બળ દેવા મોટા કોઈ નવરા નથી. અને વિરૂદ્ધ સંપ્રદાયી એવા સ્થાનિક ભાઈને લાગણી હોવા છતાં. મોટાની બીકથી તેઓ મદદરૂપ થઈ શકતા નથી !! અને એનું એને પરસ્પર મનમાં ભોરાભાર દુઃખ પણ છે. પરંતુ કરે શું ? મોટા માણસો આ નાના માણસોના દિલની લાગણી કયાં વાંચે છે ? અને વાંચે પણ કયાંથી ?

આ વર્ગ વિગ્રહના વ્યૂહના વિચાર અને વમળો વચ્ચે સમય મલે તો નાનાં માણસોની લાગણી વાંચે ને ! અને આવાં વચ્ચે કયાંક ટાઈમ મલે તો સન્માન અને પરસ્પર પ્રસંસાના પ્રોગ્રામમાંથી પરવારે ત્યારે ને !!!

અનિલને થયું , આ બધા વિવાદો ગમે તે ભોગે સમાજના હિતમાં જલ્દીમાં જલ્દી સમી જવા જોઈએ. નહિં તો આ મુદ્દાઓ પરોક્ષ રીતે સમાજને ખોખરો કરી નાખશે. સમાજના સર્વાંગી વિકાસને પહેલી અસર થશે. હમણાં હમણાં એવું જ છે. છેલ્લા ત્રણ વર્ષમાં સમાજે કેટલાં અને કયાં રચનાત્મક કામો કર્યા છે ? કોઈ જોતું નથી. અને જવાબદાર વ્યક્તિઓ પાસે આનો કોઈ હિસાબ પણ પૂછતું નથી. વળી આમાં આગેવાનોનો દોષ પણ નથી. તે કયાં નવરા બેસી રહ્યાં છે? એ નવરા બેસી રહ્યા હોયને સારાં કામો ન થાય તો તેની જવાબદારી ગણાય. પણ અહીં તો તેઓ ખુબ બીઝી છે. ધંધે લાગેલા જ છે ને? આજ અહીંના પ્રશ્ન, કાલ ત્યાંના પ્રશ્ન. અહી પ્રશ્નો, પ્રશ્નો અને પ્રશ્નો જ છે. તેઓ પ્રશ્નોના ગુંચવાડામાંથી બહાર આવે તો નવું કંઈક વિચારે અને નવું કંઈક કરે. આમ વિચોરોમાં ને વિચારોમાં જ અનિલની સાંજ પડી ગઈ. ઘરે પહોંચતાં બાળકો સાથેની મસ્તીમાં અનિલ બધું ભુલી ગયો.

બીજા દિવસે ૧૦ વાગે અનિલને યાદ આવ્યું, તેણે કિરણને ફોન લગાવ્યો કે કાલ અધૂરી રહી ગયેલી વાત કરીએ પણ અનિલને નવાઈ લાગી, કદી બંધ ન રહેતો કિરણનો ફોન આજે સ્વિચઓફ કેમ છે ? થોડા થોડા સમયાંતરે ટ્રાય

કરી પણ સતત સ્વિચ ઓફ મળ્યો. વધુ પ્રયત્નો પડતા મૂકી તે રોજીંદી પ્રવૃત્તિમાં ગુંથાઈ ગયો.

સાંજે સાત વાગે અનિલ બેઠો બેઠો કંઈક વિચારતો હતો ત્યાં કિરણ અને સુનિલની બે ગાડી આવીને અનિલની દુકાન આગળ ઉભી રહી. અનિલ સાશ્ચર્ય તેને જોઈ રહ્યો. કિરણ આખો દિવસ ફોન ઉપાડતો ન હતો ને આ બધા સતપંથીઓ સાથે ઓચિંતો અહીં ? કિરણની સાથે એ સતપંથીઓ હતા કે જેમની ગામના સ્થાનિક સનાતન સમાજે સભ્યપદ માટેની અરજીઓનો અસ્વિકાર કર્યો હતો. તે બધા હતા.

"ઓહો ! આ જ તો જાણે ભગવાને મહેરબાની કરી !!! આખું દેવ લોક પધાર્યુ છે !!!" અનિલ બધા સાથે હાથ મિલાવતાં બોલ્યો.

"અનિલ, અમે આમ તો દેવ જેવા જ અસલ કચ્છી પટેલ છીએ. પણ કોણ જાણે તમે કેવાં સનાતની કાંચનાં ચશ્માં પહેર્યા છે. જેને લઈને તમને અમે મુમના પટેલ દેખાઈએ છીએ. કિરણે બધા સામે જોઈ અનિલને સંભળાવ્યું અને ફરી હાથ મિલાવ્યા.

કિરણ એ વાત મને ઘડી ઘડી ન સંભળાવ. એ બન્યું એમાં મારો વ્યક્તિગત શું વાંક છે ? મે તો મારા બધા પ્રયત્નો કર્યા પણ હમણાં નો જે જુવાળ છે, તે જુવાળ સુનામી જેવો પ્રચંડ છે. તેને હું કે કોઈ ન રોકી શકે. અને જો મે કરેલા પ્રયત્નથી વધારે પ્રયત્ન કરત તો હું શહીદ થઈ જાત. ખેર હવે છોડ એ વાત. કાલે તારો ફોન આવ્યો પણ મારા મોબાઈલની બેટરી ઉતરી ગઈ હતી ને વળી દુકાનમાં ચાર્જર પણ નહતું . શું કહેતો હતો હવે કહે."

"કહેવાનું કંઈ નતું તને અને ભાભીને આમંત્રણ આપવું હતું" - કિરણ

"શાનું આમંત્રણ ? હવે રૂબરૂ જ આપી દે" - અનિલ

"એ તો રાઈના ભાવ રાતે હતા, આવો લાભ જેના નસીબમાં હોય તેને જ મળે. હવે તો બધી લંકા લુંટાઈ ગઈ" - કિરણ

"હવે ખુલાસાથી કહેને, ગોળ ગોળ કહ્યા વગર" - અનિલ

"જો સાંભળ, આજે અમે રોઝડથી આવીએ છીએ. આજે રોઝડ ખાતે અમારો યજ્ઞોપવિતનો કાર્યક્રમ હતો. હવે અમે તમારા સર્ટીફાઈડ સનાતની

કરતાં સવાયા સનાતની બની ગયા. જોઈ લે આ જનોઈ, બતાવ તેં જનોઈ પહેરી છે ?'' નથી ને, તો પછી સનાતનીનું આવડું ફાંકુ શાનું રાખો છો ? જો આ મારી શીખા (ચોટલી) તારી પાસે શીખા કયાં છે ? અને જોજે છ મહિનામાં અમો પંચોપચાર અને ષોડશોપચાર પુજા કરતા પણ થઈ જશું અને અમે શ્રીમદ્ ભાગવદ્ ગીતા અને કેટલાં સ્ત્રોતોના નિત્યપાઠ કરીએ છીએ તે પણ જો જે, આમાંથી તમો શું કરો છો ? કંઈ પણ કરતા નથી. સનાતની હોવા માટેની એક પણ યોગ્યતા તમારામાં નથી ને પાતાની જાતને ફાંકડા સનાતની કહેવડાવો છો?

અનીલ, હું તો માનું છું તમારી પાસે સનાતનીનું જે સર્ટી છે તે તમે જાતે છપાવેલ સર્ટી છે. તે બનાવટી કહેવાય અને એ બનાવટી સર્ટીના આધારે કુદો છો ! અને અમારા જેવા ને ગોદા મારો છો ! આજે અમે આપણા ગામના બધા સનાતીઓનો આભાર માનીએ છીએ. તમે અમને જયારે ન અપનાવ્યા ત્યારે અમે ગર્વ લઈ શકાય તેટલા કેરેટવાળા સનાતની બની શક્યા. નહિં તો કદાચ તમારા જેવા નોન કેરેડેટ સનાતની જ બન્યા હોત !.''

કિરણની આવી વિચિત્ર ટોન, કટાક્ષ અને આક્રોશવાળી વાત સાંભળી અનિલને આઘાત લાગ્યો, આમ તો કિરણનો સ્વભાવ બહુ સોફટ હતો, કિરણને આંખમાં નાખો તો ય ન ખટકે એમ કહીએ તો પણ ખોટું ન કહેવાય. કિરણને સમજવા અનિલે પ્રયત્ન કર્યો. ''કિરણ, તને ખોટું લાગે એ સ્વાભાવિક છે. પણ આ મુદ્દો તારીને મારી વચ્ચેનો નથી. મેં મારી ફરજમાં આવે તેટલા પ્રયત્ન કર્યા, શું કહો છો મોહનભાઈ. આમાં હું મારી ફરજ ચુક્યો હોઉ તો કહો.બાકી મને આજના આ તમારા સમાચારથી ખુબ આનંદ થયો. હવે હું અમારાવાળાને કહીશ કે તમારા અવ્યવહારિક નિયમો અને થિયરીને લીધે જ કિરણ જેવા આદર્શવાદી અને જેના માટે ગર્વ લઈ શકાય એવી વ્યક્તિને આજે આપણા ગામની સમાજથી વિમુખ થવું પડયું.

આજે મને કિરણ અને તમારા બધાની આક્રોશવાળી વાતોથી લાગે છે, તમે બધાં ને હવે ગામની સમાજ અને આપણી મોટી સમાજ પ્રત્યે તમારા દિલમાં નફરત પેદા થઈ છે, એવું સ્પષ્ટ દેખાય છે. આ હું એકલો નહિં, ગામની

મોટા ભાગની દરેક વ્યકિત કહેશે અને કબુલશે કે આમાં અમારાવાળાનો જ વાંક હતો, ખેર જવા દે આ વાત, ત્યાં બધું બરોબર થઈ ગયું ને ?''

''બરોબર થયું ને બરોબર થવાનું જ હતું, તું અમારા કાર્યક્રમની કેસેટ જોજે, હું મોકલાવીશ ને અમારા આચાર્ય જ્ઞાનેશ્વરજી કેવા વિદ્વાન છે તે પણ જાજે, અનિલ, તમારો સંપ્રદાય એક, તેના માર્ગદર્શકો બીજા અને પાછા ગુરૂ ત્રીજા અને તેને ત્રીજી જગ્યાએ ગોતવા !!

અત્યાર સુધી અમને પણ એ બધું બરોબર લાગતું હતું, કારણકે આપણે કુવાનાં દેડકાં જેવા છીએ ! જયારે બહાર નીકળીએ ત્યારે જ ખબર પડે. વિશ્વ કેટલું વિશાળ છે ! તેમાં કેવી કેવી વિદ્વાન હસ્તિઓની હયાતિ છે. એ અમને હવે સમજાયું અને અનુભવાયું. અમને અમારી આર્ય સમાજની પસંદગીથી પૂર્ણ સંતોષ છે.''

અનિલે જોયું, કિરણ ફરી ફરીને ગામમાં બનેલ બનાવને કેન્દ્રમાં રાખીને જ વાત કરતો હતો. આના પરથી થયું એ લોકોના દિલમાં ગામની સમાજ સાથે બનેલ બનાવનો ઝખમ બહું જ ઉંડો અને પીડાકારક છે.

એક બાજુ વતનનો લગાવ અને બીજી બાજુ સમાજના ભાઈઓનું આવું વર્તન, આ વચ્ચેની તેની માનસિક સ્થિતિ, અહીં તેની વાતોમાં વારંવાર દેખાય છે અને દેખાય જ ને. તે દિવસે કિરણ અને મોહનકાકા જેવા આદર્શ વ્યકિત, વળી હરિકાકા જેવી ઉંમર લાયક વ્યકિત બે હાથ જોડીને વિનંતી કરે છતાં આપણાવાળા કઠોર દિલવાળા એનો ઉપહાસ કરે અને કહે, ''હવે સગપણમાં મુંઝાયા છે, તેથી આ નાટક કરે છે. એની વફાદારીનો ટેસ્ટ લીધા વગર થોડા સ્વિકારાય ! હમણાં એ રીતે નહીં સ્વિકારાય, પછી જોશું. એવા જ હાલ થવા જોઈએ. બહું ઉંચી રાખી હતીને ટંગડી, થઈ ગયા કુટરા !!''

અનિલને વિચારોમાં ખોવાઈ ગયેલો જોઈ કિરણ બોલ્યો ''અનિલ હવે અમે મુમના નથી, લે આ અમારા સનાતનમાં પ્રવેશોત્સવની પ્રસાદી અને અમને ચાય બાય પાઈશ કે નહીં..? હવે તમને આભડછેટ નહી નડે.''

''કિરણ, હવે આ બધું મગજમાંથી કાઢી નાખ. અસલ હતો તેવો પોઝીટીવ થઈ જા. એમ સમજી લે તારા ભાગ્યની આ કસોટી હતી, એ કસોટી હવે પુરી

થઈ ગઈ. આ બધું તું યાદ કરીશ તો તારૂં મગજ અને સમય બગડશે.''

''અનિલ, મને સલાહ દેવાની જરૂર નથી. હું તો તારી મજાક કરતો હતો. પણ સાચી સલાહ તો તારા ઓરીજીનલ સનાતનીઓને આપવા જેવી છે. સનાતની યુવાનો ધંધો કરતાં કરતાં આ વાતમાં રસ લે છે. મારા જેવા પણ સંપ્રદાયીક વાતમાં જુત્યા હોય છે. વડીલોને પણ આમાં રસ છે. ને અધુરામાં પુરૂં હમણાં યુવા સંઘની પ્રેરણાથી સનાતની વિદ્યાર્થી મહાસંઘ બનાવી, એ એક ચિત્તે ભણતા દિકરા / દિકરીઓના મગજમાં પણ આ સંપ્રદાયીક ઝેર રેડીને તેની પોઝીટીવ એનર્જીને રોંગ ડાયવર્ઝન આપ્યુ છે. તેના પરિણામની અસર લાંબા ગાળે જોજે શું થાય છે ! ? આવી બધી એક્ટીવીટી લાંબી ચાલી તો સરવાળે સમાજના સર્વાંગી વિકાસને જ અસર થશે. જ્યારે એની સામે તેં ક્યારેય સતપંથીના દિકરાને આ વિષયમાં ચર્ચા કરતા જોયા? સતપંથીના યુવાનોને આની કે આના પ્રતિકારની પ્રક્રિયામાં સમય બગાડતા જોયા ? કે પ્રૌઢોને વડિલોને આવી ચર્ચામાં સમય બગાડતાં જોયા ?

એ લોકોએ તો જે થાય તે થવા દો, પ્રથમ આ વાવાઝોડાને શાંત પડવા દો પછી વિચારીશું અને એ કંઈક પોઝીટીવ વિચારે છે જ.!

અનિલ, જો સતપંથના ટોચના લોકો પરિવર્તન વિષે કંઈક પોઝીટીવ વિચારતા હોય તો સનાતનીઓએ તે જ ક્ષણે થોભો અને રાહ જુઓ કરી આ સર્વે ક્ષેત્રે ચાલતી નેગેટીવ એક્ટીવીટી રોકી ''એવોને જાકારો આપવાનો સમય પાકી ગયો છે'' તેવી છોકરમતની વાતો ઉપર તાત્કાલિક સ્ટે મુકવો જોઈએ. જેથી સમાજના મૂળ ઢાંચાને અને આપણા અભણ પણ સમજુ, શાણા અને સંસ્કારી એવા સુધારક વડીલોની ''અખંડ કચ્છ કરવા પાટીદાર સમાજ'' ની કલ્પના અને ભાવનાને નુકશાન ન થાય.

અનિલ, છેલ્લા બે વર્ષથી જે સ્થિતી અમારી હતી, તેવાં સમાજમાં ઘણાં બધાં પરિવારો છે. જો તમે પહેલાં જેવી નોર્મલ થીયરીથી છૂટ આપી હોત તો છેલ્લાં ત્રણ વર્ષમાં સ્વયંભુ પરિવર્તનનો પ્રવાહ વધ્યો હોત. આ તમારા (સનાતનીઓના) કડક કાયદાથી તો આ સ્વયંભુ વહેતો પ્રવાહ પણ અટકી ગયો. જ્યારે હવે ચાલશે તો માત્ર અમારાવાળી પદ્ધતિની નકલ ચાલશે.''

ચા આપતાં અનિલે કહ્યુ : ''લ્યો મુકો એ વાતને ચા પીઓ''

ચા નો કપ હાથમાં લઈ કિરણ મનમાં કંઈક બોલતો હોય એવું અનિલે અનુભવ્યું. ''કિરણ ચા ઠંડી જ છે વધુ ઠરી જશે, કોની રાહ જુએ છે ?''

કિરણે કહ્યું : સાચુ કહું? તને જાણવું છે ને ? તો કહું, હું ભગવાનને ચા પાતો હતો. મેં ભગવાનને પ્રાર્થના કરી, ભગવાન આ તમારા માટે ચા પીરસી છે, પહેલાં તમે પી લ્યો, પછી જે વધશે તે હું પીસ. અને પછી પૂ. દાદાએ આપેલા, જમતી વખતે બોલવાના શ્લોક બોલ્યો. તને ખબર છે, આપણે જ્યારે ધોરણ-૮ માં જ્ઞાન સરિતા હાઈસ્કુલમાં દાખલ થયા ત્યારથી હું સ્વાધ્યાયની એક્ટીવીટી દ્વારા આ થીયરી શીખ્યો છું. ત્યારથી આજ સુધી ૪૦ વર્ષથી હું પાણી સીવાય કોઈપણ વસ્તુ ખાતાં પીતાં ભગવાન પ્રત્યે આ ભાવના વ્યક્ત કરૂં છું. અને મને એમાં આત્મસંતોષ મળે છે.

અનિલ, તમે બધા મને ભલે સતપંથી તરીકે જોતા હતા પણ તમે મારામાં ક્યારેય સ્વાધ્યાયી જોયો હતો ? આમ તો તમને બધાંને ખબર છે હું ક્યારેય કેન્દ્રમાં ગેર હાજર નથી રહ્યો. ક્યારેય હું ભાવફેરી, ભક્તિફેરી, તીર્થયાત્રા વગેરે કંઈ ચુક્યો નથી. છતાં તમને મારામાં સતપંથી જ દેખાતો હતો. તો હવે મને જવાબ દે, સ્વાધ્યાયની આ એકટીવીટીવાળો સતપંથી કે સનાતની ?

તમને તો માત્ર તમે કહો તેમ કરે એ જ સનાતની અને તમારૂં સર્ટી ના મેળવે તે બિન સનાતની. તમે ભલે સ્વાધ્યાયવાળાને સનાતની ના કહો પણ આપણા સમાજના તમામ ઘરોમાં ત્રિકાળ સંધ્યા કોણે પહોંચાડી છે ? જે કામ પૂ. કેશરાબાપાએ અને પૂ. નારાયણજીબાપાએ ઝુંબેશ ચલાવીને કર્યું તેવું જ બલ્કે તેનાથીએ બહેતર કામ પૂ. દાદાએ સ્વાધ્યાયની હળવી શૈલીથી કરી બતાવ્યું.

પૂ. દાદાની સ્વાધ્યાયની થિયરીની જો આપણી સમાજે માત્ર નકલ કરી હોત કે તે પ્રવૃત્તિને મહત્વ આપ્યું હોત તો અત્યારે જે આ પરિવર્તન માટે વિગ્રહ કરવો પડે છે તે ન કરવો પડત. આપણે હમણાં જે કરવું છે તે સમાજના ટુકડાના ભોગે કરીએ છીએ તે સ્વયંભુ થઈ ગયું હોત. તને ખબર છે અનિલ શહેરનો ગામડાંનો કે કમ્પાનો મોટા ભાગનો સતપંથી સમુદાય સ્વાધ્યાય સાથે જોડાયેલા

છે તો શું સ્વાધ્યાય એ સનાતનના વિચારબીજનું વાવેતર નથી તો બીજું શું છે ? એમાં થોડી રાહ જોવી પડત. પેઢી બદલે તેમ સ્વયંભુ પરિવર્તન આવી ગયું હોત.

પૂ. દાદાની થિયરી આયુર્વેદીક ઉપચાર હતો. જ્યારે અત્યારે ચાલતી ઝુંબેશ અરજન્ટ રિઝલ્ટની અપેક્ષાવાળી ઓપરેશન પધ્ધતિ છે. ઓપરેશન પધ્ધતિ સફળ તો જ થાય જો તેની સર્જરી નિષ્ણાંત અને અનુભવી ડૉકટર દ્વારા થાય. અગર સર્જનની યોગ્યતામાં કે તેની કાળજી અને કાર્ય પદ્ધતીમાં જો ચુક થાય તો પસ્તાવવાનું આવે છે. તે તો આપણે જાણીએ છીએ ને. આપણા રામજીબાપાનું ઓપરેશન ફેલ ગયું ને તે જતા રહ્યા તે તું જાણે જ છે ને ?

આમાં ઘરનો કે સગાં વ્હાલાંનો દિકરો ડૉક્ટર છે, તેથી તેની પાસેથી ઘર મેળે ઓપરેશન કરવાનો આગ્રહ ન રખાય. નિષ્ણાંતને બોલાવીને જ આ કામ કરાવાય. અહીં આપણી સમાજના આગેવાનોએ આવી જ ભૂલ કરી હોય એવું તને નથી લાગતું ?'' - કિરણ

''કિરણ, તારી વાત સાચી છે. આ વાત તું મને કહે છે, તેમ સમાજના આગેવાનો પાસે કાં નથી કહેતો ?'' અનિલની આ વાત વચ્ચેથી કાપતાં કિરણ બોલ્યો ''અરે તમે સનાતનીઓ એવા પરિવર્તનવાદીઓએ કોઈની સાચી વાત સાંભળવા જેટલી પણ સહિષ્ણુતા બતાવી છે ખરી ? સતપંથીઓની વાત ન સાંભળે એ તો ઠીક પણ કોઈ સનાતની સોફ્ટ બની, આ વાત કરે તો તેને તરત દહીં દુધવાળો, સતપંથનો એજન્ટ વગેરે કહી ઉતારી પાડે છે. તેની બદનામી કરે છે. તેના વિષે અને તેના ઉપર એવા ઈમેલનો મારો ચલાવે છે કે સામે વાળો કંટાળીને બધું મૂકી દે.'' તેને થાય ''પરા બળે ને પરા ઓલાય'' થવા દો, જે થાય તે !

તને ખબર છે અનિલ, કેવા કેવા ઈમેલ કરે છે ? અરે એ વાંચીને તો એવું લાગે કે આ ઈમેલ કરનારો અને કરાવનારો કચ્છી પટેલનો દિકરો હોય જ નહીં. કચ્છી પટેલના લોહીના સંસ્કાર આટલા હલકા હોય જ નહીં. કોઈ પણ માણસને વિચાર, વાણી, અને વર્તન તેને જીનેટીક અને સંગ સંસ્કાર (પરિવારના સંસ્કાર) દ્વારા મળે છે. તો એ ઈમેલ કરનારના ખાનદાન વિષે શું

સમજવાનું ? !!!

ઠીકે છે, હું કબુલ કરૂં છું ક્યારેક માણસ એવા સંજોગોમાં ઘેરાયેલો હોય અને બીજો રસ્તો જ ન હોય તો છેલ્લા ઉપાયમાં તે જે કંઈ પણ કરે, તે માફ હોય. કદાચ પોતાના પરિવારનો જીવ અને આબરૂ બચાવવા ખૂન કરે તોય માફ હોય. કારણ તે વખતે તે એવા સંજોગોમાં ઘેરાયેલો હોય છે બાકી કોઈને માત્રને માત્ર હેરાન કરવાની કે માનસિક ત્રાસ આપવાની ભાવનાથી જે કરાય, તેને સમાજ પણ માફ નથી કરતો અને કર્મનો સિધ્ધાંત તો તેને ક્યારેય છોડતો નથી.

સાચું કહું અનિલ, તમારાં લેવાનાં અને દેવાનાં કાંટલાં જુદાં છે, એનો દાખલો આપું. સતપંથી યુવાનો પોતાના રોજીંદા કામકાજમાંથી પરવારી, ગમે તેવો થાક્યો પાક્યો હોય, તોય હાથ પગ ધોઈ, પ્રથમ પોતાના ઈસ્ટદેવની બે-પાંચ માળા ફેરવે છે પછી જ જમે છે. અને કમસે કમ સાપ્તાહિક પૂજામાં અવશ્ય બેસતા હોય છે. એ વન ટાઈમ ઓફ સ્વાધ્યાય જ છે ને ? તેને તમે નિંદો છો, વેદિયા કહો છો, મુમના કહો છો ને ક્યારેય ન બની હોય તેવી પુરાવા અને પાયા વગરની વાતો અને અફવા ફેલાવો છો. આ લોકો નમાજ પઢે છે, એવું કહો છો. પણ સત્યતા માગતાં તે સાબિત નથી કરી શકતા. અનિલ, તમે કોઈને ગેરમાર્ગે ન દોરો, હકિકત પ્રગટ કરો. હું કબુલ કરૂં છું સતપંથમાં અંતિમક્રિયા અને કેટલાક રિવાજો ચોક્કસ સુધારવા જેવા છે. અને એ લોકો એ દીશામાં એક્ટીવ પણ છે. એ બાબતે હું સનાતનનાં શ્વેતપત્રને ટેકો આપું છું અને એ બેઝ ઉપર જ અમે પરિવર્તન સ્વિકાર્યું છે.! સોરી, મારી વાત જુદા પાટે જાય છે. વાત હતી સાંજે માળા ફેરવતા યુવાનની, આમ જોઈએ તો તે ત્રિકાળ સંધ્યા પૈકીની સાયં પ્રાર્થના જ છે. કેટલાંક પરિવારો આ સાત્વિકતા અપનાવી શક્તાં નથી ને જે આ સાત્વિકતા સ્વિકારી આ બધું કરે છે તેને જુદુ રૂપ આપી ટીકા કરે છે. તેને બદનામ કરે છે !!!

જ્યારે બીજી બાજુ આપણી જ સમાજના કેટલાક દિકરાઓ ક્યાંક ક્યાંક રાત્રે આપણી સમાજને અશોભતી એક્ટીવીટીમાં ભાગ લે છે, આવું બધાં જાણતાં હોવા છતાં તેની કોઈ નોંધ પણ લેતું નથી. પછી તેની ટીકા નિંદાની

વાત જ ક્યાં રહી ? આને શું કહીશું ? બોલ જવાબ દે ?''

અનિલે અકળાઈને કહ્યું : ''કિરણ, બધા જવાબ તારે મારી પાસેથી જ માગવા છે ? જો આવી કોઈ વાત હવે આપણી વચ્ચે ન લાવ તો સારૂં. આપણી વચ્ચે બિન જરૂરી મુદ્દે મનદુઃખ થશે. જા સમાજને કહેને, તને કોણ ના પાડે છે !''

''મારે હવે કોઈને કંઈ કહેવું નથી. બિચારા દામુભાઈ પોતાના અંતરની વાત, પોતાની સમાજભક્તિ, કાર્યદક્ષતા અને એ દિશાના પોતાના વિચારો સમાજ સમક્ષ મૂકવા ગયા, તો શું થયું ?'' - કિરણે અનિલને સામેથી પુછ્યું.

''કિરણ, તું વળી એ કમીશનીયા દામુભાઈની વાત વચ્ચે ક્યાં લઈ આવ્યો ? દામુભાઈ અને સમાજભક્તિ ?!! અરે સમાજના આગેવાનો સાવધાન ન થયા હોત તો એણે તો સમાજભક્તિના નામે સમાજનું કરી નાખ્યુ હોત, અરે સમાજનું દેવાળું ફુંકાવ્યુ હોત, સમાજને ટલે ચઢાવી સમાજને યાદવાસ્થળી બનાવી નાખી હોત !!!- અનિલ''

'' અનિલ, તેં દામુભાઈ બાબતનું તારૂં આ નિદાન ક્યા આધારે કર્યું?'' -કિરણ

''અરે, એના વિષે તો ઈમેલથી અને સમાજના ભાઈઓ દ્વારા ઘણું સાંભળ્યું છે !''

કિરણે અનિલની વાત કાપતાં કહ્યું ''બસ, અનિલ આપણે ત્યાંજ માર ખાઈ જઈએ છીએ. ક્યાંકથી સાંભળેલું અને કોઈએ પોતાની બુદ્ધિ અને સમજ કે પોતાના પૂર્વગ્રહ પ્રેરિત કંઈ રજુ કર્યું ને તેમાં આપણે દલીલ, તર્ક કે સાચાં ખોટાંની ચાંયણીમાં ચાળ્યા વગર માની લીધું આ સાચું આ ખોટું''-

''અરે આપણી આખી સમાજ જાણે છે, હોસ્ટેલની જમીનમાં દામુભાઈ લાખો રૂપિયા ખાઈ ગયા.'' અનિલે નફરત ભરી અદાથી કહ્યું.

''કઈ સમાજના અને કોના રૂપિયા દામુભાઈ ખાઈ ગયા ? અરે મૂરખના સરદાર એ હોસ્ટેલ માટેની જગ્યામાં સમાજે એક પણ રૂપિયો કાઢ્યો હોય તો તેનો રૂપિયો ખવાય ને ? સમાજે એક પણ રૂપિયો ચૂકવ્યો નતો અને આજ પણ ચુકવ્યો નથી. પછી સમાજના રૂપિયા ખાઈ જવાની વાત ક્યાં આવે છે ? આનો

વન ટાઈમ દામુભાઈ જેવા પ્રતિભાસંપન્ન અને સ્વચ્છ વ્યક્તિની સામાજિક કારકીર્દિ ખતમ કરી નાખવાનું કાવતરૂં જ કહેવાય. દામુભાઈએ તો દસ્તાવેજની ઉલ્ટા સુલટીમાં જે ખર્ચ થયો છે તે પોતે ભોગવ્યો છે. !!!

અનિલ તને ખબર છે દામુભાઈ કોણ છે? અરે એને તો આપણે ઓળખ્યા જ નથી. આપણે તેની અને તેની સમાજભાવનાની કદર પણ નથી કરી.!!''

''કાકા, વીરાણીવાળા, નરોડાની યુનિયન બેંક વાળા દામુભાઈની વાત છે?'' અનિલના દિકરા સુમિતને આ બધી ચર્ચામાં રસ પડતાં વચ્ચે કિરણને પૂછ્યું.

''હા બેટા, એ જ દામુભાઈની આ વાત છે. તું ઓળખે છે તેમને?'' - કિરણ

''ના, હું નથી ઓળખતો પણ મારો ફ્રેન્ડ મિતેષ છે ને, તેના પપ્પાના ફ્રેન્ડ યુનિયન બેંકમાં સર્વિસ કરે છે. તેના પપ્પા મને એકવાર કહેતા હતા, તમારી સમાજના દામુભાઈ તો ગજબના માણસ છે! એ કહેતા હતા ''કોઈ પણ સમાજમાં જો આવા દશ દામુભાઈ હોય તો એ સમાજનો વિકાસ રોકેટ ગતિએ થાય. અને તમામ ક્ષેત્રમાં સમાજ નંબર વન બને. એનો શિક્ષણ પ્રત્યેનો દ્રષ્ટિકોણ, એની દરેક ક્ષેત્રની કાર્યપધ્ધતિ, એની હર કદમમાં દીર્ઘદ્રષ્ટિ, એની પોઝીટીવ વિચારસરણી, એની હિંમત, એનો કોન્ફીડન્સ પાવર અને એને પોતાની સમાજના ભાઈઓ પ્રત્યેની લાગણી, એને મદદરૂપ થવાની અને તેને ઉંચે લાવવાની હૃદયપુર્વકની ધૂન, આ સમયમાં બહુ ઓછા લોકોમાં હોય.

કાકા, એ એમ કહેતા હતા, દામુભાઈએ ઘણાં બધાં શહેરો, ગામડાં, અને કમ્પામાં વસતા તમારી સમાજના ભાઈઓને મદદરૂપ થઈ શકાય તેના માટે બેંક ધીરાણના એરિયામાં (કાર્યક્ષેત્રમાં) ફેરફાર કરાવડાવી સમગ્ર ગુજરાતને આવરી લેવડાવ્યું. જેથી તમારી સમાજના ભાઈઓને મદદરૂપ થઈ શકાય.

એ કહેતા'તા દામુભાઈ યુનિયન બેંકમા ૩૦-૩૨ વર્ષથી ડાયરેક્ટર છે. અને એની બેંકના પટાવાળાથી માંડી મેનેજર સુધીના સ્ટાફના તમામ સભ્યો તેને પિતા તૂલ્ય માન આપે છે. તેની ભલામણથી કરેલાં ધીરાણમાં બેંકને

વસુલાતમાં ક્યાંય તકલીફ નથી પડી, તેથી તેની ભલામણનું પણ બેંક મેનેજમેન્ટમાં વજન પડે છે.

તેને ક્યાંયથી પણ સમાચાર મળે કે ફલાણા અમારા ભાઈને આર્થિક તકલીફ છે. તો તે સામેથી પહોંચી જઈ, તેની જરૂરીયાત અને કેપેસીટી મુજબ તેને બેંકમાંથી ત્રણ કરોડની મેક્સીમમ મર્યાદામાં સસ્તું ધિરાણ આપી તેને ઉભા કરવામાં મદદ કરે છે. દામુભાઈએ તમારી જ્ઞાતિમાં આર્થિક જરૂરીયાતમંદ ભાઈઓને તેના ધંધાના વિકાસ માટે ૨૫-૩૦ કરોડ જેટલા રૂપિયાની લોન અપાવી ધંધામાં સપોટ કર્યો છે. અને આ પ્રવૃત્તિને પોતાની સમાજના ભાઈઓ પ્રત્યે ભાઈ તરીકેની પોતાની ફરજ સમજે છે. એ માને છે, મને ભગવાને આટલી યોગ્યતા અને સંજોગો આપ્યા છે, તો હું મારા ભાઈઓને ઉપયોગી ન થાઉં તો ભગવાનનો ગુનેગાર ગણાઉં, અને એ કહે છે, "આવા બધાં કામથી મને આત્મ સંતોષ મળે છે. અને એમ કરવાથી ભગવાનની મારા પરિવાર પ્રત્યે કૃપા દ્રષ્ટિનો વધારો મહેસૂસ કરૂં છું." તમારા એ દામુભાઈની અહીં પણ સમાજ ભક્તિ દેખાય છે કે આજે બેંકના સાઈઠ કર્મચારીમાંથી પંદર કર્મચારીઓ તો કચ્છી પટેલના દિકરા છે. એ બધાં પરિવારો માટે તો દામુભાઈ દેવદૂત ન કહેવાય તો બીજું શું કહેવાય?

એ કેતા તા, જે ભાવના પોતાની સમાજના ભાઈઓ પ્રત્યે દામુભાઈમાં છે તેવી ભાવના અમારી સમાજના ભાઈઓમાં હોય તો તો જુઓને, ગાંધીનગર સચિવાલય અને સરકારી ઓફીસોમાં કેટલા બધા અમારા પટેલો છે અને કેટલાક તો સચીવકક્ષા સુધીના અધિકારીઓ છે, છતાં પણ કોઈ પોતાના પરિવાર કે સમાજના કોઈ દીકરા માટે તલભાર પણ લાગણી બતાવી, સરકારી નોકરીમાં દાખલ કર્યા નથી. જો દામુભાઈ જેવી લાગણી હોત તો અમારા ભણેલા સમાજમાં કેટલા બધા દિકરા સરકારી ઓફીસમાં હોત.!! આ સાંભળી ખરેખર મને દામુભાઈ પ્રત્યે ભારોભાર માન અને ગર્વ થયો. !!!"

"જોયું અનિલ, આ તારા દિકરાએ શું કહ્યું? એણે તો પરજ્ઞાતિના ભાઈ પાસેથી સાંભળેલી આ વાત છે. અને તું કેવી વાત કરતો હતો? કોઈના વિષે

કંઈ પણ અભિપ્રાય આપતાં પહેલાં થોડી ચોકસાઈ કરવી જોઈએ.

અનિલ, આપણી સમાજમાં ઘણા રાજકારણીઓ થયા, ઘણા ધારાસભ્યો પણ થયા અને પ્રધાનો પણ થયા. છતાં તેમાંથી કોઈને સમાજના ઉજળા ભવિષયની દિશા એવી શિક્ષણ તરફની દિશા કોઈને ન દેખાણી. સમાજના દિકરા-દિકરીઓ માટે હોસ્ટેલ બનાવવા સરકારમાંથી એક એકર પણ જમીન આમાંથી કોઈ ન અપાવી શક્યા.

વળી, નરોડા સમાજના એક ભાઈ કહેતા હતા, "અમારા દામુભાઈ જેવાએ કેન્દ્રિય સમાજના આગેવાનોની લેખીત મંજુરી મળતાં પોતાના જોખમે હોસ્ટેલ માટે પ્રયત્ન કર્યા, તો સમાજે તેની સાથે કેવું વિચિત્ર વર્તન કર્યું ? આમ તો એ હોસ્ટેલ અંગેની કાર્યવાહી ઝોનના તમામ હોદેદારોની હાજરીમાં અને લેખિતમાં થયેલી છે, છતાં અંગત કે અગમ્ય કારણોસર દામુભાઈને ફસાવવા માટે ખૂબ કાવાદાવા થયા. આ બધાંમાં તે સો ટકા સાચા હતા, હિંમતવાળા હતા અને વળી કેપેસીટી વાળા પણ હતા. ત્યારે તો પાર પડ્યા. તેની જગ્યાએ જો કોઈ કાચો પોચો કે જુઠ્ઠો હોત, તો તો તેને બિલકુલ જુઠ્ઠી એવી ઈમેલની ગંદકીના કલંકને લઈને આપઘાતનો વારો આવત પણ તે બાબતે દામુભાઈ ચેલેન્જથી કહે છે, "આ હોસ્ટેલના આખા પ્રકરણમાં જો મારો ક્યાંય વાંક હોય, આમાં મારી ક્યાંય મેલી રમત હોય કે મને અંગત સ્વાર્થ હોય તો તે કોઈ સાબિત કરે તો આ ચાર કરોડનો પ્લોટ મારા તરફથી સમાજને દાન કરી દઉં."

દામુભાઈ આવી ચેલેન્જ કરતા હોય ત્યારે એની સામે અફવા અને ગંદકી ફેલાવનારા સાચા હોય તો દામુભાઈની ચેલેન્જને કાં પડકારતા નથી ? આ હોસ્ટેલ પ્રકરણમાં દામુભાઈ ખરેખર સાચા અને નિષ્કલંક છે અને તેથી જ એ એક દિવસ એ જગ્યા ઉપર હોસ્ટેલ કરીને જ જંપશે અને એ જ્યારે સાચા હોય છે ત્યારે તેઓ એક નિષ્ઠાવાન જીદ પકડે છે અને પછી તેમાં એ ક્યારેય પાછી પાની કરતા નથી."

કિરણે આગળ કહ્યું : "તેણે પોતાની આ સંનિષ્ઠ જીદ ઉપર આજે પણ એ નવરંગપુરા વિસ્તારમાં ભાડાંની જગ્યા ઉપર હોસ્ટેલ ચાલુ રાખી છે. તેમાં

રાહત દરે આપણી સમાજના ૫૦-૫૫ દિકરા રહે છે. અને તેમાં થતું નુકશાન (ખર્ચ) સમાજ પાસેથી એક રૂપિયો પણ લેતા નથી. હોસ્ટેલ ચલાવવા એ ઘરનું ઘસાય છે. અનિલ ખરેખર સમાજભક્તિ આને કહેવાય. બાકી માત્ર માઈકમાં મોટાં, ખોટાં અને મીઠાં ભાષણ કરવાં એ સમાજ ભક્તિ ન કહેવાય. આવાં આવાં તો સમાજ કલ્યાણનાં ઘણાં બધાં કામ ઘણા સમયથી અંદરપેટે દામુભાઈ કર્યા કરે છે.

"તો આવાં કામ કરનાર દામુભાઈની સાચી વિગત આપણાં પેપરમાં કેમ નથી આવતી ?" - અનિલ.

"બસ અનિલ, હુ એ જ વાત કરૂં છું. મને કે તને કોઈના વિષે પૂર્વગ્રહ હોય અને આવું વર્તીને વેર વાળીએ એ તો ઠીક પણ મીડીયાએ તો પોતાની ફરજ બજાવવી પડે કે નહી ? આપણાં મીડીયા પણ જાણે કોઈના ઠેકેદાર હોય તેવું વર્તે છે.

અનિલ, મિડીયા તો સમાજનું દર્પણ હોવું જોઈએ. સમાજમાં છાનું છપનું કે જાહેરમાં બનતું, સારૂ કે નરશું જે પણ બનતું હોય તે, તેવું જ સમાજ સમક્ષ મુકવું એ મિડીયાની ફરજ અને ધર્મ હોય છે.

સમાજમાં કોઈ ગુંચવાયેલા પ્રશ્ને કે ક્રિટીકલ મુદ્દે સમાજ બહારના નિષ્ણાંતો, સમાજશાસ્ત્રીના ઓપીનિયન મેળવી, તટષ્ટપણે સમાજ સમક્ષ મૂકવાની જવાબદારી પણ મિડીયાની હોય છે, અને જો એ બધી ફરજ મિડીયા ચૂકે તો તેવા મિડીયાનો કોઈ મતલબ નથી. તે માત્ર બકવાસ છે.

માત્ર તુષ્ટિકરણની નીતિનો સહારો લઈ, માત્ર પોતાની અને પોતાના મળતીયાની વાહ વાહ કરવી અને પોતે સમજતા હોવા છતાં સમાજને સાચી દિશા ન ચિંધવી એ મારી દ્રષ્ટિએ અક્ષમ્ય સમાજદ્રોહ કહેવાય." - કિરણ

"તારી વાત સાચી છે કિરણ, મને પણ ઘણીવાર એમ થાય છે કે સમાજમાં આ બધું થાય છે તે બરાબર નથી. ક્યાંક ક્યાંક એમ થાય છે, જાણે કેટલાક માણસોએ સમાજને હાઈજેક કરી હોય અને માત્રને માત્ર પોતાની જાતને હિરો સાબિત કરવા પોતાનું ધાર્યું જ કરાવતા હોય એવું દેખાય છે" - અનિલ

"તો હવે કરવા દો તેનું ધાર્યું, આજે અમે તો તમારૂં મેણું ટાળ્યું એમ તો

એ જ છીએ. હવે તમે અમને સતપંથી કહો, સ્વાધ્યાયી કહો, આર્યસમાજી કહો કે સનાતની કહો. જે કહેવું હોય તે કહેજો. ચાલો અનિલ અમે હવે જઈએ ઘેર બધાંને યાદ દેજે. દાદા અને ભાભીને કહેજે, કિરણ સનાતનીએ જય યોગેશ્વર કીધા છે'' -કિરણ

''કિરણ તને હાથ જોડું છું. હવે મને કટાક્ષમાં કંઈ ન કહેતો, નહિ તો તને આપણી મિત્રતાના સોગંદ છે.''

''અનિલ, તારો મિત્ર તો સતપંથી હતો. એ તો મરી ગયો. હવે તો આ કિરણ આર્યસમાજી છે, આર્યસમાજી. ચાલો અમે નીકળીયે પોચતાં મોડું થશે, ચાલો આવજો.'' કહી બધા કારમાં ગોઠવાઈ ગયાને સ્મિત સાથે જય યોગેશ્વર કહી બંન્ને કાર રવાના થઈ ગઈ.

અનિલે કિરણના આ વર્તનમાં જોયું પોતે સંપ્રદાયવાળી વાત ટુંકાવવા માગતો હતો, પણ કિરણના દિલમાં આ બનાવની વેદના એટલી બધી ઠસોઠસ ભરી હતી કે તે વાત વાતમાં અને વારંવાર બહાર આવી જતી હતી. ફરી ફરીને કિરણની વાત એ જ મુદ્દા ઉપર કેન્દ્રિત થતી હતી. અનિલને થયું, આ બનાવનો ઘા કિરણના દિલમાં રૂંઝાતાં વર્ષોના વર્ષો નીકળી જશે. અને કદાચ કિરણનો આખો જન્મારો પણ !!!



ધોધ (સમાજ) એ ન ભૂલે કે, તે બિંદુ (સભાસદ) નો બનેલો છે.
જ્યારે
બિંદુએ પણ એ ન ભૂલવું જોઈએ કે, તેને ધોધમાં જ સમાવાનું છે.
અને ધોધ થકી એની શોભા અને મહત્વ વધે છે.

મામેરું

પુનિત ઘરમાં દાખલ થયો ત્યારે તેની શાંત પ્રકૃતિની મમ્મીનો ક્રોધાયમાન ચહેરો જોઈને હેબતાઈ ગયો. કંઈક વિશેષ ગંભીર મુદ્દાની ચર્ચા હશે એવું લાગ્યું. પુનિતને ચર્ચાતા મુદ્દા વિષે જિજ્ઞાસા થઈ પણ કોઈને કંઈ પુછી ન શક્યો. ઘરમાં આવી, નિત્ય ક્રમ મુજબ દાદા-દાદીનાં ફોટાંને તથા મમ્મી-પપ્પાના ચરણસ્પર્શ કર્યા. પરિસ્થિતિ વિષે વિચાર કરતો મૌન બેસી ગયો. ત્યાં મમ્મીએ વાત ચાલુ કરી.

લક્ષ્મીબેનનાં મામેરાં વિષે મારે તમારી કોઈ વાત નથી સાંભળવી. મામેરાં બાબતે હું કહીશ એમ જ થશે. શું સમજો છો તમારા મનમાં ? તમારૂ અને તમારી કહેવાતી સમાજના આગેવાનોનું ફરી ગયું છે કે શું !!!

આજે મમ્મીની વાત કરવાની સ્ટાઈલ, ગુસ્સો અને આક્રોશ જોઈને પુનિત અને તેના પપ્પાને નવાઈ લાગી. ''આટલી બધી શાંત લાગતી મમ્મી આટલો બધો ગુસ્સો પણ કરી શકે છે ? મમ્મીને શાંત પાડતાં તેના પપ્પાએ કહ્યું, તુ મારી વાત તો સાંભળ, બસ તારૂં જ ધડ્યા કરે છે. આપણે મામેરું નથી દેવું તેવું કહેતો નથી. આપણે લક્ષ્મીને અને પટેલને કહેશું કે આવા સમયે આપણે સમાજનો નિયમભંગ કરીશું તો ભવિષ્યમાં આપણને (સગપણ સાંતરામાં) તકલીફ પડશે, તેથી અમે તમને રોકડના રૂપમાં ઘરમેળે મામેરું આપીશું'' જો આપણે લક્ષ્મીના મામેરાનું આયોજન આમ રૂા. દોઢ લાખનું વિચાર્યું છે, પણ તને એમ લાગતું હોય તો રૂા. પચાસ હજાર વધારે આપીશું. માવજીકાકા પાસે પૈસાની વાત કરેલી છે. આપણે ત્યાં જઈએ નહીં ને ઘરમેળે આપી દઈએ તો ''સાપ પણ મરી જાય અને લાકડી પણ ભાંગે નહી''

પપ્પાની વાત કાપતાં એ જ અંદાજમાં મમ્મીએ કહ્યું ''એટલે તમે એમ

માનો છો કે બાઈ અને પટેલ આપણાં મામેરાંનાં ભૂખ્યાં છે ? તમે તો એમ માનો છો કે તમે મામેરું દેશો તો જ એનાં (છોકરાં) ભાઈ-બહેન પરણશે !!

"પણ તારી જીદને લીધે સમાજમાં અને ગામમાં આપણે એકલાં પડી જશું. બધા કહેશે મનસુખે સમાજના નિયમોનો ભંગ કર્યો." પપ્પાએ મમ્મીને સમજાવવાનો પ્રયત્ન કર્યો. પણ વચ્ચે મમ્મી બોલી, " હું તમને અને તમારા સમાજના આગેવાનોને પુછું છું કે લક્ષ્મીબેન જેવી અસંખ્ય બહેનો આપણા સમાજમાં છે. જેના માવતર સનાતન વાળાં છે અને સાસરું સતપંથ વાળું છે. તો એ બધી દિકરીઓ શું પોતાની ઈચ્છાથી લગ્ન કરીને સતપંથ પરિવારમાં ગઈ છે કે તમારા જેવા ધર્મ ધુરંધર ધર્મચૂસ્ત કહેવાતા સનાતનવાળા પરિવારે સતપંથમાં પરણાવી છે ?

પરિવારની ઈચ્છાથી પરણાવી છે તો આ બાબતે તમને અને તમારી સમાજને આ પ્રકારનું વર્તન કરીને-કરાવીને એ નિર્દોષ દિકરીઓને સજા કરવી એ ક્યાંનો ન્યાય છે ? અને આ રીતે એને સજા કરવાનો તમને કે તમારી સમાજને શું અધિકાર છે ?" મમ્મીની વાત પુનિતને સો ટકા સાચી લાગી.

"અરે તું સમજતી નથી, આમા સજા જેવી વાત જ ક્યાં આવે છે ? આપણે મામેરાંનો હક્ક તો આપી દઈએ છીએ ને ?" પુનિતને મમ્મી પપ્પાનો ઝઘડાનો મુળ મુદ્દો સમજાઈ ગયો. મમ્મીએ કહ્યુ.

"તમે મામેરાંને માત્ર બહેનનો હક્ક ગણો છો ? મને લાગે છે કે સમાજના આગેવાનોની જેમ તમારું પણ....એવું બધું કહી મારી જીભને પાપમાં નથી નાખવી." મમ્મીએ વાત ટુંકાવી નાખી.

"એક કામ કરીએ" પપ્પાએ કહ્યુ, "આપણે સોમજીકાકાની સલાહ લઈએ, એ જેમ કહેશે તેમ......."

"એમા સલાહ લેવાની વાત જ નથી આવતી" મમ્મીએ પપ્પાની વાત કાપતાં કહ્યું. જો હું લક્ષ્મીબેનની જગ્યાએ હોઉં તો મારા ભાઈને એમ જ કહી દઉં, માત્ર તમારા ભાણેજને વાધા-વરોલાં દેજો. બીજુ મને કંઈ નથી જોઈતું પણ મારે માત્ર તમારા (મારા માવતર)પરિવારની હાજરી જોઈએ છે. તમને એક બહેનની લાગણી નહીં સમજાય. બહેન માટે લેવડ-દેવડનું કંઈ મહત્વ

નથી. બહેન માટે માત્ર માવતર અને ભાઈ પરિવારની હાજરીનું મહત્વ હોય છે.

જે બહેનને સગા ભાઈ નથી હોતા, ત્યાં કાકાઈ ભાઈ કે મામાઈ ભાઈ આવી બહેનોને ત્યાં આવા પ્રસંગોએ મામાની (ભાઈની) ખાલી જગ્યા પુરીને નભાઈ બહેનોને દિલમાં દુઃખ ઓછું લાગે એવા પ્રયત્ન કરતા હોય છે. છતાં આવા પ્રસંગે બહેનને સગા ભાઈની ગેરહાજરી (ખોટ) હૃદયમાં કોરી ખાતી હોય છે. ને તમે તો જીવતા જાગતા માજણ્યા ભાઈ છો. તમને સગી બહેનને ત્યાં મામેરું દેવા બાબતે આ રીતની વાત કરતાં શરમ આવવી જોઈએ....!!'' મમ્મીએ પાછુ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું.

''કાલ સવાર સુધીમાં મને તમારો જવાબ જોઈએ. તમે લક્ષ્મીબેનને ત્યાં મામેરું દેવા મારી સાથે આવશો કે નહીં? સમય ટુંકો છે, તમારીમામેરાંની તૈયારી ઠેલ્યા કરવાનું કારણ હું સમજી ગઈ. પણ હું તમારો ઈરાદો પુરો થવા નહીં દઉં. તમે મામેરાંમાં સાથે નહી આવો કે મને મામેરાંની ખરીદી માટે પૈસા નહીં આપો તોય હું મારા દાગીના વેચીને પણ મામેરું કરીશ. મારા દાગીનાના પૈસાથી જેટલી અને જેવી તૈયારી થશે તેવી તૈયારી કરીશ.'' ત્યાં પૂજાએ કહ્યુ ''મમ્મી તમારા દાગીના સાથે જરૂર પડશે તો હું પણ મારા દાગીના આપીશ પણ ફઈને ત્યાં મામેરું બે માણસ જોશે તેવું આપીશું. દાદા-દાદી નથી તો આ જવાબદારી આપણા સૌની છે.'' પુનિતને પૂજાની ભાવના સંસ્કાર અને હિંમત ઉપર ગર્વ થયો. પૂજાની વાત સાંભળી મમ્મીમાં હિંમત વધી. તેણ કહ્યું ''અમારા દાગીનાના પૈસાથી જેટલી અને જેવી તૈયારી થશે તેવી કરશું ને હું, પૂનિત અને પૂજા સમય પર પોચી જશું. જે થવાનું હોય તે થાય. મારો દિકરો અને મારી વહું મારી સાથે છે. ન જઈએ તો ફઈને કેટલું દુઃખ થાય? પ્રસંગે ન જઈએ તો ફઈ માટે માવતર પરિવાર મરી ગયો ગણાય. અમે બધાં જશું, શોભતું કરશું. જરૂર પડશે સમાજને જવાબ દેશું.'' મમ્મીએ પુરા આત્મવિશ્વાસ સાથે શુદ્ધ ગુજરાતીમાં પપ્પાને સંભળાવી દીધું.

આટલીવાર શાંત બેઠેલો પૂનિત બોલ્યો. ''પપ્પા, તમે સમાજની વર્તમાન સિચ્યુસન પ્રમાણે આગળ પાછળનો વિચાર કરતાં સો ટકા સાચા છો. જ્યારે

મમ્મી તમારાથી સવાસો ટકા(વધારે) સાચી છે. આપણે જવું પડશે ને જશું, બાકી સ્થાનિક સમાજને જવાબ દેવો પડશે તો જવાબ હું પોતે આપીશ.'' પૂનિતે રોકાઈને આગળ કહ્યું, ''પપ્પા મોટી સમાજે ક્યાં આવું કહ્યું છે ? મોટી સમાજે તો માત્ર શ્વેતપત્રની વાત કહી છે. ને એ સાચુ છે. આપણી નીતિ, રીતિ, જન્મ, લગ્ન અને મરણના રિવાજો હિન્દુ છીએ તો હિન્દુ શાસ્ત્ર પ્રમાણે હોવાં જોઈએ. હું એમાં સંમત છું. અને એવું ચુસ્તપણે માનું છું. સાથે સાથે આ બાબતે બાંધછોડ ન કરવા બાબતમાં ચુસ્ત છું. મોટી સમાજે ક્યાંય એવું નથી કીધુ કે સતપંથમાં માનતી બહેનને મામેરું દેવા જવું પણ તેના ઘરે જમવું નહીં. એવું ક્યાંય નથી કીધું એવું હું જાણું છું. આતો સ્થાનિક સમાજોના આગેવાનો ક્યાંક વ્યક્તિગત ઝઘડા, ક્યાંક વ્યક્તિગત અહમ્ અને ક્યાંક અંગત, રાજકિય, સામાજિક કે ધંધાકિય હરીફાઈ તો ક્યાંક તૃષ્ટિકરણના મુદ્દાને લઈને પોતપોતાને ઠીક લાગે તેવાં અર્થઘટન કરી, મનઘડંત નીતિ નિયમો બહાર પાડે, એનું કંઈ મહત્વ કે વજુદ ન હોવું જોઈએ. પપ્પા, થોડો સમય જવા દો. આવી બાબતો બધી બકવાસ ગણાશે ને આ વિરોધનો જુવાળ સમી જશે.''

પૂનિતે સમાજના સુવર્ણ જયંતિ મહોત્સવ વખતે સમાજે બહાર પાડેલા શ્વેતપત્રના મુદ્દાઓ, સ્થાનિક સમાજના ઠરાવો અને સમજે પાટીદાર સંમેલનોના ઠરાવો વાંચેલા, તેમને તેમાં મોટાભાગનું વજુદ વગરનું લાગેલું. પૂનિતને નવાઈ લાગી કે આટલા સંપ, સંગઠનથી સર્વ ક્ષેત્રે રચનાત્મક કામો કરતો સમાજ અને તેને લઈને અન્ય તમામ સમાજો આપણા સમાજને ખૂબ માનથી જુએ છે, તેવા સમાજને એકાએક શું થવા બેઠુ છે ?!! તેના આગેવાનો આવા અવ્યવહારૂ નિયમો બનાવતી સ્થાનિક સમાજોને બ્રેક ન લગાવી, પોતાનું અને સમાજનું અવમૂલ્યન કરવા બેઠા છે. એ વિચારતો બેઠો હતો ત્યાં ''દાદા વાળુ કરી લ્યો'' કહી પૌત્રાએ મનસુખભાઈનો હાથ પકડી ઉભા કર્યા.

બધાં જમવા બેઠાં, ભારે મને બધાં જમ્યાં અને સુઈ ગયાં. પૂનિતના પપ્પા મનસુખભાઈને ઉંઘ ન આવી. મગજમાં વિચારો ઘુમરાવા લાગ્યા, મનસુખભાઈને પોતાની પત્નીની તથા પૂનિતની વાત સાચી ને વ્યવહારિક લાગી.

સ્થાનિક સમાજના નિયમો અને ઠરાવો તથા તેના આગેવાનોની ધમકી ભર્યા વર્તનવાળી વાતો વચ્ચે પોતાની એકની એક બહેનને ત્યાં આવતો મામેરાંનો પ્રસંગ.... પોતે શું કરવું ? તે મુંઝાઈ ગયો. તેના સ્વર્ગસ્થ બા-બાપુજીને મનોમન યાદ કરી એકલો એકલો રડ્યો. મનસુખભાઈએ માઁ ઉમિયાનું અને શ્રી યોગેશ્વર ભગવાનનું સ્મરણ કર્યું. હે માતાજી, હે ભગવાન મને હિંમત અને માર્ગદર્શન આપો, મને રસ્તો બતાવો, મારે શું કરવું ? તે આંખો મીંચી પડ્યો રહ્યો. હું મારી ભાઈ તરીકેની ફરજને સાચો ધર્મ માનું તો પુજા, પૂનિત અને તેની મમ્મી સાચાં છે. સમાજના નિયમોને ખોટા માની અનાદર કરી ઉલંઘન કરીશ તો વળી સમાજ રૂઠશે તો ?

મનસુખને બાપુજી ઘણીવાર કહેતા, સમાજ મા-બાપ છે. એના પ્રત્યે પરમ આદર રાખવો, એ આપણાં બધાંની પવિત્ર ફરજ છે. મનસુખભાઈને થયું, મારે સમાજના બધા નિયમો પાળવા છે, પણ આવા બિલકુલ અવ્યવહારુ નિયમો કઈ રીતે પાળી શકાય ?!! જુઓ તો ખરા કેવા વિચિત્ર નિયમો બનાવ્યા છે. લફંગા, દારૂડીયા, જુગારી અને સમાજમાં ન શોભતાં કામ કરનાર પાટીદાર કે કોઈને પણ ઘેર જમવાની અને નવા સંબંધો કરવાની છુટ, મુસલમાન અને ક્રિશ્ચિયન સાથે સંબંધ હોય તો ત્યાં જમવા જવામાં કોઈનો વિરોધ નથી. પણ આપણા સમાજના અને આપણા પરિવાર દ્વારા જ બાંધેલા સંબંધ એવા સતપંથી સાસરીવાળી બહેન કે જે પરિવારના સંસ્કારો સનાતનવાળા પરિવાર કરતાં સહેજ પણ ઉતરતા ન હોય તેવી મા જણી સમી બહેનને ત્યાં પ્રસંગોપાત જમશો તો સમાજ તમારો વિરોધ અને બહિસ્કાર કરશે.!!!

સતપંથી પરિવાર ભણેલો, ગણેલો સંસ્કારી અને સુખી તથા સર્વગુણ સંપન્ન હોય તો પણ નવા સગપણ સંબંધ કરશો તો સમાજ તમારૂં સભ્યપદ રદ કરશે. તમારા લગ્ન, મરણ જેવા પ્રસંગોએ અસહકાર કરશે. મનસુખભાઈને પુરો વિશ્વાસ છે કે આ બહુ લાબું નહી ચાલે, પણ આપણે તો હમણાં જ મામેરું દેવાનું છે તે પ્રશ્ન છે?!! તેના માટે શું કરવું ?

મનસુખભાઈને ઉમિયા માતાજી તથા શ્રી યોગેશ્વર ભગવાનના સ્મરણથી મનમાં કઈક ચેતના અને પ્રેરણા થઈ. થોડી મક્કમતા વધી. પૂનિતની

મમ્મી કહે છે, તેમ જ હવે કરશું, એમ કરવાથી સમાજ કદાચ દહીં દૂધ વાળા મવાળવાદી કહી ભલે ઉતારી પાડે. તેનાથી શું થયું? એવાના કહેવાથી સનાતની થોડા મટી જવાના છીએ. આમ તો આવા અમારા જેવા લોકો જ બે સંપ્રદાયના લોકોની વચ્ચે કોમન કડી છે. અને તેવા લોકો દ્વારા સોફ્ટ પ્રયત્ન થાય તો કંઈક પોઝીટીવ પરિણામ મળે પરંતુ પોતાને જોઈતો જશ -મોટાઈ અન્ય માણસ લઈ જાય એ પેલા આગેવાનો અને પોતાની જાતે બની બેઠેલા સમાજ સુધારક અને સમાજ સેવક કે જેને પોતાને હીરો થવું છે. અને બીજા નારણજીબાપા થવું છે. એવા આવું કદી થવા ન દે.

માઈક પકડતાં આવડી ગયું એટલે એમાં સમાજના આગેવાન થવાની લાયકાત છે, એવું માની લઈ ઉતાવળે તૃષ્ટિકરણને લઈને આપણે ઘણીવાર તેવા લોકોના હાથમાં સમાજની સંપૂર્ણ દોરી સંચાર સોંપી, આપણે ભયંકર ભૂલ કરીએ છીએ. એવું મનસુખભાઈને લાગ્યું.

સમાજના આગેવાનોએ બધી જ બાજુનો વિચાર કરવો જોઈએ. કોઈપણ પગલું ભરતાં પહેલાં તેની શું આડઅસર થશે તે પ્રથમ ચકાસવું જોઈએ. નાના અને છેવાડાના માણસને તથા સમસ્ત સમાજને આજે અને દુરોગામી શું અસરો થશે, તેની સતત સાવધાની રાખવી પડે. દારૂ પી ને ગાડી ચલાવનારને આપણે આપણી ગાડીનું ડ્રાઈવીંગ કરવા દેતા નથી. કારણ કે એવા દ્વારા ગાડી ચલાવવાથી આપણી અને ગાડીની શું દશા થશે ? તે આપણે જાણીએ છીએ.અહિં તો આખી સમાજની આગેવાનીની જવાબદારી સોંપવાની વાત છે.

આજે સમાજમાં ચાલી રહેલી ચાલનો, સમાજના સાચા હિતચિંતંકો આ પ્રશ્ન ગંભિરતાથી નહીં લે તો આ રીતે અત્યારની થીયરી મુજબ બે સંપ્રદાયના સમાજની ગાડીઓ સમાંતર પાટા ઉપર એવી રીતે ગોઠવાઈ જશે કે જે વર્ષો પછી પણ એકબીજાની નજીક આવવી અસંભવ થશે. કારણ કે તેના પાટાની ગોઠવણી સમાંતર રહે તેવી યોજનાઓ ઘડાય છે અને તેની કાળજી રખાય છે. અને એ સમાંતર પાટાની ગોઠવણી વચ્ચે બે સંપ્રદાયના આગેવાનોના અહમની મજબુત દિવાલ ચણાતી જાય છે. એ દિવાલ નફરતના પ્લાસ્ટરથી

અને સંગઠનોના ક્યુરીંગથી (પાણી પાવાથી) મજબુતાઈ પકડી સ્ટ્રોંગ અને સ્ટ્રોક પ્રુફ બનતી જાય છે.

આવા વિચારોના અસ્ખલિત પ્રવાહ વચ્ચે મનસુખની આંખ ક્યારે મળી ગઈ, ખબર ન પડી. સવાર થઈ, ચા-નાસ્તો કરતાં કરતાં મનસુખભાઈએ દિકરા પૂનિતને ચાવી અને ચેકબુક આપતાં કહ્યું, બેટા, તું,પૂજા અને તારી મમ્મી આજથી જ મામેરાંની ખરીદી અને તૈયારી કરો. તમો બધાએ વમળમાં ફસાયેલા મારા મનને (આત્માને) બહાર કાઢ્યો અને સાચો ફરજનો ધર્મ બતાવ્યો અને સાચો રસ્તો બતાવ્યો. ગીતામાં પણ ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને કર્તવ્ય ધર્મ બજાવવાની સલાહ આપી હતી. હવે મને મારી ભૂલ સમાજાઈને લાગ્યું કે ફરજ એજ ધર્મ છે. બાકી ધર્મના નામે દેખાડાથી વિશેષ કઈં નથી.

સ્વર્ગનું દ્વાર

કારોબારી કમીટીની મીટીંગ પુરી કરી, વિનોદ રાત્રે એક વાગે ઘેર આવ્યો. આ મીટીંગમા જનરલ મીટીંગનો સમય અને એજન્ડા નક્કી કરવાની ચર્ચા હતી, તે ઉપરાંત આ વખતે પહેલી વખત કઈ ચર્ચા કઈ રીતે કરવી, પ્રમુખ અને હોદ્દોદારોની એડવાન્સમાં ગોઠવણી કરવાની હતી.

આમાં કેટલાક ભાઈઓ પોતાનું કટરવાદી વલણ બતાવી, પોતાની સમાજ પ્રત્યેની વધુ વફાદારી સાબિત કરવાની હરિફાઈમાં જુત્યા હોય એવું લાગ્યું. આવાં બધાં વલણો વચ્ચે પોતે કઈ રીતે સમસ્ત સમાજ પ્રત્યેની તટષ્ઠતાપૂર્વક સાચી ભાવનાથી સમાજની કઈ રીતે સેવા કરી શકશે? વિનોદને કારોબારી કમીટીમાંથી રાજીનામું દેવાનો ઘડીભર વિચાર આવ્યો. પરંતુ રાજીનામું આપવામાં તેને થોડી બીક લાગી.

હું રાજીનામું આપીશ અથવા નિષ્ક્રિય બનીશ અથવા કટ્ટરવાદથી સમાજને થતાં નુકશાન વિષે કોઈને સમજાવીશ અને જનમત ઉભો કરવા પ્રયત્ન કરીશ તો આ લોકો મને દહીં-દુધવાળા અને મવાલ કહી હલકો ચિતરશે. અને મારી સામાજીક કારકીર્દિ અને ભવિષ્ય ખતમ થઈ જશે.

તેના હાથમાંના પેપર્સ ટીપોઈ ઉપર નાખી ને સોફામાં આડો પડયો. નિતાએ ''હરી ઓમ'' કહી, પાણીનો ગ્લાસ આપ્યો. વિનોદે પાણી પી આંખો બંધ કરી, નિતાએ વિનોદનો ચિંતિત ચહેરો જોઈ પુછ્યું ''કાં મજા નથી ?''

વિનોદે કંઈ જવાબ ન આપ્યો. માત્ર નકારમાં માથું હલાવ્યું. તેના મગજમાંથી આજની મીટીંગની ચર્ચાના વિષયોની રીલ ખસતી ન હતી.

વિનોદને એમ થયું કોંકના ઈશારે આ લોકો સમાજને સુધારવા નીકળ્યા છે કે સમાજને તોડવા? મીટીંગમાં થયેલી કેટલીક અન્ય સમાજોની કાર્યવાહીની ચર્ચાથી વિનોદને એમ લાગ્યું, આપણા જ ભાઈઓ માટે આવા હલકી ભાષા પ્રયોગથી ગમે તેવા સાદા અને મજબૂર લાચાર માણસને પણ ખોટું લાગે, તેનો અહંમ ઘવાય. દરેકને પોતાનું સ્વમાન વહાલું હોય છે. કોઈપણ માણસ

અન્ય નુકશાન સહન કરી શકે છે, પરંતુ સ્વમાન હનન સહન નથી કરી શકતો.

વિનોદે વિચાર્યું, સામાવાળાની જગ્યાએ આપણે હોઈએ તો ? આવી કલ્પના કરી આપણે સામે વાળા જોડે વર્તન કરવું જોઈએ. ભગવાને ગીતામાં કહ્યું છે "મમૈવાંશો જીવલોકે જીવભુતઃ સનાતનઃ "દરેક દેહમાં રહેલો જીવાત્મા મારો અંશ છે, દરેકમાં ભગવાનનો અંશ છે. તો તેનું અપમાન એ ભગવાનનું અપમાન છે. ગીતા આવું કહેતી હોય તો અને ગીતા જેનું ધર્મ પુસ્તક છે. એ જ સનાતન ધર્મ માટે કામ કરતા લોકો આ રીતે સામેવાળી કોઈપણ વ્યક્તિ સાથે હલકું તોછડું અપમાનજનક વર્તન કરી. "પરસ્પર દેવો ભવઃ" ધર્મનો ભંગ કરી, ધર્મના નામે ધર્મનું અપમાન કરે છે. વળી પોતાને ધર્મ માટે કામ કરતો ધાર્મિક બતાવી ધર્મના નામે માત્ર ધર્મનો દેખાડો કરે છે. એવું લાગ્યું.

વધુ તો વિનોદને એ વાતનું દુઃખ હતું કે આવી મીટીંગમાં કેટલાક સ્થાપિતહિતો પૂર્વ આયોજન કરી, સ્થાનિક સમાજોમાં શ્વેતપત્રના ઓઠા હેઠળ પોત પોતાને ઠીક લાગે તેવા કરેલા ઠરાવોમાં અમુક ઠરાવોનો અર્થ એવો નીકળે છે કે "તમારા સગાભાઈ, કાકા, કાકાઈભાઈ કે દાદા વગેરે જો પીરાણા સતપંથ ધર્મને માનતા અથવા અનુસરતા હોય તો તેની સાથે કોઈપણ પ્રકારનો સંબંધ રાખી શકાશે નહિં." વિનોદને થયું મારે શું કરવું ?

આ લોકો કાલે ચોક્કસ મને પણ એમ કહેશે કે તારા કાકા અને દાદા સતપંથમાં માને છે તો તું બધાંને અહીં સનાતનમાં લઈ આવ અને નિયમોનું પાલન કરાવ, નહિં તો તેનાથી સંબંધ કાપી નાખ. વિનોદને થોડી બીક પણ લાગી કે આ બધામાં ઘણા એવા છીછરા સંસ્કારો વાળા છે કે માતા-પિતા, કાકા-કાકી કે દાદા-દાદીને ઘરમાં સન્માનપૂર્વક લાગણીથી રાખી શકતા પણ નથી. આવા વડીલો સાથે કેવા પ્રકારની લાગણીથી રહેવાય અને તેનાથી કેવા પ્રકારની પારિવારિક હૂંફ મળે છે, એની એને કયાં ખબર છે ? એ તો માત્ર સિકંદરની કેડી જ પસંદ કરે છે. એવા લોકોની વાતચિતમાં એ કહેતા પણ હોય છે "જે જીતે એ સિકંદર"...

એવા લોકોને કયાં ખબર છે કે કેટલાક માણસો હારીને જીતી જતા હોય છે. થોડા દિવસ પહેલાં. આ ઠરાવો-રીવાજોની કાકા સાથે ચર્ચા થઈ હતી, તો કાકાએ કીધું વિનોદ બેટા, તને કારોબારીમાંથી રાજીનામું દેવાની જરૂર નથી

અને તું થોડા દિવસ અમારાથી સંબંધ કાપી નાખજે, લાગણીશીલ થઈ સંબંધ માટે બેટા તારું સામાજીક ભવિષ્ય ન બગાડતો, બાકી સમય જતાં બધું શાંત પડી જશે.

સંબંધ કાપી નાખવાની કાકાની વાતથી વિનોદને તે રાત્રે ઉંઘ ન આવી. મારા પપ્પા બિલકુલ સાદા, નબળી માનસિકતા અને નબળી તબીયતવાળા છે. મારી મમ્મી માત્ર મમ્મી જ છે. આજે હું જે છું તેમાં બધો જ ફાળો મારા કાકા-કાકી અને દાદાનો છે. વળી એ કાકાએ મારામાં છુપાએલા સંસ્કાર, વિચાર અને શક્તિ નજર સામે રાખી મારા સામાજીક ભવિષ્ય માટે પોતાના દિલ ઉપર પથ્થર રાખીને આમ કહે છે.

વિનોદ તેના કાકાની ભલમનશાહી અને લાગણીશીલતા જાણતો હતો. કાકા કયારેય કોઈનું, અરે એનું પોતાનું બુરૂં કરનારનું પણ બુરૂં કરી શકતા નહિં, સપનામાં પણ બુરૂં વિચારી શકતા નહિં, એના કાકા સંબંધ અને લાગણીને જ સાચી કમાણી ગણતા.

કયારેક સમાજમાં પૈસા અને મિલ્કત માટે સગાભાઈઓ પરસ્પર કાવાદાવા કરી, અંદરોઅંદર ઝગડતા અને મિલ્કતના થોડા વઘઘટના હિસ્સા માટે જિંદગીભર પરસ્પર સંબંધ કાપી નાખતા અને અબોલા રાખતા ભાઈઓ પર તે ફિટકાર વરસાવતા, અને ભગવાન પાસે માગતા કે આવી સંપતિ કરતાં, અમને અમે છીએ તેવી મધ્યમ સ્થિતિમાં રાખજે અને માત્ર દિલના કરોડપતિ બનાવજે. દિલના કંગાળ ન બનાવતો. ભાઈ ભાંડૂ અને પરિવાર પ્રત્યે પ્રેમ અને લાગણી જળવાઈ રહે એ જ મોટી પ્રોપર્ટી છે.

એવું કાયમ કહેનાર કાકાએ કેટલું કઠણ કાળજું કરીને "સંબંધ કાપી નાખજે." આવા શબ્દો કહી શક્યા હશે! આ કહેતી વખતનો કાકાનો વ્યગ્ર ચહેરો એને યાદ આવ્યો. વિનોદને ખાત્રી હતી, તે રાત્રે તેના કાકા-કાકી ખુબ રડયાં હશે. આ પ્રસંગ યાદ કરી વિનોદને ખુબ દુઃખ થયું. તેના કાકા કાકીએ તો પોતાનાં સંતાન કરતાં અમો બે ભાઈ બહેન માટે વધુ જીવ બાળ્યો છે.

થોડા સમય પહેલાં કાકા સાથે એક વખત સંપ્રદાય બાબતની નિર્દોષ ચર્ચા થયેલી. તેમાં વિનોદે કહેલું "કાકા, સમય જોઈ પવન બાજું પીઠ ફેરવવી એ ડહાપણનું કામ નથી ?"

"હા છે બેટા, પણ મેં દાદા સાથે થોડી ચર્ચા કરી હતી. એમ કરતાં દાદા થોડા નારાજ થતા હતા, બેટા, જે બાપ પોતાના સંતાનો માટે પોતાની અમુલ્ય યુવાની ઓળઘોળ કરી નાખી હોય, પોતાની પર્સનલ હોમ લાઈફ શૂન્ય બનાવી, માત્ર સંતાનો માટે જીવ્યા હોય. તને ખબર નહિં હોય બેટા, એના સમયમાં બા કચ્છમાં ખેતી મજુરી કરે, પોતે બહાર પરદેશ કમાવા જાય, વર્ષે બબ્બે વર્ષે કચ્છમાં (વતનમાં) બાને (પોતાની પત્નીને) અને બાળકોને મળવા મહીનો બે મહીના આવે. પોતે આપણા માટે (બાળકો માટે) કંઈક વધુ બચાવવા પેટ પુરતુ પણ ન ખાય, કયારેક ગોળ ચણા ખાઈ સુઈ જાય, પોતાની જુવાનીના અમુલ્ય દિવસો આપણા માટે આ રીતે જીવ્યા હોય, તેણે આટલું કર્યા પછી પણ આપણને કયારેક આ બધું સંભળાવ્યું ન હોય, જેનું આટલું મોટું ઋણ આપણા ઉપર ચડયું હોય, તે પિતાને નારાજ કરવા એ ભગવાનને નારાજ કરવા બરાબર છે. આપણા આવા નિર્દોષ માવિત્રોને નારાજ કરવા એ નરકના દ્વાર ખોલવા બરાબર છે.

બેટા, હું સનાતનમાં જ માનું છું. એ સમયમાં આપણી સમાજના અજ્ઞાન, અભણ અને ભોળાં પારેવાં જેવા આપણા પૂર્વજ વડિલોને તે લોકોએ કાંઈક મુક્તિ મોક્ષના પ્રલોભનથી કે કોઈ અગમ્ય મનોવૈજ્ઞાનિક પ્રભાવમાં નાખી ગેરમાર્ગે દોર્યા હશે. તેથી જ આપણા પૂર્વજો ચીલો ચાંતરી (ચૂકી) ગયા હશે. છતાં આપણે પોઝીટીવ વિચારીએ તો તેણે આપણા પૂર્વજોને આપણી ઉમીયાંમાના સંતાન પાટીદારની અસલ ખાનદાની અને અસલ ધાર્મિકતા સાથે ચેડા કર્યા વગર એ બધું જાળવી રાખવા દઈ, કોઈ અન્ય સમાજ આંગળી પણ ન ચીંધી શકે એ રીતે નિર્દાગ, નિષ્કલંક જીવન પધ્ધતિથી પેઢીઓ અને સદીઓ સુધી જીવવા દીધા હતા.

આપણા વડીલો ગળથુંથીના સંસ્કારને લઈને પીર તરીકે ઈમામશાહ બાવા કે હાજીપીરની દરગાહે જાય, એમાં જેમ ડોકટર કોઈ આપણા જ ભાઈને તંદુરસ્તી માટે દવા તરીકે આલ્કોહોલ લેવો (દારૂ પીવો) પડશે કહે અને એ પીએ છે એ આપણે જાણતા હોવા છતાં, તેના પ્રત્યે આંખ આડા કાન કરીએ છીએ. તેમ આમાં પણ આપણે એ ત્યાગી અને તપસ્વી જેવા વડીલોની લાગણીને આઘાત ન પહોંચે એ રીતે એને થોડી છૂટ આપવી જોઈએ. માત્ર

શ્વેત પત્રને માન આપવાની વાત નથી, બેટા, હું માનું છું આપણે જન્મે હિન્દુ છીએ, તો આપણા સોળ સંસ્કાર, જન્મથી મરણ સુધી અને મરણોતર ક્રિયાઓ હિન્દુશાસ્ત્ર મુજબ જ થવી જોઈએ.

આપણા દાદાને ગળથુંથીમાંથી જે ધર્મ સંસ્કાર મળ્યા છે તે તેના જીવનના છેલ્લા દિવસ સુધી તે સંસ્કાર ન ભુલી શકે, ઠીક છે. કોઈ સમજુ વડીલ સમય ઓળખી સંમતિ આપે પણ તેનો આત્મા આ વસ્તુ દિલથી કબુલતો નથી, તેથી મેં મનમાં નક્કી કરેલું છે. દાદાનું હિન્દુવિધિ મુજબ અગ્નિ સંસ્કાર અને બારમું કરીશ. અને પીરાણા પુજા કરાવી ક્રિયાઓ પણ વંચાવીશ. અને તેના બીજે જ દિવસે સનાતન સમાજમાં નામ નોંધાવી સભ્ય બની જઈશ. પણ હમણાં દાદાનો જીવ નહિં દુભાવી શકું. તારા પપ્પા કંઈ બાંધ છોડ કરે તેવા નથી, ત્યારે દાદાનું આપણા ઉપરનું આ ઋણ પુરું નહિં ચુકવી શકું પણ જેટલો થાય તેટલો ભાર ઓછો કરવાનો મોકો જતો હરગીઝ નહિં કરૂં.!!!

વિનોદને કાકાના વિચારો અને સંસ્કારો માટે ગર્વ થયો. અને એમ પણ થયું કે હું પણ કાકા અને દાદા સામે એજ પરિસ્થિતમાં છું. વળી આપણી સમાજમાં આ પરસ્થિતિમાં હું એકલો નથી. અમારા જેવી સ્થિતિ વાળાં અસંખ્ય પરિવારો છે. આવી પરિસ્થિતિવાળા બહુ સંખ્યક પરિવારોની મનોસ્થિતિનો કેમ કોઈ વિચાર કરતા નથી ?

માણસને માત્ર પોતાના જ વિચાર કરવા હોય તો પોતાનું ઘર પકડીને બેસી રહેવું જોઈએ. માત્ર દેખાડા ખાતર સમાજ સમાજ કરી શા માટે કુદી પડતા હોય છે ? સમાજમાં કામ કરનારને પહેલાં પોતાનો નહિં, બીજાનો, અરે મોટાથી માંડી છેવાડાના નાના માણસ સુધી દરેકનો વિચાર કરવાનો હોય છે. તેણે પોતાની જાતને, પોતાના અહમને અને પોતાના અંગત વ્યક્તિત્વને ઓગાળીને શુન્ય કરી નાખવું પડે. પહેલાં પોતાના પરીવારને સંતોષ આપો. પછી સમાજ સંભાળો, સંભાળવા જાઓ.ઘરમાં તમારો નાનો ભાઈ, દિકરો કે વહું તમારૂં કહ્યું માનતાં નથી, તમારી કોઈ વાતે સંમત નથી, ને સમાજ પાસે પોતાના વકિતગત મત કબુલાવવા નીકળ્યા છે.! પછી તો સમાજમાં આવી જ પરિસ્થિતિ સર્જાયને.!!

વિનોદને એક વાત યાદ આવી, તેના મિત્રના પપ્પાએ થોડા દિવસ પહેલાં

કીધું તું ''ટુંકા માણસના પડછાયા જયારે લાંબા દેખાય ત્યારે સમજવું સૂર્યાસ્તનો સમય નજીક છે. (હવે સૂર્યાસ્ત જલ્દી થવાનો છે) મને તમારા સમાજની હાલની પરિસ્થિતી આવી દેખાય છે.'' આજે વિનોદને આ કહેવત અને તેની દૂરોગામી અસર વિષે ચિંતા થવા લાગી.

રાત્રે મીટીંગમાં કોઈએ કીધેલુ કે જેમ બીજી સમાજોએ ઠરાવેલું છે તેમ આપણે પણ મોડું કર્યા વગરનક્કી કરવું જોઈએ કે ''સમાજ તેને જ કહેવાય જેમાં એક આચાર વિચાર વાળા લોકો હોય, જેના રીત રીવાજ એક હોય અને જે વૈદિક હિન્દુ ધર્મમાં માનતા હોય એજ આપણી સમાજના સભ્ય રહીં શકે''

વિનોદે વિચાર્યું નાનો પરિવાર હોય ત્યાં પણ બધાના મત સરખા નથી હોતા. સૌને પોત પોતાની બુધ્ધિ અને સંસ્કાર તેના પૂર્વ જન્મના સંસ્કાર અનુસાર વાણી વર્તન અને મત હોય છે. જયાં આટલો મોટો સમાજ હોય, ત્યાં જુદા જુદા મત ધરાવતાં માનસ હોય એ સ્વભાવિક છે. આવું તો દરેક સમાજોમાં હોય છે, વળી અન્ય જ્ઞાતિમાં સમાજ સંપ્રદાય વિષે કંઈ દખલ નથી કરતી. શ્રધ્ધા એ દરેકનો પોતાનો વ્યકિતગત વિષય છે. જો કે આપણી સમાજમાં સતપંથીઓએ કેટલાક રિવાજો વિષે ચોકકસપણે થોડું વિચારવું જોઈએ જ.

સમાજ તૂટે નહીં અને સમાજની અખંડિતતા જળવાઈ રહે સાથે સાથે જે વડીલોને ગળથુંથીમાંથી એ સંસ્કાર મળેલા છે, એવા વડીલોની શ્રધ્ધાને પણ આઘાત ન પહોંચે એ રીતે રસ્તો કાઢવો જોઈતો હતો. આપણો સમાજ આમ પણ જનરલ સમાજમાં દાખલારૂપ છે અને આવાં સુખદ સમાધાન થકી આપણો સમાજ ઉજળાં ભવિષ્યવાળો સંપીલો, સમરસ અને તેજસ્વી સમાજ બની ગયો હોત. અને સમાજજનોમાં પણ પરસ્પર સદ્દભાવનાનો ગ્રોથ થયો હોત.

વિનોદે વિચાર્યું આપણા ભાઈઓ પાસે, મે જયાં જયાં ચર્ચાઓ કરી છે, ત્યાં ત્યાં બહુમતિ વર્ગના મતમારી સાથે મળતા આવે છે. આ બાબતે જે થાય છે તે સારું થાય છે, કહેનારા સમાજના માત્ર ગણ્યા ગાંઠયા ભાઈઓ જ છે. તે પૈકી કેટલીક જગ્યા એ કેટલાકનું તેના પરિવારમાં કે સ્થાનિક સમાજમાં લાબાં ગાળાનું નિયમિત રીતે સર્જનાત્મક કે રચનાત્મક વિશેષ યોગદાન, મહત્વ કે પોઝીટીવ ભુમિકા પણ નથી, એવા યુવાનોમાં એકાએક સમાજભક્તિની

સુનામી આવવાનું કારણ પણ અગમ્ય જણાય છે. આવા યુવાનોએ સામાજીક અપરિપકવતાને લઈને પૂર્વ આયોજન પૂર્વક માત્ર પોતાની મહત્વકાંક્ષા પુરી કરવા પોતાનું ધાર્યુ કર્યું છે.

વિનોદને એમ થયું, અત્યારે સમજે પાટીદારની ઝુંબેશ ચલાવતા આપણા આ યુવાનોમાં ચોક્કસ કંઈ કરવાનો ઉત્સાહ અને થનગનાટ છે. એ બહુ સારી નિશાની છે. એવા યુવાનો જ કંઈક કરી શકે, પરીણામ લાવી શકે. આવી ધધકતી ઉર્જા જ નવી કેડી કંડારી શકે.!!!

પરંતુ સાથે સાથે એ વાત પણ ચોક્કસ છે કે જેમ દર વર્ષે અમુક ન નાથેલી નદીઓમાં આવતાં પુરથી ખુબ ખાના ખરાબી અને તારાજી સર્જતી નદીને નાથવા માટે બંધ બાંધવાના નિર્ણયથી કેટલાક પુનવર્સનની અને કેટલીક વ્યક્તિગત સમસ્યાઓ જરૂર ઉભી થતી હોય છે.

છતાં કાબેલ નેતાગીરી એ દીર્ધ દ્રષ્ટિ રાખી, કડક થઈને કેટલાક નિર્ણયો લેવા પડતા હોય છે. એવા સમયસરના નિર્ણય અને અમલથી નદીને નાથીને, નદી ઉપર બંધ બાંધીને એ તારાજી સર્જતા પાણીનો સદુપયોગ કરવામાં આવે તો હજારો લાખો એકરમાં સિંચાઈ થઈ શકે, લાખો યુનિટ વિદ્યુત ઉત્પન્ન થઈ શકે. ભૂગર્ભમાં જળનાં સ્તર ઉંચા આવી શકે અને લાખો કરોડો, માણસો માટે પીવાના પાણીના પ્રશ્નો હલ થઈ શકે.

આ બધી વસ્તુને લઈને તે વિસ્તારમાં લાંબા ગાળે અવશ્ય સમૃધ્ધિ વધે. સમૃધ્ધિ વધે ત્યાં શિક્ષણ વધે અને શિક્ષણ તો કલ્પ વૃક્ષ છે. અને જયાં કલ્પવૃક્ષ હોય ત્યાં શાની કમી હોય ? વિનોદને દામુભાઈ સાહેબ આધારશીલા વાળાના શબ્દો યાદ આવ્યા. દામુભાઈ સાહેબ કાયમ કહે છે શિક્ષણ એ જાદુઈ ચિરાગ છે. આપણે અને આપણી સમાજના આગેવાનોએ માત્ર શિક્ષણમાં જ ધ્યાન આપવું જોઈએ. જેણે આજે શિક્ષણમાં ધ્યાન આપ્યું હશે, આવતી કાલ તેની જ હશે.

આ રીતે આપણા યુવાનોને યોગ્ય માર્ગદર્શન થકી, આ રીતે વડેફાતી યુવા શકિતને પોઝીટીવ ડાવર્ઝન આપવામાં આવ્યું હોત તો આપણી ભાવિ પેઢીને ચોક્કસ તેનાં મીઠાં ફળ ખાવા મળત અને સમાજ ખુબ ઉંચી ઉંચાઈનાં શિખરો સહેલાઈથી સર કરી, ટુંકા સમયમાં સુપર પાવર સમાજ, પાવરફુલ

સમાજ બની શકત.

વિનોદને ઉંડે ઉંડે એ વાતનું દુઃખ હતું કે આપણા આ યુવાનોમાં રહેલી શક્તિને સર્જનાત્મક અને રચનાત્મક રસ્તે વાળવામાં આપણા વડીલો કયાંક ચૂકી ગયા છે કે કાં કાચા પડયાં છે. એવી લાગણી વિનોદને મહેસૂસ થઈ, સાથે ચિંતા થઈ, આવી ધધકતી ઉર્જાને હજીપણ યોગ્ય દિશામાં ડાયવર્ટ કરવામાં મોડું થશે તો આ ઉર્જા વધુ તારાજી સર્જશે !!!

આવું વિચારતાં વિનોદને પોતાની એક મોટી કમજોરી મહેસૂસ થઈ. તેને થયું હું મારી સમાજ પ્રત્યેની સારી ભાવના મુજબનું સારૂં વિચારી શકું છું. મિત્રો કે ગમે તે વ્યક્તિ વચ્ચે વાતો કરી શકું છું. મારા દિલમાં સમાજ પ્રત્યેની ઉમદા ભાવના હોવા છતાં, સમાજમાં કે ગમે ત્યાં પાંચ પચ્ચીસ માણસો વચ્ચે માઈક દ્વારા પોતાના મુળભુત વિચારો રજૂ નથી કરી શકતો. એ કમજોરીને લીધે હું વર્ષોથી માત્ર કારોબારી સભ્ય જ રહી ગયો, એનો અફસોસ થયો.

મારી જેમ સારું વિચારતા, હૃદયપૂર્વક સારૂં કરવાની ભાવના ધરાવતા અસંખ્ય એજ્યુકેટેડ યુવાનો સમાજમાં છે. છતાં પ્લેટફોર્મના અભાવે તેનામાં રહેલી શક્તિઓ અવિકસિત રહી જાય છે.

યુવાનોને તેનામાં છુપાયેલી શક્તિઓ બહાર લાવવા સમાજે પ્લેટફોર્મ પુરાં પાડવાં જોઈએ. વિનોદે જોયું પુ. દાદાએ સ્વાધ્યાય પરીવાર દ્વારા આપણી સમાજમાં આ બાબતે મોટું કામ કર્યું છે. અને તેનું પરિણામ પણ સ્વાધ્યાય પ્રભાવિત આપણા સમાજના યુવાનોમાં દેખાય છે.

પોતાને સ્વાધ્યાયના પ્રભાવથી વંચિત રહી જવાનું દુઃખ થયું. આપણી સમાજના જે તે સમયના આગેવાનો ધારતા તો સ્વાધ્યાયનો સમાજિક સ્વીકાર કરી, સ્વધ્યાય પ્રવૃતિને સમાજાશ્રય આપી, આવી એક્ટીવિટીનો લાભ સમસ્ત સમાજના યુવાનોને આપી શક્યા હોત, વળી તેનો મોટો પોઝીટીવ મુદ્દો એ હતો કે તેમાં કોઈ પંથનું ખંડન કે હિમાયત ન હતી. માત્ર ઋષિ સંસ્કૃતિનું પુનઃસ્થાપનની વાત હતી. જેને આપણે પુરૂ સમજી શક્યા નથી. આમ જોઈએ તો આ સનાતનના જ વિચારબીજનું વાવેતર હતું. વળી સતપંથના અનુયાયીઓની નવી પેઢીમાં સ્વાધ્યાય સર્વ સ્વિકૃત હતું અને છે. આજે પણ

કમ્પાઓમાં અને શહેરોમાં ભણેલો તમામ યુવા વર્ગ સ્વાધ્યાયના ઓછા વધુ રંગે રંગાયેલો છે. આ પ્રવૃત્તિને સામાજીક લેવલે પ્રોત્સાહન આપવામાં આવ્યું હોત તો અત્યારે ચલાવવી પડતી ઝુંબેશ કરવાની જરૂર જ ન પડત. એ કામ સ્વયંભુ રીતે થઈ ગયું હોત, જે આપણે સમાજના થતા ટૂકડાના ભોગે કરવા માગીએ છીએ.!!!

આવી એકટીવીટીના પ્રતાપે સમાજમાં ખુમારી, અસ્મિતા અને તેજસ્વિતાવાળી યુવા સેનાનું સર્જન કરી શકયા હોત. જે સમાજ પાસે સંસ્કૃતિ અને સંસ્કાર માટે લડતી આવી યુવા સેના હોય તે સમાજના વડીલોએ આવી યુવા સેનાને માત્ર દિશા બતાવવી પડે છે.

સમાજે આવાં કામ કરવાં જોઈએ અને આવી યુવા સેના દ્વારા સમાજની યુવા પાંખે સમાજમાં ઘર કરી ગયેલાં વહેમ, અંધશ્રધ્ધા, અતિધર્મ, વ્યક્તિ પૂજા, કન્યા ભ્રુણ હત્યા તથા દેખાદેખીના કુરિવાજો અને વ્યસનો સામે ઝુંબેશ ઉપાડી, પ્રજાને જાગૃત કરવી જોઈએ. સમાજમાં મોટાથી માંડી છેવાડાના માણસ સુધી જમાનાને અનુરૂપ વૈચારિક પરિવર્તન બાબતે જાગૃતિ અને સાથે સાથે માતા-પિતા અને વડીલો પ્રત્યે કૃતજ્ઞતા અને સંસ્કાર ઉજાગર થાય તેવું માર્ગદર્શન કરવાની જરૂર છે.

જુના એકસપાયર્ડડેટ જડ રીવાજો અને નેગેટીવ વિચારો ફેંકી પોઝીટીવ વિચારો દ્વારા સામાજિક ક્રાંતિ માટેનું પ્લેટફોર્મ બહુજન સમાજને આપવું જોઈએ. હા અત્યારે સમાજની મહિલા પાંખના કેટલાક કાર્યક્રમો વિશે જાણીને વિનોદને ખુબ આનંદ અને સંતોષ થયો.

ધન્ય છે એ નર્બદા સેંઘાણી અને તેની ટીમને કે જેણે સમાજમાં ગૃહિણી તાલિમ શિબિરો યોજી આદર્શ ગૃહિણી, જીવન સાથી પસંદગી, વર્તનમાં પરિવર્તન, સંબંધ માધુર્ય, દાંપત્ય જીવન સામેના પડકારો, ઈ-અવર્નેશ, યુવાવસ્થાઓની સમસ્યાઓ, યુવા બાલિકાના પોષણદર, ધાત્રી અવસ્થા અને સગર્ભાવસ્થા, જીવનને જાણો અને માણો, સુખનું સરનામું વગેરે નિઃશુલ્ક કાર્યક્રમો યોજી સમાજ પ્રત્યેની ફરજ અદા કરે છે. જેનું પરીણામ છેલ્લા ટુંકા ગાળામાં પણ જોવા મળે છે. તો લાંબા ગાળે કેટલું મોટું ફળદાયી કામ થશે.!!!

આપણી યુવા શક્તિને માત્રને માત્ર આવા રસ્તેવાળી, તેનાં મીઠાં ફળ

સમાજના નાના અને છેવાડાના માણસ સુધી જેમ બને તેમ જલ્દી પહોંચે, એવાં આયોજન કરવાં જોઈએ. (જયારે) અત્યારે સમાજોમાં પરસ્પર તિરસ્કાર અને નફરત પેદા કરી, ભાગલાવાદી થીયરીથી જે થાય છે, તે એકદમ ખોટું થાય છે, આનાથી અમુલ્ય યુવા શક્તિ વેડફાય છે.

આટલી બાબતે તમે સાચા છો. અને આટલી બાબતે તમે ખોટા છો. એવું આગેવાનોને કોણ કહી શકે ? કડવું સત્ય આગેવાનોને કોણ સમજાવી શકે? પહેલાં જમાનામાં રાજાઓને તેની ફરજચુક વિશે તેના કુળગુરૂ કહી શકતા ને અમુક અયોગ્ય નિર્ણયોમાં બ્રેક પણ મારી શકતા.

અફસોસ એ વાતનો છે કે આપણા બધાંના કોમન કુળગુરૂ - ધર્મગુરૂ નથી. આ બાબતે પણ આપણે વિભાજીત છીએ. પછી આપણે એકમત કઈ રીતે થઈ શકીએ ? અમુક બાબતે આપણા બધાંના બધા જ ધર્મગુરૂની જવાબદારી થાય છે. પરંતુ ચોક્કસ નૈતિક જવાબદારી કોઈ સ્વિકારતું નથી ને વળી આપણા મુખ્ય સંપ્રદાય લક્ષ્મી નારાયણના કેન્દ્ર સ્થાનના તો હજુ કોઈ ધર્મગુરુ જ નથી. એ ગાદી જ ખાલી પડી છે. લક્ષ્મી નારાયણ કેન્દ્ર સ્થાનમાં તો ગુરૂગાદી ઉપર સમાજ પ્રત્યે હૃદય પૂર્વકની લાગણી ધરાવતા મેઘાવી સંતને પ્રસ્થાપિત કરવા જોઈએ. જે આખી સમાજના બહુમતિ વર્ગને કંઠી બધાવવા આકર્ષિત કરી શકે તેવા, કંઠી બાંધી સમાજના બહુમતિ વર્ગને એક સુત્ર બાંધી શકે તેવા આધ્યાત્મિક, પ્રખર વિદ્વાન, તેજસ્વી અને પ્રભાવી સંતને પ્રસ્થાપિત કરી જલ્દી કુળગુરૂનું સ્થાન આપવું જોઈએ.

આ પ્રોસીજર કરવી બાકી છે, ત્યારે આ સંજોગોમાં કોણ કોને સાચી વાત કહે અને આવી સાચી વાત કડવી હોય છે. એ કડવી વાત ધર્મગુરૂ સિવાય બેધડક કોણ કહી શકે ? મારા જેવા કોઈ સામાન્ય માણસ કહે તો રિએકશન આવે અને તેને સામાજિક કારકીર્દી ક્ષેત્રે શહીદ થઈ જવું પડે. આવું વિચારતાં વિચારતાં વિનોદને કયારે ઉંઘ આવી ગઈ તે ખબર જ ન પડી.

સવારનો નિત્યક્રમ પતાવી, વિનોદે ઘરમાં મંદિર પાસે બેસી ભગવાન યોગેશ્વરનું સ્મરણ કર્યુ. એના પ્રાર્થનાના શબ્દો હૃદયના ઉંડાણમાંથી સ્ફુર્યાં.....

"હે યોગેશ્વર ભગવાન આજે મારી સ્થિતિ અર્જુન જેવી છે. હું મુંઝાઈ ગયો છું. એક બાજુ પરિવાર અને બીજી બાજુ સમાજ છે. મારે શું કરવુ

જોઈએ ? મને માર્ગદર્શન કરો. વિનોદે આંખો બંધ કરી દીધી. આ લાગણી તેના અંદરથી અંતઃકરણપૂર્વક થઈ હતી. તે રડમસ બની ગયો., ત્યાં તેને અંદરથી પ્રેરણા થઈ. તેને અંદરથી ખુદ ભગવાન કંઈ કહી રહ્યો હોય એવી અળપંપાળ થઈ. વિનોદ બેટા, સમાજ તો શું ભગવાનથી પણ પહેલી ફરજ આપણાં મા-બાપ અને પરિવાર પ્રત્યે હોય છે. જો આ જન્મે તું તારા મા-બાપ અને પરિવાર પ્રત્યેનું ઋણ નહીં ચુકવે તો ક્યારે ચુકવીશ ? તારાં કાકા-કાકીએ અને પરિવારે તારા માટે શું નથી કર્યું? તું આજે જે છે, તે તારા પ્રત્યેની એની ફરજનું પરિણામ છે. તેનો વિચાર કર....

તારાં માતા-પિતા (કાકા-કાકી) અને પરિવાર પ્રત્યેનું ઋણ ચુકવ્યા વગર તું ચાર ધામની યાત્રા કરે કે બાર જ્યોતિર્લિંગના દર્શન કરે, આના વગર બધું નકામું છે. તારી તારા પરિવાર અને માનવ તરીકે માનવ પરિવાર પ્રત્યે તું તારી ફરજ અદા કરીશ એટલે તારે યાત્રા કે તિર્થ કરવાની કંઈ જરૂર નથી. આ કર્તવ્ય ધર્મ અદા કર્યા પછી આ તો માત્ર બાહ્યાચાર અને આત્મસંતોષ માટેની યાત્રાઓ છે, એવું તને લાગશે. અને તારા મગજમાં ધર્મની વ્યાખ્યા જ બદલાઈ જશે. તને લાગશે કે દુનિયાના તમામ ધર્મોથી ઉપર ''માનવધર્મ'' છે. અને માનવ ધર્મથી ચડીયાતો ''કર્તવ્ય ધર્મ'' છે. એટલે જ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે ''તું તારો કર્તવ્ય (ધર્મ) અદા કર''.

દુનિયાના તમામ ધર્મોનાં શાસ્ત્રો ફરી ફરીને કહે છે ''આ જગતમાં ફરજ ધર્મ એટલે કે કર્તવ્ય ધર્મથી ચડીયાતો કોઈ ધર્મ નથી.'' કર્તવ્ય ધર્મમાં દુનિયાના તમામ ધર્મો સમાઈ જાય છે. માટે જ તું તારા પરિવાર પ્રત્યે ઋણ મુક્ત થવા કર્તવ્ય ધર્મ અદા કર અને ઋણ મુક્ત થઈ જા. હું કહું છું એટલું કરીશ તો તારા માટે સ્વર્ગનું દ્વાર ખુલી ગયું સમજજે.

સોશ્યલ એનાલીસીસ (એક ડિબેટ)

પટેલ સાહેબ પોતાના બિઝનેસ હેતુથી વર્ષોથી કચ્છી પટેલના કમ્પામાં અવારનવાર જતા. બિઝનેસ હેતુ હતો, છતાં આ ક્રમ લગભગ નિયમીત થઈ ગયો હતો. તેથી અને પટેલ સાહેબને કચ્છી પટેલોની સાદી રહેણી-કરણી, ઉચ્ચ વિચારો, આદર્શ રિવાજો અને બાહ્યાડંબર વિનાની, હૃદયપૂર્વકની ઉત્કૃષ્ટ પારિવારિક ભાવનાને લઈને તેના માનસપટ ઉપર કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ પ્રત્યે ખૂબ માન હતું.

આમ બારિક અભ્યાસુ, સમાજશાસ્ત્રી, અને પ્રખર સ્વાધ્યાયી જીવ. તે જ્યારે જ્યારે આપણા ભાઈઓને મલતા ત્યારે તેને પોતાના સગાં મલ્યા જેવો ભાવ થતો, તેથી તે સમય મળતાં માત્ર બહાનું શોધી કમ્પાઓ કે સો-મીલો બાજુ ઉપડી જતા.

આજે કામકાજ ખાસ હતું નહીં. તેથી તેને થયું આજે દેવજીબાપાના કમ્પે આંટો મારી આવું. અને ગયા. ચારેક વાગ્યા હશે. છતાં થોડી ગરમી હતી. તેથી કમ્પાની શેરીમાં કોઈ ન દેખાયાં. તે સીધા દેવજીબાપાને ઘેર ગયા. ગાડી ઉભી રાખી. ગાડીનો અવાજ સાંભળી, કનુભાઈએ દરવાજો ખોલ્યો.

"આવો સાહેબ આવો, શું છે ? આજ ભુલ્યા પડ્યા કે શું ?"

"ના ના, ઘણા દિવસથી દેવજીબાપાને મલ્યો નતો, થયું ટાઈમ છે, તો થોડી સુખ દુઃખની વાતો થાય ને ટાઈમ પાસ થાય. બાપા છે તો ખરાને ?"

હા હા છે ને, આવી ગરમીમાં ક્યા જાય ? - કનુભાઈ

અને પટેલ સાહેબ દેવજીબાપાના ઘરમાં ગયા. બંન્ને ખૂબ ભાવથી મળ્યા. ચા પીતાં પીતાં થોડી વાતો થઈ, દરમ્યાન દેવજીબાપા તેના અસલ મૂડમાં નથી, કંઈક ટેન્શન-ચિંતા હોય એવું પટેલ સાહેબને લાગ્યું.

"બાપા કંઈ તબિયત બરાબર નથી કે શું ?"

"મારી તબિયત તો બરાબર છે પણ અમારી સમાજને કોઈ ભેદી રોગ

લાગુ પડ્યો હોય તેવું મને લાગે છે'' દેવજીબાપાએ મોઘમ જવાબ આપ્યો.

''શું બન્યું છે ? બાપા , વિગતે વાત કરો તો ખબર પડે''

''આમ જોઈએ તો કંઈ નથી બન્યું ને આમ જોઈએ તો લાંબા ગાળે ઘણું બધું અમંગળ બનશે, એવાં એંધાણ મને દેખાય છે.'' સોફામાં પીઠનો વ્યવસ્થિત ટેકો લેતાં દેવજીબાપા આગળ બોલ્યા.

''બન્યું છે એવું કે થોડા દિવસ પહેલાં અમારી સમાજના યુવક મંડળ આયોજીત એક ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન થયું અને તેમાં અમારા કમ્પાની ટીમે પણ ભાગ લીધો. અમારા કમ્પાની ટીમ એક મેચ જીતી. અમારા કંમ્પાની વિજયી ટીમનો, બીજા કમ્પાની એક વિજયી ટીમ સાથે રમવાનો ફરી વારો આવ્યો. રમત ચાલુ થઈ, છોકરાઓ ખૂબ જ ઉમંગથી સરસ રમતા હતા. અમારા કમ્પાના મણીલાલનો દિકરો રાજુ ક્રિકેટ બહુ સરસ રમે છે. તે ઓલરાઉન્ડર ખેલાડી છે. દરેકને જોવાની મજા આવે એવું સરસ રમે છે.''

તે રમતો હતો. ચોગ્ગાને છગ્ગા ફટકારતો હતો, ત્યાં આયોજકોએ રમત એકદમ બંધ કરાવી અને એનાઉસ કરવામાં આવ્યું કે આ આયોજન માત્ર સનાતની પરિવારના દિકરાઓ માટે છે. તેથી જે ટીમમાં સનાતન પરિવાર સિવાયના (સતપંથ પરિવારના) ખેલાડી હોય, તે ટીમ તેના તે ખેલાડીને ટીમથી બહાર કરે, યાતો આખી ટીમને વોક આઉટ કરવામાં આવશે. તે રમી શકશે નહી. અમારા કમ્પાની ટીમમાં રાજુ અને મનસુખ સતપંથી હતા. જો કે અમારા કમ્પામાં આવો કોઈ સંપ્રદાયિક ભેદ કે વિવાદ હતાં જ નહી. ને હજી છે પણ નહીં, છતાં આ બન્યું.''

''પછી શું થયું ?'' પટેલ સાહેબે ચિંતાપૂર્વક જિજ્ઞાશાથી પુછ્યુ.

''અમારી ટીમને રાજુ અને મનસુખનું અપમાન થાય તે બરાબર ન લાગ્યું. ટીમે નક્કી કર્યું ને આયોજકોને કહી દીધું ''અમો આખી ટીમ રમવાનું છોડશું પણ આ રીતે અમારા રાજુ અને મનસુખનું અપમાન થવા નહી દઈએ. અને છોકરાઓ અધુરી રમતે રમ્યા વગર પાછા આવ્યા. પટેલ સાહેબ, મને તે દિવસથી ખાવાનું નથી ભાવતું ને ઉંઘ પણ નથી આવતી. છોકરાંઓના કુંમળાં માનસમાં આવું પરસ્પર નફરતનું ઝેર સિંચવાની વાત જાણી, થયું આ તો હદ

થઈ ગઈ કહેવાય ! હવે કહો આનું કરવું શું ?''

પટેલ સાહેબ હકારત્મક માથું હલાવી કંઈક વિચારવા લાગ્યા, ત્યાં દેવજીબાપા ચિંતિત સ્વરમાં આગળ બોલ્યા ''આટલો ધોબા જેટલો અમારો લક્ષ્મીપુર કમ્પો એમાં અમો વડીલોની જેમ છોકરાઓ પણ ભળી વઢીને રહે છે. ને તેમાં આ રીતે બહારના લડાવવા આવે છે.!!

અમારા કમ્પામાં પણ હશે કોઈ આવું માનવાવાળા, પણ અમો બધા હજી સુધી સંપીને રહીએ છીએ. પરસ્પર તહેવારોમાં સહકાર આપીએ છીએ. બંન્નેના મંદિરમાં ઉમીયાંમાની છબી છે. કાયમ પહેલાં ઉમીયાંમાની પુજા થાય છે ને પછી પોતાના ઈષ્ટદેવની અને ભગવાનની પૂજા થાય છે. પહેલાં ઉમીયામાતાની જય બોલાય છે ને પછી પોતાના ઈષ્ટદેવ (ભગવાનની) જય બોલાય છે. આખા કંમ્પાની (સંયુક્ત) સમાજના નિર્ણયો સંયુક્ત મિટીંગથી લેવાય છે. એનો વહીવટ અને સંચાલન સંયુક્ત રીતે અને સર્વાનૂમતે થાય છે. પ્રમુખ થવા માટે ''ભરત રાજગાદી સંભાળે'' ની થીયરી મૂજબ ''હું નહી, તમે પ્રમુખ થાઓ'' ને અંતે ઉંમરલાયક, ગમે તે વડિલને પ્રમુખ બનાવાય છે. પ્રમુખનું બહુ મહત્વ નથી. કારણ રામ રાજ્યની બહૂજન હિતાય બહૂજન સૂખાયની થિયરીથી સર્વાનુમતે નિર્ણયો લઈ કામ કરવાનાં હોય છે. સંપ્રદાયનાં મંદિરના નિર્ણયો, પોત પોતાની રીતે લેવાય છે. પરંતુ તમામ ધાર્મિક ઉત્સવો પરસ્પર સહકારથી ઉજવાય છે. સમાજ એક છે. પણ મંદિરોનો વહીવટ માત્ર પોત પોતાનો છે. બંન્ને સંપ્રદાયવાળાને પરસ્પર સંતોષ છે. છતાં હમણાં આવું બન્યું.

''બાપા, જે બનાવ બન્યો છે, તે ઘણું જ ખોટું થયું છે. આના મૂળમાં કચ્છમાં જે તમારી સમાજના સુવર્ણ જયંતિના ઉત્સવ વખતે બન્યુ તે છે. અને તે ઘણું જ અવિચારી બન્યું છે. સમાજમાં વખતોવખત ઉત્સવોનાં આયોજન થવા જ જોઈએ. આ રીતે સમાજ દ્વારા ઉત્સવોનાં આયોજન થાય તે સારૂં કહેવાય. પરંતુ સમાજની એકતાના ભોગે ઉત્સવો ઉજવાય, તેના કરતાં ઉત્સવો ન ઉજવાય તે વધુ સારું કહેવાય. આ રીતે સમાજ સુધારવાના નામે સમાજના ટુકડા કરવાનું વિચારબીજ જે વવાયું છે, તે ખરાબ બન્યું છે. કોઈપણ વિચારબીજ વવાય,

તેને નોર્મલ નહીં ગણવું. આજે ભલે ભેજવિહિન જમીનમાં વવાયુ હોય, વાતાવરણમાં પણ ભેજ ન હોય, ત્યારે ભલે અત્યારે તેનાં અંકુર ન ફુટ્યાં હોય પણ કોઈ દિવસ જમીનમાં ભેજ થશે કે વરસાદ થશે ને અનૂકુળ ભેજ અને વાતાવરણ થશે ત્યારે, તેમાં અવશ્ય અંકુર ફુટશે, તેવી તૈયારી રાખવી પડે. પણ બાપા, વિશેષ ચિંતાની વાત એ છે કે આ લોકોએ આપણા ભણતા દિકરા-દિકરીઓને આ વિષયમાં ન નાખવા જોઈએ. તે સંતાનો માત્ર ભણવામાં જ ધ્યાન દે, તેવાં આયોજન કરવાં જોઈએ. આતો આાપણી સમાજનાં ભવિષ્ય સાથે ચેડાં કર્યા કહેવાય.

આપણી ભણતી યુવાપેઢીની એનર્જીને પોઝીટીવ અને ભણતર સીવાય બીજે ક્યાંય ડાયવર્ટ ન થાય, એવું કરવું જોઈએ. તેને બદલે, આ વડીલ લોકોજ, તે ઉર્જાને નેગેટીવ રસ્તે ડાયવર્ટ કરે, એ સમાજના વિકાસ અને ભાવિને જોખમરૂપ, નુકશાન કર્તા વાત છે. આ નફરતનું ઝેર સમાજની અન્ય રગોમાં વધુ પ્રસરે, તે પહેલાં આ બાબતે સમાજના આગેવાન વડીલોએ જલ્દીમાં જલ્દી ધ્યાન આપવું જોઈએ.''

ક.ક. પાટીદાર સમાજમાં હમણાં હમણાં ચાલતી કેટલીક એક્ટીવીટીથી પટેલ સાહેબ માહિતગાર હતા જ. છતાં આજે તેને આ વિષયમાં થોડો વધુ રસ પડ્યો અને થોડા ઉંડા ઉતરવાનું મન થયું.

આવી ચર્ચા ચાલતી હતી, ત્યાં દેવજીબાપાના કનુભાઈએ શેરીમાં જતા અનીલને બોલાવ્યો. અનીલ સનાતની હતો. સ્થાનિક સ્તરે સમાજમાં તેનું ખાસ મહત્વ પણ ન હતું. છતાં સમાજમાં હમણાં ચાલતા સંપ્રદાયવાદના વિષયમાં કારણ અને સમજણ વગર થોડો જરૂર કરતાં વધારે રસ લેતો હતો. આમ તો કનુભાઈ અને અનીલ પરમ મિત્ર હતા, છતાં સંપ્રદાય બાબતમાં જુદા મતના હતા.

કનુભાઈ દેવજીબાપાની વિચાર સરણીનો સોફ્ટ સનાતની હતો. જ્યારે અનીલ થોડો વધુ ઉત્સાહમાં આવી જતો. બીજાના પ્રભાવમાં જલ્દી આવી જઈ, લાંબુ ન વિચારતો અને ફાસ્ટ એક્ટીવીટીમાં માનતો. તે પોતાની જાતને કર્મવાદી માનતો, ને તે ''એક હાથમાં કર્મ અને સામે બીજા હાથમાં ફળ'' ના

સિધ્ધાંતમાં માનતો. હમણાં હમણાં તેનામાં થોડા કટ્ટર-ચુસ્ત સનાતનીનાં લક્ષણ દેખાતાં હતાં.

કનુભાઈને થયું આજે પટેલ સાહેબ છે, ત્યારે અનીલ સાથે અમુક ચર્ચા થાય તો સારૂં, વિચારી કનુભાઈએ વાત શરૂ કરી.

''પટેલસાહેબ, હમણાં હમણાં અમારા સમાજમાં અમુક મુદ્દે ડખા છે. એ તમો જાણો જ છો. તો એ મુદ્દે હું અને અનીલ ઘણીવાર ચર્ચામાં ઉતરીએ છીએ અને ચર્ચા ના અંતે કોઈ પોતાના મતની સચ્ચાઈમાં બાંધછોડ સ્વિકારવા તૈયાર નથી. ત્યારે તમે જ કહો, અમારા સમાજમાં હમણાં સંપ્રદાયનો વિવાદ જરૂરી હતો ?''

વચ્ચે અનીલ બોલ્યો ''પટેલ સાહેબ, આ બધી વિગત તમે જાણો છો છતાં કહું, અમારી મોટી સમાજમાં અમુક રિવાજોના સુધારા માટે શ્વેતપત્રના નામે એક નિયમ જાહેર કર્યો. ''સમાજની દરેક વ્યક્તિએ આપણી સમાજના રીત રિવાજોમાં ચુસ્તપણે ન પળાતો નિયમ ૧૮ અને ૧૯ નો અમલ કરવો ફરજીયાત બને છે. અને એ રિવાજનો અમલ ન કરે તો સમાજનો સભ્ય રહી શકે નહી. આ શું ખોટું છે ?''

પટેલ સાહેબ અનીલ સામે જોઈને બોલ્યા ''આમ તો સમાજના બધા નિયમો પાળવા જ જોઈએ પરંતુ બધી જ સમાજોમાં આ પરિસ્થિતિ છે જ કે બધા નિયમો પાળી શકાતા નથી. છતાં આંખ આડા કાન કરી, સાંપ્રત સ્થિતિ નિભાવવી પડે છે. સમાજમાં નિયમોના અમલ માટે ઝીણી ઝીણી બાબતે નિયમભંગના મુદ્દા ઉઠાવી અને એ મુદ્દાને ઈસ્યુ બનાવવામાં આવે તો સમાજના આગેવાનો આવા ઈસ્યુ ઉકેલવામાંથી જ બહાર ન આવી શકે ને કરવા જેવાં કામ જ ન કરી શકે. છતાં મને એ તો કહો, આ તમારા શ્વેતપત્રની કલમ ૧૮ અને ૧૯ છે શું ?''

કનુભાઈ :- આમાં એક કલમ છે ''સામાજિક કે કોઈપણ વિવાદ ઉભો થાય તો ડાયરેક્ટ કોર્ટમાં ન જવું. પ્રથમ સમાજની ન્યાય સમિતિ દ્વારા ઉકેલ લાવવાનો'' અને બીજી કલમ છે ''સોળ સંસ્કારની વિધી. લગ્ન, મરણ અને મરણોત્તર વિધી, હિંદુ રિવાજ મુજબ કર્મકાંડી બ્રાહ્મણ દ્વારા કરવી'' આમાં

ઘણા સમય પહેલાં (૧૦૦-૨૦૦ વર્ષ પહેલાં) અમારી સમાજના સતપંથના અનુયાયી ભાઈઓની લગ્ન વિધી સમાજની જનરલ નબળી આર્થિક સ્થિતિને અનુલક્ષીને કરકસરના ભાગ રૂપે કે તે સમયના સતપંથ સંપ્રદાયના પ્રભાવને લઈને હિંદુ શાસ્ત્રોક્ત (ખર્ચાળ) વિધીની જગ્યાએ ગામના મુખી (સ્થાનિક એવા ગામના સતપંથ સંપ્રદાયના ધાર્મિક વડા) દ્વારા થતી હતી. તેમાં પણ અત્યારે લગ્ન તો બધી જગ્યાએ બ્રાહ્મણો દ્વારા શાસ્ત્રોક્ત વિધી મુજબ જ થાય છે. પણ અંતિમ સંસ્કારની વિધીનો આ વિવાદ છે, અને તે દફનવિધીનો અને મરણોતર વિધીનો વિવાદ છે. સતપંથમાં મરણોતર ક્રિયાઓ (વિધી) મુખી દ્વારા થતી હોય છે. જેમ ઈસ્લામમાં આ વિધી તેમના ધર્મગુરૂઓ કે મૌલવીઓ કરતા હોય છે. અને હિંદુમાં આ વિધી કર્મકાંડી બ્રાહ્મણો કરાવે છે.''

પટેલ સાહેબ :- સમજી ગયો કનુભાઈ, હું કબુલ કરૂ છું અને માનું પણ છું. વચ્ચેના સમયમાં આપણા કર્મકાંડી બ્રાહ્મણોએ જનરલ હિંદુ સમાજને કેટલીક જગ્યાએ કેટલાક પ્રસંગોમાં પોતાના સ્વાર્થમાં બીન જરૂરી વિધીઓ કરાવી. આવી વિધીઓના નામે અભણ ગરીબ ભોળી પ્રજાનું ખૂબ શોષણ કર્યું હતું. અરે યજ્ઞોમાં તો અમુક વિસ્તારોમાં અમુક દેવી દેવતાઓના મંદિરમાં જીવ હત્યા (પશુ બલી) કરાવતા. આ બધું ખોટું જ હતું. પણ આ લગ્ન અને અંતિમ વિધીની વાતમાં તો હું તમારી સમાજના શ્વેતપત્રની તરફેણમાં છું. આના અમલ માટે અનિલભાઈનો અને સમાજનો આગ્રહ હોય તો તે સાચા છે.

કનુભાઈ :- પણ સાહેબ, આ શ્વેતપત્રની વાત આટલેથી અટકતી નથી. તમારૂં પણ મગજ બગડી જશે, એવી બધી વાતો છે. સાંભળો, આ શ્વેતપત્રનાં નામે શું ચાલે છે. જુઓ મારી પાસે જુદી જુદી સ્થાનિક સમાજોએ આ શ્વેતપત્રના નામે શ્વેતપત્રનાં મનઘડંત અર્થઘટન કરી, જે નિયમો અને ઠરાવો કર્યા છે, તેની મેં ફાઈલ બનાવી છે. તે તમને બતાવું તે વાંચો.''

કનુભાઈએ જુદી જુદી સમાજોએ કરેલા ઠરાવોની કોપીની ફાઈલ પટેલ સાહેબને આપી. તેમાં ખાસ અંડર લાઈન કરેલા ઠરાવો પટેલ સાહેબે વાંચ્યા. અને થોડું મુસ્કુરાયા અને કહ્યું ''અનીલભાઈ, તમારી સ્થાનિક સમાજોએ

શ્વેતપત્રનો આધાર લઈ, શ્વેતપત્રના નામે જે નિયમો બનાવ્યા છે, તે તમને કેવા લાગે છે ? અને આ નિયમો બનાવનાર લોકો તમારા મતે સમાજ ભક્તો કે સમાજ સુધારકો કહેવાય?'' અનીલે થોડું વિચારીને જવાબ આપ્યો ''સાહેબ સમાજમાં સમયને અનુરૂપ સારા સુધારા લાવવા અને ફેરફાર કરાવવા, જે પ્રયત્નશીલ હોય, તેને સમાજ સુધારક કહેવાય. તે રીતે આ એક સમયને અનુરૂપ જરૂરી સુધારો છે. અને તેને અમલમાં મુકવવા આ લોકો પ્રયત્ન કરે છે. તેમાં આ લોકોને કંઈ વ્યક્તિગત સ્વાર્થ નથી. એતો એમાં સ્વાર્થ વગર સમય અને શક્તિ વાપરે છે, ઘરનું ઘસાય છે તે જુદું.''

પટેલ સાહેબ :- જુઓ અનીલભાઈ, આપણે એક એક મુદ્દો લઈએ. આપણે વ્યક્તિગત સ્વાર્થની વાત હમણાં નહીં લઈએ. પહેલી વાત કરીએ સમાજને સુધારવાની. જુઓ સુધારો અને સુધારવાની વ્યાખ્યા તુંડે તુંડે મતિર્ભિના જેવી વાત છે. કેટલાકને પશ્ચિમની સંસ્કૃતિ સુધરેલી સંસ્કૃતિ લાગે છે. અને તેની જીવન પધ્ધતી, તેની દિશા અને ગતિ ઉદર્વગામી લાગે છે. જ્યારે ઋષિસંસ્કૃતિમાં માનનારા કેટલાકને એ સંસ્કૃતિ નિમ્નકક્ષાની અને અધોગામી લાગે છે. હવે આ બાબતે જવાબ આપો. આ પશ્ચિમની સંસ્કૃતિ ઉદર્વગામી કહેવાય કે અધોગામી કહેવાય ? અને આપણી ઋષિસંસ્કૃતિને કેટલાક કહેવાતા સુધરેલા માણસો અઢારમી સદીની સંસ્કૃતિ, રૂઢી ચુસ્ત વેદિયા સંસ્કૃતિ માને છે. તેને જડ સંસ્કૃતિ માને છે. મારા મતે એ પોત પોતાની દ્રષ્ટિએ સાચા જ છે. પણ તેમાં સત્યતાની અને વાસ્તવિકતાના ગુણાંકમાં ફરક છે. હવે આપણે એ દિશામાં ન જઈએ.

પ્રથમ સમાજમાં ચાલતા સુધારા અને સુધારકની વાત કરીએ

અનિલભાઈ :- સાહેબ હું બીજા સુધારાની વાત નથી કરતો. ધાર્મિક સુધારાની વાત કરૂં છું. એ મુખ્ય મુદ્દો છે.

પટેલ સાહેબ :- અનિલભાઈ ધર્મ એટલે શું ? તમે ધર્મ કોને કહો છો ? જરા જણાવશો ?

અનિલભાઈ :- ધર્મ એટલે ભગવાન પ્રત્યેની ભાવના, શ્રધ્ધા અને સાધના. હવે તમે મને કહેશો જ કે ભગવાન બધા ધર્મનો એક જ છે, તે હું પહેલેથી જ

કબુલ કરી લઉં પણ અહીં વાત છે સાધનાની પધ્ધતિની. ધર્મ અને સંપ્રદાયનો મુદ્દો આ રીતે સુધારવા જેવો છે.

પટેલ સાહેબ :- અનિલભાઈ, ભગવાન માટે સાધના હોય છે. સાધના માટે ભગવાન નથી હોતા.!!

ભગવાનની સાધના પદ્ધતિના અમલીકરણ માટે સમાજના ટુકડા કરી ભગવાનને નારાજ ન કરાય. પરંતુ તેના અમલીકરણ માટે સમજૂતિ કરાય. વળી, આપણે જે ધર્મ અને ભગવાનની વાત કરીએ છીએ, તે ધર્મ અને ભગવાન માણસે માણસે જુદાં હોય છે. તેથી આપણે પ્રથમ ધર્મ અને ભગવાનની વાત કરીએ. એક પૈસાદાર મુકેશ અંબાણી કે બિરલા શેઠ ને લો. સામે એક ઝુંપડીમાં રહેતો ગરીબ માણસ લો. એ બન્ને હિંદુ હોવા છતાં બન્નેના ધર્મની અને ભગવાનની માન્યતા જુદી હશે બાપા સાંભળો, ઝુંપડાંવાળો હિંદુ હોય કે મુસલમાન કે ખ્રિસ્તી હોય કે જે હોય તે, પણ તેનો પ્રથમ ધર્મ છે, પોતાનાં સ્ત્રી, તેમજ બાળકોના અને પોતાના પેટ પ્રત્યેનો ધર્મ, પેટ ભરવાનો ધર્મ, એ માણસ એનું અને પરિવારનું પેટ નહી ભરે અને આખો દિવસ ભગવાન ભગવાન કરી મંદિરમાં બેસી રહેશે તો શું ધર્મ પાળ્યો કહેવાશે ? એ રીતે તેનો ભગવાન શું ખુશ રહેશે ? નિર્દોષ બાળકો અને પરિવારનાં ભૂખ્યાં પેટને એ મંદિરના ભગવાન સાથે શું સંબંધ ? તે વખતે તેનો ભગવાન માત્ર અન્ન દેવતા છે. અનાજ છે. એની ક્ષુધ્ધાતૃપ્તિ જેના દ્વારા અને જેનાથી થાય, તે તેના માટે ભગવાન. જ્યારે મુકેશ અંબાણીને આ વાત અને આ થીયરી લાગુ ન પડે. એના માટે અનાજ ભગવાન નથી. તેને ખાધેલું અનાજ પચાવવા માટે ડોક્ટરની મદદની જરૂર પડે છે, દવા લેવી પડે છે. અહી એક ને ક્ષુધ્ધાતૃપ્તિ માટે દોડાદોડી અને ઉજાગરા કરવા પડે છે. અને ભુખ એના માટે જટીલ સમસ્યા છે. જ્યારે બીજાને ભુખ લગાડવા દોડાદોડી અને ઉજાગરા કરવા પડે છે. એટલે અનિલભાઈ, સાચા ધર્મના મૂળમાં હું કે તમે સહેલાઈથી નહી પહોંચી શકીએ. ત્યારે આપણા સુધારકોના સાચા ધર્મની વાત અહી લાગુ પડશે ? નહી પડે. આપણે આ ધર્મની અને સાચા ખોટાપણાની ઝંઝટમાં નહી પડીએ. સાચા ધર્મના મૂળમાં પહોંચવા આપણી બુદ્ધિ શક્તિ અસમર્થ છે. હવે મુદ્દો છે સમાજને સુધારવાનો.

જુઓ અનિલભાઈ, સ્વસુધારણા અને સમાજ સુધારણામાં ફરક હોય છે. સ્વસુધારણામાં આમ તો પોતાનું જ અનુકુલન જોવાનું હોય, છતાં સ્વસુધારણામાં પણ પોતાના પરિવારનાં કે જીવનસાથીનાં અનુકુલનનું ધ્યાન રાખવું એ વ્યવહાર ધર્મ છે. અને આ વ્યવહાર ધર્મ એ જ ભગવાન શ્રી કૃષ્ણે ગીતામાં કહેલો કર્તવ્ય ધર્મ છે. હવે પરિવાર સુધારણામાં આ અનુકુલનની જવાબદારીનો પરીઘ થોડો મોટો થાય છે. જ્યારે સમાજ સુધારણામાં આ પ્રકારની અમુકુલનની જવાબદારીઓનો પરીઘ અતિ ઘણો મોટો થાય છે. તેથી સમાજ સુધારણાના મુદ્દાને તો સત્યતાની કસોટીમાંથી પસાર કરાવી, માત્ર તત્કાલીન અને ટુંકા સમય પુરતી અસર ન જોતાં દૂરોગામી - લાંબાગાળાની અસર નજર સામે રાખવી પડે. તે ઉપરાંત બહુજન હિતાય બહુજન સુખાય ની ભાવના તેના પાયામાં હોવી જોઈએ. તેના અમલમાં વ્યક્તિગત દુરાગ્રહ કે પૂર્વગ્રહનો અંશમાત્ર પણ પડછાયો ન દેખાય, તેનું પુરતું ધ્યાન રાખવું પડે છે.

તેના અમલ થકી સમાજમાં કદાચ ક્ષણિક લોબીંગનો આભાસ દેખાય તે ચાલે. પરંતુ તે લોબિંગ થકી સમાજમાં તિરાડ કે ટુકડા ન થાય કે તે લોબિંગ કાયમી કે સમાંતર પાટા પર ન ગોઠવાય, એની સુધારકોએ ખાસ તકેદારી રાખવી પડે. દા.ત. વિધવા વિવાહ (પુનર્લગ્ન) નો રાજા રામ મોહન રાયે સુધારો અને અમલ કરાવ્યો, પણ જે સમાજ, વર્ગ કે ગૃપ અમલ ન કરે તે નાત બહાર કે અમારી સાથે નહી, એવી વાત ક્યારેય નથી કરી. યજ્ઞોમાં જીવહત્યા કરવાવાળા વર્ગને ક્યારેય અમે તમે જુદા એવો નિયમ નતો બતાવ્યો. તેણે તો સુધરતા વ્યક્તિ માટે કાયમ દરવાજા ખુલ્લા રહેશે, એવું કીધું. તે ઉપરાંત સતીપ્રથા, અંધશ્રધ્ધા કે સુધારણાના કોઈપણ મુદ્દે આ પ્રકારની જ થિયરી અમલમાં હતી. જો અસહકારની, (નાતબહારની) સંબંધ નહી રાખવાની, નફરતની થિયરી સકસેસ હોય તો ગણી સમાજોમાં અંધશ્રધ્ધા, અતિશ્રધ્ધા વ્યક્તિ પૂજા કે વ્યસની લોકો છે, તો તેની સામે આ થિયરી અમલમાં કેમ નથી મુક્તા? આમ તો અરજન્ટ જરૂર આ સુધારાની છે. તમારી સમાજને સંપ્રદાયના મુદ્દા કરતાં આ મુદ્દા અનેક ગણા નુકશાન કર્તા છે. આવી સુધારણાને અગ્રીમતા

આપવી જોઈએ. અમુક મુદ્દાની ચકાસણી કરીને તેની આવશ્યકતા પ્રમાણે અગ્રીમતા આપવી જોઈએ. અને તેનો અમલ કરવો જોઈએ.

અનિલભાઈ :- સાહેબ, આ સુધારણાના મુદ્દા વર્ષોથી લટકતા હતા, હમણાં અમારા યુવા સંઘની અને સમાજની નવી ટીમે તે મુદ્દાના અમલીકરણની વાત કરી અને વર્ષોથી લટકતા આ મુદ્દાને ગતિમાં લાવવા કડક રીતે અમલમાં લાવવાની વાત કરી.

કનુભાઈ :- ચાલો માની લઈએ, સમાજનો સુધારણનો આ મુદ્દો બરાબર છે. અમલ પણ કરવો જરૂરી છે પણ મારી વાત એ છે કે અમલની થિયરી રોંગ (ખોટી) છે. જ્યારે અનિલ કહે છે, અમલ માટે નિયમ કાયદો કડક જ જોઈએ. અનિલનું કહેવું છે, કડક કાયદા વગર અમલ અશક્ય છે.

અનિલભાઈ :- હા સાચી અને સાબીત થયેલી વાત છે. કડક કાયદા વગર ૫૦ વર્ષે પણ અમલ શક્ય નથી અને હાલને તબક્કે અમલ અતિ મહત્વનો મુદ્દો છે.

પટેલ સાહેબ :- જુઓ અનીલભાઈ, અમલ માટે કડક કાયદો મહત્વનો છે. પણ તે રાષ્ટ્ર અંગેના કાયદા માટે લાગુ પડે. જે થિયરી રાષ્ટ્રને લાગુ પડે, તે સમાજ માટે લાગુ ન પાડી શકાય. વળી તમારી સમાજ માટે અત્યારે કલમ ૧૮ ના અમલ કરતાં સનાતનના મુદ્દાઓની સ્વિકૃતિ અને વિસ્તૃતિ હાલના તબક્કે મહત્વની છે. પ્રથમ સ્વિકૃતિ અને વિસ્તૃતિ પર તમારી સમાજે ધ્યાન આપવું જોઈએ. જો કડક અમલ પધ્ધતિથી સ્વિકૃતિ અને વિસ્તૃતિની ગતિને અસર થાય, તો કડક અમલમાં ઢીલ રાખવી જોઈએ. પ્રથમ સ્વિકૃતિ અને વિસ્તૃતિ થશે, તો એક દિવસ જરૂર અમલ થશે એના માટે કોઈ શંકા ને સ્થાન નથી.

અનિલભાઈ :- સાહેબ, સ્વિકૃતિ માટે જ આ ધમપછાડા છે. તમે કહેશો કે ધીમી ગતિએ અમલ કરવો, પણ ધીમી ગતિની પણ હદ હોય ને ? કેટલી રાહ જોવી ?

પટેલ સાહેબ :- અનિલભાઈ, સુધારકે ધીરજ રાખવી પડે. આમાં અધિરાઈ ન ચાલે. આ એરણ પર સાબિત થયેલું સત્ય છે. નિરાશાવાદી કદી

સાચો સુધારક નથી બની શકતો. અનિલભાઈ, એક કહેવત છે, સુધારાના એકસો પ્રયત્નોમાં નિષ્ફળ ગયા પછી પણ એકસો એકમા પ્રયત્ન માટે એવા જ જુસ્સાથી પ્રયત્ન કરે, તે જ સાચો સુધારક કહેવાય અને એ જ વ્યક્તિ સમાજમાં સુધારા કરી શકે, કરાવી શકે. સુધારકોએ તો ઠંડા હીમ જેવા મગજથી કામ લેવું પડે. અનિલભાઈ આ રીતે સ્વિકૃતિ માટે ધમપછાડા ન કરાય.

આપણા ૠષિઓએ જે તે સમયે આપણી વૈદિક ૠષિ સંસ્કૃતિનો આખા વિશ્વમાં વિસ્તાર કર્યો તે કંઈ આ તમારી ધમપછાડા, ધાકધમકી અને નફરતની થિયરીથી નતો કર્યો. અને આ તમારી ધમપછાડા, ધાકધમકીઓ અને નફરતની થિયરીથી કોઈવાત કે વસ્તુની સ્વિકૃતિ ન થાય, કે વિસ્તૃતિ પણ ન થાય. આ તમારી થિયરીથી સમાજમાં થાય માત્ર પરસ્પર તિરસ્કૃતિ.!!!

અનિલભાઈ, આપણા ૠષિમુનિઓ એ અપનાવેલ પોતાની સંસ્કૃતિની સ્વિકૃતિ અને વિસ્તૃતિની ૠષિ થિયરીની વાત કહું અને મારા મતે તમારી સમાજે એની નકલ કરવી જોઈએ.

અનિલભાઈ :- બતાવો બતાવો સાહેબ, તમારી સ્વિકૃતિ અને વિસ્તૃતિની ૠષિ થિયરી.

પટેલ સાહેબ :- જુઓ, ૠષિમુનિઓના જમાનામાં પોતાના વિસ્તારમાં યજ્ઞાદિક કાર્યો, વેદો ભણવા, ભણાવવા, શાસ્ત્રો ભણવાં, ભણાવવાં એના પર ભાષ્યો લખવાં, એના ઉપર સંવાદો યોજવા અને આ બધા જ્ઞાનને રિવાજના રૂપમાં જનમાનસમાં બેસાડવાં, આવાં બધાં કામો રેગ્યુલર થતાં જ. આ બધું તત્કાલીન સમયમાં ફરજ અને કર્તવ્ય રૂપી રિવાજ જેવું બની ગયું હતું.

તે ઉપરાંત કેટલીક વિશિષ્ટ વ્યક્તિઓ પોતાના કર્તવ્યના ભાગરૂપે સંસ્કૃતિના વિસ્તૃતિકરણની સ્વયંભૂ વધારાની જવાબદારી ઉપાડતા અને એ નવા વિસ્તારમાં જતા, જ્યાંની પ્રજા આપણી ૠષિસંસ્કૃતિથી અજાણ હતી. તે વિસ્તારમાં તેઓ જતા. ત્યાં સ્થાનિક લોકોની સંમતિ અને મંજુરીથી ત્યાં યજ્ઞાદીક કાર્યો કરતા. ત્યાંની પ્રજાની મંજુરીથી આયોજન કરી યજ્ઞ કરતા. ત્યાંની સ્થાનિક પ્રજાને માત્ર બે ટાઈમ જમવાનું આમંત્રણ આપતા.

શરૂશરૂમાં તેને યજ્ઞમાં બેસવાનું પણ ન કહેતા. તેને માત્ર એટલું જ કહેતા,

"વાતાવરણની શુધ્ધિ માટે અમો યજ્ઞ કરવા ઈચ્છીએ છીએ. અમને થોડી સલામત અને શાંત જગ્યા આપો અને તમે બંન્ને ટંક તમારા પરિવાર સાથે સમયસર જમવા આવજો." "પ્રસાદ લેવા આવજો" એવું પણ નતા કહેતા, માત્ર કહેતા "તમારા પરિવાર સાથે જરૂરથી જમવા આવજો" તે સ્થાનિક લોકો આવતા ને જમી જતા. આવો ક્રમ લાબો સમય ચાલતો. તેને આ બધું શું છે ? તે સમયાંતરે જાણવાની ઈચ્છા થતી અને જાણતા.

આ વસ્તુ યજ્ઞાદિક અને એને સંલગ્ન એક્ટીવીટી ૨૪ કેરેટ હતી. એટલે ધીમે ધીમે સ્થાનિક પ્રજાના મગજમાં આ બધી એક્ટીવીટી બેસતી ગઈ, તેમ તેમ એ લોકો પણ આવા કાર્યક્રમમાં ધીમીધીમે ભાગ લેવા લાગ્યા. આ રીતે તે નવા વિસ્તારમાં ધીમે ધીમે આપણી ઋષિ સંસ્કૃતિની સ્વિકૃતિ થતી ગઈ. ક્યાંક આ રીતે બે સંસ્કૃતિના જોડાણમાં અને આપણી સંસ્કૃતિની સ્વિકૃતિમાં વેગ આપવા રાજા કે સમાજના વગદાર વ્યક્તિઓએ નવા વિસ્તારની પ્રજા સાથે માત્ર રોટી વ્યવહાર નહીં પરંતુ બેટી વ્યવહાર પણ ચાલુ કર્યો. એમાં પણ તેને નાનમ કે આભડછેટ ન લાગી. અર્જુને નાગકન્યા સાથે લગ્ન આ હેતુથી જ કર્યાં હતાં. આ રીતે જોડેયેલા સંબંધના ઈતિહાસમાં અનેક દાખલા છે. તે સમયે કોઈએ, તે પ્રજા સાથે બેટી વ્યવહાર ન કરાય એવી એલર્જી પણ નથી બતાવી. પરિણામે, તે નવા વિસ્તારમાં આપણી ઋષિસંસ્કૃતિનો હૃદયપૂર્વક ઝડપથી સ્વિકાર થયો અને વિસ્તાર થયો. આ પ્રેમ અને લાગણીની થિયરીથી જ ઋષિસસ્કૃતિ, તે સમયે વિશ્વસંસ્કૃતિ બની હતી.

જ્યારે તમે લોકોએ અત્યારે અમલમાં મુકેલી નફરતની થિયરી, ધાકધમકીની થિયરી અને પરસ્પર તિરસ્કારની થિયરીથી તો તમને માત્ર તમારા અહમ પોષણ સિવાય કશુ ફળદાયી હાથમાં નહીં મળે. તમે જે કરવા જઈ રહ્યા છો, તે માટે તો તમારે, તમે જ્યા છો ત્યાંથી એકબીજાના દિલની નજીક આવવા પ્રયત્ન કરવો જોઈએ. તેના બદલે તમે અત્યાર સુધી બેટી વહેવાર, રોટી વહેવાર ચાલુ છે, તે પણ સામાજીક ઠરાવ કરી બંધ કરવા માંગો છો. આમ બેટી વહેવાર બંધ કરવાથી શું તમારી સનાતન સંસ્કૃતિનો સ્વિકાર કે વિસ્તાર થશે ખરો ?

આમાં તમે અનુભવી વડીલોની સલાહ લો. તો તે સ્પષ્ટ જણાવશે કે અત્યારે તમે અપનાવેલી આ નવી થિયરી બીલકુલ અનસકસેસ થિયરી છે. પરંતુ જે ચાલતું હતું તે ચાલવા દીધું હોત તો કાળક્રમે પરિણામ જરૂર મળત. બાકી બેટી વહેવાર બાબતે માત્ર વિચારોની સામ્યતા માટે સંપ્રદાયનો મુદ્દો મેરીટમાં લો, તો ચાલે. આને ડહાપણ વાપર્યું કહેવાય. એ રીતે અમલ પણ થાય અને અડે મુંઝે અડચણ પણ ન નડે.

કનુભાઈ :- અરે સાહેબ, હવે મેરીટમાં લેવાની ક્યાં વાત કરો છો? એક ઠરાવ બતાવું, તેમાં એવું લખેલું છે કે તમો તમારાં જુનાં સગાંના સંબંધને લઈને તમારી સતપંથી બહેન ફઈને ત્યાં વહેવાર કરવા જાઓ, તેની છુટ પણ તમારી સતપંથી બહેન ફઈને ત્યાં જમવું નહી. આ નિયમ બરોબર છે ?

પટેલ સાહેબ :- અરેરે ! આવા નિયમો બનાવતી વખતે તમારા અનુભવી અને સમજદાર વડીલોએ આ લોકોને રોક્યા કેમ નથી ? હું તો તમારી સમાજના આદર્શ રિવાજો અને સંસ્કારના બધે દાખલા આપું છું. આ નિયમમાં તો આપણી બહેન દીકરીની આંતરડી કકળાવવાની વાત છે. આનાથી એના આત્માને કેટલું દુઃખ થાય ? આતો નકરૂં પાપ છે અને તમે આ રીતે તેનો બહિષ્કાર કરી, વગર વાંકની બહેન દિકરીને સજા કેમ આપો છો ?

કનુભાઈ, એ બહેન શું પોતાની મરજીથી એ પરિવારમાં લગ્ન કરીને ગઈ છે કે તેને તમારા પરિવારે ત્યાં પરણાવી છે ? પરિવારે જ પરણાવી હોય તો એ બિચારીને આવી સજા કરાય ? આતો કોઈ બહેન વગરના લાગણીહિન ભાઈએ સુચવેલ નિયમ છે. બાપા, જીણી નજરે જોઈએ તો આવા નિયમો કોઈ વ્યક્તિગત પ્રતિશોધની પેદાશ હોય તેવું લાગે છે. આમાં સમાજ કલ્યાણની ભાવનાનો નામ માત્ર અંશ નથી, અને સાચું કહું તો વ્યક્તિગત પ્રતિશોધ માટે સામાજીક તખ્તાનો ઉપયોગ ન ચલાવી લેવો જોઈએ. આવી દિકરીઓની દુઃખી આંતરડીની બદ દુવાઓનું પરિણામ બહુ ખરાબ આવે છે. કંઈ કેટલાય પરિવારનાં ધનોત પનોત નીકળી ગયાં છે. બાપા, મેં આ મારી સગી આંખે જોયું છે.

કનુભાઈ :- અરે સાહેબ, આવી બહેનોની સંખ્યા પણ ઓછી નથી. પહેલાં

આવા સંબંધો જોડવાની બિલકુલ મનાઈ ન હતી. વર્તમાનમાં અસંખ્ય ભાઈ-બહેનોને આ મુશ્કેલી છે. અને અમારાંમાં તો સુરધનદાદાનો પ્રસંગ હોય, વાંયણી વાળવાની હોય કે કોઈ પણ શુભ પ્રસંગોએ નિયાણી-દિકરીને પહેલી જમાડવાનો, તેને યાદ કરવાનો રિવાજ છે. ત્યાં સગા ભાઈ બહેનને જુદા પાડવાનું આ લોકો પાપ કરે છે. તેની હાય લેવાનું પાપ કરે છે. આનાં પરિણામ શું ખરાબ નહી આવે ?

પટેલ સાહેબ :- બાપા, અમારા સમાજની આ સાંભળવા જેવી વાત છે. એક સુખી અને સમાજના આગેવાન પરિવારની દિકરીને, અમારી જ સમાજના ગરીબ ઘરના પણ ભણવામાં અને રમવામાં ખુબ હોંશિયાર અને દેખાવડા દિકરા સાથે ભણતાં ભણતાં આંખ મળી ગઈ ને તેણે ઉંમર થતાં ખાનગીમાં સીવીલ મેરેજ કરી લીધાં. થોડા સમય પછી તણે લગ્ન ડીકલેર કર્યા ને એ આગેવાન સુખી પરિવારમાં અને સમાજમાં ધરતીકંપ થઈ ગયો. દિકરીને સમજાવવામાં આવી, ના સમજી. દિકરીને તેના માતા-પિતા એ પોતે આપઘાતની ધમકી આપી, સામે પક્ષે છોકરાવાળા ને સુખે જીવવા નહી દઈએ, એવી ધમકી આપવામાં આવી ને લાચાર ગરીબ પરિવારે, તેનાં સગાં વહાલાં અને સમાજનાં દબાણ આગળ ઝુકી જઈ, છોકરીને કાયદેસરના છુટાછેડા આપી, બે મળેલ જીવને છુટા પાડ્યા. અને એ દિકરીને સમાજના પૈસાદાર ઘરના એક દારૂડિયા અને લફંગા દિકરા સાથે પરણાવી દીધી.

દારૂડિયા પતિના લાગણીહિન પરિવારમાં જઈ દિકરી આજે શારીરિક અને માનસિક રીતે દુઃખી છે. એ ડાહી દિકરી કોઈને ફરીયાદ નથી કરતી, પણ એનો ચહેરો કહે છે કે તે દિકરી મનથી અનહદ અને અસહ્ય દુઃખી છે. અને જ્યારથી તે પરિવારે તે દિકરીને નવાં પાત્ર સાથે પરણાવી ત્યારથી તેના પિતા પરિવારની પડતી થઈ. આજે તે માવતર પરિવાર પુરેપુરો બેહાલ છે. બધાં કહે છે, એની દિકરીની હાય લાગી. બાપા આ મારી નજરે જોયેલુ સત્ય છે.

"સાહેબ, વચ્ચે એક વાત કરૂં" કનુભાઈ એ પટેલ સાહેબ, ને કહ્યું "સાહેબ હું અનિલને એમ કહું છું, આ રીતે દિકરીનાં ઘરનું અન્નત્યાગ કે

સગાંના ઘરનો બહિષ્કાર અને અન્નત્યાગ કરવાથી સનાતન સંપ્રદાયને જે ફાયદો થશે, તેનાથી નુકશાન વધુ થશે, પરંતુ આ વાત પણ અનિલનાં મગજમાં બેસતી નથી મારી આ વાત ને તે સ્વિકારવા તૈયાર નથી. સાંભળો આના લગતો એક દાખલો આપું.

સાહેબ, મારો મિત્ર કિરણ અને એ ચાર ભાઈ છે. એ મને વાત કરતો હતો. અમારા પરિવારે વિચાર કર્યો કે આપણે ચારેય ભાઈ પવન બાજુ પીઠના એક ભાગ રૂપે સનાતનમાં જોડાઈ જઈએ પણ અમારાં વર્તમાન સગાં વહાલાં મોટાભાગનાં એટલે કે ૯૦/૯૫% સતપંથવાળાં છે. "તમને સનાતનમાં આવવું હોય તો સતપંથ વાળાં સગાવહાલાં સાથે તમારાથી સંબંધ રાખી શકાશે નહીં. આ નિયમો તમારે પાળવા પડશે." અમને કડક રીતે એમ કહેવામાં આવ્યું તેથી અમારે હવે સનાતનમાં આવવાનો વિચાર પણ કેમ કરાય ? આ પગલું ભરવા ઈચ્છતાં અનેક પરિવારોને આ અડચણ નડે છે. આ પગલું હવે અમારાથી ભરાય જ નહી." બોલો પટેલ સાહેબ, આ નિયમથી સનાતનને શું ફાયદો થશે ? અને સનાતનની ચળવળને કયો ફાયદો થશે ? હું તો કહું છું આવા નિયમોથી લાંબે ગાળે અને સરવાળે સનાતનની ચળવળને નુકશાન જ છે. આવા અણઘડ નિયમોથી સનાતન તરફ વળતા પ્રવાહમાં હમણાં ગ્રો-બ્રેક (રૂકાવટ)આવ્યો છે. હું માનું છું બહુ હેતુલક્ષી યોજનાઓ અને મોટાં મિશન ટુંકા ગાળાનાં ગણિતને લઈને નિષ્ફળ જતાં હોય છે. અને ટુંકા ગાળાના સ્વાર્થથી ધાર્યું પરિણામ નથી મળતું. આ વાત માત્ર પરિવાર, સમાજ, પ્રાંત કે રાષ્ટ્રને લાગુ પડે છે. એવું નથી. આ વાત ધંધાકીય ભવિષ્ય અને મનોવૈજ્ઞાનિક દ્રષ્ટિએ વૈચારીક ક્રાંતિ, સંસ્કાર તથા સંસ્કૃતિ માટે પણ એટલી જ લાગુ પડે છે. એવું હું દ્રઢપણે માનું છું. વળી હમણાં હમણાં આવી બધી ચળવળથી સતપંથીઓમાં મધ્યમગતિએ ચાલતી ધાર્મિક પ્રવૃત્તિ, પરસ્પર સંકલન અને સંગઠનને વેગ મળ્યો છે. એ આપણે નજરે જોઈએ છીએ અને કોઈ પણ પડકાર સામે આવું જ બને. પટેલ સાહેબ, મારી વાત સાચી નથી ?

પટેલ સાહેબ :- કનુભાઈ, તમારૂં નિદાન બિલકુલ પરફેક્ટ છે. આવા અવિચારી અને ઉતાવળીયાં પગલાંનું તમે કહો છો એ જ પરિણામ આવે આને

એકશનનું રીએકશન કહેવાય અને રીએકશન સાયન્સની દ્રષ્ટિએ જેટલો સીરીયસ મુદ્દો છે, એના કરતાં પણ સામાજીક ક્ષેત્રે વધુ સીરીયસ મુદ્દો ગણાય છે. એટલે જ સામાજીક ક્ષેત્રે એકશન કરતાં રીએકશન પર પહેલું અને વધુ ધ્યાન આપવું પડે.

કનુભાઈ :- સાહેબ, વળી મેં પહેલાં કહ્યું એવી કિરણ અને ચાર ભાઈની સ્થિતિમાં અને એવા ટર્નિંગ પોઈન્ટ પર ઉભેલાં અને આવું વિચારતાં પરિવારોની સંખ્યા પણ ઘણી મોટી છે.

સાહેબ, બીજો એક મુદ્દો આપું. જેમાં થોડી ચર્ચા થઈ, પણ વિશેષ ચર્ચા કરીએ. આ મુદ્દે પણ મારૂં અને અનિલનું જામે છે. વિરૂદ્ધ સંપ્રદાયમાં બેટી વ્યવહાર કરી શકાશે નહીં. આ મુદ્દો પણ શું અવ્યવહારીક નથી?

પટેલ સાહેબ :- આ મુદ્દે જુના જમાનામાં બે સંસ્કૃતિઓ કે બે રાષ્ટ્રોને નજીક લાવવા માટે આવા વહેવાર ખાસ થતા હતા, એ વાત આગળ થઈ. હવે વર્તમાનમાં તમારા સમાજના સિચ્યુએશનની વાત કરૂં. અમારા સમાજની જેમ તમારો સમાજ પણ નાનો. તેમાં સામાન્ય સંબંધમાં તો ઠીક છે, પણ વિશેષ ડીગ્રી કે યોગ્યતાવાળા પાત્રોની સંખ્યા પણ મર્યાદીત હોય, તેમાં પાછું તમારે સંબંધ જોડવામાં ગોત્ર ખાસ જોવું પડે. એ હું જાણું છું. ત્યાં કેટલી મુશ્કેલી ઉભી થાય. તેમાં વળી સમાજના બે ભાગ પડશે ત્યારે આ પ્રશ્ન કેટલો જટીલ બનશે? આ અંગે કોઈએ કંઈ વિચાર્યું જ નથી. આ સ્થિતી થાય તો દિકરી ગમે તેટલી હોંશિયાર હોય તો પણ અમુક લાઈનમાં દિકરીને ભણાવાય નહીં. આવું માબાપને કરવું જ પડશે. કાંતો માબાપ કહે ત્યાં દિકરી ને મન મારી ને પરણી જવું પડે, કાંતો બળવો કરી સમાજ બહારથી જીવનસાથીની પસંદગી કરવી પડે.

આટલું ભણનાર વ્યક્તિ (આપણાં સંતાન) પ્રથમ વિકલ્પ ને ફેંકી દેશે અને બીજા વિકલ્પને જ પસંદ કરશે. તેને ખુદને સમાજ બહાર સંબંધ કરવો પસંદ નથી. પણ એ આ પગલું ભરવા મજબુર હશે. આ પરિસ્થિતીમાં સમાજના આગેવાનોને તે ક્યારેય માફ નહી કરે. અને આવા બનાવોને લઈને નવી પેઢીને અને તેના પરિવારને સમાજ પ્રત્યેની ભાવના ઘટતી જાશે. તેનું

પાપ પણ આ વડીલોને લાગશે.

બાપા, હવે આપણો જમાનો નથી કે મા બાપ કહે, તે પાત્ર સાથે ફેરા ફરી, જે છે તે પાત્ર સાથે જેમ જીવાય તેમ જીવતાં જિંદગી પુરી થઈ જશે. આપણા જમાનામાં પડ્યું પાનું નિભાવી લેતાં હતાં. હવે તો પસંદગીમાં તલ ભાર પણ બાંધછોડ નથી કરાતી. આ બાબતમાં સહન કરી લેવાની વાત જ નથી આવતી. બાપા, આતો રામબાણ વાગ્યા હોય તે જ જાણે. જેને આ પ્રશ્ન લાગુ પડ્યો હોય, તેને તેની ગંભીરતા વિષે અને વેદના વિષે પુછો તો જ ખબર પડે.!

એજ્યુકેશનના યુગમાં આવા મુદ્દા દિકરીઓને ભણાવવા બાબતે મા-બાપને નિરૂત્સાહી બનાવી નાખશે. તેની પ્રથમ અસર સમાજના આર્થિક વિકાસને ઈન્ડાયરેક્ટ સ્પર્શે છે. એટલે મારી વિનંતી છે કે સંબંધ બાબતના મુદ્દે સમાજે ફેર વિચારવું જોઈએ.

કનુભાઈ :- અરે પટેલ સહેબ, ફેર વિચારવાની વાત શું કરો છો? અમારી સમાજમાં વિરૂદ્ધ સંપ્રદાયમાં થયેલા સંબંધ (સગપણ) જે બાર બાર મહિના ટકેલા હતા. જેમાં બાળકોએ ફોનથી તથા વાર તહેવારે રૂબરૂ મળી કલાકોના કલાકો વાતો કરી પૂર્ણ પણે દિલ દઈ ચુકેલ હતાં, તેવા સંબંધો સમાજના દબાણથી તોડાવી નાખ્યાના કિસ્સા છે. અને તોડાવી નાખનાર ગર્વ સાથે બહાદુરીથી કહે છે. અમે સંપ્રદાયના મુદ્દે આટલા સંબંધ તોડાવ્યા.

પટેલ સહેબ :- બાપા, તમારી સમાજે તો હદ કરી નાખી. આ પાપ નહી, મહાપાપ છે. બાપા, આ બધું સમાજનાં લેબલ હેઠળ થાય છે?

કનુભાઈ :- હા પટેલ સાહેબ હા, આ બધું સમાજના શ્વેતપત્રના લેબલ હેઠળ થાય છે. જોહુકમીથી થાય છે. નાત બહાર, અસહકારની ધાક-ધમકીથી થાય છે. ક્યાંક લેખિત તો ક્યાક આવી કાર્યવાહી મૌખિક થાય છે. ત્યારે બિચારા નાના માણસોને આ બધાં સામે મજબુરીથી ઝૂકી જવું પડે છે.

પટેલ સાહેબ :- બાપા, આતો સરમુખત્યારશાહી કહેવાય, હીટલર શાહી કહેવાય. આમાં લાંબા ગાળે તમારી સમાજના ટુકડા થઈ જશે. સમાજમાં આ થિયરી ચાલે નહીં અને ચલાવાય પણ નહી.

બાપા :- છે તો એવું જ, પણ આને કોણ રોકે ? જો કોઈ આ થિયરી વિરૂદ્ધ વાત કરે, તો તેને દહીં દુધવાળા અને સતપંથના એજન્ટ કહી ઉતારી પાડે છે. વળી, એ દહીં દુધવાળા અને સતપંથના કહેવાતા એજન્ટ સામે માનસિક રીતે સામાજીક ત્રાસ જેવું વાતાવરણ ઉભું કરાય છે. આયોજન પૂર્વક તેની સામાજીક કારકીર્દી ખતમ કરી નાખવાની ગોઠવણી થાય છે. આવાં કાવત્રાં ઘડાય છે. ત્યારે લાગણીશીલ માણસ માટે આ પ્રશ્ન અને પ્રસંગ મૃત્યુ જેવો લાગે છે.

પટેલ સાહેબ : બાપા, તમારી વાત બીલકુલ સાચી છે. સગાંના સંબંધો અને લાગણીના સંબંધ શું છે? તે આ લોકો નથી જાણતા. મને એવું લાગે છે કે આમાં એકટીવ લોકો પૈસા કમાતાં કમાતાં માત્ર પૈસો કમાવવાનાં, પૈસો બનાવવાનાં મશીન, કોમ્પ્યુટર બની ગયા છે. બાપા, કોમ્પ્યુટરને કંઈ લાગણી હોય છે ? એતો અંદર ગોઠવાયેલા (નંખાયેલ) પ્રોગ્રામ મુજબ માત્ર કામ કરે છે. અને આ કોમ્પ્યુટર તો નિર્જીવ છે. કોમ્પ્યુટર જેવી લાગણીહિન થિયરી પરિવાર અને સમાજને તોડી નાખશે. અને સમાજ જીવનનાં મુળીયા ઉખેડી નાખશે. બાપા, પશ્ચિમમાં સમૃદ્ધિ છે પરંતુ તમે નથી જોતા પશ્ચિમમાં પરિવાર જેવી ભાવના અને પરિવાર જેવી સંસ્થા જ નથી. આપણો દેશ તો "વસુધૈવ કુટુંબકમ્" ની ઋષિસંસ્કૃતિનો દેશ છે. અને બાપા, આવું થવા દેશું તો આપણે આપણી આવતી પેઢી પાસે કંઈ પણ સારી અપેક્ષા નહી રાખી શકીએ. અને એથીયે આગળ વધીને કહું તો આનાં દૂરોગામી પરિણામો આપણા કરતાં આપણી આવતી પેઢીને બહુ ભોગવવાં પડશે. આ બાબતે આંખ આડા કાન એ લાંબે ગાળે પરિવાર, સમાજ અને સંસ્કૃતિ માટે ધ્વંસક પુરવાર થશે. આનાં દૂરોગામી પરિણામ બાબતે સમાજને લાલબત્તી ધરી, જાગૃતતા કેળવવી જોઈએ.

કનુભાઈ :- સાહેબ, અત્યારે આના સામે લાલબત્તી ધરવાની વાત જવા દો, દિલની વાત કરવાનું પણ નાના માણસ માટે જોખમ લાગે છે. આવી વાત કરવાથી સમાજના આગેવાનોના અસહકારના ભોગ બનવું પડે તો ?

પટેલ સાહેબ :- કનુભાઈ, શ્વેતપત્રમાં આવા મુદ્દા જ નથી આવતા, તો આવા મુદ્દે અસહકારની વાત જ ક્યાંથી આવે?

કનુભાઈ:- મોટી સમાજના શ્વેતપત્રમાં નથી, પણ અન્ય સ્થાનિક નાની સમાજો, શ્વેતપત્રના ઓઠે નવા નિયમો બનાવે છે, તેમાં આવું અસહકારનું આવે છે, તેની વાત કરૂં છું.

પટેલ સાહેબ :- અરે, એ રીતે ખોટો ખોટો અસહકાર તો નરસિંહ મહેતાનો પણ થયો હતો ને ? તેથી કંઈ તેની સમાજ સાચી હતી કે સાચી કહેવાયી? આખરે તો સત્યનો વિજય થયો ને !

અનિલભાઈ :- સાહેબ, આ નવા નિયમો જેણે બનાવ્યા છે, તે ગાંડા તો નથી. એ તો ભણેલા ગણેલા અને અનુભવી વડીલો છે. આપણને સીધીલીટીમાં ભલે ન સમજાય, પણ તેનું ચોક્કસ કંઈક વિઝન કે ગણિત તો હશે જ.

બાપા :- સમજણ તો મારા જેવા ગાંડાને પણ પડે છે કે આમાં વ્યક્તિગત અહમ, વ્યક્તિગત સ્વાર્થ અને પટેલ સાહેબે કહ્યું તેમ નકરી વ્યક્તિગત પ્રતિશોધની ભાવના દેખાય છે.

પટેલ સાહેબ :- બાપા વ્યક્તિગત અહમનો અને વ્યક્તિગત પ્રતિશોધનો મુદ્દો મગજમાં બેઠો પણ સ્વાર્થનું ગણિત કઈ રીતે ?

બાપા :- જુઓ સાહેબ, આમાં કમ્પાઓમાં કે ગામડામાં સહકારી અને રાજકીય ક્ષેત્રની નેતાગીરીના સ્વાર્થનું ગણિત અને ધંધાવાળાને પોતાના વેપારનો સ્વાર્થ. જુઓ દા.ત. તમે સતપંથ વાળા હો અને તમારો હોલસેલ કે ઈમ્પોર્ટનો બિઝનેસ હોય. નસીબ જોગે અને સારા સ્વભાવ અને આવડત (સર્વિસ-વાણી-કાળજી) થી ધંધો સારો ચાલતો હોય ને સામે હું સનાતન વાળો હોઉ ને મારૂં ધ્યાન ધંધા કરતાં અન્યત્રમાં વધુ હોવાને લઈને, અને નસીબજોગે કે મારા ધંધાના વહીવટીદારનાં સ્વભાવને લઈને અને સામાવાળાના પ્રત્યે સહકારની ભાવનાની કમીને લઈને વેપારીઓમાં ઓછો મેચ થતો હોઉ, તો સ્વાભાવિક છે, મારો વેપાર માર ખાવાનો. ત્યાં આ રીતે રાજકારણની જેમ સંપ્રદાયનો મુદ્દો ચગાવવાથી, અપનેવાલાની ભાવના જાગે અને કદાચ મને ફાયદો થાય. આવી પણ ઘણાં ભેજાંની પેદાશ હોઈ શકે. આ મારો વ્યક્તિગત મત છે.

પટેલ સાહેબ :-કદાચ હોઈ શકે. પણ બાપા, એ મુદ્દો મને, તમે કહો છો

તેવો શક્ય (સંભવ) નથી દેખાતો.

કનુભાઈ :- હું પણ તમારી વાતમાં સંમત છું. અહી ખેતીમાં તો આવાં ગણિત નથી ને ? છતાં સતપંથવાળાની વાડી (ખેતી) સનાતનવાળો વાવે તો મુકાવી દેવી અને સનાતન વાળાની વાડી સતપંથ વાળો વાવે તો મુકાવી દેવી (છોડાવી દેવી) પછી ભલે મેઘવાળ કે મુસલમાન વાવે તો ચાલે, પણ આ આપણો ગરીબભાઈ કે જેને પોતાની પાસે ખેતીની જમીન નથી, ત્યારે આવા ભાઈઓની વાડી વાવી, પોતાનાં બાળકો સાથે સમાજમાં સ્વમાનભેર સુખચૈનથી જીવતો હોય, તેને આ રીતે વાડીઓ છોડાવી, દુઃખી દુઃખી કરી નાખ્યા છે. અરે કોઈને આપઘાત કરવાના સંજોગો ઉભા થાય તેવું છે.

બાપા :- થાય જ તો. ગામમાં પાંચ દસ કુટુંબો ભળીને રહેતાં હતાં, સારા માઠા પ્રસંગોએ અને આર્થિક ભીડે અભીડે સગા ભાઈની જેમ એક બીજાની ઢાલ અને છત્રી થઈને જીવતા હતા. તેને બહાર રહેતા મોટા મોટા માણસોએ અહીં આવી, માંડ માંડ વહેવાર સાચવતા નાના માણસોને અંદર અંદર લડાવી નાખ્યા. પરિણામે સ્થાનિક ઈતર કોમને આવું જ જોઈતું હતું, તેથી તે હવે ફાવી ગઈ. આવું તો ઘણું બધું ન દેખાતું ઝીણું ઝીણું રોજનું નુકશાન છે. એ મોટા માણસના નજરમાં નથી આવતું, પણ તેને આ કોણ બતાવે. ?

તમે માત્ર વિરૂધ્ધ સંપ્રદાયવાળા સાથે સંબંધ રાખી શકશો નહી. એવું નથી. તેની જગ્યાએ કદાચ તમારા ભાઈ કે કાકા હોય તો પણ સંબંધ રાખી શકશો નહીં. આવાં બધાં દબાણ કરાય છે.

કનુભાઈ :- સાહેબ, હવે કેટલાક માણસોને બીજા પ્રકારની મુશ્કેલી છે. અમારો પ્રેમજી સનાતન વાળો છે. વર્ષોથી છે. હવે તેના દિકરા દીનેશનાં લગ્નને પાંચ સાત વર્ષ થયાં છતાં સંતાન નતાં થયાં. ખુબ દવાદારૂ કરાવ્યાં પણ પરિણામ મળતું ન હતું દવા ચાલુ હતી, તે દરમ્યાન એમનાં મા પરમાં માએ કોઈ સતપંથીના કહેવાથી માનતા કરી કે મારે ત્યાં પડપૌત્રો આવશે તો હું તેને દર વર્ષે પીરાણા પગે લગાડીશ. અને તેનાં ઘેર ભગવાને દિકરો દીધો. હવે તે સંતાન દવા કે દુવાનું પરિણામ છે, એ વિવાદમાં આપણે નથી પડવું. છતાં શ્રદ્ધા કહેશે, દર વર્ષે પગે લગાડવા જવું. એની જગ્યાએ આપણે હોઈએ

તો આપણે પણ જઈએ. એમાં કંઈ નુકશાન કે ખોટું પણ નથી અને જીવે ત્યાં સુધી જાય એવી પરમાં માએ સુચના આપી છે. પણ હવે સમાજે તેને પીરાણા પગે લગાડવા જાય, તેના પર પ્રતિબંધ ફરમાવ્યો છે. "તે પીરાણા ન જઈ શકે" આવો નિયમ કરે તો કરવું શું? હું એમ કહું છું. પ્રેમજી વર્ષોથી સનાતન વાળો છે. તે આખું ગામ અને સમાજ જાણે છે, છતાં તેને આ રીતે દૂધ દહીંવાળો કહી માનસિક રીતે ટેન્શન આપે છે. સનાતનીઓના આ રીતના ત્રાસથી કંટાળી પ્રેમજી ક્યારેક એમ પણ કહેતો ફરે છે. આપણા સનાતનીઓ કરતાં આ સતપંથીઓ સારા છે. એમનામાં સહકારની અને ભાઈચારાની ભાવના ઉંચી છે. હું તો કહું છું. ભલેને ત્યાં પગે લાગવા જાય. ત્યાં જવાથી તે સનાતની થોડો મટી જવાનો છે. અનિલ તને ખબર છે ? આવા નિયમ કરનારા કે તેને ટેકો દેવાવાળા કેટલાક ભાઈઓ આવું બધું કોઈ ન જાણે તે રીતે "સગાં વહાલાં ને લઈને ગયો હતો." મામાનો કે માસી-ફુવાનો ડ્રાઈવર થઈને ગયો હતો." કે કંઈક બહાનું કાઢીને પોતે જાય છે, ત્યાં ભેટ પણ આપે છે. અને બીજાને ત્યાં જતાં અટકાવનારને ટેકો પણ આપે છે.

વળી પહેલાં કોઈએ સતપંથમાં ગુરૂ કર્યા હોય તો એ જીવે ત્યાં સુધી તો તેને ગુરૂ માનવા જ પડે. તેનાં દર્શને જવું જ પડે, હવે આપણે તે બધું કરવાની મનાઈ કરીએ એ શું વધુ પડતું નથી? કદાચ હવે નવી પેઢી ત્યાં ગુરૂ ન કરે એમ કહીએ તો ચાલે પણ જે થઈ ગયું છે તે ચલાવવા દેવું પડે. આવી છુટછાટ આપવી પડે એવું મારૂં માનવું છે.

પટેલ સાહેબ :- અનિલભાઈ, આવી બધી થોડી છુટછાટ આપવાથી ઉલ્ટાનું પોઝીટીવ પરિણામ મળશે, એવું હું પણ માનું છું. સતપંથી પરિવાર હોય ને તેના દિકરાઓને સનાતનમાં આવવુ હોય તેને આવી છુટ હશે તો તે સનાતનમાં આવશે, નહી તો નહી આવે.

અનિલભાઈ :- એ નહી આવે તો હવે એની જરૂર પણ નથી. આજે નહી તો પછી ક્યારેય નહી. એના વગર થોડું અટકી પડવાનું છે ?

પટેલ સાહેબ :- અનિલભાઈ, એ તમારો વ્યક્તિગત મત અને જવાબ છે. સમાજના જવાબદાર વ્યક્તિ તરીકે કે સમાજના પ્લેટફોર્મ પરથી આ

જવાબ વ્યાજબી નથી. અને આવા જવાબ ચલાવી પણ ન લેવાય - અનિલભાઈ આવો જવાબ આપો છો, તો શું સમાજ તમારી જાગીર છે? કે તમે સમાજના માલિક છો ?

અનિલભાઈ :- ના સાહેબ, હું એવું નથી કહેતો, મારા કહેવાનો મતલબ એવો ન હતો પણ આટલા દિવસ તો તેને કોઈ રોકતું નહતું. એ થિયરી ચાલુ જ હતી. આતો હમણાં થોડા ફાસ્ટ રીઝલ્ટની લાલચમાં થોડું કડક કર્યું છે. અને ન કરે તો કરે શું? જગદીશ કહેતો હતો, વચ્ચે વચ્ચેના સમયમાં આગેવાનો એ ઢીલું મુક્યું, ખુબ છુટછાટ આપીને કોઈ ભેદભાવ ન રાખ્યો તેમાં કેટલાક મધ્યમમાર્ગી સનાતનીઓ નિર્ભિક રીતે પીરાણા જતા આવતા થઈ ગયા હતા. જ્યારે લક્ષ્મીનારાયણના મંદિરમાં તેઓ ઓછો રસ લેતા હતા. તેથી આ બધું જોરમાં ઉપાડ્યું તેમાં ખોટું શું કર્યું છે?

પટેલ સાહેબ :- અનિલભાઈ આ કામ જોરમાં ઉપાડ્યું છે, એ કંઈ ખોટું નથી કર્યું સારું જ કર્યું છે પરંતુ તેની થિયરી ખોટી છે. આ રીતે તમો તેને છોડી દેશો તો તે કાયમ બિનસનાતની રહી જશે, આમ કરવાથી એ કદાચ બિન સનાતની રહી જશે તો તમે સમાજની સેવા કરી કહેવાશે કે કુસેવા કરી કહેવાશે?

કનુભાઈ :- સાહેબ, આપણી આ વાત ક્યાં કોઈના મગજમાં બેસે છે ?

પટેલ સાહેબ :- કનુભાઈ, તમે કહેતા હતાને વચ્ચેના સમયમાં કોઈ કંઈ પ્રયત્ન નતા કરતા છતાં ૧૯૬૦ માં જે અલ્પ સંખ્યામાં સનાતની હતા, તે વડીલોની ઉદારમતવાદી નીતિને લઈને આજે સ્વયંભૂ રીતે બિનસનાતનીઓ અલ્પ મતમાં છે. એવું હમણાં જ તા. ૧૦-૪-૨૦૧૨ પાટીદાર સંદેશના અંકમાં પ્રમુખશ્રી ગંગારામભાઈ સાંખલાના નિવેદનમાં વાંચ્યું હતું. જો વગર સુધારકે સમાજ સ્વયં જાગૃત થાય એ બહુ સારી નિશાની કહેવાય અને આમ વધુ ઉપાડે ક્યાંક સમાજની કુસેવા ન થાય, એનું ધ્યાન રાખજો. અને સમાજ ભક્તે, સમાજ સુધારકે સમાજના બે ભાગલાની કલ્પના કરવી એ મહાપાપ છે.

જુઓ અનિલભાઈ, તમારો સમાજ હોય, અમારો સમાજ હોય કે ત્રીજો કોઈ સમાજ હોય તેમાં દરેક ઉપર લક્ષ્મીજીની મહેરબાની થઈ છે. અત્યારે ખેતીવાળા હોય કે ધંધાવાળા હોય, તે બધાં બે પાંદડે સુખી છે. હવે દરેક પાસે

પૈસા છે. પણ મનની શાન્તિ નથી. હવે તેને શાન્તિ જોઈએ છે. તેને શાન્તિની ભુખ જાગી છે. હવે આપણા સંસ્કારો અને મનોવૈજ્ઞાનિક ઘડતર એમ કહે છે, શાન્તિ માટે નો ટુંકો રસ્તો વાયા ધર્મ અને આધ્યાત્મિકતાના રસ્તે થઈને જાય છે. અને આ રસ્તે જ શાન્તિ મલશે. એવું આપણે ગળથુથીમાંથી શીખ્યા છીએ. તેથી બધાંને આ રસ્તેથી શાન્તિની અપેક્ષા છે.

હવે જો સમાજે ગોઠવેલી વ્યવસ્થા થકી, તેને શાન્તિ નહી મળે તો, તે દુરથી કે બહારથી પણ ધર્મના રસ્તે શાન્તિ શોધવા, મેળવવા પ્રયત્ન કરશે. એક તબક્કે શાન્તિની પ્રબળ ભુખ જાગશે ત્યારે કોઈક કિસ્સામાં તેને પોતાને અહિંથી શાન્તિ મળશે. એવું લાગશે ત્યારે તે ઉતાવળે ચકાસણી કર્યા વગર, ક્યાંક ઓછા વધુ કેરેટવાળી પણ શાન્તિ મેળવીને જ જંપશે.

તમે જોતા હશો, ઘણાં સંસ્કારી પરિવારો ઉતાવળે આ રીતે ક્યાંક હલકી મનોવૃત્તિવાળાને ગુરૂબ્રહ્મા, ગુરૂવિષ્ણુ, ગુરૂદેવો મહેશ્વરઃ ગણી, તેવા ગુરૂઓની ચુંગાલમાં ફસાઈ જતા હોય છે. તેનું કારણ તેની શાન્તિ માટેની આંધળી ખોજ અને દોટ તથા સમાજ દ્વારા સમાજ સંચાલિત ઉભી કરેલી એવી સંતોષકારક મનભાવન વ્યવસ્થાનો અભાવ.

અનિલભાઈ, અમારા અને તમારા સમાજના મોટાભાગના લોકો સામાજીક રીતે એક ગુરૂગાદી નીચે નથી. આ શ્રદ્ધાનો વિષય છે. જ્યાં શ્રદ્ધાથી, અપેક્ષા મુજબ શાંતિ મળે ત્યાં આકર્ષાય. મેં જોયું છે, ઓછું ભણેલ સમાજ એક ગુરૂગાદી નીચે સહેલાઈથી આવી શકે છે. જ્યારે ભણેલ એજ્યુકેટેડ સમાજમાં આ થોડું મુશ્કેલ છે. એજ્યુકેટેડ વ્યક્તિ કોઈ વાત તર્ક વગર સ્વિકારતી નથી, પરંતુ સમાજે ગોઠવેલી વ્યવસ્થામાં વિશ્વાસને લઈને તર્કની ચાંયણી થોડી જાડી હોય છે, છતાં દરેક વ્યક્તિને સમર્થ ગુરૂની શોધ હોય છે, તે હકિકત છે.

કનુભાઈ :- સાહેબ, અમારી સમાજમાં તો મોવડી મંડળ માન્ય હજી સુધી ગુરૂગાદી જ ઉભી નથી કરી શક્યા.વચ્ચેના સમયમાં પૂ. ઓધવરામ મહારાજ, પૂ. વાલરામ મહારાજ, પૂ. હરીદાસ મહારાજ, પૂ. શાંતિદાસ મહારાજ, પૂ. કરશનદાસ મહારાજની ગુરૂ પરંપરાની ગાદી તરફી, સારા

એવા સમય સુધી સમાજમાં બહુમતી વર્ગનો ઝુકાવ પણ હતો. અને ત્યાંથી સમાજ માટે બહુમૂલ્ય માર્ગદર્શન પણ મળતું હતું. બધાંને સંતોષ પણ હતો, તેથી તેની સામાજિક અને ધાર્મિક ઓળખ પણ ઉભી થઈ શકી હતી, સાથે સાથે સમાજમાં તેનું તત્કાલીન આકર્ષણ પણ હતું. પરંતુ સમય બદલ્યો અને સમાજમાં શાસક બદલ્યા તથા ગાદીપતિ પણ બદલ્યા, તેમ તેમ તે ગુરુગાદીના પ્રભાવનો આપણી સમાજમાં કોઈ કારણસર ગ્રો બેક દેખાય છે. વળી અન્ય નાની મોટી ગાદીના દરેક ગાદીપતિ પોતાના પ્રભાવ અને પ્રચારથી પાતાની જાગીર મોટી કરવા સક્રીય હોવાથી એને જલ્દી એન્ટ્રી મળી જતી હોય છે. હું તો એમ માનું છું સાહેબ, જ્યાં સમાજ અને ગુરૂ ગાદીનું ઐકય અને સંકલન હોય તો તેમાં જ પરમ સંતોષ થાય, શાન્તિ મળે, વિકાસ થાય અને સંપ તથા સંગઠન જળવાય. તેને લઈને સમાજ પણ એક સુત્રતામાં સરળતાથી બંધાઈ શકે છે. જ્યારે બહારની આવી વ્યવસ્થામાં આ અપેક્ષાઓ ઉણી ઉતરે છે. પૂર્ણપણે ફળીભૂત થતી નથી.

હાલમાં કેશરા પરમેશ્વરા પ્રેરિત સ્વામિનારાયણ ગાદીમાં આપણી સમાજનો મોટો વર્ગ છે. જ્યારે તે સિવાય આપણે ઘણી બધી ગુરુગાદીઓમાં છૂટક છૂટક અને વેરવિખેર છીએ. તેમાં હરિહર સંપ્રદાય, હરિ ૐ સંપ્રદાય, કબીરપંથ, સ્વાધ્યાય પરિવાર, ગાયત્રી પરિવાર, હરીઓમ પરિવાર, આર્ય સમાજ અને સ્થાનિક સ્તરે કોઈ પ્રભાવશાળી સંતના (વક્તા કથાકાર કે યોગગુરૂ વગેરેના) સાનિધ્યમાં આવી, તેને ગુરૂ બનાવી આત્મસંતોષ મેળવે છે. પણ જ્યાં સુધી આખા સમાજને એક છત્ર નીચે સમાવી શકે તેવી ગાદી અને પ્રભાવશાળી ગાદીપતિ સમાજના વડીલો સમાજને ન આપી શકે ત્યાં સુધી આ પ્રશ્ન હલ થશે નહી. અને સમાજ પણ વિકેન્દ્રિત રહેશે એવો મારો વ્યક્તિગત મત છે.

અનીલ :- કનુભાઈ, આ સંસ્કારધામ-લક્ષ્મીનારાયણ કેન્દ્ર સ્થાન આ એનો જ પ્રયન્ત છે.

કનુભાઈ :- પ્રયત્ન સારો છે. પણ મોડો છે. છતાં જાગ્યા ત્યાંથી સવાર પણ તેમાંય શું છે ? ક્યા દેવની ગાદી છે ? અને કોણ ગાદીપતિ છે ?

અનીલ :- કેમ ? તને ખબર નથી ? લક્ષ્મીનારાયણ ભગવાનની ગાદી છે. આટલો મોટો પ્રોગ્રામ હતો. તું તેમાં ગયો હતો, છતાં અજાણ્યો થાય છે ? કમાલ છે !!

કનુભાઈ :- પણ કોણ છે ગાદીપતિ ? ક્યા મહારાજ છે ત્યાં ?''

અનીલ થોડીવાર જવાબ ન આપી શક્યો, પછી તેને યાદ આવ્યું ''છેને દિવ્ય બ્રહ્મલોકના અધ્યક્ષ શાસ્ત્રી વિ.વી.સ્વામી અને સંસ્થાના માર્ગદર્શક સંત સ્વામી બ્રહ્મસ્વરૂપદાસ છે ને.''

કનુભાઈ :- માર્ગદર્શક કે ગુરૂ ? સાહેબ, ગુરૂ એટલે માર્ગદર્શક જ થાય. પરંતુ કોઈપણ સમાજના લોકો એ નહી કબુલે. એ એમ માને છે, જેની પાસે આપણને કંઠી બંધાવવાની ઈચ્છા અને તાલાવેલી થાય, તેને જ ગુરૂ બનાવાય. હું તો ત્યાં માત્ર એક જ વખત ગયો છું. મને ખબર નથી. ને હું તેનાં દર્શન પણ કરી શક્યો નથી. તેથી મારાથી કંઈ કહેવાય પણ નહીં, છતાં મેં સાંભળ્યું છે, બધાં કહે છે આતો ઉછીના સંતો છે. સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો છે. લક્ષ્મીનારાયણ સંપ્રદાયના સંતો નથી.

પટેલ સાહેબ :- તો શું થયું ? બાપા, આમાં શું ફરક પડે છે ? તમારા, અમારા અને ગુજરાતના તમામ પાટીદારોની સમાજોનો મોટો વર્ગ સ્વામિનારાયણ સંપ્રદાયની જુદી જુદી ગાદીઓ સાથે જોડાયેલા છે ને.

કનુભાઈ :- હા સાહેબ છે ને, વળી અમારા લોકો પાછા લક્ષ્મીનારાયણ ગાદી અને નરનારાયણ ગાદી સાથે સંકળાયેલા છે, છતાં વાસ્તવિકતા એ છે કે અમારો સનાતન સમાજ સ્વામિનારાયણ ગાદીને આખી સમાજ લેવલે સ્વિકારતો નથી. અહીં કેન્દ્રસ્થાનમાં માત્ર લક્ષ્મીનારાયણ ભગવાનની મુર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરેલ છે. છતાં તેનો સ્વામિનારાયણ સંપ્રદાય સાથે સંબંધ ન હોય તેવી નવી ગાદી ઉભી કરી, કે જેની પાસે કંઠી બાંધી શકે તેવા પ્રભાવશાળી, વિદ્વાન ગાદીપતિ પણ નથી. હવે સાહેબ મારો એવો મત હતો કે લક્ષ્મીનારાયણ ભગવાનની સાથે સ્વામિનારાયણ ભગવાનને બેસાડી, જો બધા એક થઈ ગયા હોત તો શું ખોટું હતું ? આવું જ કરવું જોઈતું હતું. તેમ કરી લક્ષ્મીનારાયણ ભગવાનની સાથે સ્વામિનારાયણ ભગવાનની જય બોલાવી હોત તો આજે

જે પરિસ્થિતી સર્જાઈ છે, તે પણ સર્જાઈ ન હોત ને આજે સમાજનું ચિત્ર અને વાતાવરણ જુદું હોત !!!

અનીલ :- એવું જ ચિત્ર છે. સાહેબ, કનુભાઈની દ્રષ્ટિનો ફરક છે. તમે મારી સાથે ત્યાં ચાલો અને જુઓ, તમને અમારામાંથી કોણ સાચું છે ? તે તરત સમજાશે. આ કનુભાઈ થોડા જીદ્દી અને વાતરખા છે. પોતાને જ સાચા માને છે. સમાજમાં એવું ન ચાલે.

કનુભાઈ :- એવું નથી સોહેબ, હું પ્રેક્ટીકલ છું. મને અને લોકોને તમો તર્ક સાથે મગજમાં વાત બેસાડો. તમારો તર્ક સાચો હશે તો દરેક સ્વિકારશે, પણ પાયા વગરનો તર્ક, અજ્ઞાન અને ગામડાંના અભણ માણસ સીવાય કોઈ નહીં સ્વિકારે.

સાહેબ, મને એક ભાઈએ કહ્યું અને એની દલીલ મને થોડી વજનદાર પણ લાગી.તેણે કહ્યું, આપણે મેડીકલ કે એન્જીનીયરીંગ કોલેજ બનાવીએ, તેનું ઈન્ફ્રાક્ચર આધુનિક અને આકર્ષક હોય, તેમાં વ્યવસ્થિત અને આધુનિક ઉપકરણોથી સજ્જ લેબ તથા લાયબ્રેરીની વ્યવસ્થા પણ હોય પરંતુ મેડીકલ સાયન્સના કે એન્જીનીયરીંગના પ્રોફેસરો ન હોય તો તેને તમે કઈ રીતે મેડીકલ કે એન્જીનીયરીંગ કોલેજ કહેશો ? અને તેમાં કોણ એડમીશન લેશે ?એડમીશન લેશે તો શું આશાથી લેશે ? એડમીશનનો એમનો મકસદ બર આવશે ખરો ? અને તેણે આવી જ બીજી એક વાત કરી.

એક ઉદ્યોગપતિએ સ્ટીમર બનાવી. ખુબ કાળજીથી બધું કામકાજ કરાવ્યું તેમાં અપેક્ષિત ક્વૉલીટીનું એન્જીન હોય પરંતુ તેમાં કાબેલ કેપ્ટન ન હોય તો તેમાં કોણ બેસશે ? અને સાગર પાર લઈ જવા માટે કોણ માલ આપશે ? જુઓ સાહેબ, તેણે તો એટલે સુધી કહ્યું જે સાંભળીને અનિલને આઘાત પણ લાગશે. તેણે કહ્યું એક નાની બોટ છે. એમાં બોટની પ્રમાણસર કેપેસીટીવાળું એન્જીન અને યોગ્ય કેપ્ટન છે. એ બોટને તેના એન્જીનની કેપેસીટી પ્રમાણે ગતિ છે. બીજી એક નવી મધ્યમ કદની સ્ટીમર છે. તે દેખાવે આકર્ષક છે. અપેક્ષીત એન્જીન છે. પણ તેની પાસે કાબેલ કેપ્ટન નથી અને બીજી કેટલીક સ્ટીમરો છે જેમાં તેનું ઈન્ફ્રાક્ચર (બાંધકામ) એન્જીન અને તેના કેપ્ટનો વગેરે

બધું બરાબર છે. તે નામાંકિત હોઈ કેટલાક ને તે કંપની થોડી ઓછી ગરજવાન લાગે છે. તેથી તે આપણને એકદમ આપણી નથી લાગતી. તેના માલિકો, નાવીકો, કેપ્ટનો અને એજન્ટો આપણા સંપર્કમાં નથી. કહોને તે કનુભાઈના સંપર્કમાં નથી અને તે મનુભાઈના સંપર્કમાં છે.

કોમર્શિયલ ભાષામાં કહીએ તો એજન્ટોને તે કંપની સાથે કમીશનનું સેટીંગ નથી, સામાજિક ભાષામાં કહીએ તો આગેવાનોને પોતાને અપેક્ષિત મહત્વ મળતું નથી, અને પોતાની અવગણના અનુભવાય છે. અને ત્યાં તેનું મહત્વ ઘટતું દેખાય છે, તેથી કનુભાઈ તેમાં સારાપણાંના ઓછા ગુણાંક અને ઓછા કેરેટ મુલવે છે. અને તેથી જ તે સ્ટીમર કંપની કનુભાઈને કબુલ નથી.

સાહેબ, પેલા ભાઈએ કરેલી આ વાત મને કરંટના ઝટકાની જેમ માથાની ચોટીથી (મગજથી) પગની પાની સુધી અસર કરી ગઈ, હું કંઈ ન બોલી શક્યો. મને લાગ્યું આપણી સમાજમાં આવું જ કંઈક ચાલતું હોય તેવું લાગે છે.

પટેલ સાહેબ :-કનુભાઈ, બસ તમને પેલા ભાઈએ થોડામાં ઘણું કહી નાખ્યું. કયો રોગ છે, અને તે ને થવાનાં ક્યાં કારણો છે, તે પેલા ભાઈએ તમને જણાવી દીધું. આ બધી વાતો સાચી જેવી જ છે. આવી વાતો તમો સમાજમાં તમારા આગેવાનો સુધી પહોંચાડો. તમે નહીં પહોંચાડો તો આ વાતો કરવાનો કોઈ મતલબ નથી. બીજું તમને કહું બાપા, જ્યારે અમુક નિર્ણયો લેવાતા હોય ત્યારે તે નિર્ણયો આપણને અવ્યાજબી લાગે તો તેનો વ્યાજબી વિરોધ કરવો જોઈએ. એટલે કે વિવેકથી વિરોધ કરવો જોઈએ અને વિવેકથી કરેલા સાચા વિરોધને ટેકો આપનાર મળી જ રહે છે. પણ એ બધું ક્યારે બને કે જ્યારે કોઈ સાચો વિરોધ જાહેર કરે ત્યારે.

કનુભાઈ :- સાહેબ, અમારામાં એવું છે, અમુક વ્યક્તિ પહેલી જે વાત કરે, તેને બધા લોલે લોલમાં ટેકો આપે છે. ગમે તેવી અવ્યાજબી વાત હોય તો પણ કેટલાક એવા વડીલોને હાથમાં રાખીએ તો વડીલોની વાત સામે કોઈ વિરોધનો સુર ઉચ્ચારતું નથી. અને આને અમારો સમાજ વડીલોની મર્યાદા રાખી કહે છે, આને અનુસાશન પણ કહે છે. !!

પટેલ સાહેબ :- બાપા, ત્યાં જ આપણી ભુલ થાય છે. યોગ્ય સમયે આપણે ખોટી અને અવ્યાજબી વાતનો વિરોધ નથી કરતા, પરિણામ સ્વરૂપ તે વાત જેવી હોય તેવી અને કદાચ તે વાત અવ્યાજબી હોય તો પણ તે અવ્યાજબી વાતને આપણા મૌનના હિસાબે બળ, પ્રોત્સાહન અને સમર્થન મળે છે. અને તે અવ્યાજબી વાત સાચી અને પાકી થઈ અમલમાં મુકાઈ જાય છે. પછી પાછળથી આપણે પસ્તાવો કરીએ છીએ. અંદરો અંદર આપણે દરેક એ જ વાત કરીએ છીએ. આ ખોટું છે, આ ખોટું થાય છે, તેને રોકવું જોઈએ, કેમ કોઈ રોકતું નથી. પણ જ્યારે તેને રોકવાનો, તેનો વિરોધ કરવાનો સમય હતો ત્યારે ખારા થવાની બીકથી યા કોઈપણ ટુંકા ગાળાના ગણિતથી કે કોઈ અંગત યા અગમ્ય કારણસર વિરોધ કરતા નથી, તેથી તંદુરસ્ત નિર્ણયો નથી લેવાતા અને અતંદુરસ્ત નિર્ણયોને લઈને તંદુરસ્ત સમાજના નિર્માણમાં ગ્રો બ્રેક આવે છે. પરિણામે સમાજનો સર્વાંગી અને તંદુરસ્ત વિકાસ પણ થઈ શકતો નથી.

બાપા, જ્યાં કોઈ વ્યક્તિની વાતને ન સાંભળવાની કે દબાવી નાખવાની થિયરી ચાલે છે, ત્યાં સમજવું લોકશાહી વિકલાંગ બની ગઈ છે અને એ વિકલાંગ લોકશાહીની છાયામાં તંદુરસ્ત સમાજ અને સમાજનો તંદુરસ્ત વિકાસ કે ઉજળું ભવિષ્ય નથી હોતું. આવા સંજોગોમાં લોકશાહીના પુનઃસ્થાપન માટે એક એવા પ્રખર નેતાની જરૂર હોય છે, કે જેનામાં સમાજ પ્રત્યે તેના લોહીનાં અણુએ અણુમાં હૃદય પૂર્વકની પૂર્ણ માઈક્રો રિફાઈન્ડ સમાજ ભક્તિ, વફાદારી અને ઋષિ દધિચિના જેવી સમર્પણ ભાવના હોય.

બાપા, અત્યારે તો અમારી અને તમારી સમાજોમાં મેં આવું પણ જોયું છે. કે જેનો ભૂતકાળ પરિવાર પ્રત્યે, સમાજ પ્રત્યે કે રાષ્ટ્ર પ્રત્યે કલંકિત, સ્વાર્થી કે ત્યાગની પવિત્ર ભાવના વગરનો હોવા છતાં ક્યાંક પ્રાંતવાદ કે જુથવાદથી તો ક્યાંક પૈસાદાર હોવાથી કે ક્યાંક માઈકમાં સરસ બોલતાં આવડતું હોય, ચુંથાયેલા અને ચુંસાઈ ગયેલા સત્વ વિહિન વિચારોના મુદ્દામાં મીઠું મરચું અને મસાલા ભભરાવી, તીખું તમતમતું સ્વાદિષ્ટ બનાવી, સભાને કલાક બે કલાક ઝકડી રાખી શકતા વક્તામાં આપણને સફળ માર્ગદર્શકની છબી દેખાય છે. અને આપણે તેનું સમાજ પ્રત્યેની વફાદારી અને કાબેલિયતનું બેરોમિટર

ચેક કર્યા વગર આપણા નેતા બનાવી દઈએ છીએ. જેમ સારી કથા કરતા કથાકારને આપણે તરત સંત માની લઈએ છીએ અને ક્યાંક તેને ગુરૂપદને લાયક ગણી લઈ, તરત તેનાં ચરણ પકડી, ગુરૂ પણ બનાવી દેતા હોઈએ છીએ. પરંતુ સભાને કલાક બે કલાક ઝકડી રાખવી એક વાત છે, અને સમાજને કે વ્યક્તિ સમુદાયને સંપ, સંગઠન અને ઈજ્જતથી વિકાસના માર્ગે લઈ જવો એ બીજી વાત છે. નેતાની પસંદગી બાબતમાં આ વાત ફરી ફરી કરૂં છું. સમાજ માટે તો જેનામાં દધિચિ જેવી ભાવના હોય તેવાને જ નેતા બનાવવા સમાજનાં હિતમા હોય છે.

બાકી શાસક તો કંસ, હિરણ્યકશ્યપ, રાજા વેન (ધ્રુવ અને ઉતાનપાદના પૂર્વજ વગેરે પ્રજાના રક્ષક અને પાલક રાજા હોવા છતાં પ્રજા ઉપર ત્રાસ પણ ગુજારતા) બલીરાજા જેવાએ પ્રજાને જ્ઞાનથી વંચિત રાખવા બ્રાહ્મણોને ખૂબ મોટી મોટી દક્ષિણાઓ આપી. એ મોટી મોટી દક્ષિણાઓના લોભમાં એ બ્રાહ્મણો સતત યજ્ઞાદિક કર્મકાંડમાં રચ્યા પચ્યા રહેવા લાગ્યા. પરિણામે વેદો અને શાસ્ત્રો ભણવાં-ભણાવવાં બંધ થઈ ગયાં અને આપણી ઋષિ સંસ્કૃતિના અસ્તિતિવ માટે મોટું જોખમ ઉંભુ થયું. આ રીતે કેટલાક રાજાઓએ ઝુલ્મી ત્રાસ ગુજાર્યો તો બલી રાજા જેવાએ યજ્ઞોમાં મેલી મુરાદ રાખી, યજ્ઞો રૂપી મીઠોત્રાસ ગુજાર્યો. છતાં બધા રાજા હતા જ પરંતુ રાજામાં ત્યાગની ભાવના હોય તો જ રામ રાજ્ય આવે અને તેમાંજ પ્રજાને સંતોષ અને વિકાસનાં ફળ મળે.

બાપા, શાસક કેવો હોય એ બાબતમાં તો મને લાગે છે. આપણા મહાત્મા વિદુરજીએ પાંચ હજાર વર્ષ પહેલાં મહારાજા ધૃતરાષ્ટ્રને જે માર્ગદર્શન કર્યું, જે ગાઈડ લાઈન આપી હતી, તે આજે પણ એટલી જ લાગુ પડે છે. જો કે તે વખતે મહારાજા ધૃતરાષ્ટ્રે મહામંત્રી વિદુરજીના કહેવા મુજબ ન વર્ત્યું, તેથી જ તેને અને તેની પ્રજાને મહાભારતના યુદ્ધ થકી ખુબ સહન કરવું પડ્યું.

વિદુરનીતિને આદર્શ શાસન અને આદર્શ સુખી જીવન માટેની ગુરૂચાવી તરીકે સમસ્ત ભારતીય સમાજે મહદઅંશે સ્વિકાર પણ કર્યો છે. વીદુરનીતિના જે સિધ્ધાંતો છે, તે માત્ર ભારતીય સમાજ નહી પરંતુ સમસ્ત માનવ સમાજ

માટે કલ્યાણકારી અને પરમ જીવન ઉપયોગી છે. તેમાં મહાત્મા વિદુરજી માણસની વાણી કેવી હોવી જોઈએ ત્યાંથી માંડી જીવનના દરેક ડગલે અને પગલે, દરેક મુદ્દે તેની થિયરીથી શું લાભ થાય અને શું નુકશાન થાય તે બતાવે છે. હું તો એમ કહું છું પરિવારમાં, સમાજમાં, રાષ્ટ્રમાં અને પોતાના જીવનમાં સુખ, શાંતી, સંતોષ અને વિકાસ ઈચ્છનાર દરેક વ્યક્તિએ વિદુરનીતિનો અભ્યાસ કરી જીવનમાં ઉતારવા પ્રયત્ન કરવો જોઈએ.

બાપા, હું તમને પૂ. હરીકેશવદાસ શાસ્ત્રીજી મહારાજે વિદુરનીતિ પર જે વિવેચન કર્યું છે, તે પુસ્તક તમને આપીશ. તમે અભ્યાસની દ્રષ્ટિએ વાંચજો. મેં તો ચાર વખત વાંચ્યું છે. જેથી કોઈ મુદ્દો-સિંધ્ધાંત જીવનમાં ઉતાર્યા વગરનો રહી ન જાય. જે વ્યક્તિ વિદુરનીતિ જીવનમાં ઉતારે તેને પરિવારમાં સમાજમાં કે રાષ્ટ્રમાં ક્યાંય અંધાધુંધી, અવ્યવસ્થા, અને અસંતોષ નથી અનુભવાતો.

બાપા :- તમે ચાર વખત વાંચ્યું છે, એ તો ઘણું કહેવાય. એ પુસ્તક અમને જલ્દી આપજો અમે પણ સમાજમાં અને પરિવારમાં કેમ રહેવાય તે જરા શીખીએ.

પટેલ સાહેબ :- બાપા, હું નહી કહું તોય તમે એકથી વધુ વખત વાંચશો. તેમાં દરેક વ્યક્તિની પરિવારના વ્યક્તિ સાથેની, સમાજ પ્રત્યેની, રાષ્ટ્ર પ્રત્યેની, શાસકની તેની પ્રજા પ્રત્યેની વગેરે બધી ફરજો બતાવે છે. દરેક વ્યક્તિ સાથે આપણી કેવી વાણી હોવી જોઈએ તે પણ તેમાં બતાવે છે. તે વાણીમાં પાણીના પણ ગુણ છે અને પેટ્રોલના પણ ગુણ છે. એ કહે છે, વાણી આગ લગાવી શકે છે અને આગ ઓલવી પણ શકે છે. વળી સમાજના અને રાષ્ટ્રના આગેવાનોની જવાબદારી વિષે ઘણું મહત્વનું કહે છે. તેમાં પાના નંબર-૧૫ ઉપર શાસ્ત્રી પૂ. હરીકેશવદાસ મહારાજ પહેલા અધ્યાયમાં લખે છે. કોઈને કોઈ ઝેર આપે તો ઝેર ખાનાર એક જ માણસ મરે છે. હથિયારથી કદાચ થોડા વધુ માણસો મરે, પરંતુ રાજાની કે સમાજના આગેવાનોની વ્યવહારની મંત્રણામાં જો કોઈ ગરબડ ગોટાળો કે ભુલ થઈ જાય તો એનાથી પ્રજા અને આખા રાષ્ટ્રને નુકશાન થાય છે. જવાબદાર વ્યક્તિઓ મંત્રણામાં ભુલ કરે તો દેશ અને પ્રજાનો નાશ

થાય છે.

અને બાપા, એ જ આગેવાનોની મહત્વકાંક્ષા વિશે પાના નંબર-૧૬ ઉપર મહારાજ લખે છે ઈતીહાસ કહે છે, એકાદ-બે માણસની અવળચંડાઈથી જ યુદ્ધો અને વિગ્રહો ફાટી નીકળતા હોય છે. જેમ દુર્યોધનની અવડચંડાઈથી મહાભારતનાં યુદ્ધનાં બીજ વવાયાં હતા.

બાપા, અત્યારે દરેક સમાજમાં વ્યક્તિવાદ, જુથવાદ, પ્રાંતવાદ આવા બધા વાદ ચાલે છે. ત્યારે સમાજના આગેવાનોની ખરી કસોટી થાય છે. ખરા આગેવાનોએ પોતાની દ્રષ્ટિમાં અને વહેવારમાં સમત્વ રાખવું અને પરિવાર તથા સમાજમાં સમત્વ જાળવવું જોઈએ. બાપા ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે સમત્વને તપ કહ્યું છે. તેથી સમાજના આગેવાનોએ સમાજમાં સમત્વ જાળવી સમદર્શી થવું જોઈએ. સમત્વ અને સમદર્શીપણું જાળવવું એ અડસઠ તીર્થથી પણ વધુ પૂન્યશાળી કાર્ય વિદૂરજીએ ગણાવ્યું છે. (વિદુરનીતિ વિવેચન પાના-૭૪)

બાપા, અત્યારે પ્રજામાં સહનશક્તિ અને મોટામનપણું ઘટી ગયું છે. ત્યારે અમુક મુદ્દાએ વિવાદો ઉભા થાય એ સ્વભાવિક છે. આવા સમયે આગેવાનોની ફરજ છે અમુક મુદ્દાએ નરો વા કુંજરો વા કરી અમુક મુદ્દાના ચુકાદા અનામત રાખવા જોઈએ (વિદુરનીતી વિવેચન પાના નંબર-૧૪૦)

બાપા :- વાત તો સાહેબ, તમારી સાચી છે. પણ આ અભ્યાસ કોણ કરે ? કોણ કરાવે ?

પટેલ સાહેબ :- અરે બાપા, આતો વ્યવહારિક જ્ઞાન છે, અનુભવનું જ્ઞાન છે. આપણે જ્યાં જઈએ ત્યાં આપણી આંખો, કાન અને મગજ ખુલ્લાં રાખીએ તો દુનિયા ભરનું જ્ઞાન અને સમજ બહું સહેલાઈથી મેળવી શકીએ છીએ. આપણી દ્રષ્ટિને અભ્યાસુ રાખીએ તો સમાજમાં અને વ્યવહારમાં જે સફળ પ્રસંગો અને મુદ્દાઓ હોય તેને મગજમાં રાખીએ તો ક્યાંયથી કંઈ જ્ઞાન મેળવવા જવું પડતું નથી. આવાજ મારા અનુભવની વાત મેં પહેલાં કહી હતી તે ફરી કહું અમુક મુદ્દાએ વડીલોની, વૃધ્ધોની સલાહ લેવી જ જોઈએ. આ વાત વિદુરનીતિ પણ કહે છે. (વિદુરનીતિ વિવેચન પાના. ૯૩) છળ કપટ અને

બનાવટવાળી વાણીને સત્ય ન કહેવાય, સત્ય વગરની વાણીને ધર્મ ન કહેવાય, ધર્મ અને સત્ય વગરનું બોલે તેને વૃધ્ધ ન કહેવાય અને આવા અનુભવ વૃધ્ધ વગરની સભાને સભા ન કહેવાય. આવા ઠરેલ અનુભવી વૃધ્ધો હોય ત્યાં સમાજના અહિતકારી, અવ્યવહારૂં અને અણઘડ નિર્ણયો નથી લેવાતા અને સમાજ તુટતી બચી જતી હોય છે.

બાપા, જ્યારે મહાભારતના યુધ્ધના ભણકારા વાગવા માંડ્યા હતા. ત્યારે મહારાજા ધૃતરાષ્ટ્રને એક પરિવારના અને રાષ્ટ્રના વડીલ તરીકે મનમાં ઉચાટ અને અશાંતી ઉભી થઈ. તેનાં અશાંત મનમાં વિચારોનું જે યુદ્ધ ચાલતું હતું તેને શાન્ત પાડવા "હવે હું શું કરૂં" ? નો જવાબ લેવા તેણે મહામંત્રી એવા એના નાનાભાઈ મહાત્મા વિદૂરજીને રાત્રે જ બોલાવ્યા અને પુછ્યું, આ પરિસ્થિતિમાં હવે મારે શું કરવું ? મને કંઈ સુઝતું નથી. મને માર્ગદર્શન કર. આમ તો અત્યારે તમારો સમાજ આવાજ ત્રિભેટે ઉભો છે. મહાભારતમાં ધૃતરાષ્ટ્રના પોતાના અને પોતાના ભાઈ પાંડુના પુત્રોની વાત છે. બે ભાઈના દિકરાઓની વાત છે. જ્યારે તમારે અહીં બે ભાઈ એવા એક જ સમાજના બે સંપ્રદાયના અનુયાયી, બે સમુદાયના ભાઈઓની વાત છે. ત્યારે વડીલો તરીકે, રાજા તરીકે સમાજના માર્ગદર્શક વડીલોની ફરજ છે કે બંન્ને સંપ્રદાયના આગેવાનોને ભેગા બેસાડી, સમાધાન કરાવી, બંન્નેની શક્તિનો સરવાળો કરી તેને પોઝીટીવ એકટીવીટીમાં લગાડવા જોઈએ. અને જો ધૃતરાષ્ટ્રની જેમ આ બાબતે ગંભિરતાથી ધ્યાન આપવામાં નહી આવે તો ખોટો વિગ્રહ ઉભો થશે, આને લઈને સમય અને શક્તિનો દુર્વ્યય થશે. (વિદુરનીતિ વિવેચન પાના નંબર-૧૩૯) આવા કોઈપણ મતભેદને મનભેદ સુધી ન લઈ જવો અને સમાધાન કારી વલણ રાખવું ને જતું કરવાની ભાવના રાખવી. (વિદુરનીતિ વિવેચન પાના નંબર-૧૪૦)

કનુભાઈ :- પટેલ સાહેબ, અહીં જતું કરવાની વાત જ ક્યાં આવે છે ? અહીં તો ચાલી છે હિટલર જેવી જો હુકમીની થિયરી. હિટલર અને તેના બે ચાર સલાહકારને જે મગજમાં બેઠું ને ગમ્યું તે કાયદો, અને તરત તેનો હુકમ અને અમલ. હિટલરને યહુદીઓ પ્રત્યે પૂર્વગ્રહ હતો. તે વખતે હિટલરનો સમય

બળવાન હતો, તેથી હિટલર સામે તે સમયે યહુદીઓ લાચાર હતા. તેના વિરોધમાં એક પણ હરફ ઉચ્ચારી શકતા નહીં, તેમ અત્યારે અમારા મોવડી મંડળ દ્વારા ચાલતી કાર્ય પધ્ધતિ અંગે વિરોધ નોંધાવવાની કોઈ હિંમત નથી કરતું.

પટેલ સાહેબ :- વિરોધ નોંધાવે ને બોલે તો શું થાય ?

કનુભાઈ :- દુધ દહીંવાળા અને સતપંથના એજન્ટ કહી તેને બદનામ કરવામાં આવે અને બાપાએ કહ્યું તેમ, તેનું સામાજિક ભવિષ્ય ખતમ કરી નાખવામાં આવે.

પટેલ સાહેબ :- કનુભાઈ, તમને અને બાપાને ખોટો ભ્રમ અને ખોટી બીક છે કે સમાજિક કારકીર્દી ખતમ થઈ જાય. પરંતુ બાપા, સૂર્યના પ્રકાશને ભલા કોઈ રોકી શકે છે ? ચાર ઘડી કે ચાર દિવસ વાદળું સૂર્યને ઢાંકી શકે છે, પણ આખરે સૂર્યનો, પ્રકાશનો અને સત્યનો જ વિજય થાય છે. કોઈએ હિંમત કરવી જ જોઈએ. એક દિવસ કોઈ મજબુત મનોબળ વાળાએ આ અવ્યવહારૂં નિયમો સામે માથું ઉંચકવું જ પડશે. અને કોઈ માથું ઉંચકશે જ.

બાપા, જ્યારે કોઈપણ બાબત હદ વટાવે ત્યારે જ તેની સામે પ્રતિકાર માટે કોઈ મોહનદાસ જેવો માથું ઉચકે, અને કોઈ જલ્દી માથું ઉચકશે જ. આ મને સ્પષ્ટ દેખાય છે. ગોરી સલ્તનત સામે મોહનદાસ કરમચંદ ગાંધીએ માત્ર સત્યની વાત પર આખા દેશને એક સુત્રે બાંધ્યા હતા. અને તે વખતે શરૂઆતની લડાઈ વખતે તો તે ''મહાત્મા'' પણ ન હતા છતાં આફ્રિકા અને ભારતમાં ગોરાઓને એકલા હાથે ધ્રુજાવ્યા હતા, તેમ એક દિવસ તમારી સમાજમાં પણ થવાનું છે.

જ્યારે તમારા નિયમો અને પ્રશ્નો તથા તેની અસર અને આડઅસર મધ્યમવર્ગ એવા મધ્યમમાર્ગી બહુમતિ વર્ગને સીધી અસર કરતા હોય, તેવા નિર્ણયો લેવાના હોય, ત્યારે દરેક નિર્ણયને જુદા જુદા એંગલથી ચકાસી ખુબ ઝીણવટથી અને ધીમી ગતિની લાંબી ચર્ચાને અંતે બહુમતિથી નહી પરંતુ સમજુતીથી અને સર્વાનુમતે, વિશ્વાસમાં લઈ નિર્ણયો લેવા જોઈએ. પણ મને લાગે છે આ સભામાં બધી દરખાસ્તો રજુ કરતાંની સાથે ચર્ચા વગર તરત

મંજુર થઈ નિયમો બની ગઈ છે. અને અરજન્ટ અમલમાં મુકવાના ઠરાવ પણ એ જ સભામાં પાસ થઈ ગયા હોય એવું દેખાય છે. અને તેનો અર્થ એ થાય કે તે નિયમો બનાવવાની સભામાં જરૂર બૌધિકોની અને વૃધ્ધોની બાદબાકી થયેલી હોવી જોઈએ. નહીં તો બાપા, આવું સંભવ જ નથી, અને બાપા વિદુરનીતિમાં સ્પષ્ટ લખ્યું છે, અમુક નીતિવિષયક નિર્ણયોમાં પ્રજ્ઞાવૃધ્ધ, ધર્મવૃધ્ધ, વિદ્યાવૃધ્ધ, વયોવૃધ્ધ અને સ્વબંધુની સલાહ અવશ્ય લેવી જોઈએ (વિદુરનીતિ વિવેચન પાના નંબર-૨૦૩) વળી પ્રજાના અને દેશના હિતને વિચારીને નિર્ણયો લેવાથી પ્રજા ખુશ થાય છે. અને રાજકર્તા શાસકને સુખ મળે છે. નહી તો રાજકર્તાને પાછળથી પ્રશ્ચાતાપ થાય છે. (વિદુરનીતિ વિવેચન પાના નંબર-૧૭૮)

બાપા, વિદુરનીતિમાં ડાહ્યા શાસક વિષે પણ સરસ માર્ગદર્શન છે. સાંભળો "ડાહ્યા બુદ્ધિમંત શાસકો પહેલાં પ્રજાના સુખનો વિચાર કરે છે. હું આ પગલું ભરીશ કે આ નિર્ણય લઈશ, એમાં પ્રજાની પરિસ્થિતી કેવી થશે? આવો વિચાર કરનાર શાસક બુદ્ધિ વાળો ગણાય. સામાન્ય રીતે શાસકની હઠના કારણે વિગ્રહ થતા હોય છે. અને કોઈપણ નાના કે મોટા વિગ્રહનાં પરિણામ માઠા સમાચાર વાળાં હોય છે. શાસકના અહંકાર, જીદ અને હઠના કારણે પ્રજા પાયમાલ થતી હોય છે. (વિદુરનીતિ વિવેચન પાના નંબર ૧૯૩) વળી કોઈપણ માણસને સત્તા મળે એટલે એમને મનફાવે તેમ વર્તવાની છુટ તો છે જ નહી. અને મનફાવે તેમ વર્તે તો તે સત્તાધીશ ને તેના હાથ નીચેની પ્રજા લાંબો સમય સહન કરતી નથી. (વિદુરનીતિ વિવિચન પાના નંબર-૪૭) માટે હોંશિયાર શાસકે સમાજના આગેવાન થયા પછી નાના માણસને સાથે રાખીને સદ્‌ભાવથી ચાલવું જોઈએ. (વિદુરનીતિ વિવેચન પાના નંબર-૪૮)

બાપા, આગેવાનો વિષે આગળ લખે છે, સદ્‌વર્તન વાળા આગેવાન જ્ઞાતિજનો આખી જ્ઞાતિને તારે છે અને દુવર્તનવાળા આગેવાન જ્ઞાતિજનો આખી જ્ઞાતિને ડુબાડે છે. (વિદુરનીતિ વિવેચન પાના નંબર-૧૯૫) બાપા, એક વાત વિદુરજી ધૃતરાષ્ટ્રને કહે છે. તે હમણાં તમારી સમાજને લાગુ પડે છે.

વિદુરજી કહે છે, મહારાજા, પાંડવો તમારા ભાઈના દિકરા છે. માટે બીજુ બધું ભુલી જાવ. તમારા ભાઈના પુત્રો છે, એ નાતે તેમના ઉપર દયા રાખી સમાધાન કરો અને વિગ્રહને ટાળો. (વિદુરનીતિ વિવેચન પાના નંબર-૧૯૪) અને એ રીતે સતપંથવાળા તમારી સમાજના અને તમારા ભાઈઓ જ છે. બાપા મહાત્મા વિદુરજીની વાત અહીં એટલી જ બંધ બેસતી છે.

બાપા :- સાહેબ, હવે હું કે તમે શાસક નહી બની શકીએ, અને આપણું કોઈ સાંભળશે પણ નહીં. ત્યારે આ તબક્કે એક સજ્જન તરીકે, સમાજના એક સભ્ય તરીકે આપણો ધર્મ કે આપણી ફરજ શું છે ? એ કહો, એમાં મહાત્મા વિદુરજી શું કહે છે ?

પટેલ સાહેબ :- એ મુદ્દે પણ વિદુરનીતિમાં માર્ગદર્શન છે. એમાં એમ બતાવ્યું છે, સજ્જનોનું કર્તવ્ય છે કે શક્ય હોય ત્યાં સુધી સહન કરીને પણ વિગ્રહકર્તા અનિષ્ટને ટાળવું, એ અનિષ્ટ ન ટળે તો ભગવાનની ઈચ્છા. પણ આપણે એ અનિષ્ટોને ટાળવા માટે શકય તેટલા પ્રયત્નો નિસ્વાર્થભાવે અને તટસ્થભાવથી કરવા જોઈએ. (વિદુરનીતિ વિવેચન પાના નંબર-૨૦૫) વળી જે માણસ પોતાના દીન દુઃખી અને દરિદ્ર જ્ઞાતિજનો ઉપર દયા અને લાગણી રાખે, તેને દરેકના આશિર્વાદ મળે છે. અને પરમ સુખીયા બને છે. દરેક સજ્જન માણસે પોતાના હાથે, પોતાની જ્ઞાતિ અને કુળનો અભ્યુદય થાય તેવું વર્તન કરવું જોઈએ. (વિદુરનીતિ વિવેચન પાના નંબર-૧૯૪)

બાપા, એક બીજા અગત્યના મુદ્દા વિષે સ્વામીજી બતાવે છે. સજ્જન માણસે ક્યારે પણ, કોઈ પતિ પત્નિ વચ્ચે કલેશ કરાવવામાં નિમિત ન બનવું. મિત્રમાં વિયોગ પડાવવો નહી, જ્ઞાતિમાં ઝગડો કરાવવો નહી. અને સમાજમાં જે સ્વભાવ તથા જે કાર્યની નિંદા થતી હોય, તે સ્વભાવ અને કાર્ય કરવું નહી. (વિદુરનીતિ વિવેચન પાના નંબર-૭૯)

બાપા, મેં તો અનુભવ્યુ છે, વિદુરનીતિથી જીંદગી જીવવા માટેનો ઉપાય, સમજણ અને સદવિચારો ખૂબ મળે છે. વિદુરનીતિ ધર્મ, અર્થ અને કામ પરત્વે દિશા સુચક છે. કુટુંબમાં સંપ, સમાધાન, આનંદ, શાંતી અને સદ્દભાવના કઈ રીતે વધે એ વિદુરનીતિ શીખવે છે. (વિદુરનીતિ વિવેચન પાના નંબર-૨૦૬)

બાપા, વિદુરનીતિ વિવેચન અને શ્રી ભગવદ્ ગીતાની બબ્બે બુકો તમને આપું છું. તે પૈકી એક તમારા સમાજના વડીલો માટે અને એક તમારા માટે આપી છે. તમો જ્યારે જ્યારે નવરા પડો, ત્યારે ત્યારે વાંચજો, અને પરિવારને વંચાવજો, એ વાંચવાથી પરિવારમાં સુખ, શાંતિ, સંપ અને સદભાવના વધશે.

બાપા :- સાહેબ, મને તમારી વિદુરનીતિમાં અમારી સમાજની બધી સમસ્યાઓનો ઉકેલ દેખાય છે. પરંતુ મને લાગે છે, અમારા આગેવાનો આ કામ ન કરી શકે. વળી અહીં બધાના વટના સવાલ થઈ ગયા છે. ત્યારે બીજો કોઈ રસ્તો બતાવો, સુઝતો હોય તો.

પટેલ સાહેબ :- બાપા, આમાં બીજા રસ્તા પણ છે. જો તમારી સમાજના કોઈ તટસ્થ કર્મશીલો જો ધારે તો તમારાં પાટીદાર સંદેશ અને ઉમા દર્પણ ના સહકારથી ઉમીયા માતાજી સંસ્થાન વાંઢાય, આ સમાજ એકતાની મશાલની આગેવાની લઈ શકે અને એ જ આ કામ બહુ સહેલાઈથી કરી શકે.

બાપા :- સાહેબ, તમે કહ્યુંને ઉમિયા માતાજી સંસ્થા વાંઢાય આ કામ કરી શકે. આ વાત મારા મગજમાં બેસે છે. એમાં થોડો અભ્યાસ કરીને કહેજો, તો એવી વાતો ચર્ચા કરી ફરતી કરીએ. માંડ ઉમિયા માઁ તેના બે દિકરાઓને પાછા હળી મળીને એક છત્ર નીચે, સમાજકલ્યાણના કામ કરતાં કરે.

પટેલ સાહેબ :- બાપા, આ સંસ્થા ધારે તો, આ કામ એના માટે ઘણું સહેલું છે. ઉમાયાં મા સમસ્ત કડવા પાટીદારોની કુળદેવી છે. એના આશિર્વાદથી તેના નેજા હેઠળ જો કોઈ તટષ્ઠ વ્યક્તિ જેના હૈયે સમાજનું પરમ હિત વસેલું હોય, તેવી મજબૂત વ્યક્તિ, જો આ ઉમીયા પરિવાર (સમસ્ત કચ્છ કડવા પાટીદાર ઉમીયા પરિવાર) નું નેતૃત્વ કરે તો, તેના માટે આ કામ સરળ રહે.

સદર સંસ્થામાં ક્યારેય કોઈ સંપ્રદાયની વાત નહિ. બધા સંપ્રદાયો પોત-પોતાના સંપ્રદાયની સમાજો ભલે ચલાવે. તે પોત-પોતાની રીતે સમાજોપયોગી એક્ટીવીટી ભલે કરે. અને તેનો વહીવટ પણ પોત-પોતાની રીતે સ્વતંત્ર-સ્વાયતતાથી કરે. જ્યારે ઉમીયા પરિવાર મોટા શૈક્ષણીક સંકુલો અને જનરલ સમાજ કલ્યાણની યોજનાઓ કે ઉપલા લેવલનું કામ કરી સમસ્ત કચ્છ કડવા

પાટીદાર જ્ઞાતિનું છત્ર અને ઢાલ બને. આ સંસ્થામાં ક્યારેય કોઈ સંપ્રદાયની વાત નહીં અને ઉમીયા મા સીવાય કોઈની જય નહીં. માત્ર ધર્મ નિરપેક્ષ (બિન સંપ્રદાયિક) વ્યક્તિ જ આનો વહિવટ કરે અને જેને સંપ્રદાયિક થિયરી અને સંપ્રદાયિક બેઝ ઉપર કામ કરવું હોય, તો તેની અમુલ્ય સેવાઓ પોત પોતાના સંપ્રદાયની સમાજમાં જ આપે.

આ પ્રકારની સંપ્રદાયિક માનસિકતા ધરાવતી વ્યક્તિઓ પણ આ સંસ્થાના સભ્ય થઈ શકે, પરંતુ તેને હોદ્દા પર આવવાનો પ્રતિબંધ હોવો જોઈએ. અને આવે તો પણ સંપ્રદાયિક એક્ટીવીટી પર બંધારણીય સ્ટે હોવો જોઈએ.

બાપા, અમારી કે તમારી સમાજોમાં કે સારી એક્ટીવીટી કરતી કોઈ પણ સંસ્થા કે ટ્રસ્ટોમાં વડીલો અને બૌધિકોએ ખૂબ જાગૃતપણે સતત ધ્યાન રાખવું જોઈએ કે આવી સંસ્થાઓમાં ક્યારેય ટુંકા માણસના પડછાયા લાંબા ન દેખાવા જોઈએ. ટુંકા માણસોના પડછાયા જ્યારે લાંબા દેખાવા માંડે, ત્યારે સમજવું હવે સૂર્યાસ્તનો સમય નજીક છે.

ટુંકા માણસના પડછાયા લાંબા દેખાવા માંડે તે પહેલાં કોઈપણ જાતની લાગણીમાં આવ્યા વગર તે ટુંકા માણસને ત્યાંથી હટાવી દેવો જોઈએ. નહી તો જે તે સંસ્થાને કદીએ ન ભરપાઈ થાય તેવું નુકશાન થાય છે. મને લાગે છે હમણાં તમારી સમાજના વડીલો અને બૌધિકો કે હિતચિંતકો આ પ્રકારનું ધ્યાન રાખવાની બાબતમાં બેજવાબદાર રહ્યા છે.

કનુભાઈ :- પણ સાહેબ, આવી યોજના અત્યારના આ ઝુંબેશ ચલાવનારા સફળ થવા દે ખરા ? એમ થાય ને સફળ થાય તો પોતાની જાતને સુધારક માને છે, અને સમાજને સુધારવાના મુદ્દે હીરો બનવા માગતા લોકોનું મહત્વ ઘટી જાય, ત્યાં વાંધો પડે છે. આવું થાય તો તો ઘણું સારું કહેવાય. પણ મને આ કામ સામા પુરે તરવા જેવું લાગે છે.

પટેલ સાહેબ :- જુઓ કનુભાઈ, પ્રથમ તો તમારે દરેક મુદ્દે તમારી માનસિકતા સુધારવી પડશે. મને તમારી સમાજમાં દરેક જગ્યાએ એક મુદ્દો કોમન દેખાય છે. તમે લોકો નેગેટીવ ખૂબ વિચારો છો અને તે પ્રથમ વિચારો છો. આપણે નેગેટીવ ન વિચારતાં પોઝીટીવ થીંકીંગ દ્વારા આશાવાદી બનવું

જોઈએ. મને લાગે છે તમારી સમાજમાં સારાં વાંચનનો અભાવ છે. સારાં વાંચન દ્વારા જ પોઝીટીવ થીકીંગ આવે છે. અનિલભાઈ અને કનુભાઈ, જુઓ તમને આવાં સામાજીક કામ કરવાની સીસ્ટમ બતાવું. જુઓ, આવાં જે કામ હોય તે ખુબ ધીમી ગતિએ કરવાં પડે. આજને આજ ફળ મળશે એવી અપેક્ષા ન રખાય. આતો પાંચ પચ્ચીસ વર્ષની યોજનાઓ ગણવી પડે. જો સારી વ્યક્તિઓ દ્વારા સારી ભાવનાથી આ કામ કરવામાં આવે તો, જે અત્યારે ધર્મ નિરપેક્ષ, બિન સંપ્રદાયી, માનવધર્મી, સોફ્ટ સંપ્રદાયી એટલે કે સોફ્ટ સનાતની અને સોફ્ટ સતપંથી આમાં શરૂઆતથી જ રસ લેશે. અને તેમાં કેટલીક વિશિષ્ટ ૨૪ (ચોવીસ) કેરેટ લોક કલ્યાણની એક્ટીવીટી, આગળ બતાવ્યા પ્રમાણે જેવી કે અંધશ્રધ્ધા, વહેમ, દોરાધાગા, અને ચમત્કારીક ભુવા, અતિશ્રધ્ધા, અતિધર્મ અને વ્યક્તિ પુજા, વધતી જતી દેખાદેખી, વધતાં વ્યસનો, મહિલા જાગૃતિ, કન્યા ભ્રુણહત્યાની ગંભિરતા અને સમાજ દ્વારા પ્રતિબંધ, જમાનાને અનુરૂપ શિક્ષણ અંગેની જાગૃતિ અને હાયર શિક્ષણ માટે સહયોગ તથા બહારનાં (ડાયરેક્ટ-ઈન્ડાયરેક્ટ) સામાજિક, આર્થિક અને રાજકીય આક્રમણો સામે છત્ર અને ઢાલ બનવાનું કામ આ પરિવારે કરી બતાવવું પડે. આમ થતાં ધીમે ધીમે પણ આપો આપ આ સંસ્થા તરફ સમજદાર અને લાંબુ વિચારતા બૌધિકોને આકર્ષણ વધશે. આકર્ષણ વધતાં સપોટ અને સહકાર મળશે. આ ઉમીયા પરિવાર દ્વારા ગરીબ ઘરનાં સારૂં ભણતાં બાળકોને વધુ સારૂં અને આગળ ભણાવવા દતક યોજના, ગરીબ ઘરની દીકરીઓનાં લગ્ન પ્રસંગની સીક્રેટ (ગુપ્ત) કરીયાવર યોજના અને ડીવાઈન ગ્રેસ, સમુહ લગ્નો અને પુનઃલગ્નોને વધુ પ્રોત્સાહન વગેરે કામો જમાનાને અનુરૂપ થિયરી, મેનેજમેન્ટ અને ટીમ વર્કથી કરવામાં આવે તો લોકોને આવાં કામો જરૂર ગમશે. લોકો વ્યક્તિવાદ, પ્રાંતવાદ અને સંપ્રદાયવાદના વિવાદોથી થાકયાં છે. ધર્મની સંકુચિત વાડા બંધીથી કંટાળ્યાં છે. ત્યારે ઉમીયા પરિવારની આવી એક્ટીવીટી, તેનું કાર્ય અને રિઝલ્ટ દેખાશે તો ભણેલો ગણેલો, બૌધિક અને આદર્શવાદી મોટો વર્ગ આ થિયરી જરૂરથી સ્વિકારશે અને સમસ્ત કચ્છ કડવા પાટીદાર ઉમીયા પરિવારના સભ્ય બની ગૌરવ અનુભવશે.

અનીલ :- સાહેબ, મને તમારી યોજનાઓ ગમી. હું ખરેખર ભુલો પડ્યો હતો. આ લોકોના પ્રવચનોના પ્રભાવમાં આવી મેં દિશા ગુમાવી, એક સંયુક્ત પરિવાર જેવાં વાતાવરણથી જીવતા અમારા કમ્પામાં જાણે હું વાતાવરણ ડોળવા માગતો હતો. અને મારી જાતને હાથો બનાવી અમારા જ માણસોને અદ્રશ્ય નુકશાન પહોંચાડવા તૈયાર થયો હતો. સ્થાનિક લેવલે મારૂં ખાસ મહત્વ નહતું. કમ્પાની કોઈ મિટીંગમાં મને ક્યારેય કોઈ બોલાવતા પણ ન હતા અને અહીં તો સીધા તાલુકા, જીલ્લા ઝોન, અને રિજિયનની મિટીંગમાં મારૂં નામ બોલાતું થયું, એ લોકોએ મને મહત્વ આપ્યું એમાં હું ભરમાઈ ગયો અને ફુલાઈ ગયો -આકર્ષાઈ ગયો. મેં મનમાં ધાર્યું મને સામાજિક તપ્ને, ઉપર ચડવાની ઘર આંગણે સીડી મળી છે. પણ હવે મને સમજાયું આ સીડીનાં તમામ પગથિયાં ગામડાંનાં મધ્યમમાર્ગી ગરીબ પરિવારનાં સુખ-ચૈન તથા અરમાનનાં બનેલાં છે. અને તે તમામ એક એક અરમાનનાં પગથિયાં ઉપર એક એક પગ મુકીને મારે આગળ વધવું પડશે.! નથી જોઈતી મારે એવી મોટાઈ. કંમ્પામાં કોઈ દિવસ આગ લાગશે કે કોઈ હુમલો કરશે તો બહારનાં કોઈ જાનનાજોખમે મદદે નહીં આવે. બધાંથી પહેલા સ્થાનિક ભાઈઓ જ મદદે આવ્યા છે અને હજી એ જ કામ આવશે. અત્યાર સુધી અમો બધા સગા ભાઈ થઈ એકબીજાની છત્રી અને ઢાલ બની રહેતા હતા અને હજી એ રીતે જ રહીશું . આતો હમણાં યુવા સંઘવાળાની વાતોથી અમારાંમાં તિરાડ પડી હતી પણ હવે

નષ્ટો મોહ સ્મૃતિર્લબ્ધા, ત્વત્પ્રસાદાન્મ્યાસ્યુત।
સ્થિતોડસ્મિ ગત સન્દેહ, કરિષ્યે વચનંતવ॥

પટેલ સાહેબ અને બાપા, મને માફ કરો. તમે મારી આંખ ખોલી, નહી તો હું સમાજ સુધારકનાં લિબાસમાં કટ્ટરવાદી બની ગયો હોત.!! પટેલ સાહેબ, તમારો આભાર જિંદગીભર નહી ભુલું.

પટેલ સાહેબ :- અભાર શાનો ભાઈ, મેં તો મારી સમજ પ્રમાણે માત્ર મારી ફરજ બજાવી છે. મારું કર્તવ્ય બજાવ્યું છે. અને તમને પણ ફરી ફરી કહું છું તમો પણ તમારો કર્તવ્ય ધર્મ બજાવો. કર્તવ્ય ધર્મથી ચડીયાતો દુનિયામાં

કોઈ ધર્મ નથી. ચાલો આગળ જે થયું તે ખરું. હવે તમારી આંખ ખુલી ગઈ, મને આનંદ થયો. બધા પોઝીટીવ પ્રયત્નો કરો, સફળતા જરૂર મળશે. ભગવાન સદાય સારાં અને સાચાં કામ કરનારની સાથે હોય છે.

કહી પટેલ સાહેબ ઉભા થયા "ચાલો બાપા આવજો. જય યોગેશ્વર" કહી રજા લઈ, તેની સીટી હોન્ડા ગાડીમાં બેસી રવાના થયા. બાપાએ લાંબો હાશકારો ખાધો.

કનુભાઈ અને અનીલ પટેલ સાહેબની સમજને વંદી રહ્યા. પટેલ સાહેબની સીટી હોન્ડા ગાડીને ધીમી ગતિએ જતી જોઈ, બાપાએ કહ્યું "અનીલ, જોયું સાહેબ પાસે અદ્‌ભૂત ગતિવાળી સીટી હોન્ડા ગાડીછે. છતાં વધારે ગતિથી નથી ચલાવતા. આ રીતે મર્યાદિત અને ધીમી ગતિમાં ક્યારેય અકસ્માત ન થાય ને મંઝીલે પણ ગેરંટીથી પહોંચી જવાય. આપણી સમાજના મોવડી મંડળે આ શીખવા જેવું નથી ?"

માનનીય પ્રમુખશ્રી ને પત્ર

માનનીય પ્રમુખ વડીલશ્રી ગંગારામભાઈ તથા મંત્રીશ્રી,

અને સર્વે કારોબારી સભ્યશ્રીઓ,

દેવલ ગોત્રિય, સાંખલા પરિવાર, ઉગેડી.

હિંમતનગરથી હંસરાજભાઈ અને પરિવારના સર્વેને સાદર પ્રમાણ

જય યોગેશ્વર સાથે જણાવવાનું કે ગઈ તા. ૩-૮-૨૦૧૨ની રાત્રે ઉગેડી મુકામે પૂજય દાદાના સ્થાનક સ્થળે મળેલ મીટીંગમાં હું હાજર રહી શકયો બદલ ધન્યતા અનૂભવું છું.

સદર મિટીંગમાં ઉમંગ ૨૦૧૨ ના સરસ આયોજન વિષે જાણ્યું, આનંદ થયો. આપ અને આપની ખૂબ ઉત્સાહી ટીમ આ ઉત્સવનાં આગોતરાં આયોજન માટે કટિબધ્ધ અને ચિંતિત છો, તેથી આ પ્રોગ્રામ ચોક્કસપણે ધારણાથી પણ સવાયો સરસ ઉજવી શકીશું એમાં સંદેહ નથી.

મિટીંગમાં જશવંતભાઈનું પરિવારના તમામ ભાઈઓનો જુસ્સો અને અસ્મિતા વધારનારૂં પ્રેરક પ્રવચન તથા તમારૂં પણ મનનીય પ્રવચન સાંભળવાનો લાભ મળ્યો.

મુરબ્બીશ્રી ગંગારામભાઈ અને વડીલોને વિનંતી કે તમારાં (ગંગારામભાઈનાં) પ્રવચનમાં પાછળના ભાગે તમોએ એક બે મુદ્દાઓ રજૂ કર્યા તે બાબતમાં મારા વિચારો મારે તમને જણાવવા છે. શક્ય હોય તો તેનું ચિંતન કરવા વિનંતી છે.

આપશ્રીએ જણાવ્યું કે અહીં આપણે સંપ્રદાય બાબતે જેમ ચાલે છે તેમ ચલાવવું છે, પણ સુરત ખાતેના સદર ઉત્સવમાં, જે માત્ર સનાતની હોય, તે જ આવી શકશે. અને ભાગ લઈ શકશે. જે સનાતની નહીં હોય, તે આ પ્રોગ્રામમાં

ભાગ લઈ શકશે નહીં. અને આવશે તો કદાચ અપમાન થશે. સાથે કેટલાકના સૂર એવા પણ સાંભળ્યા કે ઘણી વાટ જોઈ, હવે વાટ નથી જોવી. હવે ઈંટોનો જવાબ પથ્થરથી આપીશું. વગેરે વગેરે....

તમે એકબાજુ પાટીદાર સંદેશ ૧૦ એપ્રીલ ૨૦૧૨ના અંકમાં પાના નંબર ૪૬ ઉપર કબૂલો છો કે "આ પ્રવાહમાં બધા આવે તેવા વિચારને વહેવારમાં મૂકી છાત્રાલયના દરવાજા બધા માટે ખુલ્લા રાખ્યા હતા. વડીલોનો તે વખતનો નિર્ણય ખૂબજ સફળ થયો. ૧૯૬૦ માં સનાતન વિચારધારાવાળા અલ્પ મતમાં હતા. છેલ્લા ૫૦ વર્ષમાં વડીલોએ ઉભી કરેલી વ્યવસ્થાનો લાભ લેવાથી એજ્યુકેશનનો વ્યાપ જ્ઞાતિમાં વધ્યો. સાથે સાથે ધાર્મિક અંધશ્રધ્ધામાંથી બહાર નિકળી, લોકો સનાતન ધર્મ તરફ વળ્યા. આજે આપણે જોઈએ છીએ કે અલ્પ મતને બદલે હવે નામ માત્રના લોકો સનાતન ધર્મથી દૂર રહ્યા છે. જો આપણા વડીલોની આ નીતીથી આપણા સમાજને ફાયદો થયો હોય તો આપણે તે નીતિ ચાલુ રાખવી જોઈએ." બીજી બાજુ આપણે "જે હમણાં સનાતની ન હોય તેને સદર ઉત્સવ ઉમંગ - ૨૦૧૨ માં ભાગ ન લેવા" દઈ મુખ્ય પ્રવાહથી અલગ કરવાની અને અલગ રાખવાની વાત કરીએ છીએ તો આ રીતે તેના પ્રત્યે નફરત અને તેનો તિરસ્કાર કરવાથી આપણે સૌ અને સાંખલા પરિવાર પ્યોર સનાતની પરિવાર કહેવાશે. પરંતુ બાકીના તે કાયમ માટે બિન સનાતની રહી જશે. એવું હું માનું છું. આના કરતાં જુની વડીલોવાળી થિયરી, ધીમી પણ કાચબાની ચાલ જેવી સફળ થીયરી જે સફળ છે. એવું તમો પણ સ્વિકારો છો. તે થિયરી ચાલું રાખી હોત તો તમામ જ્ઞાતિ ભાઈઓ કે પરિવારબંધુ માટે આજે અને લાંબાગાળાનાં ભવિષ્ય માટે વધુ હિતમાં હોત.

હમણાં હમણાં આપણી સમાજમાં કેટલાક પરિવારો "સનાતની પરિવાર" જાહેર થાય છે કે જાહેર કરાય છે. આ બાબત જરૂરીયાત કરતાં માત્ર "ફેશન" અથવા "હોડ કે પ્રતિષ્ઠા" હોય તેવું વધારે દેખાય છે. તેઓ કઈ થિયરીથી સનાતની જાહેર થયાં છે, તે હું અને બહૂમતિ વર્ગ જાણતા

નથી.અને આ વિષયમાં કોઈને ઉંડા ઉતરવાનો સમય અને રસ પણ નથી. છતાં જોઈએ છીએ. ''આપણો પરિવાર સનાતની જાહેર થવાથી રહી જાય એ કેમ ચાલે ?'' જાણે ''આ શરમની વાત કહેવાય ! કે આ ''પ્રતિષ્ઠા''ની વાત હોય તેવું ઘણાં પરિવારોમાં દેખાય છે.

આ પ્રક્રિયાથી મને મારા મનમાં કેટલાક પ્રશ્નો ઉદ્ભવેલા છે. આપ સમાજના પ્રમુખ છો. વળી સાંખલા પરિવારના પણ પ્રમુખ છો. અને આપણો અંગત સબંધ પણ વર્ષોથી છે. તે નાતે આપને વિનંતી કરું છું મારા મનમાં ઉદ્ભવેલા કેટલાક પ્રશ્નોનું મારા મનને સમાધાન કે એવું કંઈક થાય અથવા આ પ્રશ્ને કંઈક વ્યક્તિગત કે સામુહિક ચિંતન કે સંવાદ થાય, એવી વિનંતી છે.

મારા મનમાં ઉદ્ભવેલા અને મારા વ્યક્તિગત પ્રયત્નોથી હું જેનું સમાધાન અને નિરાકરણ નથી લાવી શક્યો, તે પ્રશ્નો આ પ્રમાણે છે.

(૧) આપણાં પરિવારને સનાતની જાહેર કરવાથી આપણને શું શું ફાયદા થશે ?

(એ) પરિવારને સનાતની જાહેર કરવાથી ભગવાનની કે સૂરધનદાદાની કૃપા દ્રષ્ટિ કે મહેરબાની માં વધારો થશે ?

(બી) પરિવારને સનાતની જાહેર કરવાથી સરકારમાંથી ન મળતા અનામત જેવા લાભ મળશે ?

(સી) કેન્દ્રિય સમાજ તરફથી વિશેષ લાભ, જેવા કે સમાજ સંચાલિત હોસ્ટેલોમાં આપણાં પરિવારનાં બાળકોને ફ્રી અથવા કન્શેશન ચાર્જથી રહેવા-જમવા મળશે. ?

(ડી) પરિવારનાં બાળકોને કેન્દ્રિય સમાજ ઉચ્ચ અભ્યાસાર્થે વિશેષ સહાયો જેવી કે ભણવા માટે વગર વ્યાજની લોન કે સમાજ ખર્ચે ટયુશન કે કોચિંગ કલાસની વ્યવસ્થા કરી આપશે.?

(૨) અને બિનસનાતનીઓને અલગ ન કરીએ એટલે કે સનાતની જાહેર ન

કરીએ તો ઉપરોક્ત જેવા મુદ્દે શું શું ગેર ફાયદા થશે ? તેની સમજણ જાહેર થાય તો મહેરબાની. વડીલશ્રી, ઉપરોક્ત મુદ્દાઓમાં કોઈ ગેરફાયદા થતા હોય તો તેને યેન કેન પ્રકારે સમજાવી, સનાતનના પ્રવાહમાં લાવવા જોઈએ. અને કોઈ ઉપાયે ન જ સમજે તો તેને (સતપંથીઓને) જલ્દીમાં જલ્દીઅલગ કરી સનાતની પરિવાર જાહેર કરી ફાયદાઓનો લાભ લેવો જોઈએ. અને આવું બધું ન થતું હોય તો, અત્યારે આપણા દિકરાઓ અને ભાઈઓ જે એક ધ્યાને અભ્યાસ અને બિઝનેસ કરે છે. તેનું આવા બિનઉપજાઉ મુદ્દે ધ્યાન ડાયવર્ટ કરાવી, તેની એનર્જી ને વેડફવાની પ્રેરણા ન દઈએ તો સારું. મારો આ મત સાચો નથી ?

(૩) વડીલશ્રી, મને સતત એક પ્રશ્ન મગજમાં ઘોળાયા કરે છે. આપણા સૂરધનદાદા પૂ. કરશનદાદા અને પૂ. વાંસાદાદા સનાતની હતા કે સતપંથી ? આપણે કોઈ ચોક્કસ જાણીએ છીએ ખરાં ? કોઈ ચોક્કસ જાણતાં હોઈએ તો અમને બધાંને જણાવો તો સારું. અને જો આપણે કોઈ જાણતાં જ નથી, તો આપણી આ ભાગલાવાદી થિયરીથી પૂ. દાદાઓ નારાજ તો નહિં થાય ને ? આ બધાં પરિવારો આ બે દાદાના સંતાનો છે. આવો જ એક દાખલો છે. આપણી આજુબાજુ આપણી સમાજમાં કયાંક આપણે જોઈએ છીએ કે પરિવારોની મિલ્કતની વહેચણીમાં જયારે એક બળિયો ભાઈ પોતાના જ સગા (નબળા) ભાઈને જયારે અન્યાય કરે છે, ત્યારે તેના જીવતા બાપુજીના આત્માને ખૂબ જ દુઃખ થાય છે. તે નારાજ થાય છે. તે આપણે નજરે જોયેલું છે. મારા કહેવાનો મતલબ છે, આવા ભાગલાવાદી પગલાંથી પૂજય દાદાઓ નારાજ તો નહિં થાય ને ? જો જો કયાંક પૂજય દાદાનો કોઈના ઉપર કોપ ન ઉતરે.

મુરબ્બી ગંગારામભાઈ અને વડીલો, હું માનું છું. આમ તો આ સનાતનની જાગૃતિ અંગેનું કામ કરવું જ પડશે. આપણે જન્મે હિન્દુ છીએ તો જન્મથી મરણ સુધીના અને મરણોતર તમામ પ્રસંગો હિન્દુ શાસ્ત્રોકત વિધિ મુજબ જ

થવા જોઈએ. પરંતુ આ સનાતન અંગેની જાગૃતિવાળું કામ એટલું ઈમરજન્સી નથી કે આજને આજ કરવું પડે. અને મોડું કરશું તો શું મોટો અનર્થ થઈ જશે? આટલાં (અધધ) વર્ષો વિત્યાં ત્યારે આજ નહિને આ કામ થોડું લંબાય તો વર્તમાન પરિસ્થિતમાં શું ફરક પડે છે? કે શું મોડું કરવાથી નૂકસાન થવાની બીક છે? કે આપણા સતપંથી ભાઈઓ ધર્મ પરિવર્તન તરફ ધકેલાઈ જશે? શું આવી આપણને ઉંડે ઉંડે પણ બીક છે? નથી, તો તેના કરતાં જે કામ મોડા કરવાથી ઘણાં નૂકશાન થવા સંભવ છે, તેવાં અરજન્ટ કરવા જેવાં ઘણાં બધાં કામ બાકી છે. તેને અગ્રતા શા માટે નથી આપતા?

વડીલશ્રી, મારા કહેવાનો મતલબ છે, આપણે (૧) આપણા સાંખલા પરિવારને સનાતની જાહેર કરતાં પહેલાં પ્રથમ, સાંખલા પરિવારને જેમ બને તેમ જલ્દી નિર્વ્યસની બનાવીએ અને નિર્વ્યસની પરિવાર જાહેર કરીએ (૨) આપણા સાંખલા પરિવારને જેમ બને તેમ જલ્દી અંધશ્રધ્ધા મૂકત બનાવીએ. અને સાંખલા પરિવારને "અંધશ્રધ્ધા મુક્ત પરિવાર" જાહેર કરીએ. (૩) આપણા સાંખલા પરિવારની તમામ વ્યક્તિઓના મગજમાંથી લીંગભેદ નાબૂદ કરી, જેમ બને તેમ જલ્દી કન્યાભ્રૂણહત્યા પર સ્વૈચ્છિક અને ભગવાનની સાક્ષીએ પ્રતિબંધ મૂકીએ અને સ્વૈચ્છિક કન્યા ભૃણ હત્યા પ્રતિબંધિત પરિવાર જાહેર કરીએ. (૪) સામાજિક અને ધાર્મિક પ્રસંગોમાં સાદાઈના રિવાજ સ્વિકારી, ખર્ચાળ અને બિનજરૂરી રિવાજો ઉપર પ્રતિબંધ મૂકી "લગ્ન તો સમુહ લગ્નમાં જ અપનાવી" જેમ બને તેમ જલ્દી "કુરિવાજો મૂક્ત પરિવાર જાહેર કરીએ." (૫) અને બધાંથી અતિ મહત્વનું કામ શિક્ષણનું છે. આપણા સાંખલા પરિવારનાં મધ્યમ અને ગરીબ ઘરનાં સંતાનો માટે "પરિવાર દત્તક યોજના" અમલમાં મૂકી જેમ બને તેમ જલ્દી "સાંખલા સાક્ષર પરિવાર" જાહેર કરીએ અને પછી જ જેમ બને તેમ જલ્દી સુપર પાવર સાંખલા સનાતન પરિવાર જાહેર કરીએ તો પૂજય દાદાઓને સાચી શ્રધ્ધાંજલી આપી કહેવાશે. અને તેના પવિત્ર આત્માઓને સાચી શાંતિ મળશે.

મુ. વડીલશ્રી ગંગારામભાઈ અને તમામ વડીલો તથા ભાઈઓને નમ્ર વિનંતી છે કે આ સનાતન સતપંથનાં મુદ્દાને અહમનો મદ્દો ન બનાવીએ અને એ લોકો આપણા જ ભાઈઓ છે. તેની લાગણીનો ખ્યાલ રાખીએ. તેને કોઈ સંત દ્વારા સાચી ગાઈડ લાઈન આપી, સમજાવવા પ્રયત્ન કરીએ અને જયારે આટલાં વર્ષ રાહ જોઈ છે. ત્યારે થોડી વધારે રાહ જોઈ, આપણે આપણો "બંધુધર્મ" બજાવી પૂજ્ય દાદાઓના આશીર્વાદ મેળવીએ એવી મારી નમ્ર વિનંતી સાથે પ્રાર્થના.

વડીલશ્રી, લાગણીના આવેગમાં મારાથી કયાંક કોઈ મુદ્દે મર્યાદાભંગ થયો હોય તો માફ કરવા અને મારા મનના સમાધાન માટે જવાબ આપવા વિનંતી.

એ જ લી., આપનો જ
હંસરાજભાઈ વિશ્રામભાઈ સાંખલાના
જય યોગેશ્વર
મો. : ૯૮૨૫૦૭૦૪૧૦
પટેલ સો મીલ   ૨૬-૯-૨૦૧૨
મહેતાપુરા, તા. હિંમતનગર.

ઉપરોક્ત પત્રનો લેખકને આજ દિન સુધી જવાબ મળેલ નથી.



પ.પૂ. સંત શ્રી ઓધવરામજી મહારાજ



પ.પૂ. પાંડુરંગ શાસ્ત્રીજી



।। શ્રી ઉમિયા માતાજી



પ.પૂ. સંત વીર કેશરા પરમેશ્વરા



પ.પૂ.નારાયણ બાપા

"આઈ ડુ નોટ વીશ ટુ કમાન્ડ સો મચ એઝ ટુ પરસ્વેડ.." મારા હાંથમાં પાદરી તરીકે ઘણી સત્તા છે પણ હું એમાં સરમુખત્યાર થવા માંગતો નથી. હું દરેકને ગળે વાત ઉતારીને જ પરિવર્તન કરવા માગું છું.

-ડૉ. માંડેલ

(બ્રિટીશ ફીલોસોફર, ઈતિહાસકાર અને પાદરી)

ઈષોપનિષદમાં લખ્યું છે કે આ સૃષ્ટિમાં કશું જ સ્થિર નથી. બધુ જ પરિવર્તનશિલ છે. પરિવર્તન હંમેશા આવકાર્ય છે. શરૂમાં કસોટી કરીને પછી મુક્તિ અને આનંદ આપે છે. એટલે તમે કોઈ પરિવર્તનકાળ જુઓ ત્યારે કોઈ કોઈ માણસ અશિસ્ત કે અસંયમ કરી બેસશે તેની ધારણા રાખો જ. અને તે સમયે "બી પેશન્ટ" ધીરજ રાખો.

પરિવર્તનકાળમાં સૌથી મોટા ગુણની જરૂર છે. "લેટીંગ ગો" તમારે કેટલું માફ કરવું પડે છે ! પરિવર્તનમાં તમારે તમારા એટેચમેન્ટથી મુક્ત થવું પડે છે. ત્યાગ, ભોગ અને સહિષ્ણુતા વગર પરિવર્તન આવતું નથી.